# શબ્દાનુષંગે

- મેરુ વાઢેળ

: પ્રકાશક :

એમ. એમ. સાહિત્ય પ્રકાશન
પુસ્તક પ્રકાશક અને વિક્રેતા
મહાવીર માર્ગ, આણંદ - ૩૮૮ ૦૦૧, તા.જી. આણંદ

*Book's name in English :*

**Sabdanushange**

*By Meru Vadhel*

© મેરુ વાઢેળ

પ્રથમ આવૃત્તિ - ૨૦૦૯

પ્રત - ૫૦૦

મૂલ્ય રૂા. ૮૦-૦૦

: પુસ્તક વિક્રેતા :

એમ. એમ. સાહિત્ય પ્રકાશન
પુસ્તક પ્રકાશક અને વિક્રેતા
મહાવીર માર્ગ,
આણંદ - ૩૮૮ ૦૦૧, તા.જી. આણંદ

(ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરની આર્થિક સહાયથી પ્રકાશિત)

# અર્પણ

જેમની પાસેથી

જ્ઞાન અને સંસ્કાર મળ્યા છે

એવા મારા ગુરૂજનોને....

મેરુ એચ. વાઢેળ

# લેખકના અન્ય પુસ્તકો

૧. કાવ્યાક્ષરે

૨. કાવ્યાનુષંગે

૩. શબ્દાનુષંગે

**(ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરની**
**આર્થિક સહાયથી પ્રકાશિત)**

## પુસ્તક વિશે થોડું.....

ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગરની આર્થિક સહાય દ્વારા ‘કાવ્યાક્ષરે’ અને ‘કાવ્યાનુષંગે’ જેવા કવિતાના વિવેચનવિષયક બે પુસ્તક પ્રગટ થયા ત્યાર પછી ગદ્યકૃતિનું વિવેચન કરી બતાવવાની બે’ક મિત્રો દ્વારા તક મળી, એમનો આભાર તો માનીશ જ કારણકે, એમણે મને ગદ્યકૃતિને તપાસવાની પ્રેરણા પૂરી પાડી.

અહીં મેં કેટલીક ગદ્યકૃતિને એક અધ્યાપકની દૃષ્ટિએ તપાસવાનો પ્રયાસ કર્યો છે. જ્યારે એક વિવેચકના ચશ્મા પહેરી લેવામાં આવે ત્યારે એન્ટીબાયોડિક્સ દવાની માફક બધું જ સફાસટ કરી દેવાની બીક અવશ્ય લાગે છે. અહીં મેં આ કૃતિમાં કલાતત્ત્વની સાથે કેટલીક સુંદર તક સાંપડી છે તેને ભાવક સમક્ષ મૂકવાનો યત્ન કર્યો છે. આ સંગ્રહની કેટલીક કૃતિઓને તો ગુજરાત સાહિત્ય અને અકાદમીના પારિતોષિકો પણ પ્રાપ્ત થયા છે. ઘણી યુનિવર્સિટિઓમાં એ ગુજરાતી વિષયના યુ.જી. થી પી.જી. સુધીના અભ્યાસક્રમમાં પણ આમાંથી ઘણી કૃતિઓ વારંવાર મુકાઈ છે ને મુકાતી રહેશે.

આ પુસ્તક માટે ડૉ. નવીનભાઈ મોદીએ મને પ્રેરણા આપી તેનો આભાર માનવાનું ભૂલીશ નહીં. **એમ.એમ.સાહિત્ય પ્રકાશન, યાકુબભાઈ**નો મિત્ર જેવા ઉમળકાથી પુસ્તકને પ્રકાશિત કર્યું એમનો ઋણ સ્વીકાર કરવો જ ઘટે.

ગુરુપૂર્ણિમા - મેરુ વાઢેળ

## અનુક્રમિકા


| | | |
|---|---|---|
| ૧. | શ્રદ્ધા અને સૌન્દર્યનો કલાસંગમ : ‘હિમાલયના ખોળે’. | ૨ |
| ૨. | નારીની વેદનાનું હૃદયદ્રાવક આલેખન : ‘જોબનવન’. | ૨૦ |
| ૩. | કલા અને વાસ્તવિકતાને આલેખતી હૃદ્યકથા : ‘ગેબી ટીંબો’. | ૨૯ |
| ૪. | એક નિરીહ નારીની કથા : ‘દરિયા’. | ૪૦ |
| ૫. | અત્યંજોની દોજખભરી સ્થિતિનું તાદૃશ આલેખન : ‘ભળભાખળું’. | ૪૭ |
| ૬. | સામાન્ય માનવીની અસામાન્ય જીવનગાથા : ‘ધરતીનું લૂણ’. | ૫૭ |
| ૭. | એક આસ્વાદ્ય પ્રવાસનિબંધસંગ્રહ : ‘વિદિશા’. | ૭૧ |
| ૮. | રાજકીય પરિપ્રેક્ષ્ય પર કટાક્ષ આલેખતી કૃતિ : ‘ગાંધીની કાવડ’. | ૮૬ |
| ૯. | ઉપેક્ષિત વર્ગની માતાની વેદના આલેખતી વિષાદમયી કથા : ‘રાધા’. | ૯૫ |
| ૧૦. | છીછરું જીવન જીવતા નાયકની કથા : ‘આજન્મ અપરાધી’. | ૧૦૪ |
| ૧૧. | નૂતન આવિષ્કાર આલેખતી નવલકથા : ‘પીડા’. | ૧૧૩ |
| ૧૨. | માનવમનની ઊંડાઈને તાગતી કૃતિ : ‘તાગ’. | ૧૨૦ |
| ૧૩. | કલાતત્ત્વોનો સમૃધ્ધ ઉન્મેષ ‘પોઠ’. | ૧૨૫ |
| ૧૪. | ‘ધૂમકેતુ નવલિકા પુરસ્કાર’ પ્રાપ્ત વાર્તાસંગ્રહ ‘અને...છતાં...પણ’. | ૧૪૦ |
| ૧૫. | ‘આધુનિકતા એક સંકુલ સંપ્રત્યયઃ સ્પષ્ટ અને અર્થસભર આલોચના | ૧૫૩ |
| ૧૬. | ‘અનુસગ’સ્પષ્ટ અને અર્થયુક્ત સમાલોચનાગ્રંથ | ૧૫૯ |

## (૧) શ્રદ્ધા અને સૌન્દર્યનો કલાસંગમ : 'હિમાલયના ખોળે'.

પ્રવાસ અનેક આશયથી થતો હોય છે. કોઈ પ્રવાસ વ્યાપારલક્ષી હોય તો કોઈ પ્રવાસ સંસ્કૃતિલક્ષી હોય, કોઈ સાહિત્યલક્ષી તો કોઈ રાજકીય હેતુલક્ષી પ્રવાસ હોય, કોઈ અભ્યાસલક્ષી તો કોઈ આનંદલક્ષી પ્રવાસ હોય છે. માણસ સાહસિક છે, એના માટે પ્રવાસ એક શોખ છે. પ્રવાસથી દેશોના લોકો, તેની સંસ્કૃતિ, તેનાં રીત-રિવાજો, પરિવેશો, ભાષા, સંસ્કૃતિ આદિના જ્ઞાનનો ખજાનો તેને પ્રાપ્ત થાય છે. માનવી સાહસપ્રેમી છે. નવું નવું જાણવાના, જોવાના, માણવાના સાહસ એ કરતો રહે છે. આવા અનેક પ્રવાસોમાં આનંદ ખાતર ખેડેલો પ્રવાસ ઉત્તમ ગણી શકાય. સ્ટીવન્સ આ અંગે નોંધે છે : "For my part, I travel not to go anywhere, but to go I travel for travel's sake the great affair is to more" તો કાકાસાહેબ કાલેલકર પ્રવાસ અંગે નોંધે છે : "પ્રવાસ મારફતે માણસ જેટલો ભૂમિભાગ આંખ વડે પોતાનો કરે છે, જેટલું અંતર પદક્રાંત કરે, જેટલો અનુભવ સંઘરી શકે, તેટલે દરજ્જે તેનું જીવન સમૃધ્ધ થાય છે."

અંગ્રેજી ભાષાના સંસર્ગને કારણે'નર્મદયુગ'થી જ આ પ્રવાસ સાહિત્ય ઘણું વિકાસ પામે છે. એટલું જ નહીં પણ નવ્ય પરિમાણો રચીને નવાં નવાં કલેવર પણ ધારણ કરે છે. ગુજરાત સાહિત્યમાં અનેક નિબંધકારોએ પોતાના પ્રવાસ વર્ણનો લખ્યાં છે.

શ્રી પ્રવીણ દરજી મુખ્યત્વે નિબંધકાર છે. કવિ અને વિવેચક



પણ છે. 'નિબંધ: સ્વરૂપ અને વિકાસ' એમના મહાનિબંધનો વિષય છે. એક નિબંધકાર તરીકેની એમની સમજ પરિપક્વ છે. વિદ્વાન, બહુશ્રુત ને શાસ્ત્રીય સુઝ ધરાવતા શ્રી દરજીએ ગુજરાતી લલિતનિબંધને વિવિધ છટાથી ભરપૂરતાથી ખીલવવાનો કલાત્મક પ્રયાસ કર્યો છે. 'અડખે પડખે', 'મોતીનો ચારો', 'આયખાના આંક', 'ચાલો વાતો કરીએ', 'લીલા પર્ણ', 'દર્ભાંકુર', 'ઘાસનાં ફૂલ', 'હિમાલયને ખોળે'- જેવા નિબંધસંગ્રહો આપ્યાં છે. એમાં એમની સર્જનાત્મક નિબંધકાર તરીકેની ખ્યાતિ મેળવી છે.

'હિમાલયને ખોળે' એમનો પ્રવાસનિબંધગ્રંથ છે. પ્રવાસી અને પ્રકૃતિદર્શનથી વિસ્તરતી એમની અનુભૂતિઓ અહીં કલાત્મક અભિવ્યક્તિ પામી છે. એમાં એક પ્રવાસી સર્જકનું વ્યક્તિત્વ પાને પાને પ્રગટે છે. પોતે કરેલા ઉત્તરાખંડના પ્રાકૃતિક સૌન્દર્યનું અહીં થયેલું કલાત્મક આલેખન આસ્વાદક્ષમ બન્યું છે. આ પ્રવાસનું કલાત્મકને વૃત્તાંતાત્મક આલેખન લેખકે સભાનતાપૂર્વક આલેખ્યું છે. અહીં કુદરતના ભવ્ય ને ઐશ્વર્યની ઝાંખી સાથે શ્રદ્ધા અને વિચારના તંતુઓ કુશળતાથી ગુંથાયા છે. લેખકે અહીં પ્રકૃતિના સૌન્દર્યરાગની સાથે સાથે માણસની સ્વાર્થવૃત્તિ પ્રત્યે પણ મર્મબાણ તાક્યાં છે. હિમાલયના ખોળે પોતે કરેલું સૌંદર્યમયી દર્શન, એમની કલાત્મક અભિવ્યક્તિ એવી તો અસરકારક બની છે કે, ભાવકનું ચિત્ત પણ લેખકે કરેલા પ્રવાસમાં જોડાયાની અનુભૂતિ પામે છે. શ્રી દરજીએ કોઈ કાવ્યસંગ્રહ ન આપ્યાં હોત તોયે એમની કવિ તરીકેની છાપ અહીં અવશ્ય પ્રગટી હોત. 'હિમાલયના ખોળે'નું કાવ્યાત્મક આલેખન એમને કવિની પંગતમાં બેસાડે એવું સમર્થ છે.

'હિમાલયના ખોળે' પ્રવાસ નિબંધમાં શ્રી પ્રવીણ દરજીએ એકવીસમી મે બે હજારથી પાંચમી જૂન બે હજારમાં ખેડેલા ઉત્તરાખંડના સંસ્મરણોને કલાત્મક રીતે આલેખ્યાં છે. આ વર્ણન કે માહિતી માત્ર નથી, એક સહૃદયી પ્રવાસી તરીકે એમણે કરેલા સ્થૂળ કરતાં સૂક્ષ્મ પ્રવાસનું મહત્ત્વ લેખકે અસરકારક રીતે આલેખ્યું છે. શ્રી દરજી આ પ્રવાસને 'હરિઈચ્છા'નું જ પરિણામ ગણે છે.નિબંધસંગ્રહનો પ્રથમ નિબંધ 'પ્રવાસ મૈત્રીનું પારણું છે'- માં નોંધે છેઃ

> ''હું આથી જ કદાચ એક વાત વારંવાર રટું છું : દા દેવો હરિ હાથ છે. હા, આખરે તો ધાર્યું ધણીનું જ થાય છે. મારા હિમાલયના પ્રવાસનો પણ આજે વિચાર કરું છું ત્યારે - હરિ હાથનો જ એ ખેલ લાગે છે.

૨૧મી મે ૨૦૦૦ના રોજ સવારે છ વાગ્યે રાજધાની દ્વારા દિલ્હી રવાના થાય છે ત્યાંથી લેખકના પ્રવાસનો પ્રારંભ થાય છે. આ પ્રવાસમાં એમને અનેક લોકોનો પરિચય થાય છે. લેખકના શબ્દોમાં કહીએ તો પ્રવાસ મૌત્રીનું પારણુ છે. એમાં દોસ્તી જ દોસ્તી થઈ રહે છે. પરસ્પર જાણે વર્ષોથી ઓળખતા હોઈએ એવો અહેસાસ થાય છે. શ્રી દરજી એન્ડ કંપની દિલ્હીથી ઋષિકેશ આવે છે રસ્તામાં હરદ્વારને પણ અલપઝલપ જુએ છે ને આવી પહોંચે છે - 'city of saits'.- સંતોની ભૂમિ ઋષિકેશમાં. પર્વતોની ઘાટી વચ્ચે ઋષિકેશ અલૌકિક લાગતું હતું. અહીંની હરિયાળી, અડાબીડ વનરાજી, પુણ્યસલિલા, ભાગીરથનું નિરંતરનું સંગીત માદક-મીઠી હવાનો સ્પર્શ - આ સૌ લેખકના હૃદયને સ્પર્શી જાય ને ભાવકના



ચિત્તને પણ એનો આસ્વાદ કરાવવા એટલું જ સમર્થ બને છે. લેખકના શબ્દોમાં અહીં પહાડો જ જાણે ઋષિ બની જાય છે. ભાવકની જિજ્ઞાસાને સંતોષે એવું કલાત્મક આલેખન લેખકની વિશેષતા બને છે. 'ને પહાડો ઋષિ બની જાય છે !' પ્રકરણમાં લેખકની જીવનનું સાર્થક્ય પામવાનો અહેસાસ થાય છે. અહીં શાંતિની તૃષા જાગે તેવો લેખકનો અનુભવ ભાવકભોગ્ય બને છે. લેખક ગંગાઘાટને પોતિકી નજરે જુએ છે. લેખક નોંધે છે : 'અહીં માત્ર ભારતવર્ષની એક નદી નથી જોતા, માત્ર એનાં નીર નથી નિહાળતા, પણ સમગ્ર ભારતની રેખાઓ એમાં સળવળે છે. અહીં આપણી સભ્યતા અને સંસ્કૃતિની કિતાબ ખૂલી રહે છે.' અહીં કરેલા 'રિવર રાફટીંગ' નો અનુભવ પણ રોમાંચ સર્જે છે. ગંગામય વાતાવરણ, ચિત્ત નિરભ્ર આકાશ જેવું શાંત, હૃદય ઝરણાંઓ જાણે સંગીત ગાઈ રહ્યું છે. બ્રહ્મપુરી રાફટીંગનું સ્ટાર્ટીંગ પોઈન્ટ છે. ત્યાંથી દેખાતા ઉત્તુંગ પહાડો, મસ્તીમાં કૂદરતી ઉછળતી ને આગળ વધતી ગંગા જોઈને લેખકને જગન્નાથની સહેજે યાદ આવી જાય છે. આ ગંગા સકળ પૃથ્વીની સૌભાગ્યરૂપ, પૃથ્વીના અનિર્વચનીય સૌંદર્યરૂપ ગંગા, સુધાશુભ્ર જળવાળી, અકલ્યાણને નષ્ટ કરનારી ગંગા, શિવે જેને અહર્નિશ પોતાના મસ્તકે ધારી છે એ ગંગા, સગરપુત્રો જેનું આનંદપૂર્વક ગાન કર્યાં કરે છે એ સહજ, સ્વચ્છ, શીતળ જળવાળી ગંગાનું દર્શન આપણા અનેક વિસ્મયોને વિસ્તાર, અનેક નવ્ય કંપ જે રીતે જગાવે છે તેનું સુંદર આલેખન ભાવક સમક્ષ અનેક નૂતનરૂપોને, નૂતન છટાઓને રજૂ કરે છે - જે આસ્વાદ્ય બને છે. ગંગા વિશે અહોભાવ પ્રગટ કરતાં લેખક નોંધે છે : ''ગંગા માત્ર નદી નથી. તે કંઈક

નદીથી વિશેષ છે. આપણી ભીતર તે કંઈક નોખી રીતે જ પ્રતિષ્ઠ છે. એનો પ્રવાહ, એનું નાદ માધુર્ય, એનો ઉછાળ, એની લહેરો, એનું શૈત્ય-સઘળું એક અનુભવવિશ્વ બની રહે છે.'' આ 'તરાપાથી તેજતરાપા સુધી...' પ્રકરણ ઘણું આસ્વાદ્ય બને છે.

'મસૂરી ! ઓ ક્વીન !'- 'પર્વતોની રાણી' એવી મસૂરીનું ચિત્તગમ્ય આલેખન સુવાચ્યને હૃદયસ્પર્શી બન્યું છે. આ ગઢવાલ પ્રદેશનું સૌન્દર્ય લેખકને મંત્રમુગ્ધ કરે છે. હિમધવલ પર્વતોની શૃંખલાના દશ્યો, ક્યાંક ઊંડી ખનિકાઓની નીરવ શાંતિ, ક્યાંક વૃક્ષાચ્છાદિત પર્વતો - આદિનું કલાત્મક વર્ણન પણ ભારે આકર્ષણ જન્માવે છે. આ ગઢવાલ પ્રદેશનું ધુમ્મસ - મઢ્યું રૂપ જોઈને લેખકને મસૂરીએ જાણે ધુમ્મસનું દુ ફૂલ પહેર્યું હોય એવી અનુભૂતિ કરાવે છે. આવું વાતાવરણ જોઈને લેખકને પોર્શિયાના વિનીત ચહેરાનું સ્મરણ થઈ આવે છે.

"The quality of mercy is not strained, It
droppeth as the gentle rain from heaven..."

લેખકે અહીં 'રોપ-વે'માં માણેલા આનંદને પણ આલેખ્યો છે. રાતનું મસૂરીનું દશ્ય જોઈને લેખક આશ્ચર્યચકિત થઈ જાય છે. મસૂરીમાં ટમટમતા વીજળીના દીવા જોઈને લેખકને જાણે મસૂરીના પહાડો પર છૂટા મોતી વેર્યા હોય એમ લાગે છે. વળાંકવાળા રસ્તા જોઈએ કવિની કલ્પના જાણે મસૂરીના ગળામાં કોઈએ સાચા હીરાનો હાર પહેરાવ્યો હોય એમ કલ્પે છે. મસૂરી જાણે સુપ્ત રાજરાણી જેમ દીસતી હોય એવું લેખકને લાગે છે. લેખકના મુખમાંથી શબ્દો સરી પડે છે - 'મસૂરી ! ઓ ક્વીન ! મસૂરી દિલદાર છે.' લેખકની



દષ્ટિએ આ મસૂરી એક પર્વતીય વિસ્તાર બની રહેતો નથી પણ કુદરતની જીવતી જાગતી પ્રતિમા હોય એવું ઔચિત્યસભર આલેખન ઘણું મોહક બને છે.

'સ્યાના ચટ્ટી કે શ્યામાચટ્ટી ?'- માં લેખકે અડાબીડ અરણ્યને પણ કલાત્મક રીતે આલેખ્યું છે. આ સ્થળનું નામ તો છે 'સ્યાના ચટ્ટી' છે પણ લેખક તેને મજાકમાં 'શ્યામાચટ્ટી' કહે છે. લેખકે સ્થળવર્ણનની સાથે સાથે પ્રાકૃતિક સૌન્દર્યદર્શનથી જાગેલી અનુભૂતિઓનું કમનીય આલેખન કર્યું છે. જે ભાવકભોગ્ય પણ બને છે. અહીં લેખકને યમુનાજળનો કલનાદ સંભળાતાં લેખકનું ચિત્ત હિલ્લોળે ચડે છે. અહીં અનુભવાતું સૌન્દર્ય માત્ર લેખક મર્યાદિત જ રહેતું નથી પણ ભાવકના ચિત્તને પણ સૌન્દર્યાનુભૂતિનો અહેસાસ કરાવાવ સમર્થ છે. લેખક નોંધે છે : "... એકદમ સાંકડા, સર્પાકારી રસ્તાઓ, સતત મુદ્રા બદલતી પેલી યમુના, સરુ અને ચીડનાં ઉત્તુંગ વૃક્ષો, પહાડોની પડછે પહાડોને એમ સતત એની રચાતી આવતી આખી હારમાળા, એમાંથી જન્મતું એક ભવ્ય અતિ-ભવ્ય આર્કિટેકટ, અસ્ત થતા સૂર્યના કિરણોનું એ ટેકરીઓને, પહાડોને, પ્રેમથી ભેટવું, વન-ઉપવન, પક્ષીઓનું સંગીત અને ફૂલોનું અત્રતત્ર ડોકાવવું અને હિમમંડિત શૈલ શિખરોનું સતત ઝળકવું - ઊંડેથી હલબલાવી રહે છે.'' 'યમુના રાણીની પિયર વાટે' માં લેખકે યમુનાના દર્શન અંગેની જિજ્ઞાસા અને ઉત્કંઠાને રસાળશૈલીમાં આલેખી છે. યમુના નદીના પિયરના વૈભવનું દર્શન જોતા લેખક અનેરો રોમાન્ચ અનુભવે છે. યમુનાને નિહાળતા કૃષ્ણજીવન સંલગ્ન અનેક કથાઓ યમુનાના સથવારે સળવળી ઊઠે છે. લેખકે અહીં

યમુનાના અવતરણ અને પછી ઉત્તરોત્તર વિકાસ પામતી દેહદષ્ટિનું કમનીય લાવણ્ય આલેખ્યું છે.

યમુનાજીના દર્શન પછી લેખકનો પ્રવાસ આગળ ધપે છે. 'હનુમાન ચટ્ટી' તરફ. પ્રવાસ દરમ્યાન આ વિસ્તારના લોકોની અનેક મુશ્કેલીઓ પણ લેખક જુએ છે ને નોંધે છે. અહીં લેખકના સંવેદનશીલ વ્યક્તિત્વનો પરિચય થાય છે. 'હનુમાન ચટ્ટી' એટલે હનુમાનનું કોઈ સ્થાન કે મંદિર નહી પણ પ્રવાસીઓને વિસામો લેવાનું એક સ્થળ. લેખક રસ્તામાંની અનવદ્ય પ્રકૃતિનું આકંઠ પાન કરતાં રહે છે ને ભાવકને કરાવતાં રહે છે. નીચે અવાજોનું ને ઉપર લીલાશનું સાર્વભૌમત્વ છે. પહાડોની સાક્ષીએ, પંખીઓના ટહૂકાની સાક્ષીએ, વાદળોને ઝરણાંની સાક્ષીએ, નાના જાંબલી ફૂલોની સાક્ષીએ લેખકનો પ્રવાસ આગળ ધપી રહ્યો છે ત્યાં અચાનક અઘટિત ઘટના બને છે. પત્ની રમીલાના ટટ્ટુને કોઈ જીપની ઠોકર લાગતાં રમીલાનો ચમત્કારિક બચાવ થાય છે. ત્યારબાદ એક તરફ પ્રકૃતિનો ઉન્માદને સૌન્દર્યાનુભૂતિ તો બીજી બાજુ વિષાદ અને ભયની ધ્રુજારીની રેખા પણ રચાઈ જાય છે. એને પડઘો 'બ્યુટિફૂલ ઈઝ ટેરીબલ?'- માં પણ જોવા મળે છે.

મનુષ્ય પ્રકૃતિનું અભિન્ન અંગ છે - એનો અંશ છે. માનવજીવનની સભરતા ખરેખર પ્રકૃતિના સાન્નિધ્યમાં જ અનુભવવા મળશે. લેખકે "જનસંસ્કૃતિ વનસંસ્કૃતિ વિના અધૂરી?"- માં પ્રકૃતિના વિવિધરૂપોનો પરિચય કરાવ્યો છે. માણસે પોતાના સ્વાર્થ માટે, ભૌતિક વિકાસાર્થે પ્રકૃતિને વારંવાર ઉચ્છેદે છે. છતાં પ્રકૃતિ પ્રત્યેનું આકર્ષણ - ખેંચાણ ભાગ્યે જ ઓછું થયું છે. લેખક



નોંધે છે : "ભારતભરમાંથી અહીં આવી રહેલું લોક એક નવા જ આલોકને રચી આપતું હતું. કઈ શ્રદ્ધા, કઈ ઈચ્છા, ભાવના, ક્યું બળ - માણસોને આવા વિકટમાર્ગો ઉપર ખેંચી લાવતાં હશે ? કદાચ જનસંસ્કૃતિ વનસંસ્કૃતિ વિના અધૂરી, અધૂરી જ છે."

તો 'નદી માત્ર નદી જ નથી'- પ્રકરણમાં લેખક ફરી યમુનાના વૈભવને આલેખ્યો છે. ભારતીય નદીઓનું ભારતીય સમાજમાં ઘણું મૂલ્ય છે.અહીં નદીને નદી નહીં પણ માતા તરીકે સંબોધવામાં આવે છે. અહીં નદી માત્ર નદી ન રહેતા આપણી શ્રદ્ધા અને આસ્થાનું કેન્દ્ર બને છે.

'યમુના જળની સાથે સાથે....' અને 'જયતિ સૂર્યતનયા... જયતિ... જયતિ..' બન્ને પ્રકરણમાં કવિએ યમુનાના માહાત્મય અને સૌન્દર્યાભૂતિની ક્ષણોને કલાત્મક રીતે આલેખી છે. લેખક નોંધે છે : "યમુના પહાડે પહાડે, વૃક્ષે વૃક્ષે, શિલાએ શિલાએ ઠેકીને અમારી સન્મુખ અત્યારે એનું એવું ઐશ્વર્ય પ્રકટ કરી રહી છે." "નચિકેતાના અરણ્ય વચ્ચે"- માં લેખકે એક પૌરાણિક નગરી ઉત્તરકાશીમાં કરેલા પ્રવાસનું રોચક વર્ણન આલેખ્યું છે. લેખકે અહીં પુરાણપ્રસિદ્ધ ઉત્તરકાશીની સાથે અહીંના પ્રાકૃતિક પરિવેશને પણ હૂબહૂ આલેખ્યો છે. હિમાલયની ગોદમાં રમ્યા કરતા નાનેરા શિશુ જેવું કોલાહલરહિત, ગંગાના નિનાદનું સંગીત સંભળાવતું આ સ્થળ, નામી-અનામી પુષ્પો, એની સુગંધ, નીલકંઠ શીખરો આદિનું આલેખન ઘણું હૃદયસ્પર્શી બન્યું છે. "રંગ, સુગંધ અને અવાજ વચ્ચે...." માં લેખકે કુદરતના વિસ્મયકારીરૂપોને આલેખ્યાં છે. ગંગોત્રી તરફ જતાં લેખક ગંગામયી ને પ્રકૃતિમયી બની જાય છે.

ગંગાના યૌવનસભર ને કમનીયરૂપોને લેખકે કલાત્મક રીતે આલેખ્યાં છે. સાક્ષાત્ ગંગાદર્શનથી લેખકનું ચિત્ત પ્રસન્નતા ને ધન્યતા અનુભવે છે. અહીં રંગ, સુગંધને અવાજ જાણે એકબીજાની સ્પર્ધામાં ઊતર્યા હોય એવું લેખકને લાગી રહ્યું છે. પ્રકૃતિનું પરમપાવનકારી સાન્નિધ્ય ઘણું હૃદયંગમ બન્યું છે. લેખક વહેલી પરોઢે, બ્રાહ્મમુહૂર્તમાં ગંગાને અવલોકતા નોંધે છે : “પહાડો હજી નિંદ્રિત હતા. પંખીઓને જાગવાની પણ હજીવાર હતી. કહો કે, સમગ્ર પરિસર સમાધિસ્થ બરાબર છે. કેવળ એક ગંગાગાન સિવાય કશુંય સંભળાતું નહોતું. શબ્દમાં ન વ્યક્ત કરી શકાય એવા કશાક અનુભવમાંથી હું પસાર થઈ રહ્યો હતો. ચિતારાઓએ ભારે મિલાવટ કરી કરીને આ પ્રદેશને આમ અવનવીન રંગોથી મૂર્તતા આપી છે.”

‘કદાચ સાચું મંદિર !’ લેખકની હૃદયભાવના પ્રકૃતિના સાન્નિધ્યમાં જાણે કે ખીલી ઊઠે છે. સાચું મંદિર ક્યું ? ગંગોત્રી પાસે જવાથી લેખકની શ્રદ્ધા અને અંતરની મક્કમતા જીવંત બને છે. હૃદય ને મનને ઠારે એવો પ્રકૃતિનો પરિવેશ જ જાણે કુદરત અહીં છે એનો અણસાર આપે છે. ક્યાંક હિમશૃંગો ઓગળી રહ્યાં હતાં, એની અનેક જલધારાઓ અનન્ય સંગીત રેલી રહી હતી, તો ક્યાંક અતિ ઊંચા પહાડો વચ્ચેથી ભારે તોફાનથી વહેતી ગંગા પ્રગલ્ભ પહાડી કન્યા જેવો, ઉચ્છૃંખલ પહાડી કન્યા જેવો, મિજાજ પ્રગટ કરતી હતી. જાણે કે, આખો ગંગાલોક કશા નેપથ્યમાં ઢંકાયેલો હોય ને નવો ચહેરો પ્રગટાવતો હોય, સઘળી ઈન્દ્રિયો ક્ષણે ક્ષણે બદલાતા સૌન્દર્યને પામી રહે છે, આવી ઘટનાને લેખક ઈશ્વરનો લીલા વિસ્તાર કહે છે. લેખક નોંધે છે : “શ્રદ્ધાનો માર્ગ જેમ



આત્મશ્રીથી ભર્યોભર્યો હોય છે એ સૌદર્ય પછી પહાડનું હોય કે નદીનું, રણનું હોય કે દરિયાનું અને આ તો સાક્ષાત્ ગંગોત્રી માર્ગ છે ! જે માર્ગ ઉપર અનિરુધ્ધ સૌંદર્યલીલાઓ છે અને અનિરુધ્ધ પૌરાણિક કથાલીલાઓ પણ છે ! .... આ સૌંદર્યાનુભૂતિ એ જ સાક્ષાત્કાર, એ જ પરમ - ચરમ ઉપલબ્ધિ. આજે અહીં થતી વિધિ-ક્રિયાઓ, કર્મકાંડો જોઈને લેખકનું મન અવશ્ય ખિન્ન પણ થાય છે. આ મંદિરો તો આજે જાણે વેપાર માટેની દુકાન બની ગઈ છે. લેખકે અહી થતા અમાનવીય વર્તનથી હૃદય કકળી ઊઠે છે.

“ગંગા, ભારતવર્ષનો અનન્વય અલંકાર”- માં સાચા મંદિરની શોધમાં થોડી અસ્વસ્થના કેળવ્યાં બાદ તરત જ સ્વસ્થતા પ્રાપ્ત કરી લે છે. સામે પડેલા નગાધિરાજના વૈભવને સૌંદર્યશ્રીથી લેખક ધન્યતાનો અનુભવ કરવા લાગે છે. અહીં હિમાલયના ખોળે ઢોળાયેલા બેસુમાર સૌન્દર્યને આલેખતાં લેખક ભારતીય સંસ્કૃતિને પણ ભૂલતા નથી. હિમાલય વિશે લેખક ટાંકે છે : “અહીં હિમાલયના ભૂભાગમાં સૌન્દર્ય તો બેસૂમાર છે જ, પણ એમાં એક બીજી વસ્તુ પણ ભળેલી છે. અને એ છે આપણું ભારતીય હૃદય. હા, અહીં આપણાં શિવપાર્વતી છે, સગરપુત્રો છે, ભગીરથ છે, વેદ-ઉપનિષદ્‌ની આ પ્રભયભૂમિ છે, અહીં ઋષિઓનું પિયર છે અહીં આપણી ભારતીયજનની સકલ પ્રશ્રબ્ધિ છે.” લેખકે અહીં ભૂતલ ઉપર ગંગાઅવતરણનું શ્રેય ભગીરથને આપી ઈક્ષ્વાકુ વંશના ચક્રવર્તી રાજા સગરની કથા પણ આલેખી છે. લેખકનાં ચિત્તમાં રહેલી ગંગા વિશેની અનેક કથાઓ પણ અહીં આલેખાઈ છે. શ્રી દરજી ઉત્તુંગ પહાડોની ઓલીમેર કૈલાસ અને માનસરોવર, અહીંનું

બેસૂમાર સૌન્દર્ય, જોઈને લેખક પ્રકૃતિમય બની જાય છે. ગંગાના સાન્નિધ્યમાં માણેલું ઐશ્વર્ય, ભવ્યતા લેખકને અન્યતાની અનુભૂતિ કરાવે છે. તો "અમૃત ઝર ઝર બહતા જાય...' કેવી આ ભૂમિ! કેવાં એનાં ધૂળ ને તૃણ !', ઓ મધુરા સ્વર્ગ ! મને પાગલ ન બનાવ !' વગેરે પ્રકરણોમાં લેખકે પ્રકૃતિરાગને એની પરાકાષ્ઠાએ આલેખ્યો છે. લેખકની સ્વર્ગ કે અલૌકિક સ્થળ વિશેની અનેક કલ્પનાઓ અહીં સાકાર થતી અનુભવાય છે. લેખકનું સંવેદનશીલ વ્યક્તિત્વ અને કલ્પનાશીલ અભિવ્યક્તિમાં પ્રકૃતિના અનવદ્યતત્વોને સાથે શ્રદ્ધા- વિશ્વાસનું સંયોજન થતા બધુ જાણે સજીવ બનીને ભાવકના ચિત્તને સ્પર્શી જાય છે. ખોબે ખોબે પીતાં ન ખૂટે એવાં અણખૂટ સૌન્દર્ય, શાંતને સમૃદ્ધ સંતો-ઋષિઓની આ તપસ્થલી જેવા સ્થળોને જોતાં લેખકનું મન-હૃદય ધન્યતાનો અનુભવ કરાવે છે. લેખકે અહીં પ્રકૃતિના સૌન્દર્યની એની મધુરતાની સાથે એના કરાલ, રૌદ્ર રૂપોની પણ ઝાંખી કરાવી છે. લેખકે અહીં કવિ હોલ્ડરલીન અને મિલેને પણ યાદ કરે છે.

> "ઓ મધુરા સ્વર્ગ ! મને પાગલ ન બનાવ, પાગલ ન બનાવ! હું ઈશ્વરની જેમ જીવી રહ્યો છું. હવે મારે કશું કહેતા કશું જોઈતું નથી !"
>
> - હોલ્ડર લીન
>
> "Sweet spunds, oh, beautiful music, do not cease ! Reject me not in to the world again. With you alone is excellence and peace."
>
> - મિલે.



અહીં માત્ર પ્રકૃતિ જ પ્રકૃતિ છે, પ્રકૃતિનું ગીત છે, ભરી ભરી પ્રીત છે. પુષ્પો છે, પાણી છે, પંખી છે. ઈશ્વર અહીં પોતાના હાથે જાણે એની સિમ્ફની છેડે છે.

"કેદાર : શિવની શિવંકર ભૂમિ"-માં શ્રી દરજીએ સ્થળ કેદાર અને પ્રકૃતિદર્શનથી થયેલા રોમાંચક અનુભવોને આલેખ્યાં છે. આ ભૂમિમાં પ્રવેશતા આનંદ, ઉલ્લાસની અનુભૂતિ લેખકને જાણે ઘાયલ બનાવી મૂકે છે. લેખકે આ સ્થળ વિશેના પૌરાણિક ઉલ્લેખો ટાંકીને કેદરના માહાત્મયને પણ આલેખ્યું છે. તક મળ્યે માણસની સ્વાર્થવૃત્તિ પર પણ હળવો કટાક્ષ કર્યો છે. ચોતરફ વૃક્ષોથી ભર્યું ભર્યું અને હિમાચ્છાદિત કેદારની નિસર્ગ પ્રકૃતિની રમણિયતા સૌ કોઈને સાક્ષાત્કાર કરાવે છે. એક પ્રવાસકાર તરીકે શ્રી દરજી નોંધે છે : "હા, અત્યારે આવા અનેક માહાત્મયવાળી કેદારની વચ્ચે હું શ્વાસ લઈ રહ્યો છું. આ જનશ્રૃતિઓ કે કિંવદન્તીઓ અથવા પેરાણોમાં ઉલ્લેખોને ઘડીભર બાજુએ રાખું તો પણ આ કેદારભૂમિનું આકર્ષણ એથી લગીરે ઓછું થતું નથી. હિમાચ્છાદિત, વૃક્ષોખચિત. આ ઉત્તુંગ શિખરો વચ્ચે જ ઈશ્વરનું સ્થાન હોઈ શકે. ઈશ્વરમાં નહિ માનનાર પણ એક વાત તો સ્વીકાર કરશે જ કે દેવભૂમિ જ આવી રમણીય હોઈ શકે. અને કેદાર તો શિવભૂમિ છે, માત્ર શિવભૂમિ. અને શિવનો ભગવાન શંકર સિવાય બીજો પણ એક અર્થ છે. શિવ એટલે કલ્યાણકારી, મંગલમય. હું કેદારને આ અર્થમાં શિવભૂમિ તરીકે જોઉં છું, એક કલ્યાણમયી ભૂમિરૂપે તેનો મહિમા કરું છું." "માગું જનમ જનમ અવતાર !' માં લેખકે નરસિંહ મહેતાની જેમ

જનમોજનમ અવતાર લેવાની અભીપ્સા વ્યક્ત કરી છે.

"બદ્રીનાથ હજી દૂર છે....", 'નારાયણ મહાલયમાં...' અલકનંદાને કાંઠે - મણિભદ્રપુરમાં'- માં લેખક વિવિધ ધાર્મિક સ્થળોનો માત્ર ધાર્મિક દૃષ્ટિએ જ નહીં બલકે આસ્થાવાદી વિચારભાવ પ્રગટ કર્યો છે. લેખકને લાગે છે કે, કુદરતનું લખલૂટ સૌંદર્ય પરમ આહ્લાદકારીને વિસ્મયકારી છે.બદ્રીનાથના સ્થળની વિશેષતા અને માહાત્મય તેમજ તેમની સાથે સંકળાયેલી પૌરાણિક કથાઓ પણ લેખકે અહીં આપી છે. 'સ્કન્દપુરાણ'નાં એક શ્લોક ટાંકતાં કહે છે :

**"बहूनि सन्ति तीर्तानि द्विविभूमौ रसातले ।**
**बदरी सदशं तीर्थम् भूतं न भविष्यति ॥"**

તીર્થો તો ભૂમિ ઉપર ઘણાં છે પણ બદ્રી જેવું તીર્થ તો ભૂતકાળ અને ભવિષ્યમાં ક્યાંય જોવા મળ્યું નથી કે મળશે. અર્થાત્ બદ્રી સર્વમાં અનન્ય અને સર્વમાં શ્રેષ્ઠ છે.

આ ઉપરાંત કર્મપ્રયાગ, નંદપ્રયાગ, ચમોલી, પીપલકોટિ, બિરહી - વગેરે સ્થળોની માહિતી પણ લેખકે આપી છે. ત્યાંથી ગોવિન્દઘાટ - પાંડુકેશ્વર જતાં નજર સમક્ષ જે સૌંદર્યના અનુપમરૂપોને લેખકને જે સાક્ષાત્કાર થયો તેને ભાવકભોગ્ય બનાવવાનો લેખક યત્ન કર્યો છે. અહીં સૌથી વિશેષણે લેખકના ઉમદા વ્યક્તિત્વનો પરિચય પણ મળી રહે છે. એમની અભિવ્યક્તિમાં એક પ્રકૃતિપ્રેમી અને સૌન્દર્યરાગી તરીકેની લાક્ષણિકતા સહજભાવે પ્રગટે છે. ધાર્મિક પ્રવાસ કરતાં કુદરતના પ્રકૃતિના સૌન્દર્યનો આનંદ માણવા તત્પર સૌન્દર્યદર્શી પ્રવાસી તરીકે આ નિબંધસંગ્રહ ગુજરાતી સાહિત્યિક



નિબંધોમાં કલાગત મૂલ્યો ધરાવે છે. આ નિબંધોમાં એમની મનઃસ્થિતિ, ભાવુકતા, સંવેદના, આતુરતા, જિજીવિષાનો સુદૃઢ ખ્યાલ રજૂ થતો જોવા મળે છે. ભગવાન વિષ્ણુએ આ ભૂમિ પર તપ આદર્યું ને લક્ષ્મીજીએ વિષ્ણુ ભગવાનનો તપભંગ ન થાય માટે તેને ટાઢ, તાપ ને વરસાદથી રક્ષણ મળે તે માટે બોરડીના વૃક્ષતું રૂપ ધારણ કર્યું. બોરડી બની ખડેપગે ઊભા રહ્યાં. વિષ્ણુનું તપ પૂર્ણ થત લક્ષ્મીની સાધના જોઈને તેમને વરદાન આપ્યું કે હવે પછીથી મારા નામ પહેલા તારું નામ લેવાશે - લક્ષ્મી-વિષ્ણુ, લક્ષ્મી નારાયણ. આ ઉપરાંત બોરડીનું ફળ પણ પવિત્ર ગણાશે. આમ બદરી - બદરી ઉપરથી આ તીર્થનું નામ - બદ્રિનાથ પડ્યું. આ સાથે 'નરનારાયણની કથા' દેવીભગતની કથા, મહાભારતની કથા તેમજ પૌરાણિક આખ્યાનમાં અને કિંવદંતીઓ પ્રમાણેની આ સ્થળ વિશેની કેટલીક કથાઓ પણ લેખકે અહીં કલાત્મક રીતે ગુંથી છે.

'એક જ અવાજ સંભળાય છે : બદ્રીનાથ'- માં પણ આ સ્થળની મહત્તા અને પ્રાકૃતિક સૌન્દર્યનું કલાત્મક સંયોજન અહીં પ્રગટાવ્યું છે. 'પંખીઓના ટહુકાઓનો શબ્દકોશ', 'સુખ શું આવી ક્ષણોને જ કહેવતું હશે ?' 'હરકી પૌડી, ગંગા અને અમે...'- લેખકે માત્ર એક ભાવિક ભક્ત તરીકે જ નહીં બલકે પ્રકૃતિ નિમિત્તે વિલસી રહેલાં ઈશ્વરના ભવ્ય સ્વરૂપને આત્મસાત્ કરી આલેખ્યું છે. "ઋષિકેશ અર્થાત્ કાન્યકુબ્જામ્રક"- માં લેખકે ઋષિકેશનું નામ 'કાન્યકુબ્જામ્રક' કળ રીતે પડ્યું ? તે વિશે ઘણી માહિતી આપી છે. આ સાથે લક્ષ્મણઝૂલા, ભરતમંદિર, ગીતામંદિર, રામઝૂલાની ઝૂલણભંગિઓનો પણ આહ્લાદ કરાવ્યો છે. પ્રવાસનો અંત

ઋષિકેશની વિદાય સાથે થાય છે. છેલ્લું પ્રકરણ ''દેવાત્મા હિમાલય' આખરે જુદાઈ ? માં લેખક માને છે કે કોઈ પ્રવાસ કે યાત્રા માત્ર પ્રવાસ કે યાત્રા જ ક્યાં હોય છે ? સ્થળભ્રમણની સાથે સાથે મનભ્રમણ પણ ચાલુ જ રહેવાનું. લેખક નોંધે છે :

> ''દરેક આવનારી નવી પળ માટે જિજ્ઞાસા, કુતૂહલ, નવો ઉમંગ, નવું સાહસ, નવી કલ્પના. છતાં અંત ઉપર આવ્યા પછી ય અંત તો હોતો જ નથી ! દેવાત્મા હિમાલયના પ્રવાસમાં પણ એવું અનુભવ્યું. માણસ, ધર્મ, શ્રદ્ધા, શબ્દો, આંસુ, હાસ્ય, વેદના અને દિશ્વાસ, જીવન અને મૃત્યુ આસક્તિ અને અનાસક્તિ - કેટકેટલાં યુગ્મો અને શબ્દયુગ્મો સાથે આપણે જીવીએ છીએ.''

શ્રી દરજીએ પ્રવાસના માહાત્મયને હૃદયથી સ્વીકાર્યું છે. માનવજીવનની સંવેદનાઓએ, અનુભૂતિઓને સભર બનાવનાર, મૈત્રીનો સંવાદ રચનાર, આનંદ આપનાર પ્રવાસનું ઘણું મૂલ્ય છે. હિમાલયના સાન્નિધ્યમાં, ત્યાંની પ્રકૃતિની આહ્‌લાદમયી સૃષ્ટિનો ભાવકને સંસ્પર્શ કરાવ્યો છે અહીં પ્રવાસી લેખકનું શ્રદ્ધાવાન, ધાર્મિક, સંવેદનશીલ, બૌદ્ધિક કે વિચારશીલ, પ્રકૃતિપ્રેમ વ્યક્તિત્વ ઉપસતું જોઈ શકાય છે. 'હિમાલયને ખોળે' ભલે નિતાંત પ્રાકૃતિક સૌન્દર્ય આલેખતી કૃતિ ન હોય છતાં પ્રત્યેક પ્રકરણમાં લેખકે સંવેદેલી પ્રકૃતિપ્રતિની ભાવુકતા અભિનિવેશે આલેખન પામી છે. શ્રી દરજીએ આ પ્રવાસમાં પ્રકૃતિને મનભરી માણી છે. પ્રકૃતિના આલેખનમાં લેખકમાં પ્રગટતી કાવ્યાત્મકતા પણ ધ્યાનાર્હ બને છે. જ લેખકને ગદ્યકવિ કહેવા પૂરતી છે - સમર્થ છે. લેખકના સંવેદનભર્યાને



કલ્પનાસભર આલેખનમાં એમને પ્રકૃતિ પ્રત્યેનો અનુરાગ સ્પષ્ટ પામી શકાય છે. દા.ત. ''... અહીં ક્ષણે ક્ષણે એમ પ્રકૃતિનાં અદ્‌ભુત દૃશ્યો ખડાં થતાં હતાં. પર્વતોની વારંવાર બદલાતી મુદ્રા, વાંકાચૂકા માર્ગો ઉપરથી, ક્યાંક તોફાની તો ક્યાંક શાંત, ક્યાંક ઊંચા ગર્જન સાથે તો ક્યાંક હળુ હળુ સંગીત સાથે આગળ ધપતી યમુનાની હૃદયકારી ભંગિઓ તો પહાડોની ચોમેર, પહાડોની સાથે શોભી રહે તેવાં ઊંચા ઊંચા વૃક્ષો અને તેમનું મનભરી દે તેવું ડોલન - સઘળું પ્રવાસની વિકટતાને ભુલાવી દેતાં હતાં.... ક્યાંક બહાર નીકળી આવેલા દાંતની માફક પર્વતના આગળ ઘસી આવેલા ભાગ ઉપરથી ટપકતા પાણીને મસ્તક ઉપર, આંગળીઓમાં ઝીલતા આગળ વધતા હતા, તો કયાંક રસ્તાનીબાજુમાં પડેલી હિમશિલાઓની સહજ લપસવાનો - સહજ ઊભો રહેવાનો અનુભવ લઈ પ્રકૃતિના લયની સાથે અમારો લય જોડવા પ્રયત્ન કરતાં.''

'હિમાલયના ખોળે'માં લેખકની વર્ણનકલા પણ ધ્યાનાર્હ બની છે. પ્રાકૃતિક પરિવેશનું વર્ણન હોય કે પછી કલ્પનાના રંગોથી રંગવાનું હોય, પૌરાણિક માહિતી આપવાની હોય કે પછી સ્થળ વર્ણન કરવાનું હોય - લેખકને શબ્દોની ખોટ જરા પણ પડતી નથી. શ્રી દરજીએ અહીં સાવ માત્ર કોરાં વર્ણનો જ આપતી નથી, એમણે કૃતિનું અર્થ-ભાવ બોધ કરાવતું ને રહસ્યબોધની અનુભૂતિ કરાવતું વર્ણન હૃદયસ્પર્શી બન્યું છે. અહીં સજીવ, મધુરને કલ્પનાથી સૌન્દર્યબોધ કરાવતું આલેખન હૃદ્ય બને છે એટલું જ નહીં પણ ભાવકના ચિત્તને પણ સ્પર્શે છે.

'હિમાલયના ખોળે'માં વ્યક્તિચિત્રો પ્રમાણમાં અલ્પ છે.

કારણકે, શ્રી દરજીએ પ્રકૃતિ તરફ અગાધ આકર્ષણ છે, આથી તેનું આલેખન ઘણો ભાગ રોકે એ સ્વાભાવિક છે. છતાં પ્રવાસ દરમ્યાન એમના સંપર્કમાં આવેલા પરિચિત કે અલ્પપરિચિત વ્યક્તિઓના સ્વભાવની રેખાઓ આલેખવાનો યત્ન કર્યો છે.પોતાના સહપ્રવાસી ઉપરાંત સતીશ ગૌસ્વામી નામનો ગાઈડ, ટટુને દોરનાર રમેશ, કેદાર, કેદારનો પિતા, ડોળીવાળો વિજય, મનીષ, વિદેશી ડેનિસ - વગેરેની કેટલીક ખાસિયતો આલેખી છે.

શ્રી પ્રવીણ દરજી બહુશ્રુત વિદ્વાન છે, અભ્યાસુ છે. આથી 'હિમાલયના ખોળે'માં સાહિત્યિક તેમજ સંસ્કૃત અને પૌરાણિક સંદર્ભો મૂકીને અનેરું આકર્ષણ રચે છે. ખાસ કરીને પ્રાકૃતિક સૌનદર્યના આલેખન નિમિત્તે વિવિધ સાહિત્યિક સંદર્ભો રચીને લેખકે અનેરું સૌન્દર્યાકર્ષણ ઊભું કર્યું છે. શ્રી દરજી ઘણીવાર પોતાનું, મનન, ચિંતન પણ રજૂ કરે છે. તે તેની અવશ્ય મર્યાદા છે, છતાં એમનું આ ચિંતન, મનન વિષય અનુરૂપ હોઈ ખાસ કોઈ રસભંગનો પ્રશ્ન ખડો કરતું નથી.

શ્રી પ્રવીણભાઈએ આ પ્રવાસના માહાત્મયને હૃદયથી સ્વીકાર્યું છે. માનવજીવનની સંવેદનાઓને, અનુભૂતિઓને સભર બનાવનાર, મૈત્રીનો સંવાદ રચનાર ને આનંદ આપનાર પ્રવાસનું ઘણુંમૂલ્ય છે. હિમાલયના સાન્નિધ્યમાં, ત્યાંની પ્રકૃતિની આહ્લાદમયી સૃષ્ટિ સાથે લેખક એકરૂપ થઈ ગયાં છે. માત્ર ધાર્મિક સ્થળોનો જ નહીં પણ ચારે તરફ પ્રસરેલા પ્રાકૃતિક સૌન્દર્યની અત્યાસક્તિમાં એમની સંવેદનશીલતાનો પરિચય મળી રહી છે. શ્રી દરજીએ હિમાલયના ખોળે પ્રવાસ નિબંધો દ્વારા આહ્લાદકને



સૌન્દર્ય - સમૃધ્ધસભર પ્રવાસી સૃષ્ટિ પણ સર્જી છે. લેખકનો પ્રાકૃતિક સૌન્દર્યબોધ ભાવક પક્ષે પણ આસ્વાદ્ય નીવડે છે. અંતમાં લેખકના શબ્દો ટાંકું તો -

"ભલા મન ! હિમાલય જ જ્યાં એક જીવતું - જાગતું વિશાળ ભારતવર્ષનું મુખ્ય પાત્ર છે. ત્યાં એનાં સાર્થકયો ક્યાં ખોળવાનાં ? હિમાલયના પારણામાં આખું ભારતવર્ષ એની સંસ્કૃતિ યુગોથી ઝૂલતાં રહ્યાં છે. ત્યાંથી જ એનાં લાલનપાલન થતાં રહ્યાં છે, ત્યાંથી જ એના સત્ત્વને પુષ્ટિ મળી છે. હિમાલયનાં શૃંગો, શિલાઓ, ધાતુના ખજાના અને વૃક્ષાલોક, ત્યાંથી નીકળતી નદીઓ - એ સૌ એ પારણાનો સાજ શણગાર છે. કવિઓ, ચિંતકો, સંતો અને સાધુઓએ તેમાં ચમત્કાર અનુભવ્યા છે. ત્યાં જીવનનો તાળો મેળવાય છે, તો ત્યાંથી જ સ્વર્ગનો દરવાજો પણ ખૂલે છે.... ત્યાંનો સૂર્ય, ત્યાંનો ચંદ્ર, ત્યાંનો પવન સઘળાં નિરાળાં છે. ત્યાંના હિમાચ્છાદિત પહાડોનું સૌંદર્ય. સૌંદર્ના અનેક નૂતન વિભાવોને જન્માવી આપે છે. અગમ-નિગમની કેડીઓ ત્યાંથી શરૂ થાય છે."

⌘ ⌘ ⌘

### (૨) નારીની વેદનાનું હૃદયદ્રાવક આલેખન : 'જોબનવન'.

ડૉ. કેશુભાઈ દેસાઈ નવી પેઢીના લોકપ્રિય અને યશસ્વી નવલકથાકાર છે. આજે ડૉ. કેશુભાઈ ગુજરાતી કથાસાહિત્યમાં ઘણી પ્રતિષ્ઠા મેળવી ચૂક્યાં છે. તેમણે ઘણી નવલકથાઓ ગુજરાતી સાહિત્યને ચરણે ધરી છે. વ્યવસાયે તબીબી એવા ડૉ. દેસાઈની નવલકથાઓ માત્ર વિષયવૈવિધ્યની દૃષ્ટિ ધ્યાનાર્હ બની છે. ડૉ. કેશુભાઈની વિશેષતા એ છે કે તેઓ કોઈપણ પ્રવાહમાં - ઢાંચા ઢળ્યાં વિના પોતીકી આગવી ઓળખ ઊભી કરે છે. ડૉ. દેસાઈને કોઈએ 'પાંગરતો પન્નાલાલ' તો કોઈએ 'સર્વતોભદ્ર નવલકથાકાર' કહીને બિરદાવ્યાં છે.

'વનવનનાં પારેવાં' પછી એમની બીજી નવલકથા 'જોબનવન' ગુજરાતી સાહિત્યરસિકોને ઘણી ગમી છે. આ નવલકથાને ઘણાં વિવેચકોએ પણ વખાણી છે. 'જોબનવન'માં નારીની વેદનાને, સ્ત્રીના જીવનના કારુણ્યને લેખકે વાચા આપી છે. એ દૃષ્ટિએ આ નવલકથા કરુણકથા છે. લેખકે સાબરકાંઠા વિસ્તારના ગામડાંઓનું તાદશ આલેખન કર્યું છે. અહીં કેન્દ્રમાં ગ્રામજીવન. એનો સમાજ. જે કેટલીક મિથ્યા માન્યતાઓ, ધારણાઓ, ખોટાં આદર્શો અને ખોટી પ્રતિષ્ઠાને આગળ ધરી વનબા કે સોનબા જેવી જોબનવંતીઓના જીવનને ધૂળ-ધાણી કરી મૂકે છે. લેખકે અહીં દમિત-શોષિત નારીના જીવનનું હૃદયદ્રાવક આલેખન



કર્યું છે. અહીં વનબા, સોનબા જેવા પાત્રોને સમાજની નિષ્ઠુર - પુરુષપ્રધાન સમાજની ક્રૂરતાનો ડગલેને પગલે ભોગ બનવું પડે છે, તેનું કરવા માટે લેખકે અહીં આંતરબાહ્યસંઘર્ષ અને પરિસ્થિતિઓમાંથી જિજ્ઞાસાપ્રેરક વસ્તુ આલેખ્યું છે. અહીં નારીની દારિદ્રતાનું જે ચિત્ર મળે છે તે કરુણાજનક છે.

'જોબનવન'- નવલકથાનું મુખ્યપાત્ર છે - વનબા. એ એવા સમાજમાં જન્મી છે જયાં સ્ત્રી તરીકે તેમનું જીવવું દુષ્કર બની ગયું છે. તેનાં પિતાનું નામ - રંગુસિંહ. તેને બે પુત્રીઓ છે. સોનબા અને વનબા. ડૉ. કેશુભાઈએ એક ભીષણ - ભૂતાવળ જેવા સમાજની મિથ્યા ખાનદાની, ખોટી ખુમારી - એંટ - ને આલેખી છે. આવા સમાજમાં આ બે દીકરીઓનું જીવન ઘંટીમાં ઓરેલા દાણા જેવું બની ગયું છે. એને સતત આ સમાજરૂપી ઘંટીમાં પીસાતું જ રહે છે. એ જીવે છે ખરી પણ શબવત્. આમ જોવા જઈએ તો રંગુસિંહની બન્ને દીકરીઓ સુશીલ છે - ખમીરવંતી છે - ખાનદાન છે. પણ આ કિશોરીઓનું બધું જ સામર્થ્ય સમાજના ભયાનક ને મિથ્યા ખ્યાલોમાં ડૂબી જાય છે. કથામાં બને છે એવું એમની એક દીકરી સોનબાનો પગ કોઈ કુંડાળામાં પડે છે તે ગર્ભવતી બને છે. બસ એ જ એની ભૂલ. ને એની કિંમત એમને ચૂકવવી પડે છે પ્રાણથી. સમાજના નીતિ-નિયમો, રીવાજો, ખોટી માન્યતા ને મિથ્યા એંટ એને જીવવાની એક તક પણ આપતા નથી એનું હૂબહૂ આલેખ અહીં લેખકે કર્યું છે. અહીં તો એને એનો સગો બાપ એને અમરાવતીના કોતર - ચંદેલીના વાંઘામાં લઈ જાય છે ને એક જ ભડાકે એનું ઢીમ ઢાળી દે છે. ચંદેલીનું વાંઘું કેવું છે તેને આલેખતાં લેખક કહે છે, :

"ચંદેલીનું વાંઘું એટલે પૃથ્વી ઉપરનું જીવતું જાગતું નરક. વીસ-વીસ ગાઉની ખેપ કરી કરીને લોક આવાં કાળાં કામ સારું અહીં આવે. વાંઘાની હદમાં પેઠો નથી કે બાપ બાપ મટીને રાક્ષસ બની જાય. મા જણ્યો ભાઈ ભાઈ મટીને જલ્લાદ બની જાય. કરુણા, પ્રેમ, લાગણી, દયા એ બધાંથી તદ્દન મુક્ત, બિલકુલ અલિપ્ત છે આ પ્રદેશ. અહીં વર્ષોથી મા જણ્યો ભાઈ એની સગી લાડકવાયી બહેનને વધેરતો આવ્યો છે. અહીં પોતાની સાતખોટની દીકરીને બાપ બંદૂકને ભડાકે ઉડાવતો રહ્યો છે, હા, આ ચંદેલીનું વાંઘું છે !"

નવલકથા વાંચતા ભાવકનું હૈયું પણ દ્રવી જાય એવું દૃશ્ય અહીં સર્જાય છે. રંગુસિંહ પોતાની હાથે જ સોનબા જેવી જોબનવંતીનું એક જ ધડાકે ઢીંમ ઢાળી દે છે. હજી તો થોડાં દિવસ પહેલાં જ વનબા અને સોનબા વચ્ચે કંઈક આવો સંવાદ સર્જાયો હતો.

"સોનબા, જો, જો આ અમરાવતી તારી ઓઢણીનો રંગ તાણી જાય છે !"- ત્યારે સોનબાએ એને હસીને જવાબ આપ્યો હતો : "ભલે તે તાણી જાય ! એ આપણી મા છે. એના ખોળે ઉછેર્યાં, એને ખોળે રમ્યાં અને એક દહાડો એને જ ખોળે ઊંઘી જઈશું. આપણે નહિ હોઈએ ત્યારે ય આ અમરાવતી તો હશે જ ને !" આવા સંવાદો ટૂંક સમયમાં જ સાચાં ઠર્યાં. આજ સોનબાનો રૂપાળો દેહ નિરાધાર બનીને નિસહાય પડ્યો હતો. વનબાને દુઃખ તો એ વાતનું છે કે સગો બાપ પણ એને એક ભૂલ બદલ માફી બક્ષી ન શક્યો? એક સગો બાપ એની વહાલસોયી દીકરીને આમ, કૂતરો, ગીધડાં, શિયાળવાંને હવાલે કરી દે ? ડૉ. કેશુભાઈ એક તબીબ



હોવાના નાતે વનબાના મનોગત્‌ને કુશળતાથી આલેખી શક્યાં છે. ડૉ. દેસાઈ વનબાની મનઃસ્થિતિ આલેખતાં નોંધે છે," - અને ખરું પૂછો તો બીજું છે ય શું ત્યારે આપણી જિંદગીમાં ? નર્યું રણ છે. ધગધગતું રણ. પણ એને 'રણ' ય શી રીતે કહેવું ? રણ તો પગ મૂકનારને દઝાડી મૂકે છે. અહીં તો પોતે જ દાઝવાનું, અંદર ને અંદર."

વનબાનો આ બળબળતો વલોપાત એનાં અંતઃકરણને વ્યક્ત કરે છે. દીકરીઓનાં ભાગ્ય આવા કાઠાં કરમના હશે એની એને પ્રતીતિ થઈ ચૂકી છે. અહીં વ્યાભિચાર તો ફક્ત પુરુષનો અધિકાર છે. સ્ત્રીનો અધિકાર તો સતી થવાનો છે. અડધી રાતે ભર ઊંઘમાંથી પત્નીને તજી જનારા મહાપુરુષ થઈ શકે, અરે, ભગવાન ગણાય શકે, ત્યારે આજ લગી ધણીને ઊંઘતો મૂકી જનારી કોઈ સ્ત્રી વિશે સારો શબ્દ સાંભળવા મળ્યો છે ?

સોનબાના મૃત્યુની ઘટનાની ચર્ચા દરબારગઢમાં બે-પાંચ દિવસ થઈને પછી તો બધું પૂર્વવત્ બની જાય છે. અંધારા-ઘોર યુગમાં નારીની નિસહાયતને લેખકે અહીં સુપેરે આલેખી છે. આવા ભયાવહને ત્રસ્ત-ભેંકાર વસ્તુની પસંદગી કરીને લેખકે એક જ નવા જ પ્રદેશમાં ભાવકને ડોકિયું કરાવ્યું છે. અહીં નવયૌવન ઊજડી જાય છે રહી જાય છે માત્ર વેદનાનું વન.

સોનબાની હત્યા પછી ઘટનાઓ પૂર્વવત્ બન્યાં કરે છે. રંગુસિંહ બિમાર પડે છે. નાયિકા વનબા એને દવાખાને લઈ જાય છે. કથામાં બીજા બે પાત્રો પ્રવેશે છે - ફૂલજી અને મશરૂ. જમીનદાર કચરા પટેલનો પુત્ર ફુલજી અને એનો મિત્ર મશરૂ વનબાની સાથે

અમદાવાદ જાય છે. ત્યાં ફૂલજી અને મશરૂ બન્ને વચ્ચે વનબાને પોતાની તરફ ખેંચવાની માનો કે હોડ જામે છે પણ વનબા બેમાંથી એકેયને મચક આપતી નથી. પણ ફૂલજી પ્રત્યે એને કૂણી લાગણી અવશ્કય જાગે છે. ફૂલજી પટેલ છે અને પોતે રાજપૂતાણી - બન્ને વચ્ચે પ્રેમ-જીવનની કોઈ શક્યતા વનબાને કળાતી નથી અને વનબા સંયમપૂર્વક પોતાના અરમાનોને હૈયાની કાળી કોટડીમાં કેદ કરી દે છે. પંદરેક દિવસની સારવાર પછી રંગુસિંહ સાજા થઈ ઘરે આવે છે. ત્યાં એની પત્ની પોતાની ચિંતા પ્રગટ કરતાં કહે છે,- 'હવે ક્યાં લગી સાપના ભારા ઘરમાં સંઘરશો?' આમ જોવા જઈએ તો જાણે કથાનો બીજો ભાગ શરૂ થાય છે. વનબાના લગ્ન એક વાઈના દર્દી-યુવાન જોડે કરાવી દેવામાં આવે છે. પણ વનબાની કમનસીબી એનો પીછો છોડતી નથી અને વિધવા બને છે. વનબા માટે વિધાતાએ એક સાથે ત્રણ-ત્રણ ઘટનાઓ એવી ઘટાવી કે વનબા સાવ નોધારી બની જાય છે. પોતાના પિયરમાં તેના મા-બાપનું મૃત્યુ થવું, પતિનું મૃત્યું જવું - આ ઘટનાઓથી વનબાનું હૈયુ ભાંગીને ભુક્કો થઈ જાય છે. એ આ અંધારિયા સમાજમાં જેમ કાચબો પોતાની જાતને સંકોરી લે એમ વનબાએ પોતાની જાતને સંકોરી લીધી. વનબાની કુંવારી કાયામાં જાણે મીરાંબાઈ પ્રગટે છે. મીરાંબાઈએ તો કૃષ્ણના રંગે રંગાયને માયાવી દુનિયાના રંગ ઉખેડી ફેંક્યો હતો પણ વનબાએ તો આ સમાજથી ત્રાસીને પોતાની જાતને - મનને એક ઓરડીમાં પૂરી દીધી. ફૂલજી જેવા માટે લાગણી હોવા છતાં એના માટેયે એનાં ઘરના દ્વારા હંમેશા બંધ થઈ જાય છે. પોતે જે પોતાના ઘરમાં નજરકેદ બની જાય છે.



'જોબનવન' નવલકથા સાબરકાંઠા સાથેના લેખકના અનુબંધની ફલશ્રુતિ છે. આ વિસ્તારના સમાજની રૂઢિગત પ્રણાલી, એની માન્યતાઓ, એનું મિથ્યાભિમાન અને સમાજજીવનનો ધબકાર ઝિલવાનો ડૉ. કેશુભાઈએ ઘણો પ્રામાણિક પ્રયત્ન કર્યો છે અને એમાં એમને ખાસ્સી સફળતા પણ મળી છે. આ નવલકથાનું નામ 'જોબનવન' હોઈ કોઈ વાચકને સહેજે એમ થશે કે આ પ્રણયકથા હશે પણ આ એક કરુણ-ગંભીર નવલકથા છે. અહીં લેખકે પ્રસંગોચિત રમૂજ પ્રેરે એવા પ્રયોગો પણ કર્યા છે.

'જોબનવન' નવલકથાની વાર્તા જિજ્ઞાસાપ્રેરક છે. એની કથા શરૂઆતથી અંત સુધી ભાવકની જિજ્ઞાસાને સંતોષતી રહે છે. લેખકે કથાની શરૂઆત ફલેશ બેકથી કરી છે. વનબાની મનઃસ્થિતિનું આલેખન કરવા અહીં પીઠ ઝબકારની પ્રયુક્તિને કુશળતાપૂર્વક પ્રયોજી છે. સત્તાવીસ વર્ષની વયે પહોંચેલી વનબા એવા સંયોગ-કાળમાં આવીને ઊભી છે જ્યાંથી પોતાના સત્તાવીસ વર્ષને જોઈ રહી છે. લેખકની માનસપ્રેયસી વનબાની આજુબાજુ ગૂંથાયેલી આ કથા આમ જોવા જઈએ તો માત્ર બે-ત્રણ પહોરની ઘટના છે. લેખકે કુનેહપૂર્વક વનબાના મનોજગતને ભાવક સમક્ષ ખુલ્લું મૂક્યું છે. લેખકે અહીં વનબા, સોનબા, રંગુસિંહ, ફૂલજી, મશરૂ જેવાઓનાં માનસનો પણ એક માનવશાસ્ત્રીની દૃષ્ટિએ પરિચય કરાવ્યો છે, એટલું માત્ર જ લેખકને અભિપ્રેત નથી લેખકને તો સાબરકાંઠાના ગ્રામીણ સમાજનો પણ પરિચય કરાવ્યો છે. લેખકને આલેખન કરવું છે આ સમાજની રૂઢિઓનું, એની મિથ્યા માન્યતાઓનું, એનાં ખોટાં ખ્યાલોને આદર્શોનું. એ સમાજની જડતા

અને ક્રૂરતાનું સૂક્ષ્માલેખન કરવામાં લેખકને ધારી સફળતા મળી છે. આવો સમાજ વનબા કે સોનબા જેવી અનેક યુવતી - સ્ત્રીઓની કેવી દયનીય હાલત બનાવી દે છે તેનું હૃદયદ્રાવક આલેખન આ નવલકથાને ઘણી સફળ બનાવે છે. અહીં રંગુસિંહ પોતાની દીકરીનો સાચો હત્યારો નથી. હત્યારો તો છે સમાજ. જેણે સગાબાપને પોતાની પુત્રીની નિર્મમ હત્યા કરવા ઉશ્કેર્યો છે. અહીં માત્ર વનબા સોનબા જ નાયિકારૂપે નથી અહીં તો આખા સમાજની નારીઓનું પ્રતિનિધિત્વ આ પાત્રો કરતા દેખાય છે.

ડૉ. દેસાઈ એક તબીબ હોવાથી માનવના રોગોની સાથે સમાજ વ્યાપ્ત અનેક રોગો એણે જોયા છે. શ્રી દેસાઈએ સ્વાનુભયે જોયેલું-જાણેલું ગ્રામજીવન સંનિષ્ઠાપૂર્વક ‘જોબનવન’ માં આલેખ્યું છે. એમના આલેખનમાં સચ્ચાઈ અને સહાનુભૂતિ ઊભય છે. ડૉ. દેસાઈએ આવા સમાજને તટસ્થભાવે આલેખ્યો છે. કોઈપણ કલાકારે આવું જ કરવાનું હોય છે. ડૉ. રમણભાઈ પાઠક ડૉ. કેશુભાઈ વિશે નોંધે છે :

> ‘‘લેખક એક તબીબી છે. ઉપચાર, રોગનિવારણ એ તબીબનો ધર્મ છે. પરંતુ ડૉક્ટર જ્યારે કલાકાર બની વ્યવહરે, ત્યારે જીવનનાં, માનવમનનાં દર્દ પારખે, એનું પૂર્ણ, સુરેખ નિદાન પ્રસ્તુત કરે, પણ કદાપિ ઈલાજ સૂચવે નહી.... ડૉ. કેશુભાઈ આ સંદર્ભે સંપૂર્ણ તટસ્થ રહી શક્યાં છે એ જ તેઓમાં રહેલા સાચા કલાકારનો ઝળહળતો વિજય છે.’’

‘જોબનવન’ માં લેખકની વર્ણનકલા પણ કાબિલેદાદ છે. ટૂંકાને લાઘવભર્યા છતાં સરસ વર્ણનો દ્વારા લેખકે ગ્રામજીવનનો હૂબહૂ



પરિચય કરાવ્યો છે. લેખકની કલ્પનાશક્તિ પણ ધ્યાનાર્હ છે. તેમનું શબ્દ સામર્થ્ય તથા સંવેદનાનું ઉત્કટ આલેખન આ નવલકથાની સફળતા બક્ષે છે. લેખક પ્રાકૃતિક વર્ણન કરતાં કહે છે,-

> ‘‘આજુબાજુ ભેખડો હતી, ઊંચા ઊંચા ઝાડ હતાં. વાંકીચૂકી પગદંડી હતી. કદાચ એ વખતે તાજું જ ચોમાસું બેઠેલું હતું. અને પહેલા વરસાદ પછીનો ઉઘાડ હતો. મેઘ અને ધરતીના તાજા મિલનની મહેંક હતી. લીલી લીલી જમીન પર પહેલાં રક્તબિંદુઓ કેવા શોભતાં હતાં ! જાણે લીલી ચાદર પર લાલ બુટ્ટાનું ભરતગૂંથણ !’’

‘જોબનવન’ માં કાવ્યાત્મક કહી શકાય એવાં વર્ણનો હૃદયંગમ બન્યાં છે.

‘જોબનવન’ નવલકથામાં લેખકે યોજેલાં પાત્રોના આંતર-બાહ્ય સંઘર્ષ, ઘટનાઓ, પરિસ્થિતિ, જીવંતપાત્રો, સૂચકને મર્મવેધી સંવાદો, પાત્રોનું આંતર મનોમંથન - ઈત્યાદિને કારણે નવલકથા આસ્વાદક્ષમ બની છે. છતાં આ કૃતિની કેટલીક મર્યાદાઓ પણ અવશ્ય જોવા મળે છે. અહીં લેખકે સાબરકાંઠાનો ગ્રામસમાજ આલેખ્યો હોવા છતાં આ નવલકથાને આપણે ‘પ્રાદેશિક’ નવલકથાનું લેબલ લગાડી શકીએ એમ નથી. પન્નાલાલ પટેલ, મેઘાણી, ઈશ્વર પેટલીકર જેવા નવલકથાકારો પોતાની કૃતિઓમાં જે - તે સમાજનું, વર્ગનું, એની બોલીઓનું હૂબહૂ આલેખન કરે છે એવું તળપદું ખમીર ખાસ કરીને ભાષા પરત્વે અહીં અનુભવાતું નથી. ‘જોબનવન’ ના પાત્રો ગ્રામ્ય હોવા છતાં તે શિષ્ટભાષા બોલે છે. જો કે, આપણે પ્રાદેશિક નવલકથાના માપદંડોથી આ

કૃતિને મૂલવવી ન જોઈએ. પન્નાલાલ પન્નાલાલ છે. કેશુભાઈ કેશુભાઈ છે. 'જોબનવન' ની બીજી મર્યાદા દેખાય છે એ એ છે કે, ઘણીવાર વનબા, રંગુસિંહ, ફૂલજી જેવા પાત્રોના સ્વાંગમાં લેખક પોતે બોલતાં હોય એવું ક્યાંક લાગે છે. એ શુદ્ધ કલાકૃતિમાં લેખકના વિચારો, મનોમંથન પ્રવેશવા ન જોઈએ. જો કે, ડૉ. કેશુભાઈની આ પછીની નવલકથાઓમાં લેખક આ તકેદારી લીધી હોય એમ લાગે છે. આવી કેટલીક મર્યાદાઓ છતાં ગ્રામજીવનના માનવીઓનાં મન અને એમની માન્યતાઓ, પ્રણાલિકાઓ આદિનું નક્કર - વાસ્તવિક ચિત્ર આપવામાં ડૉ. કેશુભાઈ સફળ રહ્યાં છે એ જ છે એમની લોકપ્રિયતાનું કારણ.

'જોબનવન' સાચાં અર્થમાં એક સફળ અને લેખકની યશોદાયી કૃતિ બની છે. અહીં લેખકે પરંપરાગત ઢાંચામાંથી બહાર નીકળી, સ્વાનુભવે જોયેલાં - જાણેલાં જે માણેલાં અનુભવ - વિશ્વનો - વિસ્તારનો - વાસ્તવિકતાનો સંનિષ્ઠ પ્રયસ કર્યો છે. આ નવલકથા શીર્ષક ઉપરથી પ્રણયકથા લાગવાનો સંભવ છે છતાં આ પ્રેમકથા નથી; એક કરુણ-ગંભીર નવલકથા છે. લેખકે ગ્રામસમાજની કેટલીક મિથ્યા-ભ્રામક માન્યતાઓ, ખોટાં અભિમાન ને એંટ, ખ્યાલોને પ્રતિષ્ઠાને કારણે વનબા, સોનબા જેવી અનેક યુવતીઓને - સ્ત્રીઓને ચારખૂણાની ઓરડીમાં જ પોતાની જાતને - સ્વપ્નોને કાયમ માટે દફનાવી દેવા પડે છે - એનું વાસ્તવિક ને તાદશ આલેખ કર્યું છે, અંતમા લેખકના શબ્દો ટાંકું તો -

"નિષ્ઠા મારો સૌથી મોટો ગુણ છે... હું મારી જાત પ્રત્યે મારા શબ્દો પ્રત્યે અને સમાજ પ્રત્યે પૂર્ણ પણે નિષ્ઠાવાન છું."



એમનું આ પ્રાક્કથન આખી નવલકથામાંથી પસાર થતાં યથાર્થ લાગે છે. 'જોબનવન' ખરેખર ડૉ. કેશુભાઈની એક યશસ્વી કૃતિ છે. આશા રાખીએ હજુ ઉત્તમ કૃતિઓ આ તબીબ પાસેથી મળે.

⌘ ⌘ ⌘

## (૩) કલા અને વાસ્તવિકતાને આલેખતી હૃધકથાઃ 'ગેબી ટીંબો'

'ગેબી ટીંબો' કાન્તિલાલ પરમારની પ્રથમ નવલકથા છે, છતાં પ્રથમ પ્રયાસે જ એક સુઘડ નવલકથા રચવાનો યશ આ સર્જકને અવશ્ય આપી શકાય. કુલ ૨૦ - ખંડમાં આ નવલકથાનું વસ્તુ વિસ્તર્યું છે. ઘણી વખત એક દલિત સાહિત્યકારના હાથે દલિત સમસ્યાઓને આલેખતી કથાઓને આપણે 'દલિત સાહિત્ય'ના વિભાગમાં મૂકી દઈએ છીએ. 'ગેબી ટીંબો' માત્રને માત્ર દલિતકથાનું ભાગવત તો નથી જ નથી. એમાં નવલકથાના સ્વરૂપને લેખકે સભાનતાપૂર્વક અપનાવીને સર્વાંગસુન્દર કહી શકાય એવી નવલકથા રચી છે. આપણી નવલકથા અંગેની મહતમ્ અપેક્ષાઓ આ કૃતિમાં સાકાર થાય છે.

શ્રી કાન્તિલાલ પરમારે નિવૃત્તિની પળોમાં પ્રવૃત રહેવા ભૂતકાળમાં ડોકિયું કરવા 'ગેબી ટીંબો' ની કાળજીપૂર્વકની જાળવણી કરી છે. છતાં તેમણે નવલકથાના તમામ અંગોની કાળજીપૂર્વકની જાળવણી કરી છે. શ્રી પરમારે સૌન્દર્યશાસ્ત્રના પ્રસ્થાપિત માપદંડોને સાર્થક કરી 'ગેબી ટીંબો' નવલકથામાં કરી જીવનમાં જોયેલી, અનુભવેલી તડકી-છાંયડીને આલેખવાનો પ્રયત્ન કર્યો છે. લેખકે અહીં પ્રેમ અને મૂલ્યોની માવજત પણ એક સિદ્ધહસ્ત નવલકથાકારની માફત કરી છે.



આ નવલકથાની કથા છે આસ્થા અને અસ્મિતાની. આ નવલકથાને માત્ર દલિતકથાનું ભાગવત કહીને અટકી જવાશે નહીં. ગુજરાતની સાહિત્યમાં જૉસેફ મેકવાન, દલપત ચૌહાણ, મોહન પરમાર, હરીશ મંગલમ્, ચંદુભાઈ મહેરિયા, ભી.ન. વણકર કે કેશરશિવમ્ જેવા સર્જકો પાસેથી દલિત સાહિત્ય મળે છે. જોકે, આ લેખકોમાંથી કેટલાંક સર્જકો પાસેથી તો ઉત્તમ નવલકથાઓ પણ મળી છે એ ભૂલવું ન જોઈએ. 'ગેબી ટીંબો' પરંપરિત દલિત-સાહિત્ય કરતાં કંઈક જુદો જ અયામ રચે છે. લેખક અલગ અલગ ચીલો ચાતરીને 'ગેબી ટીંબો' માં પોતાનો અવાજ લઈને આવે છે. અહીં લેખકે માત્ર સવર્ણ અને દલિતસમાજ વચ્ચેનો વર્ગવિદ્રોહ નથી આલેખ્યો પણ બન્ને સમાજ વચ્ચે પહોળી થતી ફાટને પુરવાનો સફળ યત્ન કર્યો છે. એ અર્થમાં આ નવલકથા દલિતસાહિત્ય કરતાં જુદી પડે છે.

અહીં ગેબીટીંબાની સાથે નાયક આકાશ અને નાયિકા સ્વાતિ કથાના કેન્દ્રસ્થાને છે. વાર્તાનાયક આકાશ દલિતવર્ગનો છે; જે પ્રગતિ-ઉન્નતિ પામવા મથે છે. અનેક સંઘર્ષો કરીને એ ડૉક્ટર બને છે ને એટલું જ નહીં પણ યુનોના આમંત્રણથી અફઘાનિસ્તાન અને અમેરિકાનો પ્રવાસ કરે છે. છ-છ મહિના એ વિદેશમાં રહે છે ને છતાં એનું ચિત્ત તો સદા ઝંખે છે એમના નાનકડા ગામ-દેવયાનીને. ગેબીટીંબોને. એવા અનેક લોકો છે કે, જે વિદેશ જઈને ધન-લાલચાના ભારથી પોતાના વતનને કાયમ માટે ભૂલી જાય છે. આ નવલકથાના નાયક આકાશ માટે પરદેશમાં પૈસા કમાવાની અનેક ઉજ્જવળ તક છતાં એ પોતાના જ ગામ દેવયાનીમાં રહીને ગરીબો

- વંચિતોને પોતાની સેવાનો લાભ આપવા તત્પર છે. આ નવલકથાનું બીજું મહત્ત્વનું પાત્ર સ્વાતિ પણ ઘણું જ ધ્યાનાર્હ બન્યું છે. એ સ્કુલકાળથી જ આકાશથી સાથે છે. એ આકાશની હિતેચ્છુ છે. આકાશની પ્રગતિમાં સ્વાતિનો ફાળો અનન્ય છે. એ આકાશને ધીમે ધીમે ચાહવા લાગે છે. આકાશના પાત્ર કરતા પણ સ્વાતિનું પાત્ર ઘણું નિર્ભીક છે. એ આધુનિક વિચારધારાવાળી સાવ બોલ્ડ કહી શકાય એવી નથી, છતાં, એ એક ચોક્કસ વિચારક્રાન્તિ ધરાવે છે. તે મૂરઝાતા આકાશને ઢંઢોળીને એને મુકામ સુધી પહોંચાડે છે. આકાશને એ ખૂબ ચાહે છે. સ્વાતિ પણ આકાશની જેમ ડૉક્ટર બને છે. ડૉક્ટર બનેલી સ્વાતિનું જ્યારે ગામના લોકો સન્માન કરે છે તે વેળાએ તે પોતાનો પ્રતિભાવ આપતા સવર્ણસમાજ ખળભળાટ મચાવી દે છે. કારણકે, સ્વાતિ સવર્ણકન્યા છે. ગામના સવર્ણો એક દલિત યુવાન સાથે તેના લગ્નની કલ્પના પણ ન કરી શકે. સ્વાતિ આ દૃષ્ટિએ સાચા અર્થમાં એક ક્રાન્તિકારી સ્ત્રી પાત્ર છે. એમણે પોતાના સન્માનપ્રસંગે પોતાનો પ્રતિભાવ આપતાં કહ્યું હતું.

> ''આકાશને બોલાવો યા ન બોલાવો તેનાથી મને કોઈ ફરક પડતો નથી. સૂર્ય વાદળાઓથી લાંબો સમય ઢંકાયેલો રહેતો નથી. આકાશ એક સૂર્ય છે... અમારા સંબંધને જુદું નામ આપી અમને ખરાબ ચીતર્યાં હતા. ગમે તેવી કપરી પરિસ્થિતિમાં પણ આકાશ અડીખમ રહ્યો છે. તેના વ્યવહાર અને વર્તને ઘણાંના દિલ જીતી લીધાં છે. ઘણાંના હૃદય પરિવર્તન કર્યાં તેમાંની હું એક છું....
>
> મારે આજે કહેવું છે. મુક્ત મને કહેવું છે. સમાજનાં



> બંધનોમાંથી મુક્ત બનીને કહેવું છે. આપણે, આપણાં ગામે આકાશનું અપમાન કર્યું છે. હળાહળ અપમાન કર્યું છે. આ અપમાનનો બદલો તમે વાળશો કે નહીં તેની મને ખબર નથી પણ ગામે કરેલા અપમાનના પ્રાયશ્ચિતરૂપે હું તેની સાથે લગ્ન કરીશ ! લગ્ન કરીશ તો અકાશ સાથે; નહીં તો આજીવન કુંવારી રહીશ.''
>
> (પૃ. ૧૬૫)

'ગેબીટીંબો'-માં આ મહત્ત્વની ઘટના છે. સ્વાતિ તો આકાશની દૃષ્ટિએ 'સ્વાતિ તો દેવી છે, દેવી. પ્રેમની દેવી. હું તેનો પૂજારી બનુ રહું તે જ મારા માટે ઘણું છે.'' આકાશ અને સ્વાતિ એકલા રહીને ભણ્યાં છે. બન્નેને ભરપૂર એકાંત મળ્યું છે. છતાં બન્નેનો સંયમ અને શાણપણ 'ગેબીટીંબો'ને વધુ સુશ્લિષ્ટ અને શુદ્ધ પ્રેમભાવનાનું દ્યોતક બનાવે છે.

લેખકે અહીં દલિતવર્ગની પીડાને વાચા આપવાનો સુયત્ન કર્યો છે પણ એમના આ હેતુ દલિતનવલકથાના આક્રોશ અને સંઘર્ષ કરતા જરા જુદો છે. તેમણે અહીં સવર્ણવર્ગનાયે બે રૂપ કલ્પ્યાં છે. એક વર્ગ એવો છે કે જે દલિતવર્ગ પ્રત્યે નફરત અને સૂગ ધરાવે છે. તો બીજો વર્ગ એવો પણ છે કે જે દલિતવર્ગ પ્રત્યે સહાનુભૂતિ ધરાવે છે. એને મદદરૂપ પણ થાય છે, સારા-નરસા પ્રસંગે એની પડખે ઊભો રહે છે. આ નવલકથાની નાયિકા સ્વાતિ આવા જ સવર્ણવર્ગની છે છતાં તેને ખૂબ ચાહે છે. સ્વાતિની નિઃશેષ સમર્પણવૃત્તિને નિષ્કલંક પ્રમ આ નવલકથાને રોચક બનાવે છે. એ આકાશને ગમે તેવા સંજોગોમાંયે ટકી રહેવાનું જીવનબળ પૂરું પાડે

છે. એની પાસે અઢળક પૈસો અને પ્રતિષ્ઠા બન્ને છે. છતાં એક દલિતવર્ગના આ નાયક જે દુઃખ, અવહેલના અને અન્યાય સહન કરે છે તે બધાંમાં આ સ્વાતિ ખડેપગે ઊભી રહે છે, એટલું જ નહીં પણ એ નાયકને જીવનજરૂરી રસાયણ પૂરું પાડે છે. એ આકાશની પ્રગતિમાં જ પોતાની પ્રગતિ જુએ છે.

'ગેબીટીંબો'- નવલકથામાંથી પસાર થતાં એટલું તો ચોક્કસ લાગે છે કે લેખકે અહીં દલિતવર્ગ અને સવર્ણવર્ગ વચ્ચે પહોળી થતી ખાઈને પૂરી કરી બન્ને વર્ગ વચ્ચે એક સેતુ રચવાનો નમ્ર પ્રયાસ કર્યો છે. લેખક પાસે અનુભવનું ભાથુ છે. એક દલિતવર્ગની વારસાગત સમસ્યા અને એની નિર્બળતાનો તાદશ ચિતાર આપ્યો છે તેમાં સર્જકની સમજણ ઘણું અસરકારક પરિણામ લાવી શકી છે. અહીં સાથે સાથે દલિતસમાજની મૂક વેદનાને વાચા આપવાનો પણ પ્રયાસ કર્યો છે. આ નવલકથાનો નાયક પણ આ બન્ને વર્ગ વચ્ચે સુમેળ સધાય એવા પ્રયાસો કરતો રહે છે. જોકે, એનો મતલબ એવો નથી કે એ એનાં પર થતાં અન્યાયને મૂંગા મોઢુ સહન કરે છે. આકાશની દલિતપ્રતિષ્ઠા - નિષ્ઠા ટકોરાબધ્ધ છે. ફેર એટલો જ છે કે તે દલિત મંડળ કે વર્તુળના નામે અલગ ચોકો રચીને સુવર્ણવર્ગ સામે કાયમી ધોરણે વેર બાંધવા તૈયાર નથી. આકાશના પાત્રમાં લેખકે પોતાના સ્વપ્નદષ્ટ વિચારોને સાકારિત કર્યાં છે.

'ગેબીટીંબો' એક દષ્ટિએ હેતુપ્રધાન નવલકથા પણ ખરી. લેખકના મનોગતભાવો આકાશમાં આરોપિત કરીને પોતાનો હેતુ સાર્થક કરી બતાવે છે. આ માટે આકાશ અને સ્વાતિ ઉપરાંત ચકુ શેઠ, ચંદુજી, મેજર સાહબ, મનજી, પટેલ સાહેબ, ડૉ. ઝાલા સાહેબ,



મિત્ર ચંદ્રકાન્ત, મંગાજી, પમ્મી, જયેશ, કરસનકાકા, મગન, મણિ - વગેરે પાત્રો દ્વારા પણ લેખકે બન્ને વર્ગનો પરિચય કરાવ્યો છે.

લેખકે અહીં ગૌણપાત્રોના માધ્યમથી પણ ગામડાના દલિતવર્ગની આઝાદીના આટલા વર્ષો પછી પણ જે ધૃણાસ્પદ અત્યાચારો થાય છે તેનું માર્મિક આલેખન કર્યું છે. સવર્ણપાત્ર મંગાજીના ચોકિયાત ટાણે જ બે-ત્રણ ઘરફોડીની ચોરીના બનાવો પછી આખો વાસ એક થઈ દલિત કોમના શૌર્યનું પણ દર્શન કરાવ્યું છે. બન્ને કોમ વચ્ચે ઊભા થયેલા ખટરાગને લેખકે સંયત ભાષામાં આલેખી એક વિગ્રહનું આબેહૂબ ચિત્રણ કર્યું છે. નપાણિયા ગણાતી કોમમાં આટલું જોમ ને ખુમારી ક્યાંથી આવ્યાં ? તેનો જવાબ મગનના મુખે અપાયેલા ઉત્તર જુઓ : 'જ્યારે જીવ ઉપર આવે છે ત્યારે કાયરોમાં પણ શક્તિ જન્મે છે.'

સાદી, સરળ અને સંયમભરી શૈલી આ નવલકથાની વિશેષતા બને છે. દલિતસમાજ પર થતાં અન્યાય, આકાશ-સ્વાતિ અપ્રગટ વહતો પ્રેમ, ગેબીટીંબો - જેવા અનેક પ્રસંગોનું-સ્થળનું વર્ણન નોંધનીય બન્યું છે. આ નવલકથામાં લેખકે ત્રણ વર્ગોને આલેખ્યાં છે. દલિત વર્ગ, ઠાકોર સમાજ અને વણિક શ્રેષ્ઠીસમાજ. ઠાકોરો તો આખું ગામ પોતાના બાપની જાગીર હોય એમ વર્તે છે. લેખકે અહીં ઠાકોરોના દુર્વ્યવહારને મર્મસ્પર્શી આલેખ્યાં છે. ઠાકોરોની જોહુકમી આલેખતાં લેખક નોંધે છે :-

> ''ઠાકોરવાસ અમારા વાસને અડીને જે આવેલો છે. ખાવાના સાંસા, હાંલ્લા કુસ્તી કરે છતાંય મૂછે તાવ દઈને ફરે. ભૂલેચૂકે વાસમાંથી નીકળે ત્યારે ખભે ધારિયું કે લાકડી હોય અને

પાંચ-પચીસ ગામના ધણી હોય તેમ ચાલે. ઠાકોર કહેવાય,; તેમની આમાન્ય જાળવવી પડે. રસ્તામાં મળતા પુરુષો હાથ જોડી કહે, કેમ છો ભીખાજી ? કેમ છો હેમતાજી ? કેમ છો કેશાજી?''

આ સામાજિક કહી શકાય એવી નવલકથામાં આકાશ અને સ્વાતિની પ્રણયકથા લેખકે કુશળતાથી આલેખીને કથાને રોમાંચક બનાવી છે. આકાશની સાથે સ્વાતિ જે કોઈ ઝાડને વેલી વીંટળાયેલી હોય એમ વીંટળાયેલી છે. પ્રણયનું આવું સંયત અને રોમહર્ષક આલેખન ઘણી ઓછી સાહિત્યકૃતિઓમાં જોવા મળશે. અહીં આકાશ પોતાના આત્માના સૌન્દર્યથી સ્વાતિને અનાયાસે આકર્ષે છે. સ્વાતિનો આકાશ પ્રત્યેનો પ્રેમ શુદ્ધ પ્રેમની વિભાવના રજૂ કરી જાય છે. સ્વાતિનો આકાશ પ્રત્યેનો પ્રેમ નાયક માટે મરણમાંથી ઊગારનારી સંજીવની બની રહે છે. નાયકના મૃતપિતાની સ્મૃતિમાં એ ગામમાં હોસ્પિટલ બનાવી લોકસેવા કરવા આકાશને પ્રોત્સાહિત કરતાં કહે છે.

''જીવન જીવવા માટે છે. નિરાશ બનીને વેડફી દેવા માટે નહીં. xxx પ્રશ્ન તારા એકલાનો નથી. પ્રશ્ન આપણાં બંનેનો છે. મેં તો જાહેરમાં પ્રતિજ્ઞા લીધી છે : પરણીશ તો આકાશને નહીં તો આજીવન કુંવારી રહીશ. xxx હોસ્પિટલ માટે ગેબીટીબો બધી જ રીતે યોગ્ય છે. હોસ્પિટલ ખોલીને ગરીબ, શોષિત વંચિત અને દલિતોની સેવા કરવાનો અવસર મળશે. હોસ્પિટલ હું ચલાવીશ. તું પણ તેમાં સાથ આપજે. બાકીના સમયમાં સામાજિક ઉત્થાનનું અભિયાન ચલાવજે.



સમાજમાં રહેલી અજ્ઞાનતા અને અસ્પૃશ્યતા દૂર કરવા પ્રયત્નો કરજે. ખાસ, તારા પિતાના નામ ઉપરથી હોસ્પિટલનું નામ 'મનજી બાપા' રાખીશું.

લેખકના સંવાદો પણ એક અચ્છા નવલકથાકારની પ્રતિભાને પ્રગટાવે છે. સ્વાતિ અને આકાશ વચ્ચેના સ્વાદો, મેજર સાહેબ અને આકાશ વચ્ચેના સંવાદો ઘણાં ધ્યાનાર્હ બન્યાં છે. સંવાદો દ્વારા લેખકે પાત્રોના મનોગતને સુપેરે આલેખ્યું છે. કેટલાક સંવાદોમાં દલિતવર્ગની સમસ્યાઓ પણ સ્વયમ્ સ્પષ્ટ બની જાય છે. એમના સંવાદોમાં પાત્રોની રેખાઓ સ્ફૂટ થઈને ભાવકને હૃદયસ્પર્શી સ્પર્શ કરાવે છે. સ્વાતિ અને આકાશના સંવાદોમાં જુઓ કેવી ભાવનાઓ પ્રગટે છે :

''સ્વાતિ, તું કેટલો બધો પ્રેમ કરે છે ને હું... મને તું કેટલો પ્રેમ કરે છે તે તારે જણાવવાની જરૂર નથી. ડગલે ને પગલે મને તારો અનુભવ થયો છે. મેં બોલીને પ્રેમ વ્યક્ત કર્યો છે. તે સતત તારા હૃદયમાં વહાવ્યો છે. હૃદય ઉપર હાથ મૂકીને કહે મારા વિના તું ક્ષણ પણ રહી શકતો હતો ? તારી આંખોમાં પ્રેમનો દરિયો છલકતો જોયો છે.xxx આકાશ તું જઈશ એટલે તારી ગેરહાજરીમાં હું સુકાયેલ વેલ જેવી થઈ જઈશ. xxx સ્વાતિ, અતિશય પ્રેમ દુઃખની નીશાની છે.''

વિશિષ્ટ સંવાદકળા પ્રયોજીને લેખકે 'ગેબીટીંબો'ના પાને પાને ગદ્યનું લાલિત્ય પ્રગટાવ્યું છે. લેખકની ભાષાશૈલી ઘણી અસકારક બની છે. ટૂંકાં-ટૂંકાં વાક્યો દ્વારા લેખકે કથારસનો જમાવટ

કર્યો છે. લેખકની મર્યાદા કદાચ એટલી જ કે એમણે દલિતવર્ગનું કથાનક પસંદ કર્યું છે. અલંકારોની ભરમારમાં પડ્યા વિના સીધા-સાદા કથન દ્વારા લાંબા પટ પર પથરાયેલી નવલકથા આપણા ભીતરને અવશ્ય ગમી જાય એવી છે. ડૉ. કેશુભાઈ દેસાઈ 'ગેબીટીંબો' વિશે નોંધે છે :

> 'દલિત સમાજના ઝીણવટભર્યા અભ્યાસ, અવલોકન અને દલિત સમસ્યાના સ્વાનુભવનો નિચોડ આપવાના શુભ સંકલ્પ સાથે લેખકે આ નવલ લખી છે, એટલે એ મુદ્દે તો સાહિત્ય અન સમાજ ઊભય પર એમણે ઉપકાર જ કર્યો છે.... એકંદરે લેખકે સમન્વયલક્ષી અને માંગલ્યપ્રેરક અભિગમ સાથે એક પૂરા કદની સંપૂર્ણ સમાજકથા આપવાનો સફળ પ્રયત્ન કર્યો છે. એમના આ અક્ષર-પર્વને હું ઉમળકાભેર વધાવું છું. '

શ્રી કાન્તિલાલ પરમારની આ નવલકથા દલિવર્ગ અને સવર્ણવર્ગ વચ્ચેની ખાઈને પુરવામાં કંઈક અંશે મદદરૂપ થશે. કથાનો વાર્તાનાયક આકાશ જે દર્દની દાસ્તાન આલેખે છે તે જરા જુદી રીતની છે. કારણકે, લેખકનો દૃષ્ટિકોણ વિધેયાત્મક છે. જે સવર્ણસમાજ તરફથી અપમાન, અવહેલના અને અન્યનય  વેઠ્યો છે એ જ સમાજમાંથી એમને ભરપૂર મદદ કરનારાં પણ મળી આવ્યાં છે. અહીં સંઘર્ષની લગોલગ સમાધાન છે, એમાં આક્રોશને સંયત કરનારો વિવેધ છે. એ અર્થમાં કશુંક જુદું, કશુંક રુચિકર, સર્જન કરવાનો હેતુ લેખકે પ્રસ્થાપિત કરવા 'ગેબીટિંબો' જેવી નવલકથા સર્જી છે. અંતમાં ડૉ. કેશુભાઈ દેસાઈના



શબ્દો નોંધું તો -

> "... એ રીતે મૂલવતાં આ નવલકથા પરંપરાગત શૈલીની દલિતકથા નથી રહેતી. એનું કથાનક અને ગૂંથણી - રચનાવિધાન એને એક સાથે દલિત, પ્રશિષ્ટ અને માંગલિક એમ ત્રણ જુદાં જુદાં લેબલવાળી થ્રી-ઈન-વન લિટરરી આઈટમ સ્વરૂપે પ્રસ્તુત કરે છે."

(પ્રસ્તાવનમાંથી)

ટૂંકમાં 'ગેબીટીંબો' એક સુંદર નવલકથા બની છે. અહીં દલિતવર્ગ અને સવર્ણવર્ગ વચ્ચે લેખકે સેતુ રચવાનું પ્રશંસનીય કાર્ય કર્યું છે. આશા રાખીએ લેખક પાસેથી હજુ પણ સુંદર કલાકૃતિઓ પ્રાપ્ત થાય.

⌘ ⌘ ⌘

## (૪) એક નિરીહ નારીની કથા : 'દરિયા'.

નવલકથાકાર તરીકે રાષ્ટ્રીયસ્તરે પુરસ્કૃત શ્રી જૉસેફ મૅકવાનને ભલે 'દલિતસર્જક'ની મુદ્રા લગાડી દેવામાં આવી હોય ને શ્રી મૅકવાને એ નિર્વિરોધ સ્વીકારી લીધી હોયે આટલાથી એ માત્ર 'દલિતસર્જક' જ છે એવું લેબલ લગાડતાં પહેલાં એમની નવલકથાઓમાં કલાના માપદંડોને આધારે પણ અભ્યાસ થવો જોઈએ. હું એમને માત્ર 'દલિતલેખક' કહીને એમના સર્જનને તપાસવા ઈચ્છતો નથી. કોઈ પૂર્વગ્રહથી કોઈએ પણ કોઈ સર્જક-કવિને મૂલવવા ન જોઈએ. જૉસેફ મૅકવાન દલિત સમાજના પ્રત્યક્ષ અનુભવોને આલેખે છે, તો પન્નાલાલ પટેલ, મેઘાણી, મડિયા, ઈશ્વર પેટલીકર - આદિ સર્જકોએ પણ પોતાના સમાજને અને આજુબાજુ બનતી ઘટનાઓને કેન્દ્રમાં રાખી નવલકથાઓ લખી છે. કારણકે, તેનો તેને પ્રત્યક્ષ અનુભવ છે. તો શ્રી મૅકવાન પણ પોતે જોયેલી - જાણેલી અને અનુભવેલી ઘટનાઓને - પ્રસંગોને - સંવેદનોને આલેખે છે. એમની 'માવતર', 'આજન્મ અપરાધી', 'બીજ-ત્રીજનાં તેજ', 'મનખાની મિરાત', 'મારી પરણેતર', 'લક્ષ્મણની અગ્નિપરીક્ષા', 'આંગળિયાત', 'દરિયા'- જેવી નવલકથાઓ માત્ર 'વ્યથાના વીતક'ની કથા તો નથી જ નથી. શ્રી મૅકવાન ખ્રિસ્તી ધર્મભાવનાથી સંકળાયેલ શિક્ષણસંસ્થા સાથે કામ કરે છે. એમને દલિત સમાજનો સારો-નરસો અનુભવ છે. એમની પાસે આ સમાજની બળુકી બોલીની



તાકાત છે. જે સમગ્ર ગુજરાતી સાહિત્યમાં આગવી મહક પ્રસરાવે છે.

શ્રી મૅકવાનની મોટાભાગની નવલકથાઓની વિશેષતા એ છે કે, તેમાં તેઓ સાક્ષીભાવે ને એટલાં જ નેરેટર પણ રહ્યાં છે. એમની નવલકથામાં વાસ્તવ અને કલ્પનાના ચિત્રાણોમાં જીવનદર્શનની સચ્ચાઈ ને મીઠાશ બન્ને ભળે છે. 'આજન્મ અપરાધી' નવલકથાની પ્રસ્તાવનામાં એમણે નોંધ્યું છે :

> "આ કથામાં સાક્ષીભાવે હું છું ને નેરેટર પણ હું જ છું.... સ્પષ્ટતા એટલી જ કે અનુભવના વાસ્તવમાં જે પાત્રો સાથે સીધો સંબંધ જોડાય છે એના અંતરંગના અલ્પાંશે પણ કયાસ મળ્યા પછી ઘટેલી ઘટનાઓના નિરૂપણમાં અડચણ પડતી નથી."

અહીં 'દરિયા'માં એક નિરીહ નારીની કથા છે. જેના લલાટે વિધાતાએ આજીવન વેદના જ નિર્મી છે, નિયતિએ દરિયાના લલાટે દુઃખના દરિયા લખી દીધાં છે, એને આલેખવાનો શ્રી મૅકવાને સુયત્ન કર્યો છે તેમાં લેખકને ખાસ્સી સફળતા મળી છે. દરિયા હિન્દુ સમાજના તિરસ્કૃત, - ઉપેક્ષિત વાલ્મીકિ સમાજનું પાત્ર છે. જેને માથે મેલું મૂકવાની, આખા ગામની ગંદકી - વાશીદાં કરવાની કામગીરી ઠોકી બેસાડવામાં આવી છે. શ્રી મૅકવાને પોતાના 'વ્યથાનાં વીતક' પુસ્તકમાં આ સમાજને ગામનો 'આરોગ્ય રક્ષક' કહીને બિરદાવ્યો છે. જે સમાજ આખા ગામની ગંદકી સાફ કરીને, મળમૂત્રને માથે ચડાવીને, મરેલા પશુઓને ઢસડીને ગામને જાઘન્ય નર્કાગાર બનતું અટકાવે છે તે સમાજ સાચા અર્થમાં સહાનુભૂતિને

નહીં પણ ધન્યવાદને પાત્ર ગણવો જોઈએ. પણ આપણી કમનસીબી એ છે કે, એ સમાજ સૌથી તિરસ્કૃત ને હડધૂત થયો છે. તેના પર વર્ણવ્યવસ્થાના નામે ઘોર પાતક આચરવામાં આવ્યું છે તે છતાં એ સમાજે બધુ સહજ કરી લીધું છે. છતાંયે એમને જે રીતે હડધૂત કરવામાં આવે ત્યારે એના મનની વેદના હિન્દુ સમાજ માટે એક લાંછનથી વિશેષ બીજું શું હોય શકે ?

અહીં કથામાં કેન્દ્રસ્થાને છે - દરિયા. કથામાં સમય આલેખાયો છે ઈ.સ. ૧૯૪૨ ની આસપાસનો. કથાની શરૂઆતમાં સ્પષ્ટ દેખાય આવે છે કે, આ સમાજને આઝાદી જોઈતી નથી. અંગ્રેજ સરકાર દ્વારા આ સમાજને ઉપર લાવવાના જે પ્રયાસો થયાં તેનાંથી તેઓ ખુશ છે. શરૂઆતમાં તો આ સમાજ આઝાદીની ચળવળમાં ભાગ લેવાને બદલે તેનો વિરોધ પણ કરે છે. પણ શાંતુકાકા જેવાના વર્તન ને વિચારથી પ્રભાવિત થઈને આ સમાજ પણ આઝાદીની લડતમાં ઝંપલાવે છે. આમ જોવા જઈએ તો પ્રથમ પ્રકરણમાં શ્રી જૉસેફ મૅકવાન તત્કાલીન સમાજને આલેખીને તે સમયગાળામાં આ સમાજની સ્થિતિનો ચિતાર આપે છે.

બીજા પ્રકરણથી કથાવેગ આગળ ધપે છે. કાનજી ભગતની વહુ કસના મુખીની ખડકીમાં છાણ-વાંશીદાં કરી રહી છે. વાળવાથી ઓટલા પર બેઠેલા મુખીને રજોટો ઊડી રહ્યો છે એનાથી એ અજાણ છે. એતો પોતાની ધૂનમાં નિત્યકર્મ કરી રહી છે. ઓટલા પર મુખી દાઢી કરાવી રહ્યાં છે. મુખીને એમ લાગે છે કે, કસના જાણી જોઈને એને ઉડાડી રહી છે. અધુરામાં પુરું પેલો રતનો મુખીને ઉશ્કેરે છે. મુખી ઉશ્કેરાતા કસનાને ગાળો કાઢતાં કહે છે :



> ‘‘હોંભરતી નથી હાહુ કમજાત ! ઓંધળી છો? આખું ઘર ધૂળથી ભરી ઘાલ્યુ. આંઈ હું બેઠો છું એય નથી દેખાતું.’’

આટલી ગાળો પછીએ મુખીથી ન રહેવાતા ત્રાડ પાડીને કે છે :

> ‘‘ઓ તારી છોડીને રાખુ. મારી હાહુ ભંગડી !
> હું ગળું ફાડું છું ને તમે હંભરાતું નથી.’’

અનેક તુચ્છકારો સહન કરવા ટેવાયેલી કસનાને ‘સ્વમાન’ને જાત પર થયેલા જનોઈવઢ ઘાથી સામે ગિન્નાય છે. મુખી સામે રીતસર જંગ આદરે છે. ઘરે આવી પતિ કાનજી ભગતને તથા આખા વાસને વાત કરે છે પોતાની દીકરીને ઘાઘરી - પોલકું પહેરાવી આખા ગામને ચીરીને મુખીના ઘર તરફ હલ્લો લઈને જાય છે. આખું ગામ મુખીની આવી હરકતથી મુખી પર થૂ...થૂ... કરે છે. કસના, કાનજી ભગત અને વાસની સ્ત્રીઓ જે રીતે મુખીના ગીતો ગાતી જાય છે, ત્યારે ગામના લોકો પણ કસના - કરસન ભગત સામે નજર મેળવી શકતા નથી. શાંતુકાકા અને દેહઈ ચતુરદા વચ્ચે પડીને સમાધાન કરાવે છે. મુખીને અપરાધી ઠેરવી તેની પાસેથી પાંચસો રૂપિયાનો દંડ અને હવે પછીથી વસવાયાની બેન, બેટી કે વહુવારુની પજવણી નહીં થાય એ શરતે મામલો થાળે પડે છે. પણ વાત અહીં પૂરી થતી નથી. લેખક લખે છે કે, ‘ખરો દરિયો હડોળવો હજી બાકી હતો.’ મુખીનું મુખીપણું છોડાવ્યું આથી મુખી આદત મુજબ પગ પછાડતો પાછો ફરે છે અને લાગ મળ્યે કસના - કાનજીને પાઠ ભણાવવા તેની દીકરીનું અપહરણ કરવાની યોજના એના સાગરિતો સાથે મળીને ઘડી કાઢે છે. આ વાતની કસનાને જાણ થતા તેની દીકરીના વિવાહ કરવાનું ગોઠવી નાખે છે.

કસના માથે દુઃખના દરિયા તો પછીથી ઊમટે છે. કાનજી ભગત દેહ છોડે છે. અધૂરામાં પૂરું પોતાના હિતેચ્છુ દેહઈ ચતુરદા પણ જગતને અલવિદા કરે છે. મુખીની જગ્યાએ એના વારસદાર તરીકે કોંગ્રેસમાંથી લડે છે ને બહુમતીથી ચૂંટાઈ જાય છે ને આખા ગામમાં માતેલા સાંઠની જેમ મુખી ફરવા લાગે છે. એમના વિજય સરઘસના દિવસે જ દરિયાનું અપહરણ કરવામાં આવે છે. કસના સાવ ભાંગી પડે છે. દરિયાને જલ્દી સાસરે મોકલી આપવા તૈયાર થાય છે. મુંબઈ સ્થિત પોતાના વેવાઈને બે-ત્રણ કાગળ લખે છે આખરે દરિયાનું આણું થાય છે. પણ દરિયા ભાગ્યની સાવ ફૂટેલી નીકળી. આઠ મહિના પછી દરિયા પીયર આવે છે. દરિયા વિશે લેખ નોંધે છે :

> ‘‘રૂપ એનું અળપાઈ ગયેલું. આંખોના પોપચાં સૂજી ગયેલાં. ઉજળા એના વાન પર સહેજ પીળાશ વર્તાવા માંડેલી. એના વિશાળ લોચનિયાં હતાશા અને અકળ ભયથી ત્રસ્ત થઈ ગયેલાં.’’
>
> (દરિયા પૃ. ૫૬)

દરિયાના ભાગ્યમાં વિધાતાએ દુઃખના દરિયા જ જાણે લખ્યા હતા. એનો પતિ લખમણ સ્ત્રી કે પુરુષમાં ન હતો. દરિયા પિયરમાં આવ્યાના થોડા દિવસમાં જ એક કાગળ આવે છે કે, ‘લખમણ અકસ્માતમાં મૃત્યુ પામ્યો.’ છતા દરિયા આ વાત સ્વીકારવા તૈયાર નથી થતી. દરિયા એમ જ માને છે કે નક્કી એણે માતાજીની ચૂંદડી ઓઢી લીધી. લખમણ મૃત્યુ પામ્યો નથી આથી ચોક્કસ એક દિવસ એને મળી આવશે. એ આશાએ આખો જન્મારો ગાળી નાખવા



તૈયાર થાય છે. એમાંયે વળી એની માતાના મૃત્યુ પછી નાનાભાઈની જવાબદારી દરિયા ઉપર આવી પડે છે. આ અગાવ કસના જીવતી હતી ત્યારે આયોજનથી મુખીને મરાવી નાખે આથી દરિયાને હવે એનો ભય તો રહેતો નથી. આવા સમયગાળામાં લેખકને વડોદરા અભ્યાસ અર્થે જવાનું થાય ત્યારે દરિયા ભારપૂર્વક લખમણને શોધી કાઢવાની આજીજી કરે છે. લેખકની આંખો પણ સતત દરેક પાવૈયામાં દરિયાએ આપેલા લખમણના ફોટાને આધારે લખમણને શોધતી રહે છે. બનવાજોગ લખમણ એને મળી આવે છે. શરૂઆતમાં તો લખમણ કાંઈ સ્વીકારતો નથી પણ એક દિવસ સ્વેચ્છાએ આ લેખક સામે આવીને પોતાની કથની સંભળાવે છે અને હવે ફરીથી પાછો આ સંસારમાં આવી ન શકે એની વ્યથાને પ્રગટ કરે છે. એક દિવસ એક લગ્નપ્રસંગે દરિયા લેખકને મળે છે ત્યાં સુધીમાં તો દરિયાની જુવાની પૂરી થઈ હતી. માથે ધોળા વાળ આવી ગયા હતાં. તે દિવસે તો લેખક એને લખમણની વાત કરતા નથી કારણકે, લખમણે જ આ વાત દરિયાને ન કરવાની આગ્રહપૂર્વક વિનંતી કરી હતી. પણ લેખકથી રહી શકાતું નથી. સામે ચાલીને દરિયાના ઘરે જઈને લખમણની આખી વિતકકથા સંભળાવે છે. આમ દરિયાએ સોપેલા કામમાંથી જાણે પોતે મુક્તિ મેળવે છે. ફરી એકવાર એ ગામમાં જવાનું થાય ત્યારે લેખક દરિયાને મળવા એના ઘેર પહોંચે છે ત્યાં જાણવા મળે કે, દરિયાને જે દિવસે લેખકે વાત કરી તેના બીજા દિવસથી એ ક્યાંક જતી રહી છે. કદાચ લખમણની શોધમાં. લેખક અંતે નોંધે છે :

> ‘‘આજેય દૂર ક્યાંક અજાણ્યા પંથકમાં જવાનું થાય છે

ત્યારે મારી આંખો એક આકાર શોધ્યા કરે છે. ક્યાંક મને દરિયા જડી જાય....'' (પૃ.૧૧૨)

આ નવલકથામાં દરિયાનું પાત્ર ઘણું હૃદયસ્પર્શી બન્યું છે. દરિયાના દુર્દમનીય દુર્ભાગ્યની વાતને લેખકે ઘણી અસરકારક રીતે આલેખી છે. દરિયાનું પાત્ર માત્ર સહાનુભૂતિનું જ નહીં પણ એના નેક-ટેકથી સલામ ભરવાનું મન થાય એવું સમ્ સંવેદી બન્યું છે. 'દ્વિરૈફ'ની 'ખેમી'નું યાદ અપાવતા આ પાત્ર દ્વારા એનાં આંતર ભાવવિશ્વને પણ ઘણી કુશળતાથી આલેખ્યું છે. આ ઉપરાંત કસના, કરસન, કાનજી ભગત, દેહઈ ચતુરદા, શાંતુકાકા, લક્ષ્મણ, તારાભાભી, દલપત અને લેખક આદિ પાત્રો પ્રસંગાનુરૂપ આલેખાયાં છે.

'દરિયા' નિમિત્તે લેખકે ઈ.સ. ૧૯૪૨ ની આસપાસના સમયગાળાનું પણ ચિત્રણ કર્યું છે. સતત ઉપેક્ષાને તિરસ્કાર સહન કરતા વાલ્મીકિ સમાજને લેખકે હૃદયસ્પર્શી આલેખ્યો છે. 'દરિયા' નવલકથામાં ભાષા ખેડા - આણંદમાં બોલાતી ચરોતરીમાં આલેખાયાં છે. એમાંયે ખાસકરીને દલિત સમાજમાં બોલાતી બોલીના સંવાદોમાં એ સમાજનું નૂર પ્રગટે છે. આ દૃષ્ટિ 'દરિયા' નવલકથાને જાનપદી કવલકથાના વિભાગમાં મૂકી શકાય છે. આખી નવલકથામાં લેખક સાક્ષીભાવે રહ્યાં છે.

અગાવ નોંધ્યું તેમ શ્રી જૉસેફ મૅકવાનને 'દલિતસર્જક'નું લેબલ લગાડી દેવામાં આવ્યું છે અને શ્રી મૅકવાન એ નિર્વિરોધ સ્વીકારી લીધું. આટલા માત્રથી એ માત્રને માત્ર દલિત લેખક બની જતા નથી કે રહેતા નથી, એમની નવલકથાઓમાં કલાના માપદંડો



સચવાય છે. શ્રી મૅકવાને ગુજરાતી નવલકથાને માનવતાવાદનો અનુભવ કરાવ્યો છે એમણે સ્વાનુભવે જોયેલી - અનુભવેલી અન્યાયની વ્યથાનો પ્રતિકાર એમની નવલકથાનો મુખ્ય વિષય બને એ સ્વાવિક છે.

અહીં શ્રી મૅકવાને દરિયા જેવી એક નિરાહ નારીની કથાને વાચા આપી છે જેના લલાટે વિધાએ આજીવન માત્રને માત્ર વેદના જ લખી દીધી છે. આ કથા નિમિત્તે દરિયા વિશે લેખક નોંધે છે :

"'દરિયા' એક એવી નિરીહ નારીની કથા છે, જેના લલાટે આજીવન વેદના જ નિર્માઈ હતી. એનં નામ 'દરિયા' કેમ પડ્યું હશે એ તો નથી સમજાતું, પણ ઉર્દૂમાં 'દરિયા' નિરંતર વહેતી નદીનો પર્યાય છે ને ગુજરાતીમાં સમુદ્રને દરિયો કહીએ છીએ. એવું લાગે છે કે નામાભિધાન કરતી વેળાએ જ અબળાના કપાળે દુઃખના દરિયા દીધા હશે.''

⌘ ⌘ ⌘

### (૫) અત્યંજોની દોજખભરી સ્થિતિનું તાદૃશ આલેખન : 'ભળભાખળું'.

ગુજરાતી સાહિત્યમાં આજે શ્રી જૉસેફ મૅકવાન, શ્રી મોહન પરમાર, શ્રી કાંતિલાલ પરમાર, શ્રી માય ડિયર જયુશ્રીકુમાર મંગલમ્, શ્રી ચંદુભાઈ મહેરિયા, શ્રી ભી. ન. વણકર, શ્રી કેશરશિવમ્ આદિ સર્જકોએ ઘણું સત્વશીલ દલિત સાહિત્ય લખ્યું છે. આ સર્જકોની કૃતિઓને માત્ર 'દલિત સાહિત્ય' એવુ નામાભિધાન આપીને એમાં રહેલા કલાના માપદંડોને આપણે અણદેખ્યા ન કરી શકીએ. આ સર્જકોએ પોતાના જિવાતા જીવનના અનુભવોમાંથી, તેમજ પોતાના પૂર્વજો પાસેથી સાંભળેલી કથાઓને આધારે સાહિત્યકૃતિઓ સર્જી છે. ખાસ કરીને આઝાદીપૂર્વના ગામડાઓમાં અત્યંજોની જે દયનીયને દોજખભરી સ્થિતિ હતી તેનું હૃદયદ્રાવક આલેખન કરી ભાવકોને હચમચાવ્યાં છે. આ લેખકોને સ્થળ-કાળ મોટેભાગે પોતાના વતનના, પોતે જોયેલી ઘટના કે પૂર્વજો પાસેથી સાંભળેલી હકીકતોને આલેખવાનો યત્ન કર્યો છે. આવી ઘણી કૃતિઓ ઉત્તમ સાહિત્યિક કૃતિઓ પણ સાબિત થઈ છે. હાં, ઘણીવાર કેટલાક વિવેચકો એને પૂર્વગ્રંથિ કે બળવાખોર વલણ કહીને વખોડે છે, છતાં એ કૃતિમાં રહેલું સાહિત્યિક મૂલ્ય કાંઈ ઓછું થઈ જવાનું નથી. આપણે તો જે કૃતિ હૃદયસ્પર્શી બને છે, કલાગત માપદંડોને જાળવે છે એવી કૃતિને અવશ્ય પુરસ્કારવી જોઈએ. ત્યારે એ ન જોવું જોઈએ કે, એ તો



દલિતસર્જકની કૃતિ છે. - દલિત સાહિત્ય છે.

શ્રી દલપત ચૌહાણ પાસેથી આ પૂર્વે બે નવલકથા પ્રાપ્ત થઈ છે. 'મલક'(૧૯૯૧) અને 'ગીધ'(૧૯૯૯) ત્યારબાદ આ 'ભળભાંખળું'(૨૦૦૪માં) પ્રગટ થાય છે.એમની આ નવલકથાઓમાં સાહિત્યિક ગુણવત્તાઓ પણ નજરે ચડે છે. ઘણાં વિવેચકોએ શ્રી ચૌહાણનુ 'દલિત નવલકથાકાર'નું લેબલ લગાડ્યું છે ને એ કદાચ એમની નવલકથાઓમાંથી પસાર થતાં યોગ્ય પણ અવશ્ય લાગે છે. છતાં એમની કૃતિમાં રહેલું સાહિત્યિક મૂલ્ય ઓછું થઈ થતું તો નથી જ.

'ભળભાંખળું' એટલે વહેલી સવાર, પ્રભાત, સૂર્યોદય પહેલાનો સમય. સૂર્ય હજી ઊગ્યો નથી છતાં એનું અજવાળુ ક્ષિતિજોમાં પથરાઈ ચૂક્યું છે, સૂર્યોદય થવાને બહુ વાર નથી. ક્યારે થશે ? એ એક યક્ષ પ્રશ્ન છે. શ્રી દલપત ચૌહાણે કંઈક આવા જ સમયને અત્યંજોની સ્થિતિ માટે પ્રયોજ્યો છે. અહીં લેખકે આઝાદી પૂર્વેના ગામડાઓમાં અત્યંજોની જે સ્થિતિ હતી, તેને યથાતથ આલેખવાનો પ્રયત્ન કર્યો છે. લેખક 'ભળભાંખળું' ના નિવેદનમાં નોંધે છે :

> "આ કથાનાં પાત્રો મારાં સાવ પોતીકાં છે. સ્થળ-કાળ મારા વતનના ગામ અને દૌંતોર પરગણા વિસ્તારનો છે. આ બધી ઘટનાઓ મારાં સ્વજનોનાં મોઢે સાંભળેલી, તે મનપ્રદેશ ઝીલાઈ અને કાચીનોટનાં પાનાંઓમાં સંગ્રહાઈ હતી. એમાંથી જોઈએ તેટલું સંગ્રહવા માટે મેં નવલકથાનું શરણ લીધું. આ પાત્રોની વિડંબનાઓ,

વેદનાઓ, સુખ દુઃખ, માન અપમાન પોતીકાં છે. અડચણો આવી તેને દૂર કરવામાં જ જિંદગીઓ વીતી ગઈ. લડવાની વૃત્તિ તેમનામાં આવતી ખરી પણ હંમેશાં સમાધાનવૃત્તિમાં જીવ્યા. નસીબવાદને વળગી રહ્યાં.''

વીસમી સદીમાં તો આવી નાની-મોટી અનેક ઘટનાઓ ઘટતી રહેતી. (જોકે, આજેયે ઘટે જ છે.) કદાચ આજે એનું વધુ કોઈ મૂલ્ય ભલે ન હોય તોય એવી નાનકડી ઘટનાઓ જ સમાજને સંસ્કારવાના પાયામાં રહેલી છે. આજે દલિત સમાજમાં સ્ત્રીઓ ઘણા મહત્ત્વનાં હોદ્દાઓ પર છે. આઈ.એ.એસ, આ.પી.એસ., આઈ.એફ.એસ. કે સચિવકક્ષા સુધી પણ એ પહોંચી છે પણ જ્યારે આઝાદી પૂર્વે કોઈ દલિતકન્યાને એકડો શીખવા જતા શું શું થયું હશે ? એને કેટકેટલા તિરસ્કારોને અપમાનો સહેવા પડ્યાં હશે ? એની કલ્પના માત્ર કરવાથી પણ આજે આપણું હૃદય હચમચી ઊઠે છે. આ નવલકથામાં આપણી શ્રેષ્ઠ હિન્દુ-ધર્મની પરંપરામાં અત્યંજોની જે દયનીય ને દોજખભરી સ્થિતિ હતી તેનું હૃદયદ્રાવક આલેખન થયું છે. શ્રી ચૌહાણે અહીં હિન્દુધર્મના સામાજિક માળખાનો યથાતથ ચિતાર આપવાનો સુયત્ન કર્યો છે. લેખક ક્યારેય સામાન્ય ન હોઈ શકે, એ આવનારી આપત્તિ જોઈ શકે છે એટલે જ એ ચેતવણી આપી શકે છે - આંગળી ચીંધી શકે છે શ્રી દલપત ચૌહાણ નિવેદનમાં નોંધે છે :

''ભળભાંખળું સવારનો એવો સમય છે, જ્યારે રાત્રિ નથી. દિવસ નથી. ન અજવાળું છે, ન અંધકાર. ભાંભળો ભાંભળો સૂરજ ઊગવાનો આભાસ છે. સૂર્ય ઊગવાની પ્રતીક્ષા છે. એ ધૂંધળાશને



લાલીમામાં ફેરવી સૂર્ય ઊગે છે. પણ દલિતો માટે સૂરજ ઊગે તે પહેલાં અંધકારના પડઘમ વાગી રહ્યાં છે. સમસ્ત વિશ્વનાં ગરીબો-પીડિતો-દલિતોએ એનો અવાજ સાંભળવો જોઈએ. સહેજસાજમાં મળેલું ભળભાંખળું વિલાઈ ન જાય તે જોવું પડશે.''

'ભળભાંખળું' નવલકથામાં શ્રી ચૌહાણે આઝાદી પૂર્વેના ગાયકવાડી ગામમાં અત્યંજોની જે દયાજનક સ્થિતિ હતી તેનું હૃદયદ્રાવક આલેખન કર્યું છે. આ સમયમાં દલિતોનું જીવન, એના વાણી-વર્તન, રીત રિવાજો, દલિતોનો અન્ય સમજ સાથેનો સંબંધ, કાવાદાવા, રાજકારણ, સવર્ણોનો અત્યંજો સાથેનો દુર્વ્યવહાર - આદિનું લેખકે યથાતથ આલેખન કર્યું છે. એ દૃષ્ટિએ તો આ એક દસ્તાવેજી પુરાવાની ગરજ સારે એવી કૃતિ છે.

આગળ નોંધ્યું છે તેમ, શ્રી દલપત ચૌહાણ પાસેથી આ અગાઉ બે નવલકથા પ્રાપ્ત થઈ છે. આ બન્ને નવલકથાઓમાં લેખકે પરંપરાગત પીઠ ઝબકાર (Flash back) પદ્ધતિનો પ્રયુક્તિને અપનાવી છે. એજ ટેકનિક આ નવલકથામાં લેખકે પ્રયોજી છે. નવલકથાની શરૂઆત મણિદાદી સોફામાંથી ઊભા થઈ ટી.વી.ની સ્વીચ ઑન કરે છે. મણિદાદી એક જાહેરાત જોઈ રહ્યાં છે. સ્કૂલબૅગ લઈને હસતા ચહેરે, ફૂલ જેવા ગુલાબી છોકરા-છોકરી દોડી રહ્યાં છે. આ જાહેરાત આમ તો છે વડાપ્રધાન દ્વારા 'સર્વ શિક્ષા અભિયાન' અંગેની જાગૃતિ માટેની. સૌની શિક્ષણ, સૌ ભણે. મણિદાદી વધુ ઝીણી આંખો કરી છોકરા-છોકરીને ઝીણવટપૂર્વક નિહાળી રહ્યાં છે - 'સ્કૂલ ચાલ્યા અમે.... સ્કૂલ ચાલ્યા એમ... ' આ શબ્દો એમના કાનો પર અથડાતા રહે છે ને મણિદાદી અતીતમાં

સરી પડે છે. 'નેંહાળ હેંડ્યા.... નેંહાળ હેંડ્યા....' એમની આંખોમાં એક મકાન આકાર લેવા માંડ્યું અને વિલીન થવા લાગ્યું. કશાક પગથિયાં દેખયાં ને ભુંસાયા. મણિદાદીના મુખમાંથી શબ્દો સરી પડે છે. - ''હત્ત... તમારું બેટ જાય ! ગોંમના દિયોરો... તમે અમનઅ તો નેંહારમઅ પેંહવા જ નાં દીધાં...''

શ્રી દલપત ચૌહાણે મણિદાદીના ચિત્તમાં જે બાલ્યકાળ સળવળી ઊઠ્યો તે અને એણે અનુભવેલું દોજખભર્યું જીવનને અહીં આલેખ્યુંછે. આઝાદી પૂર્વે ગાયકવાડ સરકારે શિક્ષણને ખુબ જ મહત્ત્વ આપ્યું હતું. શાળામાં કોઈપણ ભેદભાવ વિના સૌને શિક્ષણ આપવાની ગાયકવાડ સરકારની નીતિ આજેયે શિક્ષણજગતમાં હોંશભેર વખાણવામાં આવે છે. શિક્ષણ લેવાનો કડક આગ્રહ કરનાઓી આ સરકારે જે ભણે નહીં તેને દંડ ભરવો પડે. પરંતુ આ કાયદાનો અમલ કરવાની સત્તા જાણે ગામના કહેવાતા ઉજળિયાતોના હાથમાં હતી. દલિતો - અછૂતો માટે તો શાળાના દરવાજા બંધ જ રહેવા પામ્યાં હતાં. આભડછેટનો ભરડો અત્યંજો પર વીંટળાયો હતો. એ એમાંથી છૂટવા મથે તોયે છૂટી શકતાં નથી. મણિને એક વાતનો વસવસો કાયમનો જ રહ્યો કે, તે શાળાના પગથિયા પડી શકી નહીં. ગાયકવાડ સરકારે દરેક ગામડામાં જાણકારી માટે તે કાયદાના અમલ માટે ગામમાં સાદ પડાવવામાં આવતો. એક દિવસ મણિના ગામમાં પણ સાદ પાડવામાં આવ્યો :

''હાંભળો...હાંભળો...હાંભળો....હૌવ હાદ હાંભળજો. ગૉમના હૌવ વૈણના લોક હોંભળજો... મારાજ ગાયકવાડી સરકારે હાદ પડાયો સઅ, જેના ઘરમઅ હાત વરહથી મોટું



નઈડું હોય, એ બધનએ નૅહારમઅ ભણવા મૅકલજો. હાદ હાંભળજો. સોકરાં નૅહારે નઈ મેકલઅ ઈનો ચવલી દંડ થહઅ. આ સરકારી ફરમાંન સઅ...''

આ સાંભળી મણિના બાપ વાલાને પોતાની પુત્રી મણિને ભણાવવાના કોડ જાગે છે. એ જાણે છે કે, છોકરાંને નિશાળે મૂકવા હોય તો શાળાના માસ્તર કરતાંયે ગામના મુખીને મળવું વધુ સારું. એ મુખીને મળીને પોતાની પુત્ર મણિને નિશાળે મૂકવાની વાત કરે છે. મુખી વાલાને સારું લગાડવા હા પાડે છે. ને પછી તો આખા ગામમાં વાત પ્રસરી જાય છે એ વાલો એની દીકરીને નિશાળે મૂકવાનો છે. ત્યારબાદ આખા ગામના કહેવાતા ઉજળિયાતો આ વાતનો ઉહાપોહ સર્જે છે. આખા ગામના સવર્ણો ભેગા થાય છે ને વાલાની છોકરીને - દલિતની છોકરીને નિશાળમાં જતી રોકવા મથામણ કરે છે. ભગત જેવા અપવાદ સવર્ણ એક અછૂત કન્યાને શિક્ષણ મળે એમાં કાંઈ વાંધો નહીં એવું કહે છે પણ આખું ગામ વંકાયું. એક અછૂત કન્યા નિશાળે જાય તો તો ભૂમિ - ધરતી જાણે રસતાળ બની જશે એવી અનેક સવર્ણો, દહેશત કરે છે. આખરે ગામના લોકો માસ્તરને બોલાવે છે. શરૂઆતમાં માસ્તર ગૌરીશંકર બધું સાંભળે છે. ત્યારે મુખી જ જાણે ખોંખારો ખાઈને કહી દે છે :

''ચ્યમ ખરું કઅ નઈ.... જુઓ માસ્તર ઢેઢોંનાં સોકરાં ભણવા આવઅ તો બેલાસક નૉમ લસી લેજો અનઅ હોવઅ નૅહારમય પેહવા દેતા નઈ. પસઅ દંડય સેનો પડઅ, નઅ ઢેંઢ સેનાં ભણઅ !'

બીજે દિવસે મુખીના કહ્યાં પ્રમાણે વાલો પોતાની પુત્રી

મણિને લઈને નિશાળે જાય છે પણ મુખીના મેળાપીપણામાં પૂર્વઆયોજિત કાવતરાના એકભાગરૂપ એક ગતકડું શોધી કાઢતાં ત્યારે વાલા ગાયકવાડે પડાવેલા સાદની યાદ અપાવી માસ્તર સાથે દલીલ કરે છે ત્યારે માસ્તર વાલાને સ્પષ્ટ કહે છે.

> "જો વાલા, આ નૅહારમઅ સોડીનું નામ ઘાલવાનું આંયકણઅ મારી સોડી ભણસઅ. તારો સોડીની હારી મારી સોડીનઅ ના બેહાડાય. ચ્યમ અમે લોકવી ભરામણ. બીજી કોઈ સોડી ભણતી નહીં લે રયું."

એનાથી પણ આગળ વધીને કહે છે -

> "ચ્યમ ઈનું કંઈ નંઈ ! હાદ પડાયો હાચો - આ તો ગાયકવાડ સરકાર... એ તો વડોદરે રે અનઅ આ મુખી, ગૉમ્મધણી હાચા કઅ નઈ ! મું તો ઈમનઅ પુસ્યા વના પાણીય ના પીવું. આ તો ધરમની વાત કેવાય. ધરમની નૅહાર અભડાય, સોકરાં અભડાંય..."

આખરે વાલાને સમજાય જાય છે એની છોકરીને કોઈ કાળે પણ નિશાળમાં ભણવા દેવામાં આવશે નહીં, આમ, અપમાન સહન કરી વાલો ઘેર આવે છે.

આઝાદી પૂર્વના સમયમાં આભડછેદનું ઝેર સમાજની રગેરગમાં પ્રસરેલું હતું. અરે, માગીને ખાનારો સામાન્ય બાવો પણ આ દલિતની છોકરી નિશાળે ભણવા ન જાય તો રસાતળ થઈ જાય એવું જાણાવે છે. ગામની શાળાનો માસ્તર બ્રાહ્મણ ગૌરીશંકરનો આડો આંક વાળી દે છે. મુખી નારસંગભા તો બડો ખેપાનીને ખંધો રાજકારણી છે. ગાયકવાડ રાજના હુકમને પણ સિફતપૂર્વક,



ચાલાકીથી ધોળીને પી જાય છે. શ્રી ચૌહાણે નારસંગભા મુખીના વિવિધ સંવાદોમાં એના ચરિત્રને સાંગોપાંગ ઉપસાવ્યું છે. ગામમાં સવર્ણોની ભરાયેલી સભામાં થયેલી ચર્ચામાં આ ઉજળિયાતોની દલિતો - અત્યંજો પ્રત્યેની ભારે સૂગને કુશળતા આલેખી છે.

શ્રી દલપત ચૌહાણે આ નવલકથામાં માત્ર વણકરો પ્રત્યે સવર્ણોની ભારે સૂગને નથી આલેખી આ અત્યંજ ગણાવતી વિવિધ જાતિઓમાં વણકર જાતિનો મીયોર, સેનમા ઓર ગૉર્ણૉ વગેરે જાતિઓ પ્રત્યેનો અછૂત વ્યવહારને પણ આલેખ્યો છે. અત્યંજોની વિવિધ જાતિઓની વાડાબંધીને પણ અહીં લેખકે જીવંત બનાવી છે. એક દિવસ વાલાના ઘરે ઉગરો ભગત હરિ આવે છે. હરિ જ્યારે ખાટલે બેસવા જાય ત્યારે વાલો ઉશ્કેરાયને કહે છે :

> "ચ્યમ આમતો તમેય અમારા જોડી ખાટલી બેહસો નંઈ ! બેહો ઓહરીમઅ ટોડલા પાહણ નેચઅ."

વાલાની છોકરીને નિશાળે મૂકવાની વાત ગામ આખામાં સવર્ણો માટે ચર્ચાનો વિષય થઈ પડે છે. રાત્રે વાસમાં પથ્થર મારો કરવામાં આવે છે. વાસના કેટલાક આગેવાનો તે તેના માટે વાલાને જ જવાબદાર ગણાવે છે. વાલો પોતાને થતાં અન્યાય સામે લડવા માગ છે પણ વાસના લોકોન મૂડને જોતા વાલો પીછેહટ કરે છે તેની પોતાની પુત્રીના લગ્ન કરાવવા તૈયાર થઈ જાય છે.

શ્રી દલપત ચૌહાણે અહીં મણિના શાળા પ્રવેશથી માંડીને એને પરણાવવા સુધીની વાતને જ આલેખવાનો ઉદ્દેશ ધરાવતાં નથી. શ્રી ચૌહાણે તો આ નિમિત્તે દલિત સમાજને આલેખાવો છે. એમને તો અહીં દલિત સમાજનું ભાગવત આલેખવું છે. દલિતોની

કરમકહાણી આલેખવી છે. અને લેખક એમાં સફળ થયા છે એ જ એમની સિદ્ધિ છે. અહીં સવર્ણો દ્વારા દલિતોને ઠેર ઠેર કરાતા અન્યાયને લેખક વાચા આપવાનો પ્રયાસ કર્યો છે. આ અછૂતોને શાળામાં ભણવાનો કોઈ અધિકાર નથી, મંદિરોમાં પગ મૂકવાની કોઈ સત્તા નથી અરે ગામના તળાવેથી પાણી પણ પાળે ઊભીને માગવું પડે છે. દલિત સ્ત્રીઓ સારા ઘરેણાં પણ પહેરી શકતી નથી. ડગલેને પગલે આ સવર્ણોના હડહડતા અપમાનનો ભોગ બનવું પડે છે.

શ્રી દલપત ચૌહાણ આ નવલકથા નિમિત્તે આઝાદી પૂર્વના વીસમી સદીના બીજા દાયકાના ગામડાને જીવંત બનાવ્યું છે. એમાંયે ખાસ કરીને દલિત સમાજ, એ સમાજના રીત-રિવાજો તેના ધાર્મિક સંસ્કારો, લોક સાહિત્ય, ધાર્મિક સાહિત્ય, ભજન, આખા વર્ષ દરમ્યાનનું ઋતુચક્ર, લગ્નસંબંધી રિવાજો, ધર્મ, ભગવાન, ગુરુ વિશેનો આ લોકોનો ખ્યાલ - વગેરે બાબતોનું કુશળતાથી આલેખન કર્યું છે. જેનું દસ્તાવેજી મૂલ્ય આંકી શકાય એવું છે. આ નવલકથામાં હિન્દુઓનું સામાજિક માળખું પણ લેખકે સુપેરે આલેખ્યું છે. આ નવલકથામાં મુખ્ય પાત્રો તો મણિ અને વાલો છે. આ સાથે મુખી સરસંગભા, માસ્તર ગૌરીશંકર, ભગત, અંબા, પશો, લવજી, ઉગરા ભગત - વગેરે પાત્રો પ્રસંગાનુરૂપ આલેખન પામ્યાં છે. લેખકને તળપદી બાની ઘણી ઉપકારક નીવડી છે. લેખકનું તળપદુ શબ્દભંડોળ ઘણું વ્યાપક છે. અવનવી કહેવતો, રૂઢિપ્રયોગો - લેખકે સહજતાથી આલેખ્યાં છે. સમગ્ર નવલકથામાં કેટલાક વર્ણનો ધ્યાનાર્હ બન્યાં છે. ખાસ કરીને અત્યંજોને જે અન્યાય સહન કરવાનો થાય છે તેવા



સાર્વજનિક સ્થળો વગેરેના વર્ણનમાંયે લેખકની સર્જક પ્રતિભાના દર્શન થાય છે. એમની સંવાદકલામાં નાટયાત્મકતાના અંશો જોવા મળે છે. આ નવલકથામાં સમયસંદર્ભ પણ બરાબર સચવાયો છે. મણિ પોતાના પતિ મૂળા સાથે કાનજીને નિશાળના પગથિયે પહોંચાડે છે પછી કાનજીનો કિશોર અને કિશોરનો મયંક, આમ દાદી, પરદાદી સુધીના સમયચક્રમાં આખી નવલકથા પૂર્ણ થાય છે. પહેલાનું અંધારું હટીને ભળભાંખળું થતું અનુભવાય છે.

ટૂંકમાં, ‘ભળભાંખળું’માં આઝાદીપૂર્વના વીસમી સદીના બીજા-ત્રીજા દાયકામાં ગામડાની જે સ્થિતિ હતી તેનું તાદશ આલેખન અહીં થયું છે. એમાંયે અત્યંજોની જે દયનીય ને દોજખભરી સ્થિતિ હતી તેનું હૃદયસ્પર્શી આલેખન કરવામાં શ્રી દલપત ચૌહાણને ખાસ્સી સફળતા મળે છે. આ સાથે ગામડા ગામમાં જે રાજરમત, કાવા દાવા, વેરઝેર, કુરિવાજો, દારૂ, અફીણ જેવા વ્યસનો - વગેરેને લેખકે સિફતપૂર્વક આલેખ્યા છે, એટલું જ નહિ પણ એમના આ આલેખનમાં નરી સચ્ચાઈનો રણકો સંભળાય છે. અંતે શ્રી હરીશ મંગલમ્ આ નવલકથા વિશે નોંધે છે :

“આ નવલકથામાંનો ‘દલિત સમાજનો દસ્તાવેજ’ અમૂલ્ય અને વિશિષ્ટ બની રહેશે. ગુજરાતી સાહિત્યમાં ‘ભળભાંખળું’ નું પ્રાગટ્ય એના આ ખજાનાને કારણે યશોદાયી કૃતી બની રહેશે. યથાર્થના નિરૂપણમાં લેખકની હિંમતનો પરચો મને ઠેર ઠેર થયો છે. તે બદલ ધન્યવાદ ‘ભળભાંખળું’ ના ગર્ભમાં રહેલો સૂર્યપ્રકાશની પ્રતીક્ષામાં...”

⌘ ⌘ ⌘

## (૬) સામાન્ય માનવીની અસામાન્ય જીવનગાથા : 'ધરતીનું લૂણ'

સૌરાષ્ટ્રના ઝાલાવાડના શિયાણી ગામમાં જન્મેલા સ્વામીજીનું મૂળ નામ હિંમતલાલ રામચંદ્ર દવે. 'ચાલ બચ્ચા તને ભગવાન દેખાડું !' કહીને કોઈ સાધુ તેમને લઈ જાય છેને સ્વામી આનંદના જીવનનો રાહ બદલાઈ જાય છે. વિવિધ સાધુઓની જમાતો જોડે ફરતાં તેનું મન અલમોડાના રામકૃષ્ણ આશ્રમમાં અને ત્યાંથી માયાવતીના અદ્વૈત આશ્રમમાં વિતવા લાગે છે. રામકૃષ્ણ આશ્રમના સાધુઓના સમાગમને લીધે તેમનાંમાં સાધુમય - સેવાજીવનની ઝંખના પ્રગટે છે ને નામ ધારણ કરે છે - સ્વામી આનંદ. ૨૭ વર્ષની ઉંમરી ગાંધીજીના પરિચયમાં આવ્યા ને પછી ગાંધીજીના અનુયાયી બની આજીવન વિદાય લે છે. સાધુ એટલ. માત્ર બાવા નહીં પણ સાધનાવંત, જીવનને જ સાધનાગણીને સઘળું જીવન રચનાત્મક કાર્યોમાં વગર સંસારના આ સંસારી જીવન વીતાવે છે. જીવનભર તેઓ ભારતવર્ષમાં ફર્યા છે. કંઈને કંઈ લખતા રહેતાં છતાં એ લખાણ ગ્રંથસ્થ થવા દેતા નથી. આખરે ઘણાં મિત્રોના આગ્રહવશ થઈ ગ્રંથસ્થ કરે છે.

સ્વામીઆનંદની સ્મૃતિકથામાંથી અનેક પુસ્તકો પ્રગટ થયા છે તેમાં 'અનંતકળા', 'આતમનાં મૂલ', 'ઈસુ ભાગવત', 'ઈશોપનિષદ', 'કુળકથાઓ', 'સંતોના અનુજ', 'ગાંધીજીના સંસ્મરણો', 'જૂની મૂડી', 'નવરોળ', 'ધરતીનું લૂણ', 'નવલાંદર્શન',



'બરફરસ્તેબદરીનાથ', 'માનવતાના વેરી', 'મોતને હંફાવનારા' - વગેરે પુસ્તકો લખ્યાં. તેમનાં સમગ્ર લખાણોમાંથી 'ધરતીની આરતી' નામે એક સંચય પણ પ્રગટ થયો છે. સ્વામીઆનંદનું ધર્મ, સમાજ, સંસ્કૃતિ, ચિંતન, ચરિત્રોનું આલેખન ગુજરાતી સાહિત્યમાં અનેરી મ્હેંક પ્રસરાવે છે. એમની કલમે નીપજેલાં કેટલાંક ચરિત્રચિત્રો - રેખાચિત્રો તો એમના સાહિત્યસર્જનનો મણિમુકુટ સમાન છે. ભાષાના અંતરંગ સૌન્દર્યની એમને ભારે કલાસુઝ છે. એમની ભાષાશૈલી ગુજરાતી ગદ્યની મોંઘી જણસ બની રહે તેવી છે. ગુજરાતી ઉપરાંત મરાઠી, અંગ્રેજી તેમજ તળપદી બોલીઓ ઉપરનું એમનું પ્રભુત્વ ગજબનું છે. આપણી ભાષાને ઘડનારા ગદ્યકાર પૈકી આ સ્વામીદાદાનું આપણી ભાષા ઉપર ઋષિઋણ રહ્યું છે.

સ્વામી આનંદ ભારે કર્મઠ. એમના પ્રવૃત્તિમય સંન્યાસનું વિરલ દૃષ્ટાંત એમનું કર્તવ્ય જ છે. રાતદિવસ મહેનત કરતાં સ્વામીજી થાકતા નથી. સ્વામીદાદા સાધુ ને ઉત્તમ ઉપાસક. જીવન, રહેણીકરણી, લખાણ, બોલચાલ - બધું જ સુઘડને પાસાદાર. ઝીણામાં ઝીણી બાબતોમાં ઊંડો રસ દાખવે. એમનો તો એક જ જીવનમંત્ર સાધુ કો ક્યા ચાહિએ ? - 'દો રોટી ઔર એક લંગોટી !' સંસાર છોડનારને દ્રવ્ય અને યશ બન્ને માટે અનાસક્તિ કેળવવી જોઈએ. એમ માનનારા સ્વામીજીને ઈ.સ. ૧૯૬૯ માં એમના 'કુળકથાઓ'ને સાહિત્ય અકાદમી, દિલ્હનું પારિતોષિક પ્રાપ્ત થાય છે પણ સ્વામીજી એનો સ્વીકાર કરતા નથી. સ્વામીદાદાએ સંસારને ત્યજયો નથી પણ સંસાર સાથે સંબંધો કાપ્યા વિના પોતાના

સંન્યાસધર્મમાં રત રહીને જે જીવન જીવ્યાં છે તે પ્રેરણાદાયી બની રહેશે.

'ધરતીનું લૂણ' એમનાં આગવાને પ્રેરક રેખાચિત્રો છે. તેમાં ખુમારીભર્યા માનવીની જીવનગાથાઓ છે. એમના આ ચરિત્રો સામાન્ય હોવા છતાં એમાં અસામાન્યતાના જે દર્શન થાય છે તેમાં પાકેલી નહીં પણ વનપાક કેરી સમી સંસ્કારિકતાનો મઘમઘાટ છે. આ ચરિત્રો સાચા અર્થમાં ધરતીનું લૂણ છે. એમાં વીખરાયેલા, જીવતા, ઝઝૂમતાં માનવીઓની કથાને લેખકે અસરકારક રીતે આલેખી છે. સ્વામીજી પોતાના જીવનમાં ઘણું ફર્યા-હર્યા છે. કહીએ કે તેમણે અલગારી રખડપટ્ટી કરી છે. એમની પાસે અનુભવનું મોટુ ભાથું છે. એમ મસ્ત ફકીરની જેમ ઘૂમતા ને કોઈ ગૂઢતત્ત્વને પામવાની જિજીવિષા એમણે જીવન સંગ્રામના ભાતીગળ મોરચાની કોઈ જાણી-અજાણી પગદંડી પર ઝઝૂમેલાં ઓવાં પ્રકાશમાં આવેલા - અલ્પખ્યાત ચરિત્રોને અહીં સ્વામીજીએ કુશળતાથી આલેખ્યાં છે. અહીં ૧૪ જેટલા ચરિત્રો આલેખાયાં છે.

'દાદો ગવળી' આ નિબંધસંગ્રહનો પ્રથમ નિબંધ છે. લેખકે અહીં દાદા ગવળીનું ટૂંકું પણ અસરકારક રેખાચિત્ર આલેખ્યું છે. દાદો ગવળી મુંબઈના ગિરગામ બૅક રોડ પાછળ સિંધી ગલીમાં બે બેલા રાખી દૂધ વેચવાનો ધંધો કરતો. સ્વાભાવે દયાળુ ને ઉદાર. માતાવિહોણા બાળકને એક વર્ષ મફત દૂધ ભરી આપતો. નાના બાળકોને 'બાપલા' અને સ્ત્રીઓને નાના-મોટા તમામને 'માડી', 'મારી મા' કહીને બોલાવતો નમાજ પઢતો નહીં, એ તો એક જ વાત કહેતો :



> "હે અલ્લા ! હે પરવરદિગાર ! મારા ઈમાનમાં ફેર પડે તે દિ' મારું મોત થાજો; મારું જડાબીંટ જાજો; ને મારે દીકરીયંય દીવો નૉ રેંજો."

સ્વામી આનંદની વિશેષતા એ છે તેઓ લાંબા પ્રસ્તારને ટાળે છે. ટૂંકા ટૂંકા વાક્યો દ્વારા ઘણી અસરકારકતા સ્થાપિત કરી શક્યાં છે. સ્વામીજીની ભાષા ઘણી અસરકરક છે. દાદા ગવળીનો પરિચય કરતા સ્વામી દાદા કહે છે :

> "ઘાંચીના પાડા જેવું સ્થૂલ શરીર. ચોવીસે કલાક ઉઘાડે ડીલે તબેલામાં જ હોય. વર્ણે શામલો. ચામડી તેલ દીધેલ સીસમની જેમ ચળકે. પહોડી પાટડા જેવી છાતી, મોટી આંખો, ટૂંકી દાઢી ને ખાસી ફાંદ...... ભલા ભૂપને સારુ કે મોટા કમિશનર - ગવન્ડરનો ચપરાશી દૂધ લેવા આવે તોય, એને ત્યાં વૅરો વંચો ન મળે. એના વેપારની રીતરસમ એટલે બ્રહ્માના લેખ. મરદ, બૈરાં, બાળક, ભોટ કે ચતુર કોઈપણ આવ્યું તેણે લાઈનમાં ઊભા રહેવાનું."

દાદો ગવળી સાચો પશુપ્રેમી. અદના આદમીમાં પણ ધંધાને નીતિ, ધર્મના કિનારા બાંધવાન નિષ્ઠા અને દૃઢતા એટલે દાદો ગવળી.

આ સંગ્રહનો બીજી ચરિત્રનિબંધ છે - 'મૉનજી રૂદર.' અહીં સ્વામીઆનંદે નહીં જોયેલા મૉનજી રૂદર અને જોયેલાં મૉનજીના વિધવા પત્ની ભીખાબાઈની પાસેથી સાંભળેલી વાતોને અસરકારક રીતે આલેખી છે. મૉનજી અને ભીખીબાઈના પાત્રોને મૂઠી ઊંચેરા બતાવ્યાં છે. 'મૉનજી રૂદર' નિબંધમાં અનાવલા જ્ઞાતિની વિશેષતા-મર્યાદાને પણ લેખકે કુશળતાથી આલેખી છે.

સ્વામીદાદા અનાવલા વિશે નોંધે છે. :

> "અનાવલા ચાહે તેવા તોય બ્રાહ્મણનું લોહી, નહાવું-ધોવું ટીલાંટપકાં, પોથીપુરાણના સંસ્કાર. બુદ્ધિ જાડી, છતાં વિદ્વાનમાં ખપવા મથે. ગામ છોડે તે નોકરીઓ કરે..... કુળની એંટ એવી જ. સુરત બાજુના તેટલા દેસઈ; પારડી-વલસાડ બાજુનાને ભાઠેલા કહે. પાર (નદી)ની પેલીમેર દીકરી નદે. વાંકડાની દૌલત પર જીવવમાં નાનમ નહિ. બલ્કે વધુમાં વધુ વાંકડો ઑકાવવામાં ખાનદાની સમજે ! .... બાખા બોલા ને આખા. ચડાઉ ધનેડું, જીભ બારેવાટ, સાંકળ મિજાગરું કશું ન મળે.પિતરાઈ - પાડોશીની ખેધે પડ્યો મેલે નહિ..."

આવા કૌરવકુળમાં ભક્ત વિદુરજી સમા મૉનજી નાયકનું ઊંચુ શીલચરિત્ર પ્રગટે છે તેનું હૃદયસ્પર્શી આલેખન આ રેખાચિત્રમાં થયું છે તે ઋષિ દયાનંદના અનુયાયી. પોતાની પુત્રી અંબા પાંચ વર્ષે પરણે છે ને સાત વરસે વિધવા બને છે. મોટી થતા પિતાથી પુત્રીનું દુઃખ દેખ્યુ જાય નહીં. આખરે ચીખલીના એક નાતીલા જોડે અંબાને પરણાવી. આખું ગામ વકાસી રયું. અનાવલા નાત ઉપરતળે. રોષ ભભૂક્યો અને મૉનજીના માથે માછલાં ધોવાયાં. પૂછવામાં આવ્યું ત્યારે વિનમ્રતાથી એટલુ જ કહ્યું -

> "મેં કર્યું તે સમજી વિચારીને કર્યુ. પરમેશ્વરને માથે રાખીને કર્યું. ધર્મ ગણીને કર્યું. મને એનો પસ્તાવો નથી."

મૉનજી નાત બહાર મુકાયા પછી તેમણે ઘણાં દુઃખ - સિતમો સહન કર્યાં. મૉનજીના ચરિત્રની ઊંચી ખાનદાની, એની ક્ષમાવૃત્તિ અને



વિનમ્ર સ્વભાવના દર્શન તો ત્યારે થાય કે જ્યારે ઉદવાડા બાજુના અમલદારોએ ફક્ત એકવાર ફરિયાદ કરવાનું સૂચવ્યું :

"ફરિયાદ કરો. ઘડીમાં પાંશરા કરી દઈએ બધાને." ત્યારે મૉનજીએ જવાબ આપ્યો :

> "ના. ન્યાતનો ખોફ દૂધનો ઊભરો કહેવાય. ઘડીમાં બેસી જવાનો."

એટલુંજ ખમીરવંતુ રેખાચિત્ર ભીખીબાઈનું છે. ભીખીબાઈના મુખે જ સ્વામીઆનંદે કથા સાંભળી છે. ભીખીબાઈ વિશે સ્વામીજી લખે છે : "ઘરની બાઈ ગામની દીકરી. તાતી ગજવેલ તે તળપદું ખમીર. ભલા ભૂપને હડપચી ઝાલીને ઘુણાવે. કોઈથી ગાંજી ન જાય. ભાવતી ભોંની વેલ. જણ્યાં તેટલાં જોગવ્યાં. કાળી મહેનત ને કારમી વિપદ વાળા અડધી સદી લાંબા ગૃહસ્થાશ્રમમાં પડ્યું વાસણ કદી ખખડવા ન દીધું."

સ્વામી આનંદે અહીં મૉનજી રૂદર અને ભીખીબાઈના વ્યક્તિચિત્રોને કોઈ મોટાગજાના ચિત્રકારની પેઠે શબ્દબદ્ધ કર્યાં છે. 'મૉનજી રૂદર' ગુજરાતી રેખાચિત્રોમાં લાંબો સમય સુધી વંચાતો રહેશે. મૉનજીની મૂંગી સહનશીલતા, આત્મશ્રદ્ધા, વિનમ્રતા, સજ્જનતાની સાથે ભીખીબાઈની આક્રમકતા - દાહકતાની સાથે સાથે સ્નેહાળ, ઉદ્યમી, શ્રદ્ધાવાનને સ્વમાની એવી વિશેષતા ભાવકના સંવિદ્‌ને સ્પર્શી જાય છે.

સ્વામીઆનંદની એક લાક્ષણિકતા એ પણ છે કે, કોઈપણ ખૂણે પ્રતિભાનો ઝબકારો એમણે ક્યાંય પણ અલપ ઝલપ જોયો હોય તો તેનું તેજ તુરંત પારખી જતાં, એટલું જ નહીં પણ એને

બિરદાવતાં. 'મૉનજી રૂદર' માં લેખક નોંધે છે :

> "પૃથ્વીના પેટાળમાં હીરા પાકે ને દરિયાની છીપે સાચાં મોતી પાકે, તેમ દુઃખ, ઉદ્વેગ અને વીપદોની ઝડી હેઠળ જ સાચી માણસાઈ અને સજ્જનતાની કુમાશ કઈ રીતે પાકે છે, તેનું સચોટ દર્શન આ કુટુંબમેળા દરમ્યાન મને થયું."

'મહાદેવથી મોટેરા' ખંડ ૧ થી ૫ અને 'છોટુકાકાનાં અસીલો' રેખાચિત્રો ઘણાં પૃષ્ઠોમાં આલેખયેલ સ્વ. છોટુભાઈ બાપુભાઈ દેસાઈ ઉર્ફે છોટુકાકાના વ્યક્તિચરિત્રનો વિગતે પરિચય કરાવ્યો છે. છોટુકાકા સ્વ. મહાદેવભાઈ દેસાઈના કાકાના દીકરા - પિતરાઈ. ગાંધીજીના અંતેવાસી એવા મહાદેવભાઈનું નામ ઘણું મોટું. તો છોટુભાઈના વ્યક્તિત્વનો પરિચય જે સ્વામીઆનંદે અહીં કરાવ્યો છે તેનાથી છોટુકાકાના ચરિત્રને કેવળ અંજલિ નહીં પણ ગાંધીયુગના એક સાચાં, નીડર, નિઃસ્વાર્થી અને સામાજિક સૈનિકનાં કતૃત્વ અને વ્યક્તિત્વનો તલસ્પર્શીને મમતાભર્યો પરિચય અહીં કરાવ્યો છે. સ્વામીઆનંદે આ પુસ્તક જ 'સ્વ. છોટુકાકા' ને અર્પણ કરીને તેને સાચી અંજલિ અર્પી છે.

ત્રણ દાયકા જેટલી લાંબી જનસેવાની એમની કારકિર્દી તથા સંસારની તમામ એષણાઓથી બેતમા રહીને લગભગ સિત્તેર વરસનું આઝાદ જીવન એમણે ગાળ્યુ; અને છતાં ગુજરાતના સૌથી આગલી હરોળના નિષ્ઠાવંત અગ્રસેવકો અને લડવૈયાઓમાં સહેજે ગણાવી શકાય એવું સેવાપરાયણ એમનું જીવન હતું. મહાદેવભાઈને પણ નજીકથી ઓળખતા સ્વામીજી બન્ને ભાઈઓ વચ્ચે સરખામણી વૈષમ્ય નોંધતાં કહે છે :



> "આમ છતાં બેઉની કેળવણી, સ્વભાવ અને વ્યક્તિત્વ બહુ જુદાં. એક મોગલ ગાર્ડનનું ગુલાબ; બીજો ઉનઈ જંગલનો વાંસ. એક તાજમહેલનું શિલ્પ; બીજા દખ્ખણના ગોમટશ્વર. એક ઢાકાની શબનમ; બીજી ઘાટીની ઘોગંડી-"

'મહાદેવથી મોટેરા' ખંડ એકમાં એમની રેલ્વેની નોકરીમાં રહેલી સેવાનિષ્ઠા, નિઃસ્વાર્થપણું તેમજ દીનદૂબળાં આદિવાસીઓની સેવામાં કાયાને વાચા મને કરીને એકનિષ્ઠપણે કોઈ કદર કે પ્રશંસાની અપેક્ષા વગર સ્વયં મિશનરી બનીને પ્રશંસનીય કામગીરી બજાવી છે. તો બીજા ખંડમાં થાણા જિલ્લા તથા દમણગંગાથી વસઈની ખાડી સુધના વિસ્તારોમાં 'થાણાના ગાંધી' તરીકે આશ્રમમાં કામગીરી બજાવી તે કાબિલેતારીફ રહી છે. એમની નીડરતા ને સેવા પરાયણતા અને એટલીજ વિનમ્રતા અને સત્યનિષ્ઠા સ્વામીઆનંદે કુશળતાથી આલેખી છે. ખંડ-૩ માં ૧૯૪૨ની 'ક્વિટ ઈન્ડિયા' લડત પછી થાણાનો આશ્રમ વિખાયો. ત્યારપછી છોટુકાકા ખાસ કરીને આદિવાસી વિસ્તારમાં જમીન-માલિકો જે રીતે આદિવાસીઓનું શોષણ કરે છે તેની સામે અવાજ ઉઠાવે છે અને હિન્દની સરકારની 'વધુ અનાજ ઊગાડો'ની ઝુંબેશને બળવત્તર બનાવે છે. તો ચોથામાં એમના ગૃહસ્થ જીવનનો થોડો ચિતાર પણ સ્વામી આનંદે આલેખ્યો છે.

છોટુકાકા સાચા અર્થમાં ગરીબોના બેલી છે. પીડિત અને શોષિત લોકોના સાથી છે. શૌર્ય અને ખુમારીના પ્રતીક એવા છોટુકાકા લાંચિયા, દંભી, શોષકને જુઠ્ઠાઓના જાણે કે દુશ્મન.

છોટુકાકાનું ચરિત્ર એક નીડર સમાજ સેવક તરીકે આપણું ધ્યાન ખેંચે છે. સ્વામીઆનંદ પાસે તળપદી બળુકી ભાષાનું માધ્યમ પણ એટલું જ હાથવગું છે કે જેના દ્વારા એક ખમીરવંતા લોકનેતાને સ્વામીજી સહજતાથી આલેખી શક્યાં છે. એમના જીવનની સરળતાને સરસતા, ખુમારીને આસ્થા, કરુણાને રમૂજ - આ બધા તત્ત્વોથી શોભતું છોટુકાકાનું ચરિત્ર ગુજરાતી ચરિત્રનિબંધમાં લાંબો યાદ રહેશે.

'મૂંગુ બળ' ૧-૨ એ પણ અંજલિ લેખ છે. અહીં સ્વામીજીએ એક ગર્ભશ્રીમંત ચંદુભાઈના રેખાચિત્ર પરિચય કરાવ્યો છે. તેમનું ધૈર્ય,પ્રતીકાર અને વિજય-સફળતા વખતે પણ એમનું ઔદાર્ય, એમની નીતિમતા ને ઉદારતાને સ્વામીદાદાએ કુશળતાથી આલેખ્યાં છે. 'મૉનજી રૂદર' નિબંધમાં મૉનજીને સમાજ-નાતીલાઓ સામે લડવું પડે છે જ્યારે અહીં ચંદુભાઈને પોતાના નસીબ સામે લડવું પડે છે. ચંદુભાઈ એટલે સાક્ષાત્ પરિશ્રમનો અવતાર સમા વ્યક્તિ. પોતાના ધંધામા અનેક મુશ્કેલીઓ વેઠીને પોતાની પ્રતિષ્ઠાને સ્થિરતા ઊભય મેળવે છે. એ પછીથી તેમનું ઐશ્વર્ય દેશસેવા ભણી વળે છે. પ્રજા કલ્યાણ કે દેશસેવાની કોઈ તક ચૂકતા નથી. આટલા ધનાઢ્ય છતાં એમનું ઊંચુ કર્તવ્યભાન, તેમનો નેક વ્યવહાર, નીતિમતા, ઉદાર સૌજન્ય એવું તો મનોહારી છે કે તેના ધંધાના હરીફ કે અદેખા-અકોણાનીયે મુક્ત પ્રશંસા મેળવે છે. આ રેખાચિત્ર ઘણું સુરેખ બન્યું છે.

'અજાણ્યાં ઊંચાણો' શ્રી જેઠુભાઈના રેખાચિત્રનો પરિચય કરાવ્યો છે. વારંવાર જૂઠુ બોલાવાનું અસહ્ય બનતા જેઠુભાઈ સ્વામીજીને આશ્રમ મળે છે. સ્વામીદાદા પહેલા તો એમને સમજાવે



છે પણ આખરે પોતાનો વ્યવસાય છોડીને મક્કમતાથી કહે છે. :

> ''માફ કરજો. પણ નોકરી છોડીને આવ્યો છું આપને લાગશે મેં ઉતાવળ કરી જ. પણ ત્યાં અકેક દિવસ જતો હતો તે ભવ વીતતો હતો.'
>
> વળી કહે : 'આપના ઉપર મારું કશું દબાણ ન ગણજો. મારે માટે આશ્રમમાં જગા ન હોય તો હું જઈશ. બીજું કંઈક વિચારીશ. પણ જૂની જિંદગી ભૂંસી છે, તે તો ફરી નથી જ ગાળવી.''

સ્વામીદાદા એમને આશ્રમમાં જગ્યા આપે છે. તેમની મન પસંદગીનું કામ સંભાળવાનું કહેતા તે આશ્રમની ગૌશાળાનું કામ પસંદ કરે છે. થોડો જ વખતમાં ગૌશાળા અને ખેતીને જાણે કે જીવંત બનાવે છે. જેઠુભાઈનું રેખાચિત્ર એક વૈરાગી ને કર્મઠ માણસ તરીકેની પ્રતિષ્ઠા મેળવે છે. 'મારા મૃત્યૃ પછી' એવા મથાળા નીચે એમણે જે કેટલીક સૂચના લખી છે તે પણ નોંધનીય છે :

તેમણે પોતાના મૃત્યુ પછી પોતાની પાછળ કોઈપણ જાતનો શોક કે લોકાચાર ન કરવાનું જણાવ્ય. આગળ લખ્યું હતું કે -

> ''હું બહારગામ ગયો હોઉં અને જેમ વર્તો તેમ સૌ વર્તજો. હું કોક વખત તમારી પાસે આવતો, તેમ જ્યારે જ્યારે તમે મને સંભારો, ત્યારે તમારી પાસેથી હું દૂર રહેતો હતો તેમ અત્યારે દૂર રહેં છું, એમ માનજો; ને દુઃખ કરશો નહીં.''

અહીં એક વૈરાગીને કર્મઠ વ્યક્તિ તરીકે સ્વામીજીએ જીવંત રેખાચિત્ર

દોર્યું છે.

અજાણ્યાં ઊંચણો-૨ માં મારુતિનું રેખાચિત્ર પણ ઘણું ધ્યાનાર્હ બને છે. છોટુકાકાના સ્વભાવની કેટલીક ખાસિયતો અને લડાકુ સ્વભાવનો એ જાણે એકલો વારસદાર. જેવા નીડર તેવો જ નિઃસંકોચ અને સ્પષ્ટ. આખા આશ્રમના લોકોની તે હમદર્દી મેળવે છે. એક દિવસ આશ્રમમાં એ વ્યવસ્થાપક તરીકે હતો અને સ્વામી આનંદને બહાર જવાનું થાય છે. સ્વામીજી વર્ધેથી આવ્યા એની જાણ એમને કરવું સ્વામીજી ભૂલી ગયા. આ વાતની જાણ થતાં એ સ્વામીઆનંદ પાસે આવીને નિર્ભયતાથી કહે છે. :

> ''મને કહ્યા પૂછયા વગર કેમ ગયા ? હું વ્યવસ્થાપક છું; ને તમારા શબ્દોમાં કહુંતો 'હું આશ્રમમાં મૂવો જ હતો'. રજિસ્ટરમાં એન્ટ્રી પણ નથી કરી. આ ઘણું ઈરેગ્યુલર કહેવાય. હું આવું નહિ ચલાવી લઉં.''

સ્વામી આનંદે નિખાલસતાથી જવાબ આપ્યો -

> ''મારી ભૂલ થઈ. તુ ગણે તો.
>
> કેમ ન ગણું ? મોટા નિયમ ન પાળે તો નાનાએ શા સારું પાળવા. હું નાનો ભલે, પણ આશ્રમનો વ્યવસ્થાપક ખરો કે નહીં ? શિસ્તના નિયમ સૌને સરખા લાગું. 'તુમી બી મિસ્તર, આમી બી મિસ્તર.'

સ્વામી આનંદ કહે છે કે એમને જોઈને મારી છાતી ગજ-ગજ ફૂલી મને ખરેખર મગરૂબી થઈ.

આ ઉપરાંત 'માનવી ઊંચાણની પારાશીશ' કેન્દ્રસ્થાને વિચારો



આલેખતો આ નિબંધ પણ અંજલિ લેખ જેવો છે. 'મેઘાણીજી જોડે' નિબંધમાં ઝવેરચંદ મેઘાણીએ અનુવાદ કરેલ કાવ્યને મૂકી તેમાં સત્યનિષ્ઠા, ધીરજ, આત્મશ્રદ્ધા, પરોપકારીવૃત્તિ વગેરે વિશે નોંધ કરી છે.

'ધરતીનું લૂણ'- માં પ્રગટતા રેખાચિત્રોમાં સ્વામી આનંદે પ્રયોજેલી ભાષા-તળપદી બોલીની સમૃદ્ધિ, તેની લોકબોલી ઘણી અદ્‌ભુત કહી શકાય તેવી છે. જે ગુજરાતી ગદ્યને રિદ્ધિવંત બનાવે છે. સ્વામીજીએ વીતેલી પેઢીના ચરિત્રોને આવનારી પેઢી માટે કોઈ દિશાબોધ કે આદર્શો, મૂલ્યોની પ્રતિષ્ઠા અર્પે એ હેતુથી આલેખ્યાં છે. લેખકે આપણા સમાજના ડહોળાયેલાં ઊંડા જળમાંથી આવા મોતી શોધી લાવીને ગુજરાતી ભાવકને અર્પણ કર્યા છે. સ્વામી આનંદે દોરેલા રેખાચિત્રોથી ગુજરાતી ચરિત્ર-નિબંધ સાચા અર્થમાં ગૌરવાન્વિત થયું છે. લેખક માટે આ એક સુયોગ છે. અહીં પ્રાપ્ત મોટાભાગના ચરિત્રો સાથે સ્વામીદાદાને પ્રત્યક્ષ-પરોક્ષ સંબંધ રહ્યો છે. અહી પ્રસ્તુત ચરિત્રોમાં જીવનની જે ઉદારતા છે - ઊંડાણ છે તેને પકડીને લેખકે એમને પ્રસ્તુત કર્યા છે. સ્વામી આનંદે અહીં મૉનજી રૂદર, ભીખીબાઈ, છોટુકાકા, નંદલાલ મહેતા, ચંદુભાઈ, જેઠુભાઈ, મારુતિ, દાદા ગવળી - જેવા ચરિત્રોની સેવા, નિષ્ઠા, ત્યાગ, સાદાઈ, નીડરતા, સહનશીલતા, ઔદાર્ય, સંયમ, સેવાઆદિ - જેવા ગુણોને કુશળતાથી આલેખ્યાં છે.

'ધરતીનું લૂણ'માં સ્વામીઆનંદની ભાષાશૈલી ખૂબ જ ધ્યાનાર્હ બની છે.અનુભૂતિ ને અભિવ્યક્તિનો એમની શૈલીમાં સમન્વય પમાય છે. તળપદા શબ્દોનો ઉચિત પ્રયોગ કરવાની

સ્વામીજીની ટેવ ગુજરાતી ભાષાની ગાંઠે અનંતકાળ સુધી તેમની શબ્દલીલાને શોભાવે છે. શોભાવતી રહેશે. સ્વામી આનંદની કથતરીતિ ઘણી અસરકારક છે. ટૂંકા ટૂંકા વાક્યો દ્વારા તે અસાધારણ અસર પ્રગટાવે છે. સ્વામીજીની ભાષાની કેફિયત આલંકારિતામાં નહીં પણ સત્યતામાં છે. એમની સાદી વાક્યાવલિ ઘણી અસરકારક છે. સ્વામીઆનંદની બીજી લાક્ષણિકતા છે. તળપદી બોલીના શબ્દોનો પ્રયોગ. આગત તેમજ તળગુજરાતીની શબ્દવિભાથી તેમણે ભાષિક સર્જનાત્મકા રચી છે. શ્રી રવીન્દ્ર અંધારિયા નોંધે છે :

> “સ્વામી આનંદનું વ્યક્તિત્વ જેટલું સ્ફટિકવત્ છે, નિરાળું છે તેટલું જ પારદર્શી છે તેમનું ભાષિક. જો ગુજરાતી ભાષાનું ગુજરાતીત્વ મબલકપણે ક્યાંય પ્રગટ્યું હોય તો, નિર્વિવાદપણે કહી શકાય કે સ્વામીજીનાં લખાણોમાં. તેમનું ભાષિક તેથીસ્તો સર્જનાત્મક ભાષિકનું બળૂકું દૃષ્ટાંત બની રહ્યું છે.”

સ્વામી આનંદની શૈલીમાં ગતિ છે ને આકાર પણ છે. ચેતનાનો ધબકાર છે ને કલા પણ છે. તેમની કથનરીતિ, આકાર, શબ્દચયન, રૂઢિપ્રયોગો તેમનું ભાષિક સર્જનાત્મક સર્જે છે. એટલું જ કલાત્મક પણ છે. તેમની ક્રિયાપદોની પસંદગી પણ નવ્ય પરિમાણો રચે છે. એમનું શબ્દભંડોળ અનેક ભાષા-બોલીઓને કારણે સમૃદ્ધ બન્યું છે. તેમનું ગદ્ય વેગીલું ને સચોટ છે.

સ્વામી આનંદની ગદ્યની થોડીક મર્યાદાઓ પણ અવશ્ય છે. એમણે પ્રયોજેલાં કેટલાક તળપદા શબ્દો ખાસ કરીને મરાઠી ભાષાના શબ્દો - વાક્યોએ સામાન્ય ભાવકને ઘણીવાર પ્રત્યાયનમાં અવરોધક



અવશ્ય બને છે. શબ્દોની અપરિચિતતાની મર્યાદાને બાદ કરતા સ્વામી આનંદનું ગદ્ય લોકભાષાના વૈવૈધ્યસભર પ્રયોગોની રીતે સમૃદ્ધ, ભારઝલું ને તરતમ છે. લોકભાષાના આ ઓજારો સ્વામીજીએ અભિનિવેશપૂર્વક આલેખ્યાં છે. સ્વામી આનંદના ગદ્યમાં સુદઢને ભાતીગળ પોત વણાયું છે. આ બધાની પ્રયોજના બાબતે ખંતીલાંને પ્રયોગશીલ ગદ્યકાર તરીકેની તેમની છાપ અવશ્યપણે પ્રગટે છે. અંતમાં સ્વામી સત્યમુનિ શબ્દો ટાંકું :

> “ધરતીનું લૂણ સમાજમાં જે થોડાં, જ્યાં ત્યાં વિખરાયેલાં, જીવતાં, ઝઝૂમતાં માનવીઓની કથા છે. સ્વામીદાદાએ પોતાના જીવન દરમિયાન એવાં જે કાંઈ જીવન જોયાં, એવાં જે થોડાં માનવીઓ જોયાં, જેમાં કોઈક ને કોઈક પ્રકારનું બળૂકાપણું પ્રગટ થયેલું તેનો આ શાબ્દિક ફોટોગ્રાફ છે.”

⌘ ⌘ ⌘

## (૭) એક આસ્વાદ્ય પ્રવાસનિબંધસંગ્રહ : 'વિદિશા'.

શ્રી ભોળાભાઈ પટેલ હિન્દીના અધ્યાપક છે. છતાં ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે એમનું પ્રદાન નોંધનીય રહ્યું છે ખાસ કરીને નિબંધ, વિવેચન અને અનુવાદક્ષેત્રે તેમણે પ્રશંસનીય કામગીરી બજાવી છે. એમની નિબંધક્ષેત્રેની કામગીરી ઘણી ઉલ્લેખનીય ગણાવી શકાય. તેમની પાસેથી 'વિદિશા', 'કાંચનજંઘા', 'બોલે ઝીણા મોર', 'શાલભંજિકા','ચૈતર ચમકે ચાંદની' જેવા નિંબંધ સંગ્રહો તેમજ 'પૂર્વાત્તર', 'રાધે તારા ડુંગરિયા પર', 'દેવોની ઘાટી', 'દેવાત્મા હિમાલય', 'દશ્યાવલી', 'યુરોપ-અનુભવ' જેવા પ્રવાસ નિબંધો ગુજરાતી સાહિત્યને ચરણે ધર્યા છે. તેમાંયે તેમના લલિત નિબંધો ગુણવત્તાસભર હોવાથી ગુજરાતી ભાવકનું ધ્યાન ખેંચે છે. એમના નિબંધોમાં કાવ્યાત્મકતા અને કલાત્મકતા જેવા ગુણો ધ્યાનાર્હ બન્યાં છે.

'વિદિશ' નિબંધસંગ્રહમાં કુલ ૧૧ જેટલા નિબંધો સંગ્રહિત થયા છે. પોતે કરેલા પ્રવાસોની વિગતોનાં વૃત્તાંતાત્મક આલેખનની સાથે સાથે પ્રાકૃતિક સૌન્દર્યને કુદરતના ભવ્ય ઐશ્વર્યવાળી રૂપોની ઝાંખી પણ તેમણે કરાવી છે. એમના આ નિબંધોમાં કલ્પનાત્મક વર્ણનોમાં એમના વ્યક્તિત્વનો સુપેરે પરિચય મળી રહે છે. એમના આ અગિયાર જેટલા નિબંધોમાં લેખકે કરેલા પ્રવાસોમાં સ્થળવિષયક માહિતીની સાથે પૌરાણિક - ઐતિહાસિક સંદર્ભ, તેમજ પ્રાકૃતિક સૌન્દર્યના વર્ણનમાં એમની કાવ્યમયતાના દર્શન થતા જોવા મળે



છે. 'વિદિશા'માં એમની સર્જકપ્રતિભાના ઉત્તમ ઉન્મેષો પ્રગટ્યાં છે. આ નિબંધોમાં કાવ્યસૃષ્ટિ અને વાત્સવસૃષ્ટિના સંયોજનથી આ નિબંધોને કલાત્મકતા રંગે રંગી લેખકે ભાવકભોગ્ય બનાવવાનો સુયત્ન કર્યો છે ને લેખક તેમાં ખાસ્સા સફળ થયા છે.

'વિદિશા' આ નિબંધસંગ્રહનો પ્રથમ નિબંધ છે. અહીં લેખક ભાવકની જિજ્ઞાસાવૃત્તિને જાગૃત્ત કરીને ઈતિહાસ - ભૂગોળના સીમાડાઓને પેલે પાર આવેલી વિદિશાનો કલ્પના-વિહાર કરાવે છે. લેખકે વિદિશાનું ભ્રમણ કાલિદાસ-ભવભૂતિ જેવા કવિની આંગળી પકડીને કર્યું છે. કવિ જીવનાનંદદાસની નાયિકા વનલતાએ એમના મુખને 'શ્રીવસ્તીનું શિલ્પ' કહ્યું તે વિદિશા હાલનું ભિલસાનો પ્રવાસ લેખક માટે કલ્પનિય આનંદ આપે છે. સાંચીસ્તૂપની ટેકરીના તળેટીના માર્ગ પર એક બોર્ડ હતું તેમાં લખ્યું હતું ''યદિ આપ વિદિશા નહીં જાતે હૈં, તો આટલું જોવાનું ચૂકશો. લેખક વિદિશાનગરી પહોંચે છે તો જાણે દિશાહારા બનીને વિદિશાને શોધવા લાગે છે - પ્રથિત વિદિશાને. કાલિદાસના યક્ષે મેઘને રસ્તો બતાવતાં કહ્યું હતુ 'તેષા દિક્ષે પ્રથિત વિદિશા...' લેખક એક-બે સજ્જનોને પૂછયું - 'ક્યા દેખને કા હૈ યહાં ?' તો કુતૂહલતાથી જોઈને જવાબ આપે છે 'વૈસે યહાં તો કુછ નહીં દેખને જૈસા. લેકિન નદી કે ઉસ પાર બાબા કા ખંભા હૈ ઔર ગુફાએં હૈ ઉદયગિરિકા. દૂર હૈ. ઘોડાગાડી સે જાના હોગા.' લેખકે ઉદયગિરિ તરફ જવા નીકળે છે, લેખકને અગ્નિમિત્રના પ્રમાદવનમાં ક્રીડા કરતી માલવિકા, મદનિકા, નિપુણિકા જેવી નાયિકાની સ્મૃતિ જાય છે. કાલિદાસે 'મેઘદૂત'માં વિદિશાનું જે ભવ્યવર્ણન કર્યું હતું તે લેખકના

સ્મરણામાં ઝબકી જાય છે. લેખક નિહાળી રહ્યા છે આજનાં ભિલસા. પણ લેખકના આંતરમનમાં તો છે પેલી કલ્પનાની વિદિશા. એકબાજુ ભિલસાની સ્થૂળદેહે થતી યાત્રા છે તો બીજી તરફ વિદિશાની યાત્રા માનસપટ પર થતી રહે છે. આ આંતરમનની લેખકની યાત્રાનું નિરૂપણ સુરેખ ને સુદૃઢ બને છે. જે રમણીય સૃષ્ટિનો અનુભવ કરાવે છે. કાલિદાસના યક્ષે મેઘને કહ્યું હતું કે, પહેલાં તો બહુ જાણીતી એવી વિદિશાનગરી આવશે. અને પછી જ્યારે તું ત્યાં પહોંચીશ ત્યારે તને તારી જે રસિકતા છે, તેને અનુરૂપ ફલોપબ્ધિ તરત જ થશે :

"તેપાં દિક્ષુ પ્રથિતવિદિશા લક્ષણાં રાજધાની
ગત્વા સદ્યઃ ફલમવિકલં કામુકત્વસય લબ્ધ્વા ।
તીરોપાન્તસ્તનિતસુભંગ પાસ્યસિસ્વાહુ યસ્મા-
ત્સભ્રૂભંગ મુખમિવ પયો વેત્રવત્યાશ્વલોર્મ ।।"

તો મેઘને પીવા મળવાનું હતું મીઠા અધરરસ જેવું આ વેગવતીનું વારિ. આ ઉધ્યગિરિ તે કાલિદાસે જેને 'નીચૈ,' નામ આપ્યું છે, તે તો નહીં હોય ? યક્ષે મેઘને વેત્રવતીનું અધરરસ-શું વારિ પીધા પછી વિદિશાના પરિસરમાં આવેલા નીચૈઃ પહાડ પર વિશ્રામ લેવાની ભલામણ કરી હતી :

"નીચૈરાખ્યં ગિરિમધિવસેસ્તત્ર વિશ્રામહેતો.
સ્ત્વત્સંકૉત્યુલકિતમિવ પ્રૌઢપુષ્પૈઃ કદમ્બેઃ ।
યઃ પણ્યસ્ત્રીરતિપરિમલોદ્ગારિભિર્નાગરાણાં
ઉદ્દામાનિ પ્રથયતિ શિલાવેશ્મભિર્યૌવનાનિ ।।"

વિદિશાની વિદાય લઈ રહ્યાં છતાં લેખકનું ચિત્ત કાલિદાસની



સૃષ્ટિમાંથી મુક્ત થઈ શકતું નથી. ફરી વિદિશાનગરીનો અંધકાર, એ અંધકાર જેવા વનલતાસેનના કેશ, દીર્ઘનેત્રોના કટાક્ષપાતઃ - સતત મનમાં ભમ્યાં કરે છે.

'વિદિશા'માં ઘણીવાર મુગ્ધતાની અતિશયતાની મિઠાશમાં થોડી અત્યુક્તિ જોવા મળે છે, તો ક્યાંક સાહજિકતા તંતોતંત જળવાતી નથી, છતાં શ્રી ભોળાભાઈ પટેલે અહીં વાસ્તવસૃષ્ટિ અને કલાસૃષ્ટિના કલાત્મક સંયોજનથી આ પ્રદેશની કેટલીક વિશેષતાઓનો ભાવકને આસ્વાદ કરાવ્યો છે.

'ભુવનેશ્વર' નિબંધમાં લેખકે જોયેલા ભુવનેશ્વરના કેટલાક સ્મરણો આલેખ્યાં છે. અહીં આવેલા મુક્તેશ્વર, કેદારેશ્વર, લિંગરાજ, પરશુરામેશ્વર - વગેરે મંદિરોના શિલ્પ-સ્થાપત્યના સૌન્દર્યનું કલાત્મક આલેખન કર્યું છે. આ મંદિરો જાણે સર્વાંગ સંપૂર્ણ, ઊર્મિગીત જેવા લાગી રહ્યાં છે. લેખક લિંગરાજના મંદિર વિશે નોંધે છે :

"આ મંદિર અગિયારમી સદીમાં રાજા યયાતિ કેસરીએ બંધાવેલું, કલિંગ શૈલીનું ગણાય. વિમાન, જગમોહન, નટમંદિર અને ભોગમંડપ - લંબાઈમાં ચાર વિભાગ પડે છે,.... આકાશમાં શ્વેત વાદળ તરતાં હતાં !

મંદિરનું સ્થાપત્ય ભવ્ય, ઊર્જિતનો અનુભવ કરાવે છે, એના શિલ્પ લલિતનો. કહો કે સમગ્ર મંદિર શિલ્પખચિત છે.... અહીં દેવયોતિ છે, મનુષ્યયોનિ છે, પશુ-પક્ષી છે - સમગ્ર મનુષ્યસંસાર છે. આ દેવદ્વારે સમગ્ર જીવનનો સ્વીકાર છે - અને આ આપણાં લગભગ પ્રાચીન દેવાલયની રીતિ છે."

પ્રવાસના બીજે દિવસે લેખક ઉદયગિરિ - ખંડગિરિ પહોંચે છે. અહી એક નહી સો - સવાસો દૂર ઊંચી ટેકરીઓ છે. અહીં નદી નથી પણ આકાશગંગા, રાધાકુંડ, ગુપ્તગંગા, શ્યામકુંડ જેવા જળાશયો છે. ઉદયગિરિનો ઘણી ગુફાઓ લેખકને અજંતા - ઈલોરાની ગુફાની યાદ અપાવે છે. લેખક ત્યાંથી ધૌલી જવા નીકળે છે. રસ્તામાં વરસાદ તૂટી પડે છે. ધૌલી એટલે અશોકના હૃદય પરિવર્તનનું સ્થળ. અહીં મહાસંહાર પછી અશોકના હૃદયમાં કરુણાનો ઉદ્રેક થયો હતો. દયાભાવ જાગ્યો હતો. ધૌલીનું પ્રાકૃતિક વર્ણન પણ ઘણું આસ્વાદ્ય બને છે.

“આકાશમાં વાદળ દોડી જતાં હતાં, ઝરમર ઝરમર વરસતાં.... આ બાજુ પહાડી પર સ્તૂપ, પેલી બાજુ દૂર પાણીની સાંકળ રચતાં તળાવ, તળાવને કિનારે, વચ્ચે ઊંચા નાળિયેરી જેવાં વૃક્ષોની સ્તબ્ધ હાર-આથમણે દયા નદીનો નમનીય વળાંક, કોઈ નારીની વળેલી નમનીય દેહલતા જેવો, ઉપર મંદિર - પેગોડા, પણે દૂર ચાલી જતી સડક, વરસતા વરસાદની ઝરમર વચ્ચે મોરની ભીની ગહેક. આકાશમાં ઊડતી બલાકાક્ષણમાં આ બધું બંધાઈ-સંધાઈ ગયું ચેના સાથે.”

અહીં લેખક ભુવનેશ્વરના સંદર્ભે ઓડિયા-અસમિયા ને બંગાળી ભાષા વિશે પણ સમાંતરે પોતાની રુચિ પ્રગટ કરતાં રહે છે. તેઓ આ ભાષાના કવિ-સર્જકોને પણ મળે છે. લેખકે અહીંના મંદિરોના  શિલ્પ-સ્થાપત્યની સાથે સાથે તેની ઐતિહાસિક માહિતી પણ આપી છે. આમ, લેખકે અહીં ‘ભુવનેશ્વર’માં શિલ્પ-સ્થાપત્યની સાથે સાથે સાહિત્યયાત્રા કરી તેનું નિરૂપણ પણ કલાત્મક બન્યું છે.



‘માંડુ’ - નિબંધમાં લેખકે મધ્યપ્રદેશના ઈતિહાસ પ્રસિદ્ધ બાઝબહાદુર અને રાની રૂપમતીના અમરપ્રેમની ગાથા આલેખી છે. લેખક નિબંધની શરૂઆતમાં કહે છે :

“માંડુ - માંડવગઢ બોલતાં મનમાં એક રૉમેન્ટિક ઉદ્વેગ જાગે છે. સરોવર, સંગીત અને સ્વપ્નનું નગર માંડુ. સૈકાઓ થયાં સરોવર જર્જરિત થતી જતી મહેલાતોના ખંડિત પડછાયા ઝીલ્યા કરે છે. એ મહેલાતોમાંથી એક વેળા ગુંજી ઊઠેલી સંગીતની મધુર સુરાવલિઓ સૈકાઓ થયા હજીય જાણે આસપાસ ઘૂમરાયા કરે છે અને ધીરેધીરે દૂરદૂરના સ્વપ્નલોકની એક માયાવી કુહેલિકા આપણા પર સંમોહનની એક જાળ પાથરી દે છે.”

ચાંદનીમાં ચાંદની બની રૂપમતી ઊભી છે, એક ઊંચી ઈમારત નિર્જન છત પર હળુ હળુ પવનમાં એના વેદના મધુરકંઠમાંથી નીકળથી પ્રલંબિત પ્રકંપિત સ્વર-લહરીઓ નીચે નિમાડના હરિયાળા મેદાનમાં વિલીન થઈ જાય છે....

“મન ચાહત હૈ મિલન કો, મુખ દેખત કો નૈન,
શ્રવન સુચાહત હૈ સુન્યો, પ્રિય ! તવ મીઠે બૈન !”

અહીં ઐતિહાસિકને લોકકંઠે વહેતી આવેલી, કવિઓ-કલાકારાને આકર્ષતી પ્રણયકથા માંડુંની આગવી વિશેષતા છે. અહીં લેખકને માંડવગઢના ઈતિહાસનું પગેરું છેક છઠ્ઠી સદી સુધી ખેંચી જાય છે. ત્યાંના એક અભિલેખમાં ‘મંડપદુર્ગ’નો ઉલ્લેખ છઠ્ઠી સદીમાં થયો છે. દસમી સદીમાં અહીં પરમારોનું રાજ્ય હતું. આ પછી ૧૩મી સદીમાં મુસ્લિમ સલ્તનતનું આગમન થતાં હોશંગશાહે આ નગરની કિલ્લેબંધી કરાવીને સુંદર ઈમારતો ચણાવી હતી. ‘રૂપમતી કા

મહલ’ અહીંની ધ્યાનાર્હ ઈમારત છે. અહીંથી રૂપમતી રોજ નર્મદામૈયાના દર્શન કરતી. મુંજ તળાવને કાંઠે ઊભેલાં ખંડિયેરોમાં પણ લેખકને સૌન્દર્યાનુભૂતિ થાય છે.

શ્રી ભોળાભાઈ પટેલની વિશેષતા એ છે કે તેઓ જે સ્થળે જવાના હોય તેનું માનસિક કલ્પનાચિત્ર રજૂ કરીને એ સ્થળ વિશેના પોતાના સંસ્કારો, તેનાં પ્રાકૃતિક દશ્યો, પોતાના મનોગત્ ભાવ - વગેરેને કલ્પનાના રંગોથી બહેલાવીને ભાવક માટે રસાનંદની તક પૂરી પાડે છે. ‘માંડું’ નિબંધની શૈલી પણ ધ્યાનાર્હ બને છે.

‘ઈમ્ફાલ’ નિબંધમાં મણિપુરની રાજધાની ઈમ્ફાલ એટલે લોકથાઓનો કામરૂદેશ. આ પહાડી પ્રદેશનું સૌન્દર્ય લેખકને રોમાંચિત કરે છે. શ્રી ભોળાભાઈ ત્યાંની પ્રકૃતિને આલેખતાં કહે છે, - “પર્વતોની વચ્ચેથી આછુ ધુમ્મસ ઉપર આવી રહ્યું છે. આ વળી પાછી સંતાકૂકકડી રમતી જલરેખા વહી જાય. કવિતા લખવાનું મન થઈ જાય છે. અરે ! આ પર્વતની લગોલગ પસાર થઈ રહ્યા છીએ. કેટલો નજીક લાગે છે હરિતજંથા એ પર્વત ! હવે નીચે પથરાયું છે વિસ્તીર્ણ મેદાન. ‘ઉદાર રમણીય’ ભૂમિ નિકટ લાગતી જાય છે. ધાન કાપી લીધા પછી અવશિષ્ટ સૂકા ખડથી આછાં પીળાં ખેતરો, વચ્ચે અચ્છોદ સરવરિયાં, વૃક્ષોનાં હરિયાળાં છત્ર, તડકામાં ચમકતાં પતરાંનાં છાપરાં, એકબીજાને કાપતા દોડતા માર્ગ અને હવે નીચે આખુ આ નગર. ઈમ્ફાલ. મણિપુરની રાજધાની.” આદિનું લેખક રસળતી શૈલીમાં આલેખન કર્યું છે. આ સાથે લેખકનું વાસ્તવદર્શન પણ સહજતાથી આલેખાયું છે. લેખક પ્રાકૃતિક સૌન્દર્યના કેફમાંથી બહાર નીકળી વિવિધ અકાદમીઓની લેખક મુલાકાત લે છે. મણિપુરી



સાહિત્ય પરિષદના સહયોગથી ‘ઑલ મણિપુર ડ્રામા - ફેસ્ટિવલ’-માં નાટક નિહાળવાની તક પ્રાપ્ય થાય છે. તેમાં તેઓ ‘ઈંગાલૈ’ નામનું નાટક જુએ છે. ઈમ્ફાલની સડકો પર રંગબેરંગી વસ્ત્રોમાં સુસજ્જ કન્યાઓએ ફનેક, ફુરિત અને ઈન્નફિ વગેરેનો પરિચય પણ કરાવ્યો છે. આ પૂર્વાંચલનો ઉપેક્ષિત પ્રદેશ આપણું ધ્યાન ખેંચે છે. ત્યાંના વિસ્તારના સામાજિક, સાંસ્કૃતિક, પ્રાકૃતિક સંવેદનાને લેખકે કુશળતાથી આલેખ્યાં છે. ‘ઈશાન ભારત ને આંદામાનમાં ટહૂક્યા મોર’ માં શ્રી ઉમાશંકર જોશીએ જે ‘ઈમ્ફાલ’નો પરિચય કરાવ્યો તેવો રસપ્રદ આ નિબંધ બનતો નથી એ પણ નોંધવું ઘટે.

‘જેસલમેર’- નિબંધ પણ ઘણો આસ્વાદ્ય બને છે. લેખકે પાઠશાળામાં ઊંટ એ રણનું વાહન છે એવું ભણ્યાં હતાં. જ્યારે લેખક જેસલમેર ગયા ત્યારે લેખકે ત્યાં ઊંટને જોતાં તેનું રૂપક બરાબર ઈન્દ્રયગ્રાહ્ય લાગે છે. લેખક નોંધે છે : “આ મરુભૂમિ અનંત જલરાશિવાળા સાગર જેવી છે. જેસલમેરને જોતાં એવું થયું કે જાણે કોઈ વિરાટ ઊંટ પગવાળી, ડોકનેય પીઠ ભણી વાળી લઈ બેસી પડ્યું છે તે બેસી પડ્યું છે અને એ ઊંટનો રંગ અને ધૂળનો રંગ એક થઈ ગયો છે.” લેખક એરિખ ફ્રીડની પંક્તિ ટાંકે છે -

“સ્ટાઉબ આઉફ સ્ટાઉબ ઉન્ટર સ્ટાઉબ”- ‘ધૂળમાં ધૂળ ઉપર ધૂળ.’

એશિયાથી જેસલમેર જતાં રસ્તામાં બસના પૈડામાં પંચર પડે છે, ને ત્યાં રોકાવાનો અવસર મળે છે. લેખકે અહીં જે રાતના સૌન્દર્યને જોયું તેનાથી તેઓ ખૂબ પ્રભાવિત થાય છે. લેખક નોંધે છે : “અંધારા સાથે ટાઢ ઉતરતી જતી હતી. બહાર રસ્તા પર અમે

ઊભા હતા. આસપાસ ચોપાસ ખુલ્લી મરુભોમ. .... અમારા અવાજો અહીં અજનબી હતા. પછી તો થોડા ઘણા વરસાદના છાંટાથી ઊગેલું અને જાણે ઉગ્યા પહેલાં જ સુકાઈ ગયેલું કાંટાળું ઘાસ અમે સળગવ્યું. દૂર દૂર સુધી આગની લાલ જ્યોતની આભા ફેલાઈ. ત્યાં ઉપર જોયું. ઝગારા મારતું હીરે મઢ્યું આકાશ. આકાશગંગા બરાબર દૂધગંગા લાગતી હતી. દૂધગંગામાં હંસ તરતો હતો. તેને એક કાંઠે દશરથ, બીજે કાંઠે કાવડ સાથે શ્રવણ. આ બાજુ ઉત્તરે ધ્રુવ અને દક્ષિણે અગસ્તંય દેખાતા હતા.''

શ્રી ભોળાભાઈએ અહીં જેસલમેરના ઐતિહાસિક પરિવેશોને જાણવા-માણવા માટે સુંદર પીઠિકા રચી આપી છે. જેસલમેરની ઈમારતો, એની બારીઓ, એના ઝરુખાઓ એનું સ્થાપત્ય - આંખોમાં વસી જાય એમ કલાત્મક રીતે આલેખ્યું છે. આખું જેસલમેર એક મ્યુઝિયમ હોય એવું લેખકનું આલેખન ઘણું હૃદયંગમ બન્યું છે. શ્રી ભોળાભાઈએ અહીં જૈસણના દુર્ગની ઐતિહાસીક કથા આલેખી છે. તો દ્વાપરયુગમાં કૃષ્ણે અહીં પાતાળ ફોડીને મીઠું પાણી વહાવ્યું હતું. પોતાને યદુવંશી ગણાવતા મહારાવલે અહીં ગઢ બંધાવ્યો. અનેક યુદ્ધો પછી પણ આજે દુર્ગ પર યદુવંશીઓનો ધ્વજ ફરફરે છે. જેસલમેરના કિલ્લા વિશેની કેટલીક કિંવદંતીઓ પણ લેખકે આલેખી છે. અહીં આવેલા જૈનભંડારોનો પણ લેખકે પરિચય કરાવ્યો છે. અહીં યુદ્ધ, કવિતા, કલા, ધર્મ, સૌન્દર્ય - આદિ સમાંતર ચાલતાં રહ્યાં છે, એમ લેખક જણાવે છે. લેખકે જેસલમેરની પોતાના ચિત્ત પર પડેલી છાપને કાવ્યાત્મક શૈલીમાં ઉપસાવી છે. આ જેસલમેરની ઉષર ઉજ્જડ મરુભૂમિનું આલેખન ઘણું ભાવકભોગ્ય બન્યું છે. અંતમાં ભોળાભાઈના શબ્દો ટાંકું તો -



''બપોર પછી દુર્ગની તળેટીમાંથી જ અમારી બસ બાડમેર ભણી. દૂર દૂર સુધી ગઢ દેખાયા કર્યો. ઉષર ઉજ્જડ મરુભોમમાં બેસી પડેલું એક વિરાટ ઊંટ. એને ઢેકે હજી પાણી છે.''

''ચિલિકા''- માં ઓડિશાના અતિમનોહર, સૃષમા મંડિત સરોવર ચિલિકામાં લેખકે અનુભવેલું કલાસૌન્દર્ય ભાવકોનેયે સૌન્દર્યાનુભૂતિ કરાવે છે. ચિલિકાના પ્રાકૃતિક પરિવશેને લેખક હૃદયસ્પર્શી બનાવ્યો છે. લેખક ભુવનેશ્વરથી કલકત્તા - મદ્રાસ હાઈવે પર બસમાં ચિલિકા તરફ પ્રયાણ કરે છે રસ્તામાંથી ગીચ વનરાજિથી ખચિત પહાડી ઉદગગિરિ, ખંડગિરિ, રસ્તે વાંસના ઝુંડો વચ્ચે વસેલા ગામ, આંબાવાડિયા, દેવ-દેવીઓના મંદિર - આદિનું કાવ્યાત્મક આલેખન રસપ્રદ બને છે. ચિલિકા સરોવરની રમણિયતા આલેખતા શ્રી ભોળાભાઈ પટેલ અનેક કવિઓની ચિલિકા વિષયક કવિતાઓને પણ સ્મરે છે. અહીંના અફાટ સૌન્દર્યનું આલેખન કરતા લેખક નોંધે છે. 'ચિલિકા સરોવર રમણીય ઉત્કળ ભૂમિમાંય રમણીય. ચોપાસ સૌન્દર્ય વીખરાયેલું છે. એની પશ્ચિમે છે જંગલોથી આચ્છાદિત પૂર્વઘાટની શ્રેણી અને વચ્ચે છે નાના મોટા દ્વીપ, પારીકુંડ તેમાં સૌથી મોટો છે.... આ સામે સરોવર ઝલમલે છે. હું એકલો જ હતો તે સારું હતું ? કે આ આનંદની વેળાએ કોઈ સાથી - સંગી હોય તે સારું ! ભલે એકલો હતો, પણ રમ્યાણિ વીક્ષ્ય-વાળી જ વાત - 'આઘે હતાં તે ઉરમાં રમી રહ્યાં !' .................. .................... ઉપર ધનનીલ આકાશ અને નીચે ચિલિકાનાં વારિ, ક્યાંક આછાં નીલ, ક્યાંક નીલ, ક્યાંક ઘેરા નીલ, બધે તડકો વેરાયેલો હતો..... બપોરની નિર્જન સ્તબ્ધતા,

આ વૃક્ષની છાયા, વક્તીતીનો વારેવારે અવાજ, પંખીઓના વિભિન્ન અવાજને ચીરીને આવતો કાગડાનો પરિચિત અવાજ. પવનની લહેરીઓ સાથે વૃક્ષોનાં પાંદડાની સરસર, ઝરમર... સાથે પાણીની ભેજવાળી વાસ. રંગ, રવ અને ગંધની એકાકાર સંસ્થિતિ.''

અહીં વેરાયેલા વિભિન્ન રંગની છટ્ટાઓ, આકાશમાં શ્વેતવાદળોના ટુકડા, પાણીમાં થતી રંગલીલા - આદિ ઘણાં કાવ્યાત્મક બન્યાં છે. એટલું જ પણ એનું આલેખન ઘણું મનોગમ્ય બન્યું છે. તો અન્ય કવિઓએ ચિલિકા વિષયક જે કાવ્યો રચ્યાં તેનો પણ લેખકે અહીં આસ્વાદ કરાવ્યો છે. 'ચિલિકા'માં પ્રવાસકથન દ્વારા કાવ્યાત્મક રસાભિવ્યક્તિ કરવામાં લેખકને ખાસ્સી સફળતા મળી છે. અહીં લેખક શબ્દોનું ચયન, રસાત્મકતા, શૈલીની પ્રૌઢતા, અધ્યાસોની ગૂંથણી, વાક્રવિન્યાસ વગેરે ઘણું ધ્યાનાર્હ બન્યું છે. તો 'બ્રહ્મા' નિબંધમાં ૨૬મી થી ૧લી જૂન સુધીના સાત દિવાસો દરમ્યાન ઉત્તર હિમાલયના 'દુર્ગમ શિખર' બ્રહ્મા સુધી કરેલા પ્રવાસનું ડાયરીશૈલીમાં આલેખન થયું છે. અહીં લેખકની શૈલી ઘણી ધ્યાનાર્હ બની છે.

''ખજુરાહો'- નિબંધમાં લેખકે ખજુરાહોની કલાની કાવ્યાત્મક રજૂઆત કરી છે. લેખક નોંધેછે : - ''યાત્રા ? અહીં આવતા ઘણા પ્રવાસીઓ ખજુરાહોમાં મંદિરો પરનાં રતિશિલ્પોની વાત સાંભળી ખેંચાઈ આવેલા હોય છે. અને જેવા આ મંદિરના પ્રાંગણમાં પ્રવેશે છે કે તેમની નજર સૌ પહેલાં પોતાના સહયાત્રીઓની નજર ચૂકવીને પેલા રતિચિત્રોને શોધતી હોય છે, અને એકાએક આલિંગનબદ્ધ કોઈ મિથુન પર તેમની તે નજર પડતાં તેમાં એક ચમક આવી જાય છે - અને પછી તો બીજું, ત્રીજું - એનાં નેત્રો ધન્ય બની જાય છે.



જાણે જે શોધવા માટે આવ્યા હતા, તે જડી ગયું છે. હવે ઘેર જઈને મિત્રોને એકાંતમાં એ વિશે વાત કરી શકાશે. પથ્થરોનું આ શિલ્પ કે સ્થાપત્ય અને તેમાંથી નિષ્પન થતો સૌન્દર્યબોધ એ ચૂકી જાય છે.'' શ્રી ભોળાભાઈ પટેલ આ ખજુરાહોને કલાતીર્થની યાત્રા ગણાવે છે. જો માત્ર રતિશિલ્પોને જ જોવામાં રહે તો તે અહીં થતો સૌન્દર્યબોધ પામવાનું ચૂકી જાય છે. અહી રાજા ધાંગના સમયનો એક ઈ.સ. ૯૫૪ ની આસપાસનો એક શિલાલેખ મળે છે. અહીંની શાલભંજિકાઓને જોતાં જ લેખકને સંસ્કૃત નાટક 'વિદ્વશાલભંજિકા' ની યાદ આવે છે. અહીંથી આગળના ગર્ભગૃહમાં વિષ્ણુ-ચતુર્ભુજ વિરાજે છે. ગર્ભગૃહના દ્વારે મત્સ્યાવતાર અને કૂર્માવતારના શિલ્પો મળે છે. અહીં ગર્ભગૃહની જંઘા પર શિલ્પોની બે હારમાં કૃષ્ણલીલાનાં વિવિધ કંડારાયેલા દશ્યો, તેના સાલંકારા અપ્સરાના શિલ્પો, એની વિવિધ વલયોને કટિભંગના દશ્યોનું લેખકે સુંદર આલેખન કર્યું છે. શિલ્પોની રમ્યતા, ચારુતા અને લાલાત્યિથી લેખક ઘણાં અભિભૂત થયા છે એટલું જ નહીં પણ ભાવકને પણ એનો મનોગમ્ય સ્પર્શ કરાવી શક્યાં છે. આ કોકશાસ્ત્રાથી વાત્સ્યાયનના કામસૂત્રોના શિલ્પો દ્વારા જાતિયતા વિશેની એક સમજણ લેખક પાસેથી મળે છે. એમાં લેખક એક ઠરેલ, વિચારકને બૌદ્ધિકની હેસિયતથી લેખકે અહીં સંયમ, સ્વાસ્થયને કલાપારેખ દૃષ્ટિનો અભિગમ દેખાડ્યો છે. 'ખજુરાહો' આ દૃષ્ટિએ એક નોંધનીય નિબંધ છે.

'કાશી' અને 'રામેશ્વરમ્' ઊભય નિબંધોમાં હિન્દુઓની હજારો વર્ષની શ્રદ્ધાઓને સૌન્દર્યને કુશળતાથી આલેખ્યાં છે અહીં

લેખકે એક ભાવનાત્મક સેતુ રચવાનો યત્ન કર્યો છે. લેખક આધુનિક છે. આથી રૂઢિગત કે ક્રિયાકાંડોના જ જડ ધર્મમાં એમને શ્રદ્ધા નથી. પરંતુ કોઈ ભાવનાત્મક સેતુ રચીને એમની ચેતનાને અહીં વિસ્તારી છે. આ સાથે આ બન્ને સ્થળોના સૌન્દર્યલોકને પણ આલેખ્યું છે. ઈતિહાસ, દંતકથા, લોકશ્રદ્ધા, શિલ્પ, સ્થાપત્ય, સાગર, શશી, સૂર્યોદય, ચંદ્રોદય, સૂર્યાસ્ત, વર્ષા - વગેરેને કલાત્મક રીતે આલેખ્યાં છે. લેખકનું નિરૂપણ ક્યાંક ગંભીર તો ક્યાંક હળવાશભર્યું છે. તો ક્યાંક મુગ્ધ તો ક્યાંક ઊર્મિશીલ બનીને ભાવકોને પણ એમાં વિહાર કરાવે છે. લેખક નોંધે છે : ''ચારે બાજુએ ફરીને જોયું. નરી સ્તબ્ધતા, આ સાગર, સાગરની આ 'તમલતાલીવનરાજિનીલાવેલ', આ સાંજ, આ અમે, બધું ચિત્રવત્ લાગતું હતું. અદ્ભુત સમું. ત્યાં ચંદ્ર ઉગ્યો સમુદ્ર પર. એકાએક દેખાયો. વૈશાખી પૂર્ણિમાનો ચંદ્ર હતો. નમો બુધ્ધાય. સાગર જેવા આકાશમાં કે આકાશ જેવા સાગર પર ચંદ્ર જરા ઝાંખો લાગતો હતો. કાન્તની પંક્તિઓ ભલા યાદ ન આવે -

''આજ, મહારાજ ! જલ પર ઉદય જોઈને ચંદ્રતો હૃદયમાં
હર્ષ જામે...''

અહીં પ્રકૃતિના વિવિધ દશ્યોને કલાત્મક રીતે આલેખીને ભાવકભોગ્ય બનાવ્યાં છે.

અંતે 'તેષાં દિક્ષુઃ'માં પોતાના વતનના સંસ્મરણરૂપ આ નિબંધ મળે છે. પોતાના ગામની નજીક કોઈ નદી નથી, પર્વત કે કોઈ સરોવર નથી, સાગર નથી છતાં પુખ્તવયે ભારત ભ્રમણ કરતાં ઘણું બધું મેળવ્યું છે. પોતાના ચિત્તમાં તે આત્મસાત્ કર્યું તેની વિગતો આલેખી છે. ભારતવર્ષના ભ્રમણ પછી ગામની દિશામાં 'તેષાં



દિક્ષુઃ' મન ઊડવા માંડે છે. ભલે માણસ આખી દુનિયામાં ફરે, સુખ અને સમૃદ્ધિની છોળો માણે તોયે પોતાનું વતન - જન્મભૂમિ પ્રત્યેનું એનું આકર્ષણ ક્યારેય ઓછું થતું નથી. શૈશવકાળમાં એમના ગામમાં એક બાવાજી આવેલ તેમની વાતોમાં ભોજ-કાલિદાસની, ધારાનગરી અને ઉજેણીની વાતો સાંભળી હતી. કાશી ફોઈ પાસેથી તેમણે જૈનવાર્તાઓ સાંભળી હતી. તો પરદુઃખભંજક વિક્રમ રાજાની વાર્તાઓ પણ સાંભળી હતી. ક્યારેક પાંડવોની તો ક્યારેક ઢોલામારુની વાર્તાઓ પણ સાંભળી હતી, તેમાંથી લેખકની કલ્પનાને છૂટો દોર મળ્યો હતો. શૈશવમાં જોયેલા જિપ્સીઓ, પોમલા, વણઝારા, કચ્છીઓ, ભરવાડો, સાધુઓ - તેમજ વિવિધ વાર્તાઓની લેખકની ભ્રમણવૃત્તિ વોન્ડર લસ્ટને ઉછેરે છે - ઉશ્કેરે છે. આખા દેશના પરિભ્રમણ કર્યા પછી વતન પ્રત્યેનું - ભલે શુષ્ક તો શુષ્ક - આકર્ષણ લેખકમાં બળવત્તર થતું ગયું છે.

શ્રી ભોળાભાઈ પટેલે ગુજરાતી સાહિત્યમાં સ્વકીય સર્જકમુદ્રાથી પોતાનું સર્જક તરીકેનું આગવું સ્થાન મેળવ્યું છે. તેમની ભાષાશૈલી ઘણી ધ્યાનાર્હ છે. શ્રી ભોળાભાઈને અસમિયા, બંગાળી, અંગ્રેજી, હિન્દી, ઓડિયા - જેવી ભાષાનો ખાસ્સો અભ્યાસ છે. આથી વિવિધ ભાષાના અવતરણો તેઓ સુઝબુઝપૂર્વકને ઔચિત્યસભર ટાંકી શકે છે. તો 'વિદિશા'માં સંસ્કૃત શબ્દોનો પણ ઉચિતપૂર્વક વિનિયોગ તેના નિબંધોમાં સાક્ષાત્કાર કરાવવા સમર્થ છે. સાદા, ટૂંકાને અસરકારક વાક્યો દ્વારા તેઓ ધાર્યું નિશાન તાકી શક્યાં છે. તેમની ભાષા ક્યાંય કૃત્રિમ કે કૃતક લાગતી નથી. ઘણુંખરું એમની ચેતનામાંથી જ અનાયાસ સ્ફૂરી આવે છે. આધુનિક

સર્જકો ભાષા પરત્વે જે પ્રયોગખોરી આદરે છે એવી હરકત શ્રી ભોળાભાઈના નિબંધોમાં દેખાતી નથી. તેઓ વિવિધ કવિઓની કવિચાઓ અવશ્ય ટાંકે છે પણ તે ભાવકોને સ્પર્શી જાય તેવી હૃદયગંમ બની છે. એક કલાકારની તટસ્થતા, સંયમ, તાદાત્મયથી આલેખાયેલાં કલ્પનાગત કે વાસ્તવિક ચિત્રણોના નિરૂપણમાં લેખકની શૈલી ઘણી ઉપકારક બની છે. તેમના નિબંધોમાં ચિત્રાત્મકતા, ગતિશીલતા, તાજગી, જીવંતતા વ્યંજના વક્રોક્તિની ચમત્કૃતિ - જેવી વિશેષતા ઘણી નોંધનીય છે. અંતમાં નિરંજન ભગતના શબ્દો ટાંકું તો -

> ''પ્રવાસલેખકના આ નિબંધો એમના વિષયને કારણે, એમાં જે સ્થળો છે તેને કારણે, એ સ્થળોના ઈતિહાસ - ભૂગોળને કારણે, એ સ્થળોના વર્ણનને કારણે તો આકર્ષક છે જ. પણ એથી ય વિશેષ તો એમની શૈલીને કારણે. એમાંય સવિશેષ તો લેખકની પરિપક્વ રસિકતા અને તીવ્રસૂક્ષ્મ સંવેદનાને કારણે સંતપર્ક છે.''

⌘ ⌘ ⌘



## (૮) રાજકીય પરિપ્રેક્ષ્ય પર કટાક્ષ આલેખતી કૃતિ : 'ગાંધીની કાવડ'.

રાજકીય પરિપ્રેક્ષ્યને આલેખતી નવલકથાઓ ગુજરાતી સાહિત્યમાં ઘણી ઓછી લખાય છે. આમ તો આપણી પ્રથમ નવલકથા ''કરણઘેલો''માં ગુજરાતના છેલ્લા રાજપૂતરાજા કરણ વાઘેલાના કુશાસનો ખ્યાલ આપી, મુસ્લિમ સલ્તનતના ગુજરાતના આગમનની વાત રજૂ થઈ છે.તો ગુજરાતી સાહિત્યની શ્રેષ્ઠ નવલકથા તરીકેની જેણે ખ્યાતિ મેળવી છે એવી ''સરસ્વતીચંદ્ર'' નવલકથામાં ગોવર્ધનરાય ત્રિપાઠીએ દેશી રજવાડાઓ, અંગ્રેજોના આગમન તથા દુનિયાના રાજકારણનું ઊંડું ને મર્મગ્રાહી ચિત્રણ કર્યું છે. આ સમયગાળા દરમ્યાન શ્રી ઈચ્છારામ સૂ. દેસાઈએ ''હિન્દ અને બ્રિટાનીયા'' કૃતિ આપી. આમા ભલે નવલકથાના સર્વગ્રાહી તત્ત્વો દશ્યમાન ન થતાં હોય છતાં તેમાં હિન્દ અને બ્રિટિશ શાસક વચ્ચેના સંબંધોની સમીક્ષા કરવામાં આવી છે. આ દષ્ટિએ જોવા જઈએ તો એ આપણી પ્રથમ રાજકીય પરિપ્રેક્ષ્ય આલેખતી નવલકથા ગણાય. તો કનૈયાલાલ મુનશીએ ઐતિહાસિક કથાવસ્તુ લઈને 'ગુજરાતનો નાથ', 'પાટણની પ્રભુતા', 'રાજાધિરાજ', 'પૃથ્વીવલ્લભ', 'ભગવાન કૌટિલ્ય'- આદિ નવલકથાઓ રચી છે. હાં, અત્રે નોંધવું જરૂરી છે કે, મુનશીનો હેતુ કોઈ રાજકીય નવલકથા લખવાનો નથી. છતાં મુનશીની 'સ્વપ્નદષ્ટા' અને 'તપસ્વિની' જેવી કૃતિમાં ઈ.સ. ૧૯૦૫ થી આઝાદી મળી ત્યાં સુધીના ભારતની રાજકીય

સ્થિતિનો ચિતાર આપે છે. ત્યારબાદ ગાંધીયુગમાં ધૂમકેતુ, ગુણવંતરાય આચાર્ય, ચુનીલાલ વ. શાહ, ચુનીલાલ મડિયા જેવાની નવલકથાઓમાં રાજકીય પરિબળો દશ્યમાન થાય છે. ગાંધીયુગના 'યુગમૂર્તિવાર્તાકાર' ર.વ.દેસાઈએ તો ગાંધીયુગની રાજકીય પરિસ્થિતિના પશ્ચાદ્ભૂમિમાં 'દિવ્યચક્ષુ', 'ગ્રામલક્ષ્મી', 'ભારેલો અગ્નિ' જેવી નવલકથાઓ આપી છે. તો ચુનીલાલ મડિયા પાસેથી 'સધરા જેસંગના સાળાનો સાળો' જેવી રાજકીય કટાક્ષ આલેખતી કૃતિઓ આપી છે. મનુભાઈ પંચોલી 'દર્શક' પાસેથી 'સૉક્રેટિસ' જેવી ગ્રીક સમયના રાજકારણને આલેખતી નવલકથા મળે છે. આમ, ગુજરાતી નવલકથામાં રાજકીય પરિપ્રેક્ષ્યમાં આલેખાયેલ ઘણી કૃતિઓ અવશ્ય મળે છે પણ આ નવલકથાઓનો મુખ્ય ઉદ્દેશ રાજકીય આલેખન કરવાનો નથી.

હરીન્દ્ર દવેની 'ગાંધીની કાવડ' લઘુનવલ આ દૃષ્ટિએ ઘણી ધ્યાનાર્હ બને છે. આખી કૃતિ રાજકીય કટાક્ષ આલેખતી એક સુશ્લિષ્ટ કૃતિ છે. એમાં કલાત્મકતા પણ ભારોભાર પડી છે. આ નવલકથામાં લેખકનો ઉદ્દેશ 'સમકાલીન પરિસ્થિતિ પર કટાક્ષ' આલેખવાનો છે. આઝાદી પછી માત્ર ગુજરાતમાં જ નહીં પણ સમગ્ર ભારતમાં ચૂંટણીલક્ષીને સત્તાલક્ષી રાજકારણના જે અખાડાઓ થાય છે તે આલેખવાનો લેખકનો હેતુ જ સુસ્પષ્ટ છે; ને એમાં શ્રી હરીન્દ્ર દવે સફળ રહ્યાં છે. ભારતને આઝાદી અપાવવામાં ગાંધીજીનો સિંહફાળો છે. આઝાદીની આ કાવડને લેખક 'ગાંધીની કાવડ' કહે છે. કાવડના બે પલ્લાઓ છે. શ્રી હરીન્દ્ર દવેએ અહીં બન્ને પલ્લાંઓને આલેખ્યાં છે. એક પલ્લાંમાં સાંપ્રત રાજકારણીઓના કાવાદાવા, ખુરશી માટેની



ખેંચતાણ, અંદરોઅંદર લડતા-ઝઘડતા, એકબીજાને ઉથલાવી પાડવા મથતા ખંધાને સત્તાલાલચુ રાજકારણીઓ છે. તો બીજાં પલ્લાંમાં છે મૂઠ્ઠીભર રાજકારણીઓના સુખ, સમૃદ્ધિ, વૈભવ વિલાસને કારણે પ્રજાની જે દયનીય સ્થિતિ છે એવી શોષિત - પીડિતપ્રજા છે. લેખક આ બન્ને પલ્લાંઓના આલેખનમાં વાસ્તવિક રાજકીય જગતનું માર્મિક ને હૃદયસ્પર્શી આલેખન કર્યું છે.

આ લઘુનવલનું વસ્તુ ઘણું માર્મિક છે. કથાની શરૂઆતમાં લેખકે કરુણાશંકર માસ્તરના પુત્ર ભનિયાને કોઈ સરસ સ્કૂલબેગ ભેટમાં આપે છે ત્યાંથી થાય છે. કરુણાશંકર એક આદર્શ, ચારિત્ર્યવાનને નીતિમાન શિક્ષક છે - માણસ છે. તેઓ અસદ્ના માર્ગે ક્યારેય ધન-વૈભાવ મેળવવામાં માનતા નથી. ભનિયો-ભાનુશંકર આવી સરસ મજાની બેગ લઈ આવે છે આથી કરુણાશંકર માસ્તર ચોંકી જાય છે. ભનિયાને પૂછે છે પણ ભનિઓ પણ આ ભેટ આપનારને ઓળખતો નથી. આ ભેટ જે દુકાનેથી લઈ આપી એનું નામ જણાવતા કરુણાશંકર એ દુકાને જઈ માહિતી મેળવે છે. તો જાણવા મળે છે કે, આ ભેટ તો જગમોહન ભારાડી નામના મોટા નેતાએ લઈ આપી છે. માનો કે, કરુણાશંકર આખા હચમચી જાય છે. એક ક્ષણે તો આ ભેટને ફેંકી દેવાનો કે એની કિંમત જેટલી જ રકમ દાનમાં આપી દેવાનું એમને મન થાય છે. કરુણાશંકર કંઈ સમજે એ પહેલા એક પછી એક એવી ઘટનાઓ (પૂર્વ આયોજિત) ઘટવા લાગે છે કે, કરુણાશંકર ધીમે ધીમે ખંધા રાજકારણી એવા જગમોહનની પકડમાં આવતાં જાય છે. અત્યાર સુધી જગમોહનને જે ગાળો ભાંડતા થાકતા ન હતાં એવા કરુણાશંકર એ જ જગમોહનના

ગુણવાન કરવા લાગી જાય છે. કરુણાશંકર હજુ કંઈ વિચારે ત્યાં તો ખુદ વડાપ્રધાનના હસ્તે અભિવાદન કરવામાં આવે છે. બોર્ડના સભ્ય તથા શાળાના સલાહકાર તરીકે એમની નિયુક્તિ કરવામાં આવે●છે. એમની પત્ની લક્ષ્મીને ચરખાસંઘની મંત્રી તથા ભનિયાને - ભાનુપ્રસાદને પણ યુવા નેતા તરીકે પ્રસ્થાપિત કરી સૌનો ખેલ પાડે છે. કરુણાશંકર ક્ષણભર તો ડઘાઈ જાય છે છતાં સામે આવેલી સ્થિતિમાંથી નીકળવા માગે છે. ત્યાં જ ખૂન જેવી ઘટનામાં એમના પરિવારની ફસામણીથી હતપ્રભ બની રહે છે. કૃતિના અંત ભાગમાં કરુણાશંકરની ડાગળી ખસી જાય છે. અહીં સત્તાલક્ષીને ગંદા રાજકારણે કરુણાશંકર જેવા સિદ્ધાંતવાદી માણસના વ્યક્તિત્વને ખનન કરવા સુધીની વાતને લેખકે કુશળતાથી આલેખી છે. લધુનવલકથાના અંત ભાગમાં એક પાગલના મુખેથી બોલાતાં શબ્દો ઘણા સૂચક છે :

> "આ કાવડ છે. ૧૯૪૭ ની સાલથી હું એ ઊંચકું છું. રોજ એનો ભાર વઘતો જ જાય છે. અને એ કાવડમાં એક પલ્લામાં કોઈએ મોટી ખુરશી મૂકી દીધી છે. એના પરથી તરેહ તરેહના માણસો ગગડી પડે છે અને તરેહ તરેહના માણસો ઠેકીને તેના પર બેસી જાય છે.
>
> 'વાહ',
>
> 'કેટલીક વાર તો તેઓ પલ્લામાં જ મારામારી કરે છે. કોઈ કૂદી પડે, કોઈ ઠેકીને અંદર ચડે કે કોઈ લડાલડી કરે ત્યારે મારો ખભો છોલાઈ જાય છે. કાવડનો બીજો છેડો સંભાળી શકાતો નથી.'
>
> 'એ છેડો શું છે ? તેના જવાબમાં કહે છે.



> 'ત્યાં હિન્દુસ્તાનની પ્રજા છે. જુઓ, આ કરોડો માણસના સમૂહમાં એક ખૂણે તમે પણ છો.'

'ગાંધીની કાવડ' માં વૈવિધ્યસભર પાત્રસૃષ્ટિ પણ ધ્યાનાર્હ બને છે. એક બાજુ આદર્શવાદી, ભાવનાશીલ, ચારિત્ર્યવાન એવા કરુણાશંકર માસ્તર છે તો બીજી બાજુ સત્તાલાલચુ ખંધા ને દૃષ્ટ, રાજકીય રમતના દાવના પાવરધા એવા જગમોહન, સમેતસિંગ જેવા ખલનાયકો પણ છે.

કરુણાશંકર માસ્તર આ લઘુનવલનું મુખ્યપાત્ર છે. તેઓ ચારિત્ર્યવાન, સિદ્ધાંતવાદી અને એક આદર્શ શિક્ષક છે. તેમણે પોતાની ગરીબાઈને તેના સદ્‌ચારિત્ર્યથી દીપાવી છે. તેઓ ગાંધીજી સાથે સ્વાતંત્ર્યની લડતમાં જોડાયા હતા. તે સમયે ગાંધીજીએ સૌરાષ્ટ્રના પ્રધાન થવાનું સૂચવ્યું હતું પણ તે સમયે કરુણાશંકર વિનમ્રભાવે એ પદનો અસ્વીકાર કરી શિક્ષકના માનભર્યા દરજ્જાને પસંદ કરે છે. વર્ષો વીતે છે તેમ માસ્તરને લોકો પંતુજી તરીકે ઓળખાવવા લાગે છે. સ્વાતંત્ર્ય લડત દરમ્યાન જે સ્વયંસેવકો કરુણાશંકરનો પડ્યો બોલ ઝીલતાં એ જ પ્રધાનો બનીને એમની જ સ્કૂલમાં આવીને કરુણાશંકરને દબડાવી જતાં ત્યારે કરુણાશંકર એમની નિંદા કરવા લાગી જતાં. કરુણાશંકરનો ખપ પૂરતો ઉપયોગ કરે છે. કરુણાશંકરની આંખ ઊઘડે તો ખરી પણ ત્યાં સુધીમાં ઘણું મોડું થઈ ગયું હોય છે. કરુણાશંકરનું પાત્ર ઘણી જ મથામણ અનુભવી નવલકથાના અંતે પાગલખાનામાં ભરતી જાય છે. ત્યાં પાગલોની હાલત જોઈને કરુણાશંકર માસ્તરના અનેક રૂપો આલેખ્યાં છે. એક આદર્શ શિક્ષક, દેશપ્રેમી, આજીવન સેવાવ્રત ધારણ કરનારા

કરુણાશંકર તો બીજી આઝાદી પીસ એક વેદિયાની છાપ ધરાવતા કરુણાશંકર, ત્રીજા જગમોહન ભારાડી જેવા સત્તાલાલચુ નેતાને કારણે રાજકીય ખટપટોમાં ખરડાતા કરુણાશંકર ત્યારબાદ વેદના અને મનોમંથન અનુભવતા કરુણાશંકર, અંતે એક પાગલ કરુણાશંકર - એમ વિવિધ સ્વરૂપો લેખકે આલેખ્યાં છે. અહીં કરુણાશંકરનું કારુણ્ય હૃદયસ્પર્શી બને છે.

આ નવલનું બીજું મહત્ત્વનું પાત્ર છે - જગમોહન ભારાડી. જે એક ખંધો, રાજકીય શતરંજના દાવનો પાવરધા છે. તે ગંદા રાજકારણનો ભારાડી છે. ચૂંટણી પૂર્વે પોતાની ભુંસાયેલી પ્રતિભાને સુધારવા માટે ગાંધીવાદી એવા કરુણાશંકરનો ભરપૂર ઉપયોગ કરે છે. ને એમાં એ સફળ પણ રહે છે. તે પોતાના વાણીવર્તનથી અને વિવિધ પ્રયુક્તિઓથી કરુણાશંકર પ્રભાવિત કરે છે. આમ જોવા જઈએ તો જગમોહનમાં 'મોહન' શબ્દ રહેલો છે. તેમાં 'ગાંધી'નો ધ્યાનાર્હ રહેલો છે. પણ આ ગાંધી વાદી તો છે પણ દંભી, તેમાં નીતિ, મૂલ્યો કે આદર્શોના કોઈ પ્રસ્થાપિત મૂલ્યો નથી. તે નર્યો દંભી ગાંધીવાદી છે. તે સામ, દામ, દંડ, ભેદ જેવી વૃત્તિઓથી કરુણાશંકર જેવા સત્ત્વશીલ વ્યક્તિત્વને પણ એના રંગમાં રંગવા પ્રયત્ન કરે છે. એ દૃષ્ટિએ જગમોહન આપણા દંભી, સત્તાલાલચુ, પ્રપંચી દૃષ્ટ રાજકારણીઓનું પ્રતિનિધિત્વ કરે છે. સમેતસિંગ આમ જોવા જઈએ તો આ નવલકથાનો ખલનાયક છે. તે જમીનદાર છે. એ શોષણખોર ને અત્યાચારી પણ છે. તો ભનિયો - ભાનુપ્રસાદ જગમોહન ભરાડીના હાથે પહેલું-વહેલું મ્હોરું બનનારું પાત્ર છે. જે જગમોહનના હાથમાં કઠપૂતળી જેમ નાચે છે. તો લક્ષ્મી



કરુણાશંકરની એક સીધી-સાદી ગૃહિણી છે. જે ગાંધીવાદી વિચારો ધરાવે છે. સ્વાતંત્ર્ય સંગ્રામ અને એ પછી પણ કરુણાશંકરની પ્રવૃત્તિને મૂંગે મોઢે બળ આપે છે. કહીએ કે, આત્મભોગ આપે છે. આ ઉપરાંત એડીસી ઘોષ, રામદાસ, શ્યામસુંદરજી, સર્વોદયના કાર્યકરો, વિરોધપક્ષના નેતાઓ, પોલિસ ઈન્સ્પેક્ટર આદિ પાત્રો પ્રસંગાનુરૂપ આલેખાયાં છે. એમના વાણી વર્તનમાં એ પાત્રોની સાર્થકતા આપોઆપ પ્રગટ થતી રહે છે.

શ્રી હરીન્દ્ર દવેએ અહીં કુલ ૫- પ્રકરણોમાં કુલ ૨૭- દશ્યોમાં કથાવસ્તુને વિસ્તાર્યું છે. દરેક દશ્યને આગલા દશ્ય સાથે બરાબર સાંકળવામાં આવ્યું છે. દરેક પ્રકરણ પણ એકબીજા સાથે બરાબર સુસંકલિત, સુશ્લિષ્ટ રજુઆતથી સંઘેડા ઉતાર બની રહ્યું છે. 'ગાંધીની કાવડ' લઘુનવલની સંવાદકલા પણ ઘણી ધ્યાનાર્હ બની છે. શ્રી હરીન્દ્ર દવે આમ તો એક નાટ્યકાર પણ છે. આથી નાટ્યોચિત્ત સંવાદો રચવાનું કૌશલ એમને સહજ હોઈ એ સ્વાભાવિક છે. અત્રે એ નોંધવું જોઈએ કે એમના સંવાદોમાં નાટ્યાત્મકતા અવશ્ય છે પણ માત્ર નાટકીયતા નથી - ચિત્રાત્મકતા છે. કરુણાશંકર અને જગમોહન વચ્ચેનો સંવાદો અનુ ભનિયા વચ્ચેના સંવાદો, એડીસી ઘોષ અને કરુણાશંકર વચ્ચેના સંવાદો તથા પાગલ અને કરુણાશંકર વચ્ચેના સંવાદો ઘણા ધ્યાનાર્હ, બન્યાં છે. એડીસી ઘોષ અને કરુણાશંકર વચ્ચેનો સંવાદ જુઓ :

> ''જે હશે એ દેખાશે તો ઠાકુર ઉઘાડો પડશે. ઠાકુરની સાથે
> હું એક મંચે નહી બેસું'
> 'માસ્તર, તમને એક તમારા હિતની વાત કહું?''

'બોલ.'

'જુઓ, અત્યારે કોઈ ખોટી ધાંધલ ન કરતા. સાહેબ કહે તેમ કરજો. ઠાકુરની સાથે ટકરાવવામાં કોઈ સાર નથી. ઠાકુરની સાથે હસીને વાત કરજો. તમારું તો ઠીક છે તમે પરવારી બેઠા છો. તમારો ભનિયો તો તમને વહાલો છે કે નહીં ?

'એટલે●. ?'

'બીજું કંઈ નહિ પણ તમે સતવાદી થઈ પંકાવાના નથી. મહાત્મા ગાંધીનું નામ ફળે છ, પણ ગાંધી થવામાં માલ નથી. ભનિયાની જિંદગી સુધારી દેવી કે, ભનિયાનું ધનોતપનોત કાઢવું એ બધાનો આધાર ગાંધી મહાત્માનું નામ તમે કઈ રીતે લ્યો છો તેના પર છે.''

'ગાંધીજી કાવડ' ની ભાષાશૈલી સાદીને સરળ છે. એટલી જ સુબોધ પણ છે. તેમાં સાહિત્યિક અભિયોગ ચરિતાર્થ થતો જોવા મળે છે. લેખક નહીં તળપદી કરતાં શિષ્ટભાષાનો કલોચિત વિનિયોગ કર્યો છે.

ટૂંકમાં 'ગાંધીની કાવડ' માં લેખકે જીવનમાં જે મૂલ્યોના હ્રાસ થતો અનુભવાય છે ત્યારે આજની પ્રજા અને રાજકારણી સૌને આત્મનિરીક્ષણ કરવા પ્રેરે એવું સચોટ આલેખન અ નવલકથામાં કર્યું છે. અહીંલેખકે જગમોહન જેવા નેતાઓ સામે જ નહીં પણ દેશની નિર્માલ્ય - લાચાર  પ્રજા સામે પણ લાલ બત્તી ધરી છે. અંતમાં હરીન્દ્ર દવેના જ શબ્દો ટાંકું છું -



''આ કૃતિમાં સમકાલીન પરિસ્થિતિ પર કટાક્ષ છે. પરંતુ એના કેન્દ્રમાં હું તમે - આપણે - તેઓ સૌ છીએ. આપણા સૌમાં કરુણાશંકર માસ્તર જેવો એક નિષ્ઠાવાન માણસ બેઠો છે : એને ભ્રષ્ટ કરવા માટે આતુર એવા વાતાવારણની ભીંસમાં.''

⌘ ⌘ ⌘

## (૯) ઉપેક્ષિત વર્ગની માતાની વેદના આલેખતી વિષાદમયી કથા : 'રાધા'.

અર્વાચીન ગુજરાત સાહિત્યમાં પૌરાણિક અને ઐતિહાસીક વિષયને આલેખતી ઘણી નવલકથાઓ લખાઈ છે. ગુજરાતીમાં ક.મા.મુનશીએ પોતાની સર્જકપ્રતિભાના બળે ''ભગવાન પરશુરામ, 'લોપામુદ્રા', 'કૃષ્ણાવતાર'- જેવી પૌરાણિક કથાઓ આલેખતી કૃતિઓ રચી છે ને એમાં તેઓ ખાસ્સા સફળ પણ રહ્યાં છે. ત્યારબાદ ર.વ.દેસાઈ, પન્નાલાલ પટેલ, દર્શક, રઘુવીર ચૌધરી, જેવા ઘણાં નવલકથાકારોએ પૌરાણિક વિષયને આલેખતી કૃતિઓ આપી છે. આ નવલકથાકારો મુનશીને પગલે ચાલીને ગુજરાતી નવલકથામા નવ્ય ઉન્મેષો પ્રગટાવે છે તેમાં ઈલા આરબ મહેતા એક સ્ત્રી લેખિકા તરીકે પણ ધ્યાનાર્હ છે.

ઈલા આરબ મહેતા પાસેથી 'બત્રીસ પુળતીની વેદના', 'અને મૃત્યુ', 'શબને નામ નથી હોતું', 'આવતી કાલનો સૂરજ', 'વારસદાર', 'એક હતા દીવાન બહાદુર', 'થીજેલો આકાર', 'ત્રિકોણની ત્રણ રેખાઓ', 'રાધા'- જેવી અનેક નવલકથાઓ મળી છે. તેમાં  તેમની 'રાધા' નવલકથા ઘણી લોકપ્રિય અને પ્રશંસાપાત્ર બની છે.

ઈ.સ. ૧૯૭૨માં પ્રગટ થયેલી 'રાધા' નવલકથાની આજ સુધીમાં ત્રણ આવૃત્તિઓ પ્રગટ થઈ છે એજ એની લોકપ્રિયતા



સૂચવે છે.

રાધા-નું પાત્ર તો સૌ કોઈ પરિચિત છે એ રાધા છે કૃષ્ણની પ્રિયતમા, સખી. જ્યારે ઈલા આરબ મહેતાને કૃષ્ણતની સખી રાધાની વાત નથી કરવી, તેણે વાત કરવી છે મહાભારતમાં આલેખાયેલી, અલ્પપરિચિત, કર્ણને ઉછેરનાર રાધાની. આ રાધા એવી છે જેણે જીવનમાં હરપળે મહાભારત અનુભવ્યું છે. આ મહાભારત કોઈ શસ્ત્રોથી ખેલાતા નથી પણ, વર્ગભેદના છે. લાગણીઓના છે. સંકલ્પ, વિકલ્પ અને સ્વપ્ન સૃષ્ટિના છે. આકાંક્ષા અને એની એષણાંના છે. 'રાધા' લઘુનવલની પ્રસ્તાવનામાં લેખક લખે છે;

> ''... કર્ણની મા - કુંતી નહિ રાધા વિશે મારે લખવું છે !
> હાં.... આ કથા છે મહારાજા શોભનદેવના મહારથી
> સારથિ સોમપ્રભની પુત્રી રાધાની.''

મહાભારતનાં અનેક પાત્રો આજે પણ એટલાં જ જીવંત છે. મહાભારતમાં કેટલાંક પાત્રો ઉપેક્ષિત પણ રહ્યાં છે એવું સૌથી વધુ ઉપેક્ષિત પાત્ર છે રાધાનું. તેની પાછળનું કારણ એક જ કે, તે શૂદ્રકન્યા હતી. એક અત્યંજકન્યા હોવાના નાતે રાધાએ જીવનભર ઉપેક્ષિત થતું રહેવું પડે છે. આ 'રાધા' લઘુનવલમાં એક નિરીહ નારીની કથા છે જેના જીવનમાં વર્ગ ભેદ નીતિને કારણે આજીવન વેદના જ નિર્માઈ છે.

ઈલા આરબ મહેતાએ આ લઘુનવલ સાત ખંડોમાં છે.કથાની શરૂઆતથી જ લેખિકાએ ભાવની જિજ્ઞાસાને સતત ઝકડી રાખી છે. પ્રથમ પ્રકરણમાં રાધાના સ્વપ્ન, શૂદ્રજાતિમાં જન્મેલાં માનવીના

જીવનનો, તેની યાતનાઓનો પરિચય સફાઈપૂર્વક કરાવ્યો છે. અમાસની અંધારી રાત, સમંગાના નીર, કાંઠા પરના વૃક્ષો, માટીના ઘર - વગેરે દ્વારા લેખિકાએ શૂદ્ર જીવનની થોડી ઝાંખી કરાવી છે. લેખિકાએ વર્તમાન અને ભાવિના સમણે ઝૂલતી અઢાર વર્ષની નવયૌવના રાધાનો પરિચય કરાવ્યો છે. વાત તો છે ગઈ કાલની. એના કાને એક વાક્ય વારંવાર ગૂંજતું રહે છે - 'નદી - કિનારે તમારું ઘર છે ખરું ? હું જરૂર આવીશ.' રાધા રાજકુમારી વિદ્યાધરીને સમંગાના પ્રવાહમાંથી જીવને જોખમે ઊગારી હતી ત્યારે ઉત્તુંગ નામનો રાજકુમાર રાધાનો આભાર માની આ વાક્ય ઉચ્ચારે છે. આ સાંભળીને જેમ ખેતરમાં વાવેલા બીજના જેમ કૂણાં-કૂણાં અંકુર ફૂટી નીકળીને એક કોમળ, નયનરમ્ય ચિત્ર સર્જાય, સૂકી ધરતી પર મેઘની પ્રથમ વર્ષા થાય ને માટીની મધુરી મહેકથી ધરા મધમધી ઊઠે તેમ પ્રથમ પ્રણયની એવી જ કોમળતા, એવું જ માધુર્ય રાધા અનુભવી રહી હતી. તો વળી આ સાથે જ રાધા જ્યારે વિનતા જેવી સખીના દઝાડતા કર્કશ શબ્દો સાંભળે છે ત્યારે એના કુમળા હૃદય પર જાણે કરવત ચાલતી હોય એવી વેદના અનુભવે છે - "અરે ! એ તો શૂદ્ર કન્યા છે." આ શબ્દોથી રાધાનું હૃદય ક્ષોભ, ક્રોધ અને દુઃખથી અપારવેદના અનુભવવા લાગે છે. લેખિકાએ રાધાનું મનોગત કુશળતાથી આલેખ્યું છે. "શૂદ્ર.... શૂદ્ર.... માનવી જન્મે એટલે એના કપાળમાં કલંકનું આવડું મોટું ટીલું લગાડી દેવામાં દેવનેય શો આનંદ આવતો હશે ?" ક્ષણ પહેલાં અનુભવેલી પ્રસન્નતા અને પ્રેમના ઉમળકાનું સ્થાન વિષાદ લે છે.

રાધાના પિતા સોમપ્રભ જ્યારે યુવાન હતાં ત્યારે પોતાના



નિત્યકર્મથી (સારથિપણા) ભલભલા રાજાઓને યુદ્ધમાં વિજય અપાવેલાં. જેમની નામના સાંભળીને દૂર દૂરથી આકર્ષાયને અનેક લોકો તેમની પાસે અશ્વવિદ્યા શીખવા આવતા. એ જ સોમપ્રભનો દેહ આજે વિષણ્ણ બની ગયો હતો. તો બીજી બાજુ મુગ્ધાવસ્થામાં રાધાને પ્રથમ વખત એના હૈયાના દ્વારે કોઈ ટકોર મારી ગયું હોય એવી અનુભૂતિ થઈ રહી હતી. તેનો પ્રાણ પુલકિત બનીને ઊઘડું - ઊઘડું જળ રહ્યો હતો. આવા તાણાવાણામાં ગૂંચવાયેલી રાધામાં કુલાભિમાન અને સ્વાસ્થ્ય પણ એટલા જ ભર્યાં પડ્યાં છે. એ ચોક્કસપણે માને છે કે - "માણસ માત્ર જન્મથી શુદ્ર હોય છે સંસ્કારથી બ્રાહ્મણ બને છે."

ત્યાં જ લેખિકાએ બીજી ઘટના આલેખી. પોષ મહિનામાં નગરજનો વસંતોત્સવ મનાવવા વનમાં શંકરના મંદિરે એકઠાં થાય છે. કોઈ સમજે ના સમજે તેવી એક ઘટના બની જાય છે. બે અશ્વો બિનલગામ બનીને આખા પરિસરમાં હાહાકાર મચાવે છે. રાધાને એની લાત પણ લાગે છે ત્યાં જ એક કસાયેલા દેહવાળો એક યુવાન છલાંગ મારીને સિંહ જેવી ચપળતાથી કૂદીને મહા મહેનતે ઘોડાઓને વશ કરે છે. રાધા વગેરે સખીઓ પાસે આવી વિનમ્રતાથી કહે છે - "નમસ્કાર દેવી ! હું રાજકુટુંબનો સારથિ અધિરથ આપને પ્રણામ કરું છું આપની સખીને બહુ પીડા તો નથી થઈને ?" - આ હતાં અધિરથના શબ્દો. ઉત્તુંગને ઝંખતી રાધાનો અધિરથ સાથેનો પ્રથમ મેળાપ. ઉત્તુંગને જ્યારે જોયો ત્યારે રાધાના હૃદયમાં પીડાની અનુભૂતિ થઈ હતી જ્યારે અધિરથને જોતાં હૈયામાં કોઈ પ્રચંડ ધબકારા રમી રહ્યાં હતાં. ઉત્તુંગને જોતાં જીવ જાણે મૂઠ્ઠીમાં આવીને

સમાઈ જતો હોય એવા સ્પંદનો ધડકતે હૃદયે તરફડાટ અનુભવતો હતો. જ્યારે અધિરથની આકૃતી, એનું સૌજન્ય વ્યક્તિત્વ રાધાના હૃદયને સ્પર્શી જાય છે. વિનતા ત્યાં પણ કંઈક એવાજ શબ્દો ઉચ્ચારે છે - ''હતો તો શૂદ્ર પણ કેવો લાગતો હતો ! જાણે કોઈ ક્ષત્રિય યોદ્ધો !'' જોકે, રાધા તેનો દૃઢ અવાજમાં જવાબ આપે છે - ''સુંદર અને પૌરુષયુક્ત લાગવાનો અધિકાર માત્ર ક્ષત્રિયવીરોનો જ નથી હોતો સમજી વિનતા.'' રાધાને પ્રત્યેક ક્ષણે થતી પોતાની - શૂદ્રોની ઉપેક્ષા અકળાવી મૂકે છે. રાધાના હૈયાનો ઉકળતો રોષ આખરે જીભ પર આવી જાય છે. - ''નીચ કુળ.... નીચ કુળ.... દિવસ રાત એ શબ્દોનું વિષ અમારા કાનમાં શા માટે રડો છો ? નદી પર્વતમાંથી પણ વહે, પુષ્પો પહાડ પર ઊગે ને કાદવમાં પણ થાય... વિનતા ક્યાં જન્મ લેવો એ માનવીના અધિકારની વાત નથી પણ જન્મ કેમ ગાળવો એ એના હાથમાં છે. અમારાં પૌરુષ પરાક્રમ, સેવા એ તમામ માત્ર અમારા કુળને લીધે જ શૂન્ય બની જાય ?''

લેખિકાએ ત્યારબાદ ઘટનાઓને ઝડપથી આલેખી છે. રાધા અધિરથની માતાની સેવા કરે છે. આવા જ સમયે એક દિવસ ઉત્તુંગ નશાની હાલતમાં આવે છે. રાધા સાથે નૌકાવિહાર કરતાં એમના મુખેથી બોલાતાં શબ્દો જુઓ -

''મૃગયા કરવી. પછી તે મૃગોનો હોય કે સ્ત્રીઓની !'' આવા શબ્દોથી રાધા ક્ષણભર પણ ડઘાતી નથી અને તુરંત જવાબ આપે છે,-'' રાજકુમાર, હું કન્યા છું, સ્વાધીન નથી. મારા પારિગ્રહણ સિવાય મારા પર કોઈ પુરુષનો અધિકાર નથી.' આખરે મદ્યપાનના નશામાં તે શુદ્ધિ ખોઈ બેસે છે. રાધા ઘણી સલૂકાઈથી પોતાના શીલને



બચાવી લે છ. પેલી સુખાકારી પીડા હવે મટી ગઈ હતી રહી હતી માત્ર વ્યગ્રતાની લાગણી, શૂન્યતાની લાગણી. રાધા હવે અધિરથ સાથે સ્વપ્નસૃષ્ટિ રચે છે. અધિરથની માતાનું મૃત્યું થવું, ઉત્તુંગના હાથમાંથી અધિરથને બચાવવો- વગેરે ઘટના ઝડપભેર બને છે. રાધા અધિરથને ઉત્તુંગના સકંજામાંથી છોડાવે એવી ઘટના કદાચ ઘણાંને અપ્રતીતિકર લાગવા સંભવ છે. છતાં, એક અત્યંત દયનીય પરિસ્થિતિમાં પહોંચેલી વ્યક્તિ આવી સ્થિતિમાં સામો પ્રહાર કરવાની શક્તિ સ્વયંભૂ મેળવી લે છે એ પણ એટલું જ પ્રતીતિકર છે. ઈલા આરબ મહેતા આધુનિક લેખિકા છે. આ યુગની સ્ત્રી સ્ત્રીસ્વાતંત્ર્ય કે સમાનતા માટે જે ક્રાન્તિકારી પગલાં ભરે એવું જ રાધાના પાત્રમાં આલેખન થયું છે. મહાભારતની દૃષ્ટિએ પણ જોઈએ તો કેટલીક સ્ત્રીઓ પરદા પાછળ રહીને પણ ઘણી પ્રવૃત્તિ કરે છે.

અધિરથની માતાના અંતિમ સંસકાર વખતે રાધા પણ સમંગાના પાણીમાં પગ રાખી વિચારશૂન્ય દશામાં બેઠી છે. ત્યાં એનાં પગમાં કશુંક અથડાય છે. નાનાકડી નેતરની પેટીમાં રેશમી કાપડમાં વીંટાળેલ એક નાનકડા શીશુના કંઠમાંથી નીકળતા રુદનમાં સમસ્ત જગતનુ નાદમાધુર્ય જાણે ઠલવાતું અનુભવાય છે. એનો વર્ણ ઝળહળતા સૂર્ય જેવો તેજસ્વી હતો. રાધા આ અણધારી પ્રભુભેટથી ગદ્ગદિત થઈ જાય છે. એક જ દિવસે સ્વામી અને પુત્રને મેળવી રાધા ધન્ય ધન્ય થઈ જાય છે. રાધાનું સર્વ દુઃખ જાણે અદૃશ્ય થઈ જાય છે. તે કર્ણને - વસુષેણને માત્ર સારથિ નહીં પણ મહાપરાક્રમી, અતુલ બળશાળી, દાનવીર, માનવ શ્રેષ્ઠ બનાવવાના સ્વપ્ન જોવા લાગે છે અને કર્ણને પોતાના પતિના મિત્ર સોમેશ્વર સાથે અસ્ત્ર-શસ્ત્ર વિદ્યા માટે મોકલી આપે છે.

આમ જોવા જઈએ તો આ લઘુનવલ છે છતાં લેખિકાએ કથાપ્રવાહ ઘણો વિસ્તાર્યો છે. અહીં એકલવ્યની કથાને પણ લેખિકાએ કુશળતાપૂર્ક આલેખી છે. એકલવ્ય સાથે રાધાની અચાનક મુલાકાત થાય છે. પોતાના બાહુબલ પર ઊભો થયેલો એક તેજસ્વી યુવાન જોઈને રાધાની છાતી ગજગજ ફૂલવા લાગે છે. થોડા સમય બાદ કર્ણ ઘરે પરત ફરે છે એના મુખ પરની ગ્લાનિ રાધાને અકળાવી મૂકે છે જ્યારે કર્ણને એકલવ્યની વાત કરી તેની ઉદાસીનું કારણ પૂછે ત્યારે કર્ણ કહે છે :, “કશું નહિ માં ! પણ... પણ તું કાલે જઈને એ ભીલકુમારને કહી આવીશ કે, એની વિદ્યાસાધના બંધ કરે ? શૂદ્રો તપ કરવાનો અધિકાર નથી.” કર્ણ તો એથી પણ આગળ વધીને કહી દે છે, : હા માં, પૂર્વે રાજા રામચંદ્રના રાજ્યમાં શમ્બૂક નામે શૂદ્ર તપ કરતો હતો ત્યારે રામ એને હણવા ગયા હતા. એકલવ્યને કહેજે ક્ષત્રિયો ભીરુ છે - એમને ભય છે આપણાં તપનો, આપણાં પરાક્રમોનો, આપણી વિદ્યાનો. ભગવાન દ્રોણાચાર્ય ગુરુ નથી, પાંડવોને વિદ્યા વેચનાર વૈશ્ય છે. અર્જુનની સ્પર્ધામાં એ એકલવ્યની કલ્પના પણ ન કરી શકે.” કર્ણના શબ્દો રાધાની છાતીને ભેદી રહ્યાં હતાં. કર્ણ પાસે પરશુરામે જે વ્યવહાર કર્યો તેનાંથી રાધાનું કોમળ હૈયું તૂટી જાય છે. બીજી વખત એકલવ્યને મળવા જાય ત્યારે રાધાને કર્ણના શબ્દો સાચાં પડતાં દેખાયા છે. એકલવ્યને તેમની સાધના વિષે પૂછતાં એકલવ્ય કહે છે. “મા, જુઓ, દ્વારે યાચક આવે ને તે ય ભગવાન દ્રોણાચાર્ય જેવા. એકલવ્યનું ભાગ્ય તો જુઓ ! મેં અંગૂઠો કાપી આપ્યો. સુંદર સુશોભિત મંદિરમાંથી જેમ મહાદેવનું લિંગ ઉખાડી નાખ્યું હોય તેમ એકલવ્યની હથેળી શોભતી હતી.



ઈલા આરબ મહેતાએ અહીં રાધાના મનોસંઘર્ષ, મૂંજવણ-મંથનાદિને ઊંડાણથી પ્રગટાવ્યું છે. જ્યારે પરશુરામ જેવા ભગવાનના મુખેથી કર્ણને કહેવાયેલા શબ્દો કર્ણના મુખેથી સાંભળે છે ત્યારે એમનું હૃદય ખિન્ન થઈ કહી ઊઠે છે : ‘શિક્ષા ? કાદવમાં જન્મેલા કીટને શું કાદવમાં રહેવાની શિક્ષા ?’ કોણે કહ્યો આ ધર્મ ?, કોણે આપ્યો છે આ અધિકાર ?”- આવો બળબળતો લાવા રાધાના હૈયાને દળે છે - વિહારે છે.

પછી તો કર્ણની દુર્યોધન સાથે મૈત્રી થતાં અંગદેશનો રાજા બને છે. પણ, કર્ણમાં આવેલા પરિવર્તનથી રાધાના હૃદયમાં ઔર સનેપાત વ્યાપે છે. વળી લેખિકાએ કુંતી અને રાધાનો ભેટો કરાવ્યો છે. અહીં વાર્તામાં એક નવો જ વળાંક આવે છે. બે નારી હૃદયની - બે માતૃહૃદયની એક પુત્ર માટેની મમતા લેખિકાએ ઘણી હૃદયસ્પર્શી બનાવી છે.

‘રાધા’ લઘુનવલની વસ્તુગૂંથણી ઘણી પ્રચલિત ન હોવા છતાં લેખિકાને ઘણો વાર્તાયશ અપાવે છે. મહાભારતની કથાની સાથે લેખિકાએ કલ્પનાના રંગનું ઉમેરણ કરીને, વાર્તારસથી છલકાવીને ભાવકને રસઘેલાં કર્યાં છે. ભાષાની સરળતા ને સુંદરતા ઘણી ધ્યાનાર્હ છે. નયમરમ્ય ને મનોરમ્ય વર્ણનો, સચોટ સંવાદ આલેખન તેમજ લેખિકાની કલ્પનાસુઝ ઘણી અભિનંદનને પાત્ર છે. ઈલા આરબ મહેતાએ આ લઘુનવલમાં રાધાની મમતા, રાધાની સેવાવૃત્તિ, રાધાની સંસ્કાર એષણા, રાધાના માતૃહૃદયની કોમળતાની છબીનું આબેહૂબ આલેખ આ કથાને લોકપ્રિય બનાવે છે.

અહીં રાધાના પાત્ર દ્વારા લેખિકાએ જે વર્ણભેદના કારણે મહાભારત સર્જાયું છે તેનું કલાત્મક ને કાલ્પનિક આલેખન વાચક ઘણું સ્પર્શી ગયું છે. ઈલા આરબ મહેતા એક સ્ત્રી હોવાના નાતે તેને આવી એક ઉપેક્ષિતા માતાનાં હૈયાનાં ક્રંદનનું વસ્તુ મળ્યું એ ગુજરાતી નવલકથા માટે આનંદની ઘટના છે. અહીં એક નહીં અનેક મહાભારતો છે જે છે વર્ગભેદનાં, લાગણીઓનાં, ભાવોનાં, સંકલ્પ, વિકલ્પને સ્વપ્નસૃષ્ટિનાં. આકાંક્ષા અને એષણાંના છે. ઈલા આરબ મહેતા કોઈ દલિતસર્જક નથી પણ એક સ્ત્રી છે. સ્ત્રી હોવાના નાતે જ મહાભારતના એક સુંદર ને આદર્શપાત્ર છતાં ઉપેક્ષિત રહેનાર રાધાના હૈયાને વાચા આપી છે. 'રાધા' લઘુનવલ એકી બેઠકે વાંચવાનું મન થાય એવી કૃતિ છે. લેખિકાને ધન્યવાદ !

⌘ ⌘ ⌘



## (૧૦) છીછરું જીવન જીવતા નાયકની કથા : 'આજન્મ અપરાધી'

ગુજરાતી નવલકથા ક્ષેત્રે શ્રી જૉસેફ મૅકવાનનું નામ ચર્ચાસ્પદ ને એટલું જ આદરણીય છે. 'આજન્મ અપરાધી'- નવલકથા 'જન્મભૂમિ-પ્રવાસ'માં 'ભાવાટવિ'માં ધારાવાહી નવલકથારૂપે પ્રગટ થઈ અને પુસ્તકરૂપે ૧૯૯૫માં પ્રકાશિત થાય છે. શ્રી જૉસેફ મૅકવાનનું નામ સાંભળતા જ તરત એક 'દલિત લેખક' તરીકેની એમની નામના (જે ઠોકી બેસાડવામાં આવીને શ્રી મૅકવાને એને નિર્વિવાદ સ્વીકારી લીધી.) પ્રગટ થઈ છે. એમને ચોક્કસ દલિતચેતનાને પ્રગટાવતી કૃતિઓ લખી છે પણ એમાં કલાકીય માપદંડો પણ એટલાં જ જળવાયાં છે. આથી માત્ર તેને 'દલિત સર્જક' કહીને એમની સર્જકતાને ઢાંકી શકાય નહીં જ નહી. એમની ઘણી કૃતિઓને સાહિત્ય અકાદમી ગાંધીનગર - દિલ્હીના પારિતોષિકો પણ પ્રાપ્ત થયાં છે એ અમથા તો નહીં જ પ્રાપ્ત થયા હોય !

થોડાં દિવસ પહેલાં 'તારે જમીં પે' ફિલ્મ જોઈ. એક શિક્ષક તરીકે પણ મને ઘણી સ્પર્શી ગઈ. જો કે, અહીં કથા જુદી છે, પણ એના તંતું અહીં અવશ્ય વણાયાં જોઈ શકાશે. આમ તો ડિસલેકિસયાગ્રસ્ત બાળક-માણસ અવશ્ય સાજો કરી શકાય તેનાં માટે ડિસલેકિસયા એટેન્શન, ડેફીસીટી હાયપર એક્ટીવીટી ડીસઓર્ડર, ઓટીઝમ અને માનસિક રીતે વિકલાંગ બાળકને સારવાર

આપી શકાય. પણ જે આજન્મ અપરાધી રહેવા સર્જાયા હોય તેને સુધારવા મુશ્કેલ છે. કારણકે,એ જે કંઈ કરે છે એ જાણીબૂઝીને કરે છે. છતાં શિક્ષકની એક ફરજ છે આવા અપરાધીને પણ વારંવાર તક આપવી જોઈએ. આ નવલકથાનું કેન્દ્રવર્તી પાત્ર છે - સુરેન્દ્ર. જે આજન્મ અપરાધી રહેવા પામે છે. જૉસેફ મૅકવાન જેવા શિક્ષક તથા વિપાશા, અમિતા તેની માતા - વગેરે પાત્રો એને સુધારવાની ઘણી તકો ઝડપે છે ને છતાં સુરેન્દ્ર રહેવા પામ્યો છે આજીવન અપરાધી. સુરેન્દ્ર જે કંઈપણ કરે છે તેમાં તે પોતાની હોશિયારી ને કસબ છે એવું દૃઢપણે માનીને કરે છે. શ્રી નટવર ભટ્ટે આ નવલકથાની પ્રસ્તાવનામાં શ્રી મહેમૂદ ખિઝાંનો એક શે'ર ટાંકીને એક શિક્ષકે આવ સંજોગોમાં કઈ ભૂમિકા ભજવવાની છે તે આલેખ્યું છે.-

''હમારે ઔર તુમ્હારે દરમિયાં જાદૂકા રિશ્તા હૈ,
ઘનેરી શામમેં ઊડતે હુએ જુગનૂ કા રિશ્તા હૈ.''

જેમ ગાઢ અંધકારભરી સાંજે આગિયા - જુગનૂ હવામાં ઊડાઊડ કરે ને તેમ લિસોટા પ્રસરાવે તેમ શિક્ષકનું કાર્ય વિદ્યાર્થીઓના જીવનને પ્રકાશિત કરવાનું છે. બિલકુલ સાચી વાત છે. શિક્ષકની આ ભૂમિકા જ એક આદર્શ શિક્ષકની સાચી ઓળખ છે. સંસ્કૃતની એક સુભાષતિમાં કહેવાયુંછે ને ! - **'पुत्र कुपुत्र भवति, माता कुमाता न भवति** ।' શિક્ષકે હમેશાં માણસાઈમાં શ્રદ્ધા ને વિશ્વાસ રાખીને ખરાબ સંગને - ખોટાં રસ્તે ચડેલા વિદ્યાર્થીના જીવનને એક માનવીય મોડ આપવાનો સતત પ્રયત્ન કરતાં રહેવું જોઈએ. શક્ય છે, આવા માણસના ભીતરમાં પડેલી પેલી માણસાઈ કદાચ જાગૃત્ત થઈ જાય. શ્રી જૉસેફ મૅકવાન એક મોટાગજાના સર્જક છે એથીયે વિશેષ તે એક



આદર્શ શિક્ષક છે. એક એવા શિક્ષક કે જે માન-અપમાનના કડવા ઘૂંટડાં ભરીને, પોતાના સમય અને સ્વયંનું બલિદાન આપીને પોતાનું કર્તવ્ય બજાવતાં રહ્યાં છે, એની આલબેલ પોકારે છે.

'આજન્મ અપરાધી' નવલકથા એમ.એ. માં ભણતો ત્યારે વાંચી હતી. ફરી 'તારે જમીં પે ફિલ્મ જોયા પછી મન ફરી આ કૃતિને વાચવા લલચાયું. લેખકે અહીં ઘણી ઘટના - પ્રસંગોના તાણાવાણા ગૂંથીને પાત્રોનું સુંદર અને તાદૃશ આલેખન કર્યું છે. એક શિક્ષક તરીકે શ્રી મૅકવાને વિદ્યાર્થીઓના જીવનમાં ઊંડો રસ લઈને ઝીણવટ અને ચીવટપૂર્વક એની સાથે ઓતપ્રોત થઈ કેવળ નિઃસ્વાર્થભાવે તેમના જીવનને ઉન્નત ને માતબર બનાવવા જે ઝિંદાદિલી દાખવી છે તેની જ આ દાસ્તાન છે - 'આજન્મ અપરાધી.'

અહીં કથાના કેન્દ્રમાં છે મુખ્યપાત્ર - સુરેન્દ્ર. એમની સાથે એના પિતા વર્મા, માતા, વિપાશા, અમિતા, આશા અને તટસ્થભાવે રહેલા લેખકના પાત્રો એમની આસપાસ કથામાં વિહરતા રહે છે. અહીં સુરેન્દ્ર સિવાયના તમામ પાત્રો ભાવકના સંવિદ્‌ને સ્પર્શી જાય છે. એટલું જ નહીં પણ આપણી હમદર્દીને પાત્ર પણ ઠરે છે. સુરેન્દ્રના જીવનમાં ઘણાં નવા મોડ આવ્યાં ત્યારે હૃદયમાં પ્રશ્નોની હારમાળા અવશ્ય સર્જાતી રહે છે પણ જે આજન્મ અપરાધી રહેવા સર્જાયો છે એવો સુરેન્દ્ર પોતાના છીછરાં વર્તનથી, એ જે રીતે પોતાના ધ્યેયને સિધ્ધ કરવા જાતજાતના ખેલ ખેલે છે એથી દરેક વખતે ઊંધુ-ચત્તું જ કરતો રહે છે. સુરેન્દ્ર માટે આપણને સહાનુભૂતિ ન જાગવાનું કારણ એણે ઘડેલા નિયમોનું શસ્ત્ર છે. એ

જીવનમાં અવશ્ય આગળ વધવા માગે છે પણ એ જે રસ્તો પસંદ કરે છે તે અનીતિનો છે જેમાં એ ક્યારેય સફળ થઈ શકતો નથી. એના નિયમો દુનિયાના દસ્તૂરથી ભિન્ન છે એ સામા પાણીમાં નાવ ચલાવીને પાર પડવા મથે છે ને એટલે જ એની નાવ મંજિલ સુધી પહોંચી શકતી નતી. એ માત્ર આત્મકેન્દ્રી જીવન જીવે છે. પોતાના સ્વાર્થ માટે એ બધાનો ઉપયોગ કરે છે. લેખક, એના માતા-પિતા, પત્ની, બહેન - કોઈપણને એ છોડતો નથી. આ સૌની સાથે છેતરપીંડી કરવા માટે એ જાત-જાતના વેશ બદલતો રહે છે - એ પણ બેઈમાનીથી. એને નીતિ, મૂલ્યો, આદર્શો, માનવતા કે લાગણીના - લોહીના સંબંધો સાથે જાણે કે એને સ્નાનસૂતકનો સંબંધ નથી.

આ નવલકથામાં વિપાશા અને અમિતા આપણી હમદર્દી - સહાનુભૂતિનું કેન્દ્ર બનતા પાત્રો છે. વિપાશા તેજસ્વી યુવતિ છે. જેને ભાગ્યમાં માતા-પિતાને વાત્સલ્ય પ્રેમ પ્રાપ્ત થયો નથી. કાકા-કાકીની છત્રછાયા નીચે ભયના માહોલમાં જ મોટી જાય છે. હાં....કાકી તરફથી એને વાત્સલ્ય પ્રેમ અવશ્ય મળ્યો છે પણ કાકા વર્મા પાસેથી એને ઉપેક્ષા અને તિરસ્કાર સિવાય કાંઈ પ્રાપ્ત થયું નથી. વિપાશાને આગળ વધવાની જોઈતી તક એના કાકો પૂરી પાડતો નહીં છતાં પોતાના પુરુષાર્થન બળે એ આગળ વધે છે. એટલું જ નહીં પણ અમેરિકામાં જઈને નામ અને શોહરત બન્ને મેળવે છે. વિપાશાના જીવનને ઘડવામાં જો કોઈનો ફાળો હોય તો લેખકનો અવશ્ય છે. લેખક પ્રત્યે એને આદરભાવ છે. એ હમેશાં સત્યના જ સહારે પોતાની જિંદગીની નાવને તરવા મથે છે એમાં એ સફળ પણ જાય છે. જ્યારે અમિતા એમને પોતાના ભાઈ સુરેન્દ્ર વિશે સ્પષ્ટ



અભિપ્રાય આપવાનું કહે છે ત્યારે અમિતાને એ સ્પષ્ટ કહે છે :

> "સ્પષ્ટ શબ્દોમેં સૂનના ચાહતી હો તો મૈં કહૂંગી
> કિ લડકા તુમ્હારી જોડકા નહીં હૈ ! તુમ મુકર જાઓ !"

અમિતા સાચે જ સ્પષ્ટવક્તા છે વળી એક વિચારશીલ યુવતિ છે. એ અમિતા જેવી તેજસ્વી યુવતિને ખોટાં મસ્કા લગાવીને ખેંચવા નથી માગતી. જ્યારે અમિતા તેને આમ અલગાવભાવે શા માટે બોલો છો ? તેના પ્રત્યુત્તરમાં પણ વિપાશા જે વાસ્તવિકતા છે એને જ રજૂ કરી દે છે :

> "અબ તુમને સત્ય પરખ લિયા, વાકઈ એક તરહ સે કહું
> તો મેરા ઈનસે કોઈ વાસ્તા નહીં હૈ, એક ચાચીજી કે
> કારણ ઔર દુસરે લૉકલાજ કે કારણ મૈં યહા આયી હૂં....
> કારણ અબ જો ભી ફૅસલા કરના હૈ તુમ્હેં મી કરના હૈ."

વિપાશા જીવનમાંથી જ ઘણું શીખી છે. વિપાશાનું પાત્ર ઘણું ઉઠાવદાર બન્યું છે.

તો અમિતાનું પાત્ર પણ આપણી સહાનુભૂતિને પાત્ર ઠરે છે. અમિતા પણ તેજસ્વી છે. એ પ્રથમ મુલાકાતમાં જ સુરેન્દ્રને પામી જાય છે અને બેધડક કહે છે - "ઈન્હેં ચાહે મંજૂર હો, પર મુઝે કુછ સોચના- વિચારના હૈ." એને કોઈની સહાનુભૂતિ માત્ર જોઈતી નથી. તેની પોતાની વિચારસરણી છે. વિપાશાને મળ્યાં પછી જ એ લગ્ન માટે ઉત્સુકતા બતાવે છે. સુરેન્દ્રના ભરોસે નહીં પણ વિપાશાના ભરોસે પોતાના જીવનની નાવ તરતી મૂકવાનું જોખમ વહોરવા તૈયાર થાય છે. લગ્નના દિવસે જે રીતે સુરેન્દ્ર એની સામે

આવે છે ત્યારે પહેલા એ સિફતથી કામ લે છે ને પછી લાગે છે કે હવે પાણી માથા પરથી વહી રહ્યું છે ત્યારે એ સુરેન્દ્રને પાઠ ભણાવે છે ને એ યે એવો કે જિંદગીભર એ ભૂલી શકતો નથી. અમિતા પાસે જે તાકાત છે એ છે કે એમની પાસે દૃઢમનોબળ છે. એ જાણે છે કે મનુષ્ય ભલે સમૂહમાં રહેતો હોય પણ એને જીવનયાત્રામાં એકલપંથી બનીને જ મંજિલને પ્રાપ્ત કરવાની છે. લેખક અને વિપાશાના યત્નોથી અમિતા અમેરિકા જાય છે ત્યાં એની સાચી ખુમારી પ્રગટ થાય છે. અમિતા સાચે જ નારીજાગૃતિનું પ્રતીક બની જાય છે. તે સ્વયં પોતાના દુઃખદ લાગતા ભાગ્યને સુંદર ભાગ્યમાં પલટાવી દે છે. અમિતાની વ્યથા ને વેદનાની સાથે સાથે લેખકે એમની ખુમારી ને ઝિંદાદિલી તથા દુરંદર્શીતાનો પણ પરિચય કરાવ્યો છે. જે ભાવકના સંવિદ્‌ને સ્પર્શી જાય છે.

આ નવલકથામાં સુરેન્દ્રના પિતા વર્મા ટી.સી. પણ ઘણું મહત્ત્વનું પાત્ર છે. સુરેન્દ્રનો જે રીતે વ્યક્તિવિકાસ થયો છે તેની પાછળ જવાબદાર એક માત્ર આ વર્મા છે. તેમણે પોતાની રેલ્વેની નોકરી દરમ્યાન નીતિ-મૂલ્યોને નેવે મૂકીને પૈસાને જ પરમેશ્વર માનીને એ હંમેશાં મથતો રહ્યો છે. લેખક એનો પરિચય આપતાં નોંધે છે :

> "એનો બાપ રેલવેનો કર્મચારી. એની મથરાવટી જ મેલી. લાખ જાતના ગોરખધંધા કરે. એની ધરમૂળથી સમજણ અને માન્યતા જ એવી કે આ દુનિયા બાબતને નહીં માત્ર લાતને જ લાયક છે. 'લાત મારોગે તો વો સલામ કરેગી, કિસી કા ભી ભરોસા મત કરો. જેબમેં પૈસા, તો કામ હોગા કૈસા ભી."



આ વર્માએ જ પોતાના સંતાનની પેદાયશી નાલાયક બનાવ્યો છે. સુરેન્દ્રમાં જે કુસંસ્કારો ખીલ્યાં હતાં એ આ વર્માની જ સંસ્કાર શાળાનું પરિણામ હતું. એ વિપાશાને અમેરિકા મોકલવા તૈયાર થાય છે તેમાંયે પોતાનો સ્વાર્થ સાધે છે. સુરેન્દ્રના અમિતા જોડે લગ્ન કરાવવામાંયે નર્યા સ્વાર્થની બદબૂ આવે છે. જોકે, પાછળથી પોતે જ દૂધ પાયેલા સાપને સામે ફૂંફાડો મારતા જોઈને પોતાના કર્યા-કરાવ્યાનો પસ્તાવો થાય છે. અને પછી પ્રાયશ્ચિતરૂપે જે કંઈ કરે છે તે આપણી હમદર્દી મેળવી જાય છે. વર્માના પાત્રમાં - માનસમાં લેખકે જબરદસ્ત પરિવર્તન આણ્યું છે.

આશાનું પાત્ર પણ લેખકે અસરકારક આલેખ્યું છે. આશાએ જે સંઘર્ષ કર્યો તે પણ ઘણો પ્રશંસનીય છે. અધૂરામાં પૂરું વિપાશાનો સાથ મળતા આશા સોળે કળાએ ખીલી ઊઠે છે. એ વિપાશાની પ્રિય સખી થઈ પડે છે. આશાની તર્કશક્તિ, નિર્ણયશક્તિથી તો વિપાશા પણ ખાસ્સી પ્રભાવિત થાય છે. વિપાશા પોતાના અંગત જીવનના પ્રશ્નોનું નિરાકરણ પણ આશા પાસેથી મેળવે છે. વિપાશા જે માત્ર અંતર્મુખી હતી, માત્ર નર્સિંગના વ્યવસાયને જ વ્યાસંગ બનાવીને જીવી રહી હતી, તેના માટે જાણે તે નવા જગતના દરવાજા ખોલી આપે છે. વિપાશા અને અમિતા એકબીજાની પૂરક બની રહે છે. આશા પાસે સૂક્ષ્મ બૌદ્ધિકતા, માનવમનની આટી-ઘૂંટીની જાણકારી છે. જે આશા અને વિપાશા ઊભયને ઉપકારક બની રહે છે. તો સુરેન્દ્રની માતા પણ આપણી સહાનુભૂતિને પાત્ર ઠરે છે. જેણે આખી જિંદગી ઘણું બધું સહન કર્યું છે. સહનશીલતાની મૂર્તિ જેવું આ પાત્ર ભાવકને સ્પર્શી જાય છે.

'આજન્મ અપરાધી' કૃતિમાં ભાવકની જિજ્ઞાસાવૃત્તિ સતત જાગ્યા કરે એવી અનેક ઘટનાઓ અને પ્રસંગોના તાણાંવાણાંને શ્રી મૅકવાને કુશળતાથી ગૂંથ્યાં છે. કથા ઘણી રસપ્રદ બની છે. લેખક આ કથામાં તટસ્થભાવે - સાચીભાવે ને એટલા જ 'નેરેટર' પણ રહ્યાં છે. લેખકે કથામાં નામ-ઠામ બદલ્યાં છે. સ્થળ-કાળના સાચા સંકેતો સિવાય લેખકે ઘણું બદલ્યું છે. લેખકે સુરેન્દ્ર જેવા આજન્મ અપરાધીને સુધારવાના ઘણાં પ્રયાસો કર્યા છે. ઘણીવાર તો લેખક પોતે જાણે છે કે સુરેન્દ્ર ખોટો છે - કપટી છે છતાં એનું ઉપરાણું લઈને વશે - કવશે એને સુધારવાના યત્નો કરતા રહે છે. નવલકથાની ભાષા પણ ધ્યાન ખેંચે છે. વર્ણનો લાઘવભર્યા છે. ગુજરાતી - હિન્દી બન્ને ભાષાઓને લેખકે પાત્ર - ઘટના અનુરૂપ પ્રયોજી. લેખકની સંવાદકલા પણ ઘણી સરાહનીય છે. પાત્રોના મનોગતભાવને પ્રગટાવવામાં એમણે સંવાદોનો કુશળ વિનિયોગ કર્યો છે.

ઘણીવખત સામાન્ય ભાવકને ગુજરાતી - હિન્દી ભાષામાં અટવાય જવું પડે એવું બને છે ખરું, પણ એમણે પ્રયોજેલી હિન્દી પણ અઘરી નથી. લેખકે અલંકારોનો મોહ રાખ્યા વિના સાદી - સીધી ભાષાને જ પ્રયોજવાનો સુયત્ન કર્યો છે.

આખી નવલકથામાંથી પસાર થતાં મને જે બાબત ગમી તે એ છે કે પ્રત્યેક શિક્ષકે પોતાના વિદ્યાર્થીઓના જીવનમાં ઊંડો રસ લઈને એના જીવનને ઉન્નત બનાવવા માટે શક્ય એટલાં પ્રયત્નો કરવા જોઈએ. એ જ એની પહેલી નૈતિક ફરજ છે. એક શિક્ષકે પોતાની ઝીણવટ અને ચીવટથી વિદ્યાર્થીઓના જીવનમાં ઓતપ્રોત થઈને કેવળ નિઃસ્વાર્થભાવે એના જીવનને સફળ બનાવવા મથતું



રહેવું જોઈએ. અહીં શ્રી મૅકવાને આજીવન અપરાધી રહેવા જ જાણે સર્જાયો હોય એવા સુરેન્દ્રના જીવનને ઘડવામાં જે શિક્ષક ધર્મ નિભાવ્યો છે તે ઘણો સરાહનીય છે. દરેક શિક્ષક પાસેથી આવી જ અપેક્ષા સમાજ રાખે છે. તેમણે વિદ્યાર્થીઓના જીવનને ઘડવાની તક મળી છે તો આ તક દરેકે ઝડપી જ લેવી જોઈએ. પછી ભલે કોઈ વિદ્યાર્થીએમાંથી માર્ગ ન કંડારે. સૉક્રેટિસનું એક વાક્ય ટાંકવાનું મન થાય છે. - ''શિક્ષક કભી સાધારણ નહીં હોતા ઉસકી ગોદમે પ્રલય ઔર નિર્માણ પલતે હૈં'. બાકી ઘણું બધું ભાગ્યાધિન હોય છે. અંતે નટવર ભટ્ટના શબ્દો નોંધું :

> ''જૉસેફભાઈ, આવી સુંદર કથાવસ્તુને આવી સરસ રીતે તમે આલેખીને એક ઉત્તમ નજરાણું ભાવકોને ધર્યું છે. 'જન્મભૂમિ-પ્રવાસી'ના વાંચક તરીકે તમને લાખ લાખ સલામ' ....... જૉસેફભાઈ, જે કંઈ લખ્યું છે તે હૃદયપૂર્વક, જેવું લાગ્યું તેવું લખ્યું છે. ફિરાક નો એક શૅ'ર તમારી સર્જકતાને ઉજાગર કરે એવો છે :
>
> 'જિસ ચીઝ કો છૂ લિયા હે તૂને
> એક શાખે -ન બાત હો ગઈ હૈ.''

(પ્રસ્તાવનામાંથી)

⌘ ⌘ ⌘

## (૧૧) નૂતન આવિષ્કાર આલેખતી નવલકથા : 'પીડા'.

ઈ.સ. ૧૯૯૪માં લખાયેલી શ્રી મૂળરાજ રૂપારેલની 'પીડા' નવલકથા ગુજરાતી નવલકથામાં એક નૂતન ભાત પાડે છે. એમની આ નવલકથામાં એક જુદી જ કથા સર્જાઈ છે. યુગોથી માનવ શાંતિ અને અમનની વાતો કરે છે છતાં, આજે શાંતિ માટે જાણે કે યુદ્ધ અનિવાર્ય લાગે છે. એક બાજુ શાંતિ અને અમનની વાત ને બીજી બાજુ યુદ્ધની અનિવાર્યતા આવા બેવડા ધોરણ પ્રત્યે લેખકને નફરત છે. લેખકના મતે માણસે આનંદ મેળવવો જોઈએ અને એવો જ આનંદ બીજાઓને આપવો જોઈએ. માણસ બીજાઓને પીડા તો હરગીઝ આપવો નથી જ નથી. 'પીડા' નવલકથામા શ્રી રૂપારેલે યુદ્ધ અને હિંસાને હૃદયપૂર્વક ધિક્કારી છે એનું સચોટ આલેખન અહીં કલાના માપદંડો સાચવીને કર્યું છે.

'પીડા' નવલકથામાંથી પસાર થતાં કેટલાકને આ કૃતિ 'તરંગકથા' લાગવાનો સંભવ છે. પણ આ નવલકથા તરંગકથા નથી. અહીં લેખકે કલાગત્ મૂલ્યોની જરૂરી જાળવણી કરીને આખી નવલકથાને કલાત્મક બનાવી છે. આ કૃતિ દ્વારા લેખકે એક અનોખી શોધ કરી છે. માણસના લોહીના પરિભ્રમણમાં એના જ્ઞાનતંતુઓમાં વેર, ઝનૂન અને બદલાની ભાવના એના મનમાં જ્યારે જન્મે ત્યારે જે ફેરફાર થાય, તેનાં પર નિયંત્રણ કરવામાં આવે તો મનમાં ઉદ્ભવેલો ક્રોધ - બદલાની ભાવના કે ઝનૂન શાંત થઈ જાય છે. પછી એના મનમાં કદાપિ સામા વ્યક્તિને ખતમ કરવાના, વિનાશ



કે સર્વનાશના વિચારોના ગુણાકાર ન થાય અને એવું નિયંત્રણ કરી શકે એવી અમૂલ્ય ચીજ કાઢવી આ નવલકથાનો મુખ્ય વિષય છે. જો કે, પ્રો. મૅડના સંશોધન બાદ આવા વિચારમાં પરિવર્તન આવે છે.

આધુનિક નવલકથાઓમાં આધુનિક માનવીની વેદના સુપેરે પ્રગટે છે. જોકે, આ નવલકથા આધુનિક નવલકથા ભલે ન હોય તો પણ આધુનિક યુગની વેદના અહીં કેન્દ્રસ્થાને છે, પીડા છે આજના માણસની વેરવૃત્તિની - યુદ્ધખોર માનસની. માણસ ક્યાંય ઝંપતો નથી તે આજીવન હમેશાં બીજાથી સર્વોત્તમ બનવા માટે મથામણ કરતો રહે છે. તે સર્વોત્તમ બનવા માટે ગમે તે હદે જઈ શકે છે. એક દેશ બીજા દેશ ઉપર પોતાનું પ્રભુત્વ દાખવવા ધમપછાડા કરે છે. પણ અંતે એ પામે છે શું -પીડા. માત્ર ને માત્ર પીડા. સર્વનાશ. માનવી માત્ર પોતાના 'અહમ્'ને પોષવા સમસ્ત જીવને - જગતને પીડા અર્પે છે - જે ધુત્કારને પાત્ર છે. અહીં 'પીડા' નવલકથામાં લેખકે વેર, ઝનૂન અને બદલાની ભાવનાનો તિરસ્કાર કર્યો છે.

'પીડા' નવલકથાનો નાયક અભય ચૌધરીએ કંઈક એવી શોધ કરી છે કે, જેનાથી જગતનું યુદ્ધખોર માનસ- વલણ શમી જાય એવી શોધ માટે ધૂણી ધખાવીને બેઠો છે અને તેને તેમાં સફળતા પણ મળે છે. દેશ-વિદેશમાં એમની આ શોધને સૌ કોઈએ ખૂબ જ વધાવી, એના પર પ્રશંસાના પુષ્પો વેરીને તેને સત્કારી. અભય ચૌધરીને દેશ-વિદેશમાં અનેક સન્માનો પણ પ્રાપ્ત થયા છે. પણ પ્રશ્ન એ છે કે, આ શોધનો સ્વીકાર સૌ પ્રથમ કયો દેશ કરે ! પ્રત્યેક દેશને એક બીજા સાથે વેર છે - અવિશ્વાસ છે. દરેક દેશ 'પહેલે તુમ', 'પહેલે

તુમ'નો મંત્ર ભણી રહ્યાં છે. હજુ અભય ચૌધરીની ફૉર્મ્યુલાનો સ્વીકાર થાય ત્યાં જ અભય ચૌધરી પ્રો. મૅડની નવી ફૉર્મ્યુલાથી ઘણો પ્રભાવિત થાય છે. યુદ્ધનો વિરોધ કરતા અભય ચૌધરીની વિચારધારામાં પરિવર્તન આવે છે. એમને એમ લાગવા લાગે છે કે, યુદ્ધની બીક વિના કોઈ દેશ નિશ્ચિંત બની જ ન શકે.

આ નવલકથાનું મુખ્ય પાત્ર અભય ચૌધરી ઘણું ઉઠાવ પામ્યું છે. એટલું જ ઉઠાવ પામ્યું છે સ્ત્રી પાત્ર, એમની પત્ની ઉષ્મા છે. ઉષ્મા ખરેખર અભયના જીવનમાં ઉષ્મા પાથરે છે. સતત એની પડખે રહે છે. અભયના સંશોધન માટે એ પણ રાત-દિવસ એક કરે છે. અભયને સાવ નિશ્ચિંત બનાવી દે છે. કેટલીક વાર તો અભય ચૌધરી વિશ્વાસ ડગમગી જાય ત્યારે જ ઉષ્મા જ એને પ્રોત્સાહન આપે છે. અભય ચૌધરી અનેક વખત કહે છે કે, આ સંશોધન પાછળ ઉષ્માનું મોટું સમર્પણ છે. એક જગ્યાએ કહે છે :

> 'પણ...'
>
> 'પણ, બણ કાંઈ નહીં, આવી નાની નાની ક્ષુલ્લક વાતો પાછળ તમારો કિંમતી સમગ બગાડવાને બદલે જગતના ઓ મહાન વૈજ્ઞાનિક, તમારું શોધકાર્ય આગળ ધપાવો.'

અવારનવાર એ એને જગતનો મહાન વૈજ્ઞાનિક કહીને એની હળવી મજાક પણ કરતી. એના જવાબ અભય કહેતો -

> 'હા, જગતનો એવો મહાન વૈજ્ઞાનિક જેને કોઈ નથી ઓળખતું. વૈજ્ઞાનિક તરીકે સ્વીકારવાય કોઈ તૈયાર નથી.''
>
> ''સ્વીકારશે. જરૂર સ્વીકારશે, સ્વીકાર્યા વગર એમનો છૂટકો નથી. સવાલ ફક્ત સમયનો જ છે.... અને આપણી પાસે અખૂટ ધીરજ છે...''
>
> ''તારાં સપનાં જરૂર સિદ્ધ થશે, અભય. તેં જે કામ આરંભ્યું છે, એનો આરંભ જ સફળ થવા માટે થયો છે, ને તું જરૂર એ સિદ્ધિ મેળવી શકીશ. તારા મનમાં તને ઊંડે ઊંડેય ક્યાંક જરા તરા શંકા હોય ભલે, પણ મને જરાય નથી.''



અભય પણ ઉષ્માના આ સમર્પણ અને ત્યાગથી સભાન છે. એને ઉષ્મા પ્રત્યે ઘણી લાગણી છે. એક વખત તે કહે છે. :

> '... અને ત્યારે હું તને બે હાથે ઊંચકીને મારે માથે બેસાડીને બધાને પોકારી પોકારી કહીશ કે હું સફળ થયો હોઉં, જે કાંઈ કરી શક્યો હોઉં, તે આ મારી ઉષ્માને લીધે જ. એની પ્રેરણા ન હોત, એનો સાથ ન હોત, એણે જો મને વર્ષો સુધી સાચવ્યો ન હોત, મારી દરેક નાની મોટી જરૂરિયાતોનું ધ્યાન રાખી પૂરી કરી ન હોત, તો... હું કાંઈ ન કરી શકત મારા જીવનમાં. મારી સફળતા, મારી સિદ્ધિની પાછળનું બળ છે આ ઉષ્મા. એટલે જે સન્માન તમે મને આપી રહ્યાં છો, એની સાચી હકદાર પણ એ જ છે.''

બન્ને વચ્ચે આટ-આટલો ઉષ્માભર્યો સંબંધ છતાં એક દિવસ ઉષ્મા દ્વારા જ અભય ચૌધરીનું ખૂન થાય એ સૌ કોઈને ચોંકાવી દે છે. પતિને પરમેશ્વર માનતી ભારતીય નારી એવી ઉષ્માને જીવનભર જે પીડા અનુભવી તે પ્રો. મૅડની નવી ફોર્મ્યુલાને કારણે પરાકાષ્ટાએ પહોંચે છે ને તે આવેશમાં - આવેગમાં આવી અભય ચૌધરીને ક્રૂરતાપૂર્વક રહેંસી નાખે છે. નાયિકના ચિત્તમાં પણ પરિવર્તન આવ્યું

છે. એને એમ લાગે છે કે, પોતે પોતાની જિંદગની શ્રેષ્ઠ વર્ષો અભયના ગાંડપણને પોષવામાં વેડફી નાખ્યાં છે. નાયિકાને એવું પણ લાગે છે કે, આ માટે અભય જેટલો જવાબદાર છે એટલી જ જવાબદાર પોતે પણ છે. પોતે જો અભયના ગાંડપણને પોષ્યું ન હોત, તેને સાથ સહકાર ન આપ્યો હોત તો અભય ચૌધરી આ રીતે ક્યારેય પણ આગળ વધી શક્યો ન હોત. અભયને ક્રૂરતાપૂર્વક રહેંસી પોતે પણ આત્મહત્યા કરી લે છે.

આ નવલકથામાં અભય ચૌધરી અને ઉષ્મા ઉપરાંત મિત્ર નરેશ, સેવાભાવી મહેશભાઈ, પ્રો. મૅડ, વડાપ્રધાન, પોલિસ ઈન્સ્પેક્ટર જાડેજા - વગેરે પાત્રો પણ ઘણાં ધ્યાનાકર્ષક બન્યાં છે. લેખકની પાત્રસૃષ્ટિ ઘણી આકર્ષક છે. અભય ચૌધરી, ઉષ્મા જેવા પાત્રો સ્થિરપાત્રો નથી. એમની વિચારધારામાં લેખક પરિવર્તન લાવ્યાં છે. અલબત્, લેખકના પાત્રો ગતિશીલ છે.

લેખકની ભાષા સાદી અને સરળ છે. આલંકારિક ભાષા કે કાવ્યાત્મકતાનો મોહ રાખ્યાં વિના શ્રી રૂપારેલે ટૂંકા ટૂંકા વાક્યો દ્વારા ધારી અસર ઊભી કરી છે. લેખકની વર્ણનશક્તિ પણ પ્રમાણમાં ઠીક - ઠીક છે. કેટલાંક નાના-મોટાં વર્ણનો દ્વારા લેખક ઘટના - પ્રસંગને વધુ રોચક બનાવ્યાં છે. લેખકની સંવાદકલા પણ ધ્યાન ખેંચે છે. ઉષ્મા અને અભયના સંવાદોમાં પાત્રોની મનોગત સ્થિતિનો સુપેરે પરિચય મળે છે. નવલકથાના અંતભાગમાં આવતાં સંવાદો ઘણાં ધ્યાન ખેંચે છે : જુઓ અંતભાગમાં આવતો અભય અને ઉષ્માના સંવાદો;-

'મને તો કાંઈ જ સમજાતું નથી અભય. હું તો સાવ



ગૂંચવાઈ ગઈ છું. તે આખી જિંદગી અહિંસા માટેની શોધ માટે કામ કર્યું. અને હવે પ્રોફેસરની સંહારક શોધ તારા સમગ્ર અસ્તિત્વનો કબજો લઈ બેઠી છે ?'

'મેં તને પહેલાં જ કહ્યું છે. એમની આ શોધનો ઉપયોગ એ પોતે પણ કરવા નહોતા માગતા. હું પણ કરવા નથી માગતો. પણ માનસજાત ભય સિવાય કોઈપણ વાત સ્વીકરતી નથી. પછી ભલે એ ગમે તેટલી સારી અને સાચી હોય.'

'એટલે તું શા શસ્ત્રની બીક બતાવીને દુનિયા આખી પાસેથી 'નાયુદ્ધ'ની કબૂલાત લેવા માગે છે?'

'તને ખબર છે, તું કેવું મોટું જોખમ ખેડી રહ્યો છે એની ? તારી આ રમત આગ સાથેની રમત છે !'

આવા સંવાદો દ્વારા લેખકે પાત્રના મનોસંઘર્ષને પણ બહુ સલુકાઈથી આલેખે છે.

ખરેખર પ્રથમ ઘડાકે જ શ્રી મૂળરાજ રૂપારેલે એક સુંદર અને અનોખી કથા આલેખી છે તે ખરેખર અભિનંદનને પાત્ર છે. 'પીડા' નવલકથાના કેન્દ્રમાં પીડા છે. આ પીડા સમસ્ત માનવસમાજની છે. એક તરંગકથા કહી શકાય છતાં તે માત્ર તરંગકથા બનીને અટકી જતી નથી. લેખકે અહીં એક નવો જ આયમ રજૂ કર્યો છે. યુગોથી માણસ શાંતિ અને અમનની વાતો કરતા થાકતો નથી છતાં એને યુદ્ધ અનિવાર્ય લાગે છે. લેખકે આવી બેવડી નીતિ સામે આક્રોશ વ્યક્ત કર્યો છે. લેખકનો યુદ્ધ અને શાંતિ અંગેનો ખ્યાલ ઘણી પ્રશંસાને પાત્ર છે. યુદ્ધ અંગેનો એમનો ખ્યાલ ખરેખર સાર્વત્રિક બને છે.

સામાન્ય માણસ ક્યારેય યુદ્ધને ઈચ્છતો નથી. લેખકને દંભી અને બેવડી નીતિ ધરાવતા આજના આવા લોકો પ્રત્યે લેખકને ધૃણા છે. એક વાત તો ચોક્કસ છે કે લેખકે અહીં પોતાના હેતુને સારવા માટે ભરપૂર પ્રયાસ કર્યો છે ને એમાં એટલા જ સફળ પણ થયા છે, એ જ આ નવલકથાની લોકપ્રિયતા છે. આવું નવું સર્જન માટે શ્રી મૂળરાજ રૂપારેલ સાચા અર્થમાં અભિનંદનને પાત્ર છે. આશા રાખીએ શ્રી રૂપરેલ પાસેથી હજી સારી કલાત્મક નવલકથાઓ મળે.

⌘ ⌘ ⌘



## (૧૨) માનવમનની ઊંડાઈને તાગતી કૃતિ : 'તાગ'.

ઈ.સ. ૧૯૯૨માં ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા શ્રી સુમંત રાવળના 'ઘટનાલય'- વાર્તાસંગ્રહને પારિતોષિક પ્રાપ્ત થયો ત્યારથી શ્રી રાવળ ગુજરાતી સાહિત્યમાં ઘણાં જાણીતાં બન્યાં છે. ૧૫ જેટલી નવલકથાઓ લખનાર નવલકથાકાર પાસેથી સારી નવલકથાઓની આશા અવશ્ય રાખી શકાય. તેમની 'તાગ' નવલકથા આમ તો લઘુનવલકથા છે. આ અગાઉ 'દિવ્ય ભાસ્કર'માં 'તલાશ' નામથી સાત હપ્તામાં પ્રગટ થઈ ચૂકી હતી. જૂન-૨૦૦૬ માં 'તાગ' શીર્ષકથી ગુજરાતી સાહિત્યમાં લઘુનવલરૂપે પ્રગટ થાય છે. 'તાગ' લઘુનવલ એટલા માટે મને ગમે કે, અહીં એક તલાશ છે. આ લઘુનવલમાં માનવમનના તાગને ખોળવાનું એક રહસ્ય આલેખાયું છે. એ દૃષ્ટિએ આ લઘુનવલને એક રહસ્યકથા કે સસ્પેન્શકથા કહી શકાય. વળી આ લઘુનવલ 'દિવ્ય ભાસ્કર'માં હપ્તાઓમાં પ્રગટ થઈ આથી તેમાં ભાવકોની જિજ્ઞાસાવૃત્તિને સંતોષે એવું આલેખન થયું હોઈ એ સ્વાભાવિક છે. 'તાગ'માં ભાવકોની રસ-રુચિને સંતોષે એવી રોચકકથા રજૂ થઈ છે. ૧૬- જેટલાં ખંડો વિસ્તરની આ કથાનો ફલક પ્રમાણે ઘણો નાનો છે. એ દૃષ્ટિએ કોઈને આ લઘુનવલ દીર્ઘવાર્તા લાગવા પણ સંભવ છે. અહીં એક પછી એક પ્રકરણમાં બનતી ઘટનાઓ ભાવકને સ્પર્શે છે. અમુક-ચોક્કસ પ્રકારના ભાવકોને તો આ લઘુનવલ વધુ ગમી છે.

ટી.વી. પર ઍક્શન ચેનલ પરનો એક ગેમ શૉને કથાના

કેન્દ્રમાં 'સપોટ' તરીકે આલેખી લેખક તાગ સુધી પહોચવા, રહસ્ય સુધી પહોંચવાનો યત્ન કરે છે. લેખક નોંધે છે -

> ''કથાના કેન્દ્રમાં 'સપોટ' તરીકે મેં આ ગેમ શૉનો ઉપયોગ કર્યો છે. અને તાગ સુધી પહોંચવું એટલે રહસ્ય સુધી પહોંચવું.... એમા વચ્ચે શ્વાસ રૂંધાય, ચાવી ખોવાઈ જાય, લોક ખૂલે નહીં... એ બધાં પાસાંઓને આવરી લેવા માટે ધીરને વર્મા અને તેની આસપાસ આકાર લેતી સમસ્યાઓનું નિરૂપણ કર્યું. (પ્રસ્તાવનામાંથી)

આ લઘુનવલનો નાયક છે ધીરેન વર્મા. અહીં એક પછી એક બનાવોની શૃંખલા રચાતી જાય છે. પ્રથમ દૃશ્યમાં વૃદ્ધ દલસુખરાયને હિસ્ટીરીયા આવવાથી તે બેભાન થઈ રસ્તા વચ્ચે પડ્યાં છે, ત્યાંથી જ આ લઘુનવલની કથા જિજ્ઞાસાપ્રેરક બની રહે છે. વાર્તા નાયક ધીરેન આ વૃદ્ધને એમના ઘરે પહોંચાડે છે ત્યાં એમની એકની એક પુત્રી રેખા સાથે પરિચય થાય છે. રેખાને આ લઘુનવલની નાયિકા કહી શકાય. ત્યારબાદ કથામાં ત્રીજું પાત્ર ઊમેરાય છે એ છે ધીરેનનો મિત્ર - ઈન્દર. જે કથાવિકાસમાં ઘણું મહત્ત્વનું છે. આ લઘુનવલનું સૌથી ખતરનાક અને અતાગ એવું પાત્ર છે ધીરેનનો અંકલ - વિનુ. માણસ ક્યારે કેવું મહોરું ધારણ કરી લે તે અકળ છે. એનો તાગ મેળવવો ઘણું મુશ્કેલ છે. આ લઘુનવલકથાના કેન્દ્રમાં આ તાગ મેળવવો જે ઘણો કઠિન છે એ તત્ત્વ છે. ધીરેન વર્માને રેખા સાથે ધીરે ધીરે કૂંણી લાગણી જન્મે છે. પણ રેખાની હતાશા, વિવશતા વાર્તાનાયક ધીરેનને કોરી ખાય છે. એનું સાચું કારણ જ્યારે રેખા પાસેથી જાણવા મળે છે ત્યારે ધીરેનના



પગ નીચેથી ધરતી ખસવા લાગે છે. રેખાની આવી સ્થિતિ માટે જવાબદાર છે ઈન્દર. છતાં, ધીરેનને ઊંડે ઊંડે એું લાગે છે કે ઈન્દર એવું કામ ક્યારેય કરી જ ન શકે. કદાચ તેની કોઈ મજબૂરી પણ હોઈ શકે. ત્યાં જ કથામાં અણધાર્યો વળાંક આવે છે. આ ઘટના પછી ધીરેન મનોમન નક્કી કરી લે છે આ ઘટનાની પાછળ રહેલાં રેખા જેવી અનેક નિર્દોષ યુવતીઓને બ્લેક મેઈલ કરનારાઓના ચહેરાઓને ખુલ્લા પાડીને જ ઝંપવું. ધીરેન રેખાને આત્મહત્યા કરવા મજબૂર કરનાર ઈન્દર સુધી પહોંચે છે. ઈન્દર પાસેથી જે હકીકત જાણવા મળે છે તેનાથી ધીરેનને જોરદાર આંચકો લાગે છે. રેખાની આત્મહત્યા પાછળના એક પછી એક રહસ્યો ખુલ્લા પડવા લાગે છે. આ બધી જ ઘટનાઓની પાછળ જવાબદાર છે એના જ અંકલ વિનુભાઈ. જે માત્ર ધનલાલચાને કારણે આવી ઘટનાઓને અંજામ આપે છે. ધીરેન આખી ઘટનાનો તાગ મેળવવા પોતાનું ફાર્મહાઉસ પણ વેંચવા તૈયાર થાય છે.

અહીં શ્રી સુમંત રાવળે થોડાંક પાત્રો દ્વારા જ માનવીના અતાગમનનો તાગ મેળવવાનો જે યત્ન કર્યો છે તે કાબિલેતારીફ છે. શ્રી રાવળે અહીં થોડાંક જ પાત્રોની આસપાસ કથાબીજને વિકસાવ્યું છે. પાત્રોના આંતરમનના સંચલનોને લેખકે કુશળતાથી આલેખ્યાં છે. ધીરેનની આસપાસ નાની નાની ઘટનાઓના તાણાવાણા સુંદર રીતે ગુંથાયાં છે. અહીં ધીરેન, ઈન્દર, રેખા, વિનુ અંકલ અને દલસુખરાય જેવા ઓછાં પાત્રો દ્વારા પણ આપણાં સમાજમાં બનતી કલંકિત ને છતાં વાસ્તવિકતાને લેખકે સુંદર રીતે ઉદ્‌ઘટિત કરી છે. રેખા જેવી યુવતીઓ આવા કારસ્તાનનો ભોગ

સહેલાઈથી બને છે. ધીરેન રેખાને એની ઉદાસીનું કારણ પૂછે છે :

'તારી ઉદાસી મને સમજાતી નથી !'

ધીરેન, એ લોકોના ષડ્યંત્રમાં હું એટલી હદે ફસાઈ ગઈ છું કે હું તનેય કંઈ કહી શકતી નથી .મારી દોરી એ લોકોના હાથમાં છે અને હું કઠપૂતળી બની નાચી રહી છું!'

X X X

'ગભરા નહીં, બધા ગુનેગારો માટીપગા હોય છે ! ગમે તેવા ઝેરી સાપ પણ માનવપગલાના અવાજથી નાસી જાય છે.'

'ધીરેન, એ લોકો કચડાયેલા સાપ છે, કચડીને તમે એને છોડી દીધા એટલે એ વધારે ઝનૂની બની ગયા છે. મોકો આવ્યે એ ડંખ મારશે જ !'

શ્રી સુમંત રાવલે ટૂંકા - ટૂંકાને છતાં અસરકારક સંવાદો દ્વારા લઘુનવલમાં નાટ્યાત્મકતા લાવ્યાં છે. અહીં બનતી ઘટનાઓ જાણે રંગભૂમિ પર બનતી હોય એમ આપણને લાગે છે. વળી સંવાદો દ્વારા અહીં લેખકે પાત્રોના મનોજગતનો પણ પરિચય કરાવ્યો છે. પાત્રોના મનોજગતનું પ્રતિબિંબ તેનાં સંવાદોમાં જોઈ શકાય છે. લેખકની રસાળશૈલીનું દર્શન એમનાં વર્ણનોમાં પણ જોઈ શકાય છે. અહીં ધીરેનના ફાર્મહાઉસનું વર્ણન, માધબાપુના ખંડેરનું વર્ણન, ગેમ શૉનું વર્ણન - આદી વર્ણનો ઘણાં રોચક બન્યાં છે.

આ લઘુનવલનું શીર્ષક 'તાગ' ઘણું અસરકારક બન્યું છે. માનવ એવું પ્રાણી છે કે, એ ક્યારે શું કરશે તેનું અનુમાન કરવું ઘણું



મુશ્કેલ છે. તેનો તાગ મેળવવો ઘણું કઠિન છે. શ્રી રાવલે ધીરેન વર્માના જીવનની આસપાસ બનતી નાનીનાની ઘટનાઓનેલેખકે કુશળતાથી આલેખી માનવમનની ઊંડાઈને તાગવાનો પ્રયત્ન કર્યો છે.

'તાગ' લઘુનવલમાં પાત્રોને જેટલો ન્યાય મળવો જોઈતો હતો એટલો મળ્યો નથી. આ લઘુનવલ દરેક વર્ગના-રસિકોને ગમે તેવી નથી. આમ જોવા જઈએ તો આ એક ચોક્કસવર્ગના ભાવક ખૂબ ગમે તેવી કથા છે. પ્રથમ દૃષ્ટિએ તો આ કૃતિ એક દીર્ઘવાર્તા જેવી લાગે છે. કલાતત્ત્વની દૃષ્ટિએ પણ અહીં કોઈ ઉન્મેષા રચાતાં હોય એવું લાગતું નથી. છતાં ભાષા, ભાવ અને અભિવ્યક્તિની બાબતમાં શ્રી સુમંત રાવળ ચોક્કસ મેદાન મારે છે. પોતાના સ્વાર્થ માટે ધનાઢ્ય બનવાના સ્વપ્ન સેવતા માનવ કેવાં કેવાં કારસ્તાન રચીને, નિર્દોષને ભોગ બનાવીને પોતાનું હિત સાધે છે તેનો તાગ મેળવવામાં લેખકને ઘણી સફળતા મળી છે. આશા રાખીએ શ્રી સુમંત રાવલ હજુ સુંદર કલાત્મક કૃતિઓ આપે.

⌘ ⌘ ⌘

### (૧૩) કલાતત્ત્વોનો સમૃધ્ધ ઉન્મેષ ‘પોઠ’.

ગુજરાતી સાહિત્યમાં ટૂંકીવાર્તા એક એવું સાહિત્ય સ્વરૂપ છે તેમણે દરેક દસકા ખમતીધર વાર્તાકારો મળ્યાં છે. મલયાનિલથી આરંભાયેલી ટૂંકીવાર્તાએ તબક્કાવાર પોતાની કરવટો બદલી છે. ટૂંકીવાર્તામાં ધૂમકેતુ ભાવનાશીલ સંવેદનાસભર ટૂંકીવાર્તામાં દ્વારા આ સાહિત્વસ્વરૂપને લોકપ્રિયતા ને સ્થિરતા બક્ષી છે. તો તેની સાથે રા.વિ.પાઠક લાગણીના અતિરેકભર્યા નિરૂપણની સ્થાને વાસ્તવલક્ષીતા વિચારનું સુંદર આલેખન થયું છે. આ જ ગાળામાં સુન્દરમ્ અને ઉમાશંકર જોશી પણ સમાજજીવનની વાસ્તવિકતાઓ, માનવજીવનની કુત્સિત કુરૂપતાનું વરવું દર્શન કરાવતી વાર્તાઓ આપે છે.

જયંતી દલાલનું નવલિકા ક્ષેત્રેનું પ્રદાન નોંધનીય છે. તેમની ટૂંકીવાર્તાઓમાં સમાજ, સમાજિક ન્યાય, અસમાનતા તેમજ સામાજિક સમસ્યાઓ સુપેરે આલેખાઈ છે. તો ગુલાબદાસ બ્રોકરની વાર્તાઓ પણ ધ્યાન ખેંચે છે. શહેરના ઉપલાવર્ગ અને મધ્યમવર્ગની અનેક સમસ્યાઓનું તેમની વાર્તામાં કુશળ આલેખન થયું છે. ટૂંકીવાર્તા ક્ષેત્રે પન્નાલાલ પટેલ, ઈશ્વર પેટલીકર જેવા વાર્તાકારો ગ્રામ્યજીવનની સૃષ્ટિ સર્જી વાર્તાઓમાં વૈવિધ્ય લાવે છે. તેમની વાર્તાઓમાં ગામડાઓનું આલેખન વિશિષ્ટ ભાત ઉપજાવે છે. તો પિતાંબર પટેલનું નામ પણ લેવું ઘટે એવું એમનું વાર્તાસર્જન છે.



ત્યારબાદ ચુનિલાલ મડિયાની ટૂંકીવાર્તાઓ પણ ગુજરાતી નવલિકાઓને સમૃદ્ધ બનાવે છે. જયંત ખત્રીની વાર્તાઓ પણ ઘણી કલાત્મક બની છે.

ગુજરાતી ટૂંકીવાર્તા ક્ષેત્રે ૧૯૫૫માં ‘ગૃહપ્રવેશ’થી સુરેશ જોષી પ્રવેશ કરે છે. પરંપરાથી વિચ્છિન્ન એવો આયામ સિદ્ધ કરવાનો તેમણે સભાન પ્રયત્ન કરેયો છે. સુરેશ જોષીએ ઘટનાઓની ભરમારની જગ્યાએ સૂક્ષ્મ ઘટનાની હિમાયત કરી. માનવમનના ઊંડા અગોચર, અગમ્યભાવ, પ્રતિભાવ, આવેગોના સૂક્ષ્મ આલેખનોથી તેમણે વાર્તાઓને કલાત્મક બનાવી છે. તો ચંદ્રકાન્ત બક્ષીએ કહ્યું કે, ‘હું તો ઘટના વિના વાર્તા લખી જ શકું.’ તેમણે ઘટનાપ્રધાન વાર્તાઓ વડે આધુનિક નગરજીવનની વિષમતાઓને કુશળતાથી આલેખી છે. તો મધુરાયે પણ હાર્મોનિકા જેવી વાર્તાઓ તથા આધુનિકવલણોને કેન્દ્રમાં  રાખી વાર્તાઓ રચી. કિશોર જાદવે પ્રાગૈતિહાસિક વાર્તાઓ દ્વારા આધુનિકતાને આલેખી. આ સમયગાળા દરમ્યાન કુંદનિકા કાપડિયા, સરોજ પાઠક, વર્ષા અડાલજા, હેમાંશી શેલત - જેવી સ્ત્રી વાર્તાકારોએ પણ વાર્તાઓ દ્વારા પોતાની સર્જક પ્રતિભાના દર્શન કરાવ્યાં.

ત્યારબાદ આધુનિકતાના જાણે વળતાં પાણી થયા હોય એમ સામ્પ્રત વાર્તાકારોએ ફરી પરંપરા અને ગ્રામ્ય પરિવેશ આલેખતી વાર્તાઓ લખવા માંડી. ૧૯૮૭ પછી વાર્તાઓ ક્ષેત્રી નવી વિભાવના પ્રગટ થવા લાગી. એમ કહી શકાય કે ગાંધીયુગની વાર્તાઓ સામે જે પડકારો થયાં ને આધુનિક ટૂંકીવાર્તાઓનો જન્મ થયો. તેમ આ આધુનિક ટૂંકીવાર્તાઓ સામે પણ પડકારો ઊભાં

થયાં અને સાંપ્રત વાર્તાકારોનો જન્મ થયો. ઘણાંને આ સામ્પ્રત વાર્તાઓ પરંપરાગત વાર્તાઓ જેવી લાગવાનો સંભવ છે પણ સાચા અર્થમાં એમાં ઘણું નવું ઉમેરણ થયું. આ વાર્તાઓ તળપદા પરિવેશને આલેખવાનું સાહસ કરે છે. તો કેટલીક વાર્તાઓમાં દલિત પિડિતોનો અવાજ પણ સ્પષ્ટ સંભળાવા લાગે છે. તો કેટલીક વાર્તાઓમાં નગરચેતનાનાં સૂક્ષ્મ સંવેદનો નવાં સમીકરણો રચે છે. આ વાર્તાઓમાં માનવીનો કોઈ અગોચર ખૂણે કે વાસ્તવમાં રહેલી અલ્પ કે અપરિચિત ઘટનાઓને પણ રજૂ કરવામાં આવી છે. ગુજરાતમાં રહેતી અનેક જ્ઞાતિઓ-જાતિઓની ખાસિયતો, એની રહેણીકરણી, એની સમસ્યાઓને આ લેખકોને કુશળતાથી આલેખી છે. તળપદી બોલીનો વિનિયોગ આ યુગની વાર્તાઓમાં કળાગત બને છે.

આવા સામ્પ્રતયુગના વાર્તાકારોમાં શ્રી મોહન પરમાર એક યશસ્વી વાર્તાકાર છે. ગુજરાતી કથા સાહિત્યમાં શ્રી પરમારનું સર્જન વૈવિધ્યસભર અને એટલું જ કળાત્મક પણ છે. એમની પાસેથી નવલકથાઓ, ટૂંકીવાર્તાઓ, વિવેચન, સંપાદન સંશોધનના અનેક ગ્રંથો મળ્યાં છે. ‘પોઠ’ વાર્તાસંગ્રહ પૂર્વ તેઓ ‘કોલાહલ’, ‘નકલંક’, ‘કેંભી’ જેવા વાર્તાસંગ્રહોથી તેમની વાર્તાકાર તરીકેની ખ્યાતિ ગુજરાતભર પ્રસરી ચૂકી હતી. તો ‘ભેખડ’, ‘વિક્રિયા’, ‘કાલગ્રસ્ત’, ‘પ્રાપ્તિ’, ‘નેળિયું’, ‘પ્રિયતમા’, ‘આસ્થાફળ’ - જેવી નવલકથાઓ દ્વારા એક સારા નવલકથાકાર તરીકે જાણિતા બની ચૂક્યાં છે. તેમણે બદલાતી જતી ટૂંકીવાર્તાની વિભાવનાને આત્મસાત્ કરી છે. તેમની ‘કોલાહલ’ની વાર્તાઓથી ‘પોઠ’ સુધીની વાર્તાઓ તપાસવામાં આવે તો પ્રતીતિ થાય છે કે, તેઓની વાર્તાઓમાં સતત કલાવિકાસ થતો



પમાય છે.

‘પોઠ’ વાતાસંગ્રહમાં એમની ઘણીવાર્તાઓ નખશીખ સુંદર કલાકૃતિ બની છે. આ એક સફળ વાર્તાકારની વિશેષતા છે કે, તેમની વાર્તાઓમાં અપાર વૈવિધ્ય દેખાય છે. આ વાર્તાસંગ્રહની કેટલીક વાર્તાઓ તળપદા - ગ્રામપરિવેશને આલેખતી વાર્તાઓ છે તો કેટલીક વાર્તાઓમાં નગરજીવનને પણ વાચા આપી છે. ‘પોઠ’ જેવી વાર્તામાં વણઝારા જેવી ભમતી કોમને પણ આલેખી છે. રોજિંદા જીવનમાંથી વાર્તાઓની કેટલીક ક્ષણોને શ્રી પરમાર સહેલાઈથી પકડી શક્યાં છે. એમની વાર્તાઓમાં જીવનના અનુભવને લેખકે કલાત્મકરૂપે આલેખ્યો છે એમ કહીએ તો પણ અત્યુક્તિભર્યું નહીં ગણાય. લેખકના શબ્દો નોંધીએ તો -

> “...ગુજરાતી વાર્તાની બદલાતી જતી રૂખને લક્ષમાં લઈને વાર્તાકારમાં કોઈને જે કારણોસર રસ પડ્યો હોત તે વિશેષતાઓ, ને જે કારણોસર કોઈએ રસ ગુમાવ્યો હોય તે મર્યાદા - તારવી સારવીને વાર્તાકાર નવા રંગરૂપે પ્રગટે તો જ લખેલું સાર્થક બાકી....

‘પોઠ’ વાર્તાસંગ્રહની પ્રથમ વાર્તા ‘ખાંચો’ ઘણી ધ્યાનાર્હ રચના છે. અહીંલેખકે વાર્તાનાયક પ્રમોદભાઈ જેવા વૃદ્ધાવસ્થાને આરે ઊભેલા વૃદ્ધના મનોભાવોને કુશળતાથી આલેખ્યાં છે. અહીં વાર્તાનાયક અવગણનાના ભારથી બધાની વચ્ચે છતાં એકલતા અનુભવે છે. આ એકલવાયો નાયક પોતાની થતી ઉપેક્ષાના આઘાતને સહી શકતો નથી. આ એ પ્રમોદભાઈ છે જેણે પુરુષાર્થના બળથી પોતાનું ભવિષ્ય બનાવ્યુ.જે સ્વપ્ન જોયાં તેને સાકાર કર્યાં. છતાં,

આજે એ જ પરિવારમાં માત્ર એક નાના પુત્ર સિવાય બીજું કોઈ એનું નથી કે એની પરવાહ કરતું નથી એનું દુઃખ પારાવર છે. પ્રમોદભાઈના દુઃખનું વિશેષ કારણ તો એ છે કે, એની અર્ધાંગના રમીલાબેન પણ એને આ માંદગીમાં સહાયક બનતી નથી. એ તો ડગલે ને પગલે પ્રમોદભાઈને ઈરાદાપૂર્વક આઘાત આપતી રહે છે. રમીલાબેનના આવા વર્તન પાછળ કોઈ ચોક્કસ કારણ પણ નથી. ભૂતકાળની કોઈ નાનકડી ઘટનાને એમની પત્ની રમીલા વારંવાર વાગોળે છે. એકવાર વાર્તાનાયક એનો પાલવ પકડે છે ત્યારે એ તરત જ સંભળાવી દે છે - "તમે તો એ જ લાગના છો. બહુ પજવી છે મને જુવાનીમાં. લ્યો, લેતા જાવ..." અંગૂઠો બતાવતાં બતાવતાં એમને ખીજવે છે. વધુ વીફરતાં કહે છે, "હજી ખોડ ભૂલતા નથી. મારો છાલ છોડો હવે ! તમારી સગલીઓ કેમ આવતી નથી તમને સાચવવા !" આવા વાક્યો પ્રમોદભાઈ સહી શકતા નથી. 'આખી જિંદગી સાળી કોઈ વાતે દુઃખ નહિ, ને આ ઘરડા ઘડપણે...'- એ સમસમી જતા. માત્ર નાનો દિકરો એમને જીવની જેમ સાચવે એનું એમને મોટું આશ્વાસન હતું. મોટો દીકરો પણ જુદો રહેતો હોવા છતાં રજાના દિવસોમાં આવી તેનાં ખબર અંતર પૂછી જતો.

અહીં લેખકે પારિવાહિક સમસ્યાઓને કેન્દ્રમાં રાખીને પ્રમોદભાઈની મનઃસ્થિતિને હૂબહૂ આલેખી છે. અહીં વૃદ્ધત્વના આરે ઊભેલા વાર્તાનાયકની સમસ્યાઓને લેખકે અસરકારક રીતે રજૂ કરી છે. વૃદ્ધો એક તો પોતાની જિંદગીની દોડમાં દોડીના હાંફી ગયા હોય એમાંયે વળી તેઓનો તિરસ્કાર થાય કે અવહેલના થાય તો આવી સ્થિતિ તેમના માટે દુઃખદાયી બને છે. વાર્તનો આરંભ



જિજ્ઞાસાપ્રેરક છે. "ઘાંટા પાડી પાડીને ગળું દુઃખવા ચડ્યું. કોઈ નહિ જ આવે એમ માનીની એ મૂંગા થઈ ગયા." વાર્તાનો અંત પણ એટલો જ અસરકારક બન્યો છે. કોઈની પણ મદદ વિના એ બહાર નીકળીને ખાંચા સુધી પહોંચે છે. અહીં વિદ્રોહ સાથે વાર્તા પૂરી થાય છે. લેખકે વાર્તાનાયકના મનમાં પ્રગટતાં નાન નાના અભરખાઓની, ક્રિયાઓની સુંદર ગૂંથણી કરી છે. લેખકને આવા સૂક્ષ્મ સંવેદનને આલેખવામાં ભાષાનો કરકસરયુક્ત વિનિયોગ ઘણો સહાયક બન્યો છે. જે 'ખાંચો' વાર્તાને કલાત્મકતા પણ બક્ષે છે. 'ખાંચો' વાર્તા એક નોંધનીય ટૂંકીવાર્તા છે એમાં બે-મત નથી.

આ સંગ્રહની 'રઢ' અને 'લાગ'- જેવી વાર્તાઓમાં લેખકે વેરની અતૃપ્ત એષણાઓ આલેખાઈ છે. 'લાગ' વાર્તામાં વૈરની અતૃપ્તિ કપોળકલ્પનાથી જાણે સંતોષાતી હોય એવું આલેખન ખરેખર કલાત્મક બન્યું છે. આ વાર્તાના કેન્દ્રમાં છે - વૈરવૃત્તિ. ગયા વર્ષે રામદેવપીરની પાલખીવેળાએ દેવા ગણેશના દીકરાએ નરસી ભીખાનું અપમાન કર્યું હતું. નરસી ભીખાની દીકરી બે વર્ષ પહેલાં કોઈની સાથે ભાગી ગઈ હતી તેનાં મેણાં મારીને નરસી ભીખાને સૌની સામે હડધૂત કર્યો હતો તેનો બદલો લેવા નરસી ભીખાનાં દીકરાંઓએ ભારે ઉછળ-કૂદ કરી પણ પણ તે દિવસે બધાએ વચ્ચે પડીને મામલો ધોળે પાડ્યો હતો. પ્રતિ વર્ષની જેમ રામદેવપીરની પાલખી દેવા ગણેશના ઘર પાસે થોડો વિરામ કરી, સૌ ચા-પાણી કરીને જ આગળ વધે. આજે નરસી ભીખાએ પૂર્વ આયોજન મુજબ પાલખી દેવા ગણેશના ઘર પાસે રોક્યાં વિના જ આગળ વધવું. એને ઊભે-ઊભો મૂકીને ચાલ્યાં જવું પછી એનું મોં કેવું ઊતરી જાય

એ જોવું. લેખકે પાલખીમાં ઘણી રુકાવટો ઊભી કરી દેવા ભીખાની વૈરવૃત્તિને પ્રબળ બનાવી છે. નરસી ભીખાનો ઉચાટ ભાવકને કૂતુહલ જગાડે છે. - બધું રસપ્રદ બન્યું છે. આમ જોવા જઈએ તો, આ વાર્તા નરસી ભીખાના આંતરમનમાં ચાલે છે. લેખકે અહીં પાલખી વડે ધાર્મિક વિવિધાનની ઉત્કટતા નરસી ભીખાની ઉત્કટતાને વેગ આપે છે. જોકે, લેખકે પ્રસંગચિત થોડીક હળવી ક્ષણોને ઝડપીને વાર્તાને વધુ રસાળ બનાવી છે. વૈર-તૃપ્તિથી પીડાના નરસી ભીખાની ઉત્કટતાનો અંત આવે છે. દેવા ગણેશનું ઘર આવવાની સાથે. પણ આ શું ? દેવા ગણેશ ઘર બંધ. નરસી ભીખા પાલખીની પાસે જાયને જુએ તો રામાપીરનો ભાલો જાણે લંબાય છે. નરસી ભીખા હટી જાય છે કારણકે, એ ભાલો જાણે કે દેવા ગણેશના ઘરને તાકે છે. આવો લાગ મળતાં જાણે પોતાની વૈરવૃત્તિની તૃપ્તિ થઈ એવી કપોળ કલ્પનાથી એના મનનો ઉચાટ શાંત થઈ જાય છે. લેખકે આ ઘટસ્ફોટથી વાર્તા પૂરી કરી નરસી ભીખાના માનસમાં સળવળતી વૈરવૃત્તિને લેખક અસરકારક રીતે આલેખી શક્યાં છે. સાદી સરળ બાનીમાં પણ લેખકે આ વાર્તાને આસ્વાદ્ય બનાવી છે.

તો ‘રઢ’- વાર્તા પણ જશુભાની વૈરવૃત્તિનું લેખકે કુશળ આલેખન કર્યું છે. આ વાર્તા રણવીરના મુખે કહેવાય છે. કથા શરૂઆતથી જ ભાવકની કૂતુહલતાને પ્રેરે છે. એક દિવસ રણવીર જંગલ તરફ જાય છે ત્યાં જ જેઠા મેઘવાળને જુએ છે. એનું આખું શરીર ફફડી ઉઠે છે ને મુઠ્ઠી વાળીને ગામમાં ભાગી આવે છે. અને જશુભાને આખી વાત કરે છે. જશુભાની આંખ લાલચોળ થઈ ગઈ. જશુભા તરત પોતાની વૈરની તૃપ્તિ માટે જંગલમાં જાય છે. વાત



કંઈક એવી બની હતી કે, દશેરાના દિવસે ઘોડાદોડની હરિફાઈમાં કાયમ માટે બાપુનો ઘોડો જ પહેલો આવે છે. આ વખતે જેઠો મેઘવાળ પણ એમાં ભાગ લે છે બાપુના ઘોડાથી આગળ થઈ બાપુને પાછળ પાડી દે છે. જશુભા હાર પચાવી શકતાં નથી. બે-ત્રણ દિવસ પછી જેઠાને બોલાવી ‘તને બહુ ચરબી ચડી છે નહિ!’ કહીને જેઠાની કાકલૂદી છતાં બાપુની ચાબુક જેઠાના શરીર પર વીંઝાય છે. જેઠો સ્વમાની છે. એક દિવસ લાગ જોઈ બાપુને આંતરી બાવળના લાકડાથી ફટકારે છે ને જંગલમાં નાસી જાય છે. એક સામાન્ય મેઘવાળના હાથે માર ખાધા પછી જશુભાના મનમાં અપમાનનો કીડો એવો સળવળે કે એનાં મનમાં એનું વેર વાળવાની વૃત્તિ પ્રબળ બને છે. આજે જેઠાની ભાળ મળતા જશુભાના મનમાં વૈરવૃત્તિ બળવત્તર બની જાય છે. બાપુ પોતાના સાગરિત સાથે બંદૂક લઈને જંગલમાં આવે છે. જેઠો આખરે મળે છે પણ ત્યાં અચાનક એક ચિત્તો જેઠા પર હુમલો કરે છે. ચિત્તા જોડે બાથંબાથમાં જેઠાનું પ્રાણપંખેરું ઊડી જાય છે. છતાં, જશુભા જેઠાની ચિત્તાની પકડમાંથી છોડાવવા ચિત્તાને ભડાકે દે છે. જુએ છે તો જેઠા પણ મૃત્યુ પામ્યો. બાપુની ઈચ્છા તો એવી હતી કે જેઠો એની સામે માફી માગી, મોતની ભીખ માગે. પણ આખી બાજી ઊંધી વળે છે. જશુભાની વૈરવૃત્તિ પૂર્ણ ન થતાં તે ચિત્તાના પગલા પર તૂટી પડે છે. અહીં વાર્તાકારે રણવીરની ભીરુતા, જશુભાની વૈરવૃત્તિ અને જેઠાની હિંમતનું કુશળ આલેખન કરી વાર્તાને રોચક બનાવી છે. ‘રઢ’ વાર્તા ભાવકને પ્રારંભથી અંત સુધી જકડી રાખે તેવું આલેખન કરી વાર્તાને રસપ્રદ બનાવી છે.

'વાવ'- વાર્તા ઘણી ઉઠાવ પામી છે. આ વાર્તામાં લેખકે વાર્તાનાયક દલપતની કલ્પનક્રીડાને કલાત્મક રીતે આલેખી છે. દલપત પોતાના રિસાયેલા નાનાભાઈ લખમણને પોતાના દીકરા પરેશના લગ્નમાં તેડાવવા જરા પણ રાજી નથી. દલપતની પત્ની ગવરી ઘણી વ્યવહાર કુશળ છે તે તેને લખમણને બોલાવવા જવા માટે સમજાવે છે. છતાં જ માનતા દલપત પર દબાણ કરે છે. ગવરી કહે છે : ''ઑમ રાંડની માફક ઘરમાં ચ્યાં હુંધી હંતઈ રેહો. ગમે તેમ તોય એ તમારો માજણ્યો ભૈ છઅ. ઈન અ મનાવવામાં તમનઅ શેનાં મેણાં લાગીશીં !' ..... મારા હમ્મ. જો તમીં કાંય આડું અવળુ બોલો તો.... છોકરાના લગનમાં હવઅ પંદર દા'ડા બાચી છઅ... ભૈનઅ છોડઅ...' માનીને દલપત પોતાના નાનાભાઈએ મનાવવા તૈયાર થાય છે. દલપતે નાનપણ મા-બાપની છત્રછાયા ગુમાવી હતી. તેણેજ લખમણને ઉછર્યો, ભણાવ્યો અને પરણાવ્યો. પણ લગ્નના બીજાં જ વર્ષે તેમની પત્નીનો ચડાવ્યો જુદો થઈ પોતાના ભાગની જમીન લઈ વાડીએ રહેવા જતો રહે છે. જોકે એનું દુઃખ દલપતને નથી એને દુઃખ તો એ છે કે, પોતાના દુશ્મન જેવા ચંદુજીએ જે વખા પાડવામાં કશું જ બાકી રાખ્યું ન હતું તેની સાથે તેમણે ભાઈબંધી કરી હતી. દલપત વગડામાં થઈને લખમણના અનેક સંસ્મરણો ઊમટી પડે છે. દલપતને પાણીની તરસ લાગતા રસ્તામાં આવતી સતીમાની વાવમાં પાણી પીવા વાવમાં ઊતરે છે. ત્યારે એના મનમાં લખમણના ખેતરની લીલી સમૃદ્ધિ જોઈને જે ઈર્ષાવૃત્તિ જાગે છે તેનાં કારણે વાવના પાણી નીચે ઊતરી જાય છે. દલપત પાણી પીધાં વિના ઉપર ચડે છે ત્યારે એનાં



મનમાં ભાતૃભાવ દૃઢ થતાં વાવમાં પાણી ઊભરાય છે. 'વાવ' વાર્તામાં વાર્તાનાયક પોતાના વિખૂટા પડી ગયેલા ભાઈના ભાતૃભાવનો સંતાપ અનુભવે છે. વાવનું પાણી નીચે ઊતરી જવું એક ચમત્કાર લાગે છતાં દલપતની મનોસૃષ્ટિ આલેખવામાં એ એટલું જ સહસંબંધક છે એનાં દ્વારા લેખકે દલપતના મનોભાવનો સાક્ષાત્કાર કરાવ્યો છે. 'વાવ'માં લેખકે આંતર-બાહ્યલીલાઓથી એક સુંદર વ્યંજના તાકી છે. લેખકનું આવું આલેખન સ્વાભાવિક છે. અહીં શ્રી પરમારે સંવેદનોની ગૂંચ અને સંબંધોના જાળાને કલાત્મક બનાવ્યાં છે. 'વાવ'માં તળપદી બોલીનો વિનિયોગ પણ કલાગત છે. વાર્તાનાયકની મનોસૃષ્ટિ અવાંતરે બદલાતાં 'વાવ' વાર્તા આસ્વાદ્ય બની છે.

તો 'કાયર' વાર્તમાં વિખૂટા પડી ગયેલા મિત્રને કારણે વાર્તાનાયક કેવી પીડા અનુભવે છે તેનું આલેખન ઘણું રુચિકર બન્યું છે. વાર્તાનાયક એનાથી બે વર્ષ નાના સોમા સાથે નજીવા કારણોસર મિત્રતા તોડી નાખે છે. છત સોમો દરેક જગ્યાએ વાર્તાનાયક ઝંખે છે. વાત તો સાવ નાની અમથી છે. વાર્તાનાયકના દુશ્મન એવા વીરાના કાકાની દીકરી જોડે સોમાએ એના ભાઈની સગાઈ કરી. ત્યારથી વાર્તાનાયક ગણપતના મનમાં સોમા પ્રત્યે નફરતભાવ જાગે છે. ઘણીવાર એકલતામાં ગણપતના મનમાં સોમા પ્રત્યે મૈત્રીભાવનું ઝરણું વહેવા લાગે છે. છતાં, ગણપત સલૂકાઈથી એ ભાવને દબાવી દે છે. જ્યારે ગણપતનો બાપ આવે છે ને સોમાને ઘેર ચા પીવા જતાં સાચી હકીકતથી માહિતગાર થાય છે અને ગણપતને કહે છે. : 'છોડીનઅ અનઅ સોમાના ભૈનઅ કાંક લફરું

હતું. લાકડીઓ ઊડવાની તૈયારીમાં હતી. સોમાએ નાછૂટકે ઈના ભૈની હગઈ કરી નાંખી.... એ તો બાપડો તનઅ ચેટલીયે વાર બોલાવવા મથ્યો. પણ તું મોં ચડાવીનઅ ફરઅ છ એટલીં ઈનઅ બીક લાગઅ છ અ. એ તો ડાયો છઅ. તું જ ડાંડ છઅ...'' બાપુની વાત બિલકુલ સાચી લાગતી હતી. 'હું જ નઠારો છું.' એમ લાગતા ગણપત સામે ચાલીને સોમાને ઘેર મળવાજાય. 'કાયર' વાર્તામાં નાટકીય અંશો વાર્તાને વધુ રસળતી બનાવે છે. એ કે પડદો હટતાં જે સત્યની ઝાંખી થાય છે એ વાર્તાનો કેન્દ્રવર્તી ધ્વનિ છે.

આ વાર્તાસંગ્રહને જે શીર્ષક આપવામાં આવ્યું તે 'પોઠ' વાર્તા ઘણી ધ્યાનાકર્ષક બની છે. અહીં વણઝારાની પોઠનું લેખકે અસરકારક આલેખન કર્યું છે. વણઝારાના પોઠના રઝળતાં જીવનનો અહીં લેખકે સુપેરે પરિચય કરાવ્યું છે. અહીં કેન્દ્રમાં વાલા વણઝારો કૂતરા પ્રત્યેનો પ્રેમ અને તેની પત્ની માલીની બેવફાઈ. એની પત્ની માલી વાલાના મિત્ર સરમણ પ્રત્યે ઢળે છે. વાલાના પ્રેમાળ કૂતરા મોતીને કોઈ જાણીબુઝીને મારી નાખે છે. એની પાછળનું કારણ એ હોઈ શકે કે, આ મોતી અજાણ્યાં વ્યક્તિને એના તંબુમાં પ્રવેશવા દેતા નહીં. મોતીના મૃત્યુ પછી વાલો ઝાંખો પડી જાય છે. થોડા દિવસ પછી એની એકલતાને ખાળવા ગુલાબ અને ગુલાબડી નામની કૂતરા-કૂતરીને જોડી લઈ આવે છે. એક દિવસ ગુલાબડી બીજા કૂતરા જોડે હળવા લાગે છે. વાલો ગુલાબડીના ડાંગથી મારવા જાય ત્યાં તંબુમાંથી નીકળેલા માલી અને સરમણમાંથી વાલાને વાગે છે. 'ઓય મા, મરી ગઈ રે...' ચીસથી વાર્તા પૂર્ણ થાય છે. અહીં લેખકે માલીની ચારિત્ર્યભ્રષ્ટતાને આલેખવા ગુલાબડીને મૂકીને



માલીની ચારિત્ર્યહિનતાનો પરિચય કરાવ્યો છે.'પોઠ' વાર્તાના પ્રસ્તાર થોડો અવશ્ય કઠે છે. છતાં, લેખકે અહીં વણઝારાઓની સૃષ્ટિનો હૂબહૂ પરિચય કરાવ્યો છે.

'ભાગોળ' અને 'વેશપલટો' જેવી વાર્તાઓમાં લેખકે હિન્દુ-મુસ્લિમ વચ્ચે જે વૈમનસ્ય છે તેને આલેખવાનો કુશળ પ્રયાસ કર્યો છે.'ભાગોળ' વાર્તામાં વિધર્મીઓને દૂર રાખતા પોતાની જાતને ધાર્મિક માનનારો તરફ લેખકે કટાક્ષ આલેખ્યો છે. લેખકે અહીં ગામડાઓનું વરવું-વાસ્તવિક ચિત્ર આલેખ્યું છે. 'નિર્મળ ગુજરાત'નો નારો ભલે આપણે લગાવી રહ્યાં છે છતાં, ગામડાઓમાં ઉત્સર્ગક્રિયા માટે હજી પણ પાદર, ભાગોળ લોકોને વધુ માફક આવે છે. વાર્તામાં હુસેનમિયાં કુદરતી હાજતે જવા નીકળે છે પણ વરસાદના કારણે ચારે તરફ ખાબોચિયા ભરાતા હુસેનમિયાં મંદિર પાછળ આવેલા કંથેરના ઝાડ પાસે બેસી પડે છે. એવામાં જ પાછળથી એક અવાજ આવે છે.... 'અલ્યા' કંથેરની પાછળ કુણ બેઠા હૈ.' બાવાજીનો અવાજ સાંભળતાં હુસેનમિયાંને ખીજ ચડે છે. હ'આ દિયોર બાવાકી નજર મે મૈં જ આયા.' બાવાજી બરાબર વીફર્યા હતો હુસેનમિયાં પણ બીજા દિવસે મંદિરે આવે છે પણ બાવાજી મળતો નથી. બીજે દિવસે બાવાજી રસ્તામાં મળે છે. બન્ને વચ્ચે બોલાચાલી થાય છે.બાવાજી ડબલાને લાત મારી ઢોળી નાખે છે. ડબલાનું પાણી ઊડતાં બાવાજી અપવિત્ર થયો એમ માની તળાવમાં પડે છે. હુસેનમિયાં જાજરૂના ડબલાથી એને નવડાવે છે. બાવાની પવિત્રતાના જાણે લીરેલીરા ઊડાવે છે. વાર્તાની વાચાળતા વાર્તાના રચનાતંત્રને અનુકૂળ આવે તેવી છે. બાવા અને હુસેનમિયાં વચ્ચેના

સંવાદો ઘણાં ઉઠાવદાર બન્યાં છે. જોકે, કોઈ વિવેચકને એ ભારઝલ્લાં બન્યાં હોય એવું લાગે છે, છતાં, આ સંવાદોમાં લેખકે આ બન્ને પાત્રોના મનોભાવને પ્રગટ કર્યાં છે.

'વેશપલટો'- જેવી વાર્તા પણ તપાસવા જેવી છે. આમ જોવા જઈએ તો સામાન્ય જીવન જીવતાં લોકોને ધાર્મિક કટ્ટરતા ખપતી નથી. પણ સ્થાપિતો લોકોને ઉશ્કેરીને પોતાની ખીચડી પકાવે છે. ક્યારેક ધર્મના નામે તો ક્યારેક કટ્ટરતાના નામે. લોકોને ભડકાવીને પોતાનો હેતુ સારે છે. આજના સામ્પ્રત વાતાવરણમાં આવી વાર્તાઓની ઉપકારકતા વધી જાય છે. અહીં રહીમખાં જેવા પાત્રના મનમાં મંદિર અને મસ્જિદ વચ્ચે કોઈ ભેદ નથી. વાર્તાનાયક રહીમખાંના ચિત્તમાં બે બાબતોનું ધમાસાણ લેખકે સર્જ્યું છે. એક છે પારિવારિક અને બીજું છે ધાર્મિક. રહીમખાં ઘરના વાતાવરણથી તંગ આવીને ગલીના ચોકમાં આવેલ હનુમાન મંદિરના ઓટલી આવીને બેસે છે. ત્યાં બીજી બાજુથી મુસ્તાક આવે છે. લેખકે બન્નેના સંવાદો દ્વારા વાર્તાને રોચક બનાવે છે. મુસ્તાક રહીમખાંને ઉદ્દેશીને કહે છે.

'રહીમખાં, ઈધર નમાજ પઢનેકા શરૂ કીયા હે ક્યા?'

'ક્યૂં એસા બોલતા હે?'

'સારે દિન હનુમાન કા ઓટલે બેઠે રહતે શર્મ નહિ આતી હૈ તુમકો.'

મુસ્તાક રહીમખાંના મનમાં પલિતો ચાંપે છે. બીજાં કટ્ટરવાદીઓ પણ રહીમખાંને એના ભત્રીજાને કોમી રમખાણોમાં હિન્દુઓએ



મારી નાખ્યો હતો તે યાદ અપાવીને એમાં કટ્ટરતાનું ઝેર રેડે છે. રહીમખાં સૌની સાથે ભળી હનુમાન મંદિરને પાડવા તૈયાર થાય છે પણ એ ક્ષણે એમની પત્ની શકીનાબાનુંના પ્રેમયુક્ત શબ્દો યાદ આવે છે. 'તુમ જો કરને જા રહે વો અચ્છા નહિ હૈ.' આવા શબ્દોથી રહીમખાંમાં પરિવર્તન આવે છે. એની આંખો ચકરાવા લાગે છે. સુલેમાન, ઝભ્ભો, ધોતિયુંને ટોપી પહેરીને હાથમાં કુહાડી લઈને ઊભો ઊભો મસ્જિદ પર ઘા કરી રહ્યો છે મસ્જિદમાં લોહીના ફુવારા ઊડી રહ્યાં છે, તે તેમાં પોતે નહાઈ રહ્યો છે. એ સુલેમાનને રોકે છે. વાર્તા તે રહીમખાં હનુમાનજીની મૂર્તિ સામે જોઈ રહે છે તો જાણે મૂર્તિની જગ્યાએ એક તેજવર્તુળ જણાય છે. રહીમખાંનું મન અંતર ઝળાહળાં થઈ ઊઠે છે.

'વેશપલટો'- વાર્તા આવા સામ્પ્રત સમયમાં હિન્દુ-મુસ્લિમ વચ્ચે જે વારંવાર તણખાં ઝરે છે અથવા તો સ્થાપિતો દ્વારા બંને કોમોને જે રીતે ઉશ્કેરવામાં આવે છે ત્યારે આવી વાર્તાઓની પ્રસ્તુતા વધી જાય છે. લેખકે અહીં કરેલું બદલાયેલું સામાજિક સંદર્ભનું કળાત્મક આલેખન કર્યું છે. જે અભિનંદનને પાત્ર છે. ભલે કલાકૃતિઓનો મુખ્ય ઉદ્દેશ સમાજ સુધારણા કે જ્ઞાન આપવાનો નથી, છતાં કલાકાર સામાજિક જવાબદારીથી દૂર રહેવો ન જોઈએ.

'પરકાયા પ્રવેશ' વાર્તામાં લેખકે ચકોરજી અને ચિમનાનંદજીના સૂક્ષ્મભાવોને સૂક્ષ્મગતિએ પકડવાનો પ્રયાસ કર્યો છે. પોતાના અનુયાયી-સાધકની સાધના જોઈને ચિમનાનંદજીને બીક લાગવા માંડે છે. ચિમનાનંદજી આશ્રમના પ્રમુખસ્વામી છે જ્યારે ચકોરજી એક ભક્ત છે. બન્નેના માનસને આલેખવામાં લેખકે વિવિધ

રૂપકોનો કલોચિત વિનિયોગ ક્યો છે. તો ‘કવચ’, ‘કાનજી, અશ્વપાલ અને પિંગળા’ જેવી વાર્તાઓ પણ ધ્યાન ખેંચે છે. ‘કાનજી, અશ્વપાલ અને પિંગળા’ એક સરસ હાસ્ય-કરુણાંતિકા છે. તો ‘લૂણો’, ‘આંચકો’, ‘આંગણું’ જેવી વાર્તાઓમાં લેખકનું સર્જકત્વ નવ્ય ઉન્મેષો પ્રગટાવવામાં ખાસ સફળ થયું નથી.

શ્રી પરમાર સામ્પ્રત યુગના એક સફળ વાર્તાકાર છે. ‘પોઠ’ની ઘણી વાર્તાઓ વાર્તાંતે ભાવકને વિચારતા કરી મૂકે એવી છે. આમ પણ, સામ્પ્રતયુગની ટૂંકીવાર્તાઓને અંત ઘણો અસરકારક હોય છે. વાર્તાઓમાં ભાષાશૈલી પણ ઘણી મહત્ત્વની હોય છે. ભાષાકર્મ દ્વારા વાર્તાકાર વાર્તાને સાહજિકતા બક્ષે છે. શ્રી પરમારની વાર્તાઓ આ દૃષ્ટિએ સાદી, સરળ ને છતાં સચોટ શૈલી ધરાવે છે. ઘણી વાર્તાઓમાં તળપદો પરિવેશ વાર્તાને સફળ બનાવે છે. ‘ખંચો’ વાર્તામાં પ્રમોદભાઈ, ‘રઢ’ વાર્તામાં નરસી ભીખા, ‘રઢ’ વાર્તામાં જશુભા, ‘વાવ’ વાર્તામાં દલપત આદિની મનઃસ્થિતિને લેખકે કુશળ વાર્તાકારની હેસિયતથી આલેખી છે.

શ્રી પરમાર એક સફળ વાર્તાકાર છે. એમાં બે મત નથી. લેખક ટૂંકીવાર્તાને પારખવાની સૂક્ષ્મ સુઝ સમજ ધરાવે છે. શ્રી પરમારની વાર્તાઓમાં પરંપરા અને આધુનિકતા ઊભય વલણો કળાત્મક રીતે આલેખાયાં છે. આજે શ્રી પરમારની વાર્તાઓ ગુજરાતી વાર્તાઓના મહત્ત્વના સંચયોમાં સ્થાન પામી છે એ જ એની સર્જક પ્રતિભાનો સ્વીકાર છે. આશા રાખીએ શ્રી મોહન પરમાર પાસેથી માતબર સાહિત્યિક કૃતિઓ મળતી રહે.

⌘ ⌘ ⌘



## (૧૪) ‘ધૂમકેતુ નવલિકા પુરસ્કાર’ પ્રાપ્ત વાર્તાસંગ્રહ ‘અને...છતાં...પણ’.

ગુજરાતી ટૂંકીવાર્તાના સ્વરૂપને ગુજરાતીમાં ઠરીને ઠામ થતાં એક સૌકો પણ થયો નથી છતાં, એમણે ગુજરાતી સાહિત્યને ન્યાલ કરી દીધું છે - એમ કહેવામાં અત્યુક્તિ તો નથી જ નથી. આટલા ટૂંકાગાળામાં ટૂંકીવાર્તાઓએ ગુજરાતી સાહિત્યમાં અપારવૈવિધ્યને શક્યતાઓના દ્વાર ખોલી આપ્યાં છે. ગુજરાતીમાં મલયાનિલથી આરંભાયેલી ટૂંકીવાર્તાઓની સાહિત્યિકયાત્રામાં અનેક સમર્થ વાર્તાકારો મળ્યાં છે. ધૂમકેતુ, દ્વિરેફ, મેઘાણી, જયંતિ દલાલ, જયંત ખત્રી, ગુલાબદાસ બ્રોકર, ઈશ્વર પેટલીકર, ચુનિલાલ મડિયા, પન્નાલાલ પટેલ - જેવા સર્જકોએ ટૂંકીવાર્તા ક્ષેત્રે અમૂલ્ય કામગીરી બજાવી છે. આ આપણી ટૂંકીવાર્તાની યાત્રાનો પ્રથમ તબક્કો જ્યારે સુરેશ જોષી, મધુરાય, ચંદ્રકાન્ત બક્ષી, કિશોર જાદવ, રાધેશ્યામ શર્મા, ઈવાડેવ, સરોજ પાઠક, વિભૂત શાહ -વગેરે વાર્તાકારો એ આપણા બીજા તબક્કાના વાર્તાકારો. આ વાર્તાકારોની વચ્ચે શ્રી હરીશ નાગ્રેચાનું નામ ગુજરાત વાર્તાકારોની સૂચિમાં સમાવિષ્ટ થાય છે.

શ્રી હરિશ નાગ્રેચાનો જન્મ આમ તો કરાંચીમાં, દેશના ભાગવા પડતાં શ્રી નાગ્રેચા મુંબઈ આવીને ઈકોનીમીક્સમાં બી.એ. થાય છે. ત્યાં જ મોટાભાગે શાળા, ફેકટરી, ગવર્નમેન્ટ વિભાગ,

માર્કેટિંગ, ટ્રાવેલ - ટુરિઝમ, ઈન્સ્યોરન્સ, ઈન્ડસ્ટ્રીયલ જર્નાલિઝમ - એમ અનેક ક્ષેત્રે જીવનનો બહોળો અનુભવ મળેવે છે.

એમની પાસેથી "તું બોલને...!", "અને... છતાં... પણ..." અને "હેલો, સૂર્યા !" - જેવા ત્રણ વાર્તાસંગ્રહો મળે છે. ૧૯૬૭ માં એમની વાર્તા 'સન્ડે...જ, સન્-ડે...જ, સન્-ડે'ને વર્ષની શ્રેષ્ઠ વાર્તાનો 'કુમાર' પારિતોષિક મળે છે. 'તું બોલ ને...!' તથા "અને...છતાં....પણ..." એમના બે વાર્તાસંગ્રહોને વર્ષ ૧૯૯૭-૯૯ નો ધૂમકેતુ નવલિકા પુરસ્કાર પ્રાપ્ત થયો છે. ૧૯૯૪થી એમની વાર્તાઓ સતત 'વર્ષની શ્રેષ્ઠવાર્તાઓ' તથા અન્ય સંપાદનોમાં સમાવિષ્ટ થતી રહી છે.

"અને...છતાં...પણ...."- વાર્તાસંગ્રહમાં કુલ ૧૮ - જેટલી વાર્તાઓ સંગ્રહિત થઈ છે. 'નિવેદન'માં લેખક નોંધે છે : "અચેતનમાંથી ઊઠી મારી સંવેદનાનું કિરણ જે ત્રિપાર્શ્વકાચમાંથી પસાર થઈ કૃતિ તરીકે પ્રગટે છે, એના પાસાં છે : સ્ત્રી, ભય અને ચહેરો". એમની વાર્તાઓનુ થીમ આ સ્ત્રી, ભય અને ચહેરાની આસપાસ ગુંથાતું રહે છે. લેખકને ભીતર અને બહારના બે ચહેરા વચ્ચે ગોટાતી અસમંજસતા ગૂંગળાવે છે. એમાંથી છૂટવા માટે લેખક રીતસરની ઘા નાખે છે, ત્યારે હીર વિનાની પરંપરા લેખકની સંવેદનાઓને નીંભર કરી દે એવી દહેશત થાય છે. લેખક એમાંથી ભાગી છૂટવા મથે છે. લેખકને જે - છે - એ - જ સાચું ને શ્રેષ્ઠ છે એ હરગીઝ મંજૂર નથી. એવી સ્થિતિમાં લેખક પરાધિનતાનો અનુભવ કરતા કળાય છે. લેખકને ભીતરના મૂલ્યો, આદર્શો નિર્દેશે છે, આવું નહીં, જગત આવું હોવું જોઈએ. લેખકને આ બધું પૂર્ણતાનો સંકેત, પોતાના - હોવાની પ્રતીતિ માટે સતત અજંપો પ્રેરતા રહે



છે. આવી ક્ષણોમાં લેખક સતત પોતાનું કરવાની મથામણ અનુભવે છે ત્યારે અપેક્ષા અને અવકાશ વચ્ચે લેખક ખેંચતાણ અનુભવે છે. લેખકના શબ્દો નોંધું તો, - "જગત છે જ. હું પણ છું જ. એ બે વચ્ચે ભેદ પણ છે જ. એને નકારવાનો કોઈ અર્થ નથી. જીવનમાં જ્યારે કંઈ નકારાય છે, તો એ છે આનંદ. મોટાભાગનું જીવન સંસારાધીન રૂઢાયેલું, આજીવિકાની અપેક્ષાએ ચિલાયેલું, સુખની વ્યાખ્યાઓથી કુંઢાયેલું અને સહજતા - કૌતુક - વિસ્મયથી વિમુખ, પૂર્વનિયંત્રિત - કન્ડિશન્ડ છે. કોઈપણ વિચાર, આચાર, વલણ, વૃત્તિ - વર્તથી કન્ડિશન્ડ, આધીન હોવું એટલે કર્મોપલક્ષી - ફંકશનલ - હોવું, જે કર્મોપલક્ષી જ છે, એ અસંગત - ઍબ્સર્ડ છે પીડા. એમાંથી છૂટવું એ માનવધર્મ. જો ન છુટાય તો પીડાને સહેવાની પોતાની આગવી રીત પસંદ કરવી, એટલે માનવીનાં ગૌરવ, પ્રતિષ્ઠા વધારવાં, હયાતીને મોકળાશનો અર્થ આપવો. ઊંડે ઊંડે ક્યાંક સૌ કોઈ આ જાણે છે, અને...છતાં...પણ...".

આ સંગ્રહની પ્રથમ વાર્તા છે -'ચુટકી'. એક સ્ત્રી પાત્રને કેન્દ્રમાં રાખીને લખાયેલી આ વાર્તામાં સ્ત્રીના મનોગતને - આંતર બાહ્યચેતનાને લેખકે કલાત્મક રીતે આલેખ્યાં છે. ચુટકી ભણેલી છે. તેને કેટ-કેટલાંય સ્વપ્નો હશે, પણ એના પિતાજી રિટાયર્ડ એઈજની નજીક પહોંચતા, હાઉની જેમ આવેલા રિટાયર્ડ થયા પછી શું ? એ પ્રશ્નનો ઉત્તર શોધવા લોન્ડ્રી ખોલી. ચુટકીની અનીચ્છા છતાં તેને નસીબે ઝોંકાય. કથાના પ્રારંભે લોન્ડ્રીમાં દાખલ થયેલી ચુટકી વિચારધીન છે. શરૂઆતમાં તો એમને આ બધું ગમતું નથી પણ પછીથી એ સ્વીકારી લે છે. અને એનું યે એક ખાસ કારણ હતું - વી.ટી.એસ. ચુટકી આ અજાણ્યા ગ્રાહક પ્રત્યે તીવ્રપણે પ્રેમાનુરાગ

અનુભવવા લાગે છે. ચુટકી આ વી.ટી.એસ. ને મનોમન ચાહવા લાગે છે. ચુકટીના પ્રેમાવેગનું શ્રી નાગ્રેચાએ અહીં ઝિણવટભર્યું આલેખન કર્યું છે. 'પ્રેમને કોઈ કારણ સાથે સંબંધ નથી.' આ વી.ટી.એસ. તો ચુટકીના એકપક્ષી પ્રેમાવેગથી તદ્દન અજાણ છે. ચુટકીને બસ આ બાઘુરામ જોવો ગમે છે, ને એને જ જોયા કરતી ચુટકી મને ગમે છે. "એ - છે. ગમે એટલે ગમે. ગમવાનું કારણ નહીં. કારણ હોય તો ખબર નહી." 'ચુટકી'માં લેખકે કાચી વય અને પુષ્પવય વચ્ચે ચાલતા સંઘર્ષના નિરૂપણમાં કમાલ દેખાડી છે. વી.ટી.એસ. તો રોજીંદા ક્રમ પ્રમાણે લોન્ડ્રી પર આવે ને જાય છે અને ચુટકીના એકતરફી પ્રેમાનુરાગની ખબર પણ નથી. શ્રી નાગ્રેચાએ અહીં વાર્તાનાયિકાના મનઃસંચલનોને કુશળતાની આલેખ્યા છે. અહીં ચુટકીના બે ચહેરા લેખકે આલેખ્યાં છે. એક ચુટકીનો અને બીજો યુવાનીમાં પગરવ કરતી ચુટકીનો. આ બન્ને ચહેરા ક્યાંક એકમેકમાં ભળી જતાં અનુભવાય છે. નાયિકાના ચિત્તમાં જાગેલા સંદેવનથી તેનાં આંતર બાહ્ય વર્તનો વધુ સૂક્ષ્મ રીતે આલેખાયા છે. ચુટકીના ચિત્તમાં ચાલતો સંઘર્ષ શમી જઈને વી.ટી.એસ. તરફ પ્રેમાનુરાગમાં પલટાતા કૃતિ ઘણી કલાત્મક બની છે. આ વાર્તામાં આદિ, મધ્ય અને અંત જેવી વિભાવના નથી કે નથી પ્રતીકોની જટાજાળમાં ભરમાતી આધુનિક વાર્તા. શ્રી રજનીકુમાર પંડ્યા આ અંગે નોંધે છે : "આ વાર્તા ક્ષણભર આકાશમાં રેખવાતો વીજળીનો એક લીસોટો છે, જે એટલીજ વારમાં પાત્રના મનની માયાનગરીને ઝળાં-હળાં કરી વિલીન થઈ જાય છે." ચુટકીના મુખે કહેવાયેલી, એક સ્ત્રીના મનોગતને કેન્દ્રમાં રાખી



લખાયેલી આ કૃતિ સાદ્યંત કલાકૃતિ બની છે એમાં શંકાને કોઈ સવાલ નથી રહેતો.

'કુલડી' વાર્તામાં પણ લેખકે પોતાની કલાશક્તિનો જેટલો કસ કઢાય તેટલો કાઢવાનો પ્રયાસ કર્યો છે. તો વળી આ વાર્તા ઘણી ચર્ચાસ્પદ પણ બને છે તેના આલેખનના કારણે. અહીં કુલડી એક મુખર પ્રતીક તરીકે આવે છે. જેમ પ્રથમ વર્ષા વખતે ધરતીમાંથી મીઠી સોડમ આવે છે એવી જ કંઈક અદીઠી સોડમ પ્રથમ વખત માટીના વાસણમાં ચા-પાણી જેવો પ્રવાહી પીવાથી આવે છે. પણ એ માટીનું વાસણ એકવાર વપરાય ગયા પછી એમાંથી એવી સોડમ ફરી ફરી આવતી નથી. 'કુલડી' વાર્તામાં લેખકે એક બળવાખોર સ્ત્રી-યુવતી - પિયાસીના મનમાં એક સળગતી ચિનગારી મૂકી છે. પોતાના પડોશમાં રહેતા મજેઠિયા પરિવારની છોકરી રિન્કુ ઉપર બળાત્કાર થાય છે. પિયાસીના મનમાં આ ઘટના એક ચિનગારી બનીને જાણે કે જામગીરી બને છે ને તે અનેક વિસ્ફોટકો સર્જે છે. પિયાસી પોતાના પડોશી, સગા-વ્હાલા, બહેનપણી, માતા પોતાના વાગ્દત્ત યુવક આકાશના સંબંધોમાંયે જાણે કે ભૂકંપ સર્જે છે. એના મનમાં ઘોળાતો પ્રશ્ન સૌ કોઈને ધ્રુજાવી દે છે - "તમારા પર બળાત્કાર થાય તો ?" લેખક રિન્કુવાળી ઘટનાને આલેખતાં જરા વધારે ઉઘાડાં બની ગયા હોય એમ લાગે છે : "બિચારી વપરાઈ ગઈ ! શું કામની રહી, કોઈના હવે ?" આ ઘટના પિયાસીના મનોજગત પર જે રીતે આકારિત થાય છે તેને લેખકે આ વાર્તાની ધરી બનાવી છે છતાં અહીં મોનૉટોની વરતાતી નથી. એ એક સફળતા જ કહેવાય. અહીં શ્રી નાગ્રેચાએ પિયાસીના મનોગતની સૂક્ષ્મ પ્રતિક્રિયાઓ

કુશળતાથી આલેખી છે. શ્રી નાગ્રેચાએ અહીં હકીકતોનું આલેખન કરવા 'વપરાઈ ગઈ' જેવું વાક્ય વાપરીને પોતાની સબળ કલમની પ્રતીતિ અવશ્ય કરાવી છે. અહીં કુલડી એ મુખર પ્રતીક બને છે. શ્રી નાગ્રેચાએ અહી એક બળવાખોર - ધગધગતી - એસિડિક સ્ત્રીના મનોગતને અસકારક રીતે આલેખ્યું છે.

શ્રી નાગ્રેચાએ વાસ્તવનું આલેખન કરવામાં નારી-હૃદયની સંવેદના-વેદનાને, એના મનોગતને એમની વાર્તાઓમાં વારંવાર પ્રયોજે છે. સ્ત્રીઓના મનોગતમાં ચાલતી પ્રક્રિયા - ગતિવિધિઓને ઉજાગર કરવામાં શ્રી નાગ્રેચાને સફળતા પણ અવશ્ય મળે છે. 'કલહ' વાર્તા એનો એક ઉત્તમ ઉન્મેષ છે. અહીં વાર્તાનાયિક નંદિનીના આંતરમનમાં ચાલતી પ્રક્રિયા તેમજ નાયિકના મનોવ્યાપારને કુશળતાથી આલેખ્યા છે. અહીં વાર્તાના કેન્દ્રમાં છે સ્ત્રીસહજ ઈર્ષ્યાવૃત્તિ. નંદિની આમ તો પરણેલી છે. એનો પતિ પરદેશમાં કમાવા ગયો છે. આમેયે એનો પતિ એને ઠીંગણો અને ઘેંટા જેવો લાગે છે. એ જ્યાં નોકરી કરે છે ત્યાં બૉસ પ્રત્યે એને સતત રતિભાવ જાગતો રહે છે. એક બાજુ આ રતિભાવનો ઉશ્કેરાટ અને બીજી બાજુ ચિત્રા નામની નવી કર્મચારી સ્ત્રીનું આગમન થતાં એ ઉશ્કેરાયેલી જ રહે છે. કારણકે, ચિત્રા જોતજોતામાં બોસની માનીતિ થઈ પડે છે. વળી ચિત્રાની કમનીય દેહલતા પણ એની ઈર્ષાવૃત્તિને પોષે છે. નંદિનીને ચિત્રા પ્રત્યે અણગમો થવાનું કારણ હતું - બ્લાઉઝમાં તસતસતા ચિત્રાના સ્તન ! પોતે ચિત્રાની તુલનાએ રાંક છે એવી થાપણની ઓછપ નંદિનીને ખૂંચતી. એમના રતિ ઉશ્કેરાટમાં ઈર્ષાનો ઉશ્કેરાટ ભળતા એ ઘૂઘવાતી ફરે છે. આ ઈર્ષાપ્રેરિત કલહનું



શ્રી નાગ્રેચાએ સીધી લીટીમાં આલેખન કર્યું છે. ભાવક સતત દાહ અનુભવે તેવું નંદિનીના મનોગતનું આલેખન લેખકે ઘણી કુશળતાથી કર્યું છે. અહીં વાર્તાકારે સુરુચિભંગ થાય તેવું આલેખન કર્યું હોય એવું અવશ્ય લાગે પણ, આજના યુગના વાર્તાકારો આવું આલેખન કરવામાં કોઈ ખચકાટ અનુભવતા નથી એ પણ નોંધવું જ રહ્યું. અહીં નંદિનીના મનોજગતને આલેખવા માટે શ્રી નાગ્રેચાને આવું આલેખન ઘણું સહાયરૂપ નીવડ્યું હોય એમ લાગે છે. શ્રી નાગ્રેચાએ અહીં નંદિનીના આંતરમનની ક્રિયા-પ્રતિક્રિયા અને બાહ્યવર્તનમાં ઈર્ષા અને સેક્સને કેન્દ્રમાં રાખીને લખેલી આ વાર્તા અવશ્ય નૂતન પરિમાણો પ્રગટાવે છે, એવું કહેવું અત્યુક્તિભર્યું તો નહીં જ ગણાય.

"સન્‌ડે...જ, સન્-ડે...જ, સન્-ડે" વાર્તાને વર્ષ ૧૯૬૭ નો 'કુમાર' પારિતોષિક મળે છે. આ વાર્તા ઘણી આસ્વાદ્ય બને છે. 'SUNDAY' અને 'SONDAY' બન્ને એકરૂપ થઈ જાય તેવું નોકરી કરતી સ્ત્રીના કારુણ્યની વાતને આ વાર્તામાં આલેખવામાં આવી છે. આ વાર્તામાં નાનકડો કલાપી પોતાની મમ્મી નિરામયીને નોકરી ઉપર જતા રોકે છે. નિરામયીને તૈયાર થતી જોઈને કલાપી એક જ રટના લઈને બેઠો છે. - "તું તૈયાર ના થાને મમ્મી.... તું ના જાને મમ્મી...." બાળકલાપી એવો તો જીદે ચડ્યો કે તે આજે કોઈપણ લોભ કે લાલચમાં આકર્ષાતો નથી. ઑફિસે જતી નિરામયીને બાજી પડે છે ને નિરામયીની સાડીની પાટલી ખેંચાઈ જત, નિરામયી કલાપીએ એક ધોલ મારી બેસે છે. આખરે એની નાની બહેન વંદના આવતાં કલાપીને માસીના ભરોસે છોડી નિરામયી ઑફિસ રવાના થાય છે. આજે શનિવાર છતાં નિરામયી

બે વાગ્યા સુધીનો સમય પણ માંડમાંડ પસાર કરે છે. વાર્તાના ચુસ્ત સંવાદો અને તેની વચ્ચેના મનોગતના ઉઘાડ મારફત જીવનની એવી નાની-મોટી વિગતો સ્પષ્ટ થાય છે. પાછી ફરતી નિરામયીની આંખો પોતાના પુત્રને જ શોધી રહે છે. ત્યાં તે પુત્રએ કરેલું કૌતુક જોય છે :

> "નિરામયીની આંખો કૅલેન્ડર પર ફરી વળી. કૅલેન્ડર, કૅલેન્ડર જ હતું. તારમાં પરોવાયેલી પતાકડીઓ પૂઠાને વળગી રહી હતી. નિરામયીએ વિચારમાં યંત્રવત્ સઘળી પતાકડીઓ ઉથલાવી જોઈ, પહેલેથી છેલ્લે સુધી બધી જ લાલ હતી. ફક્ત લાલ જ ! નિરામયીનું હૈયું દ્રવી ઊઠ્યું. એના સજલ નયનો કલ્પુને શોધી રહ્યાં. એ રૂંવે રૂંવેથી કલ્પુને ઝંખી રહી. ડ્રૉઈંગરૂમના ઉંબર પર ખમીસના બટનને દાંત વચ્ચે ચગળતો મમ્મીનો લાલ, ઝીણી આંખ કરી મૂક ઝરમર મરકતો હતો કે, 'નહિ મમ્મી, હવે તો સન્ડે...જ, સન્-ડે...જ, સન્-ડે...!"

વાચકને ભલે રડાવે નહીં પણ એની આંખને અવશ્ય ભીની બનાવી મૂકે એવું એક નોકરી કરતી માતાનું કારુણ્ય અહીં આસ્વાદ્ય બને છે.

શ્રી હરીશ નાગ્રેચાના નિવેદનમાં જણાવાયું છે તેમ એમની વાર્તાઓના કેન્દ્રમાં છે સ્ત્રી, ભય અને ચહેરો. 'ચુટકી', 'કુલડી', 'કલહુ', 'સન્ડે...જ, સન્-ડે...જ, સન્-ડે', 'ગાંડીતૂર', 'લૂણો' - જેવી રચનામાં કેન્દ્રસ્થાને સ્ત્રી છે. એમાં સ્ત્રીની સમસ્યાઓ, નારી મનઃસંચલનો, નારી હૃદયનાં સંવેદનોના રચાતા ને તૂટતા ભાવવિશ્વને અહીં વાચા આપી છે. શ્રી નાગ્રેચાને 'બીક-ભય'ને



કેન્દ્રમાં રાખીને પણ અહીં કેટલીક વાર્તાઓ આપી છે તેમાં "ગાભલું" અને "બીકનું બંડલ" ઘણી ધ્યાનાર્હ બની છે. "ગાભલું" વાર્તામાં કેન્દ્રસ્થાને પાત્ર છે - લાલુ. લાલુના તોફાનથી ત્રસ્ત એના પિતા એને એક ઓરડામાં પૂરી દે છે. શરૂઆતમાં તો મમ્મી.... પપ્પા... જેવી તોછડી બૂમો પાડી દરવાજો ખોલવા કહે છે. પણ એના મમ્મી-પપ્પા કોઈ સાંભળતું નથી ત્યારે લાલુ ઓરડામાં થોડો શાંત થઈ જાય છે. આમ જોવા જઈએ તો આ ઓરડી લાલુ માટે કાંઈ નવો ન હતો. અહીં જ તે મોટો થયો હતો. એક - એક ચીજ-વસ્તુ સાથે એને ઓળખ છે. બારી પાસે બેસી સૂરજના તડકા તથા મિત્રોને રમતને જોયા કરે છે રોષમાં ને રોષમાં લાલુની આંખો મળી જાય છે.જ્યારે આંખો ખૂલે છે તો ચોમેર અંધારું જ અંધારું. શ્રી નાગ્રેચાએ અહી અંધારાના વિધ્ વિધ્ રૂપોને કુશળતાથી આલેખ્યાં છે. લેખક અંધારાને આલેખતાં કહે છે :

> "લાલુની આંખ ખૂલી ત્યારે ઓરડામાં અંધારું ગબ. શું ? અંધારું ગબ. કોથળાં ઠાલવી ઠાલવી, દાબી-દાબીને કોઈએ કાળું કાળું અંધારુ ભરી દીધું હતું. ઠાંસોઠાંસ. .... કંઈ દેખાય નહીં.... અચાનક કોઈએ એને અંધારાંની પોટલીમાં બાંધી દીધો છે. નાની અમથી પોટલીમાં ગોળ........ લાલુના પેટમાં લાંબી, ઊંડી ચીલો વલોવાઈ ઊઠતી હતી, પણ પડતી નહોતી. ઊંડા અંધારામાં દૂર દૂરથી, રહી રહીને, ગમે ત્યાંથી ચીલ ઝડપે, ઝબે કરવા ઝૂમકતી, તેજ લિસોટતી ઉલ્કા ભફાંગ કરતી એક પછી એક પસાર થઈ ઘસરકાતી જતી હતી."

અહીં અંધારાના આલેખનમાં શ્રી નાગ્રેચા થોડાંક વધુ બોલકા બની જતાહોય એવું પણ લાગે છે. એટલે કે, આ એક પ્રસ્તારદોષ જ કહેવાય. 'ગાભલું' વાર્તામાં બાળમાનસમાં અનુભવતા ભયના વિવિધ ભણકારા વિષેનું લંબાણપૂર્વકનું આલેખન લેખકની થોડી મર્યાદા અવશ્ય છે છતાં, વાચકને એક બાળકને કહેવાતી લઢણવાળી છાંટ અવશ્ય ગમે તેવી છે. ભયના ભાવને લેખકે અહીં આલેખવાનો જે પ્રયાસ કર્યો છે તેમાં એમને જોઈએ તેટલી સફળતા મળી નથી. છતાં ભાવકને આ વાર્તામાંથી પસાર થતાં આનંદ તો અવશ્ય મળે જ છે, એ જ આ વાર્તાની ઉપલબ્ધિ છે.

'બીકનું બંડલ' વાર્તાના કેન્દ્રસ્થાને પણ ભય છે. અહીં ગરોળીની બીકથી હતપ્રભ બનેલી વિનોદિનની મનઃસૃષ્ટિને લાક્ષણિક રીતે આલેખી છે. વાર્તામાં બે પાત્રો છે ત્રીજું પાત્ર છે - ગરોળી. એક દિવસ વિનોદિનીનો પતિ ઓફિસેથી ઘરે પરત ફરે છે. ત્યાં એના પગ ઢીલા પડી જાય છે. રોજની જેમ વિનુ આજે ગેલેરીમાં દેખાય નહીં, બે ત્રણ વખત ડોરબેલ વગાડ્યા છતાં વિનુ દરવાજો ખોલતી નથી, શશિ હતપ્રભ બનીને દરવાજાને જોરથી ધક્કો મારે છે. ઘરમાં ચીજ-વસ્તુ વેરણછેરણ પડી છે. ત્યાં એને વિનોદિની દેખાય છે - "ચાર ફૂટ ઊંચા લાકડાના ઘોડા પર શિયાવિયા વિનુ બેઠી હતી. એણે ગોઠણ સુધી સાડી સંકોરી, બે પગ વચ્ચે દાબી રાખી હતી, વાળ વેરવિખેર હતા, પાલવ કમ્મરે કસેલો હતો, ને બે હાથમાં બે જાતનાં ઝાડુ પ્રહાર કરવા તત્પર હતાં. એના રડમશ ચહેરા પર ચીડ - રીસ - ભય ફાટફાટ થતાં હતાં. વૉટ એન ઍન્ટિ - ક્લાઈમેક્સ !" ઘરમાં ગરોળીપુરાણ સર્જાયું હતું. વિનુને ગરોળીની બીક ઈશ્વરની જેવી સર્વશક્તિમાન લાગે છે. કેટલાક ભય પાળેલા, પંપાળેલા, માનીતા હોય છે ઘણાં એનાથી ટેવાઈ જાય છે, એને છોડવા પણ ગમતા નથી. પણ ભયને જો પડકારવામાં આવે તો તે માણસને બુદ્ધ બનાવી દે છે નહીં તો બુદ્ધુ. 'બીકનું બંડલ'માં શશિ ગરોળીને આખરે મારે છે તો પણ વિનોદિનીની બીક ઓછી થતી નથી. વિનુને વળી પરંપરિત ભય સતાવવા લાગે છે. વાર્તાના અંતે લેખક મોદી નોધે છે. : "શ્રી હરીશ નાગ્રેચા સેન્સિટિવ વાર્તાકાર છે. વાર્તા ક્યારે બને અને ક્યારે ના બને, એની ચર્ચાઓ કર્યા કરવાનો અર્થ નથી. વાર્તા વાંચવી પડે. વાંચતાં વાંચતા જ આપણને સમજાય કે વાર્તા કે આરંભ મધ્ય તરફ અને મધ્ય અંત તરફ સહજતયા ખેંચે છે કે કેમ. અને અંત્‌ને અંત નહીં, લેખક પૂર્ણવિરામ મૂક્યાં પછી પણ વાર્તા આપણા મન-મગજમાં આગળ ચાલ્યા કરે છે કે કેમ."

'લૂણો' વાર્તા પણ એક સુંદર વાર્તા બને છે અહીં દરિયાપાર વસતા ભત્રીજા ચિનુએ પસલી મોકલી એના અનુસંધાનમાં ચંદ્રાફોઈએ પોતાના ભત્રીજાને પત્ર દ્વારા હૃદયની ભાવનાને અભિવ્યક્તિ કરી છે. આ વાર્તામાં ભારતીય સંસ્કૃતિની મીઠી સોડમ આવે છે. તો "અને...છતાં...પણ..." વાર્તા પણ ધ્યાનાર્હ બને છે. અહીં એક સાથે ત્રણ ઘટકોમાં કથાપ્રવાહ આગળ ધપે છે. અહીં કોબરભા અને ઝિંગરની કથા ત્રંબક અને જમનીની કથા તથા દિલીપ અને એના મિત્રોની કથા - આ ત્રણેય કથામાં લેખક કોઈ વિશેષ તંતુ રચી શક્યા નથી. દિલીપ પોતાની બહેનને જે રીતે જુએ છે તેમાંયે લેખકે ઔચિત્યભાન જાળવ્યું નથી. કોઈ કહેશે આ તો રિયાલીટી છે. એમાં તો મનોવૈજ્ઞાનિક અભિગમ છે. એમાં તે

વળી શું ખોટું ? એનાથી પણ વધુ ઉઘાડા આલેખનો સાહિત્યમાં મળે છે. આવો બચાવ એટલે લૂલો બચાવ. માની લઈએ કે, એવું હોઈ શકે તો પણ ભાવકને એવું જ પીરસવાનું ? લેખક લખે છે પોતાના માટે જ ? એમની કલાકૃતિ ભાવક સુધી પહોંચે છે ત્યારે લેખકે અવશ્ય વિવેકભાન રાખવો જ પડે.

'તો તું જાને, જતો કેમ નથી ?' 'બૂફે' જેવી વાર્તામાં 'ચહેરો' અભિવ્યક્ત થતો પમાય છે. 'તુ જાતે, જા તો કેમ નથી ?'કૃતિમાં સમયની સાપેક્ષતાને લેખકે વાર્તારૂપે આલેખવાનો યત્ન કર્યો છે. વાત આછી પાતળી છે એના ઉપરનો લેખકની ફિલસૂફી, દીર્ઘસૂત્રિતા, મનોવલણોના પ્રસ્તારયુક્ત વર્ણનો વાર્તાનું કાઠું ઘડવામાં નબળા સાબિત થાય છે. તો 'બૂફે' જેવી વાર્તામાં પણ લેખકને આવી જ સમસ્યા નડે છે. આખી વાર્તા 'સ્વસંવાદ'માં આગળ ધપે છે. એમનું આલેખન અટપટુને અઘરું છે, ભાવકને એમાંથી કોઈ સ્પષ્ટ સંદેશ મળતો નથી. તો 'સસલું' વાર્તામાં પણ કોઈ વિશેષ કલા અભિગમ પમાતો નથી. આ ઉપરાંત 'ખુશ્બો', 'કૅટ-વૉક', 'ગાંડીતૂર' જેવી વાર્તાઓ કંઈ ઠીક ઠીક કહી શકાય એવી વાર્તાઓ છે.

'અને....છતાં....પણ....' વાર્તાસંગ્રહની વાર્તાઓમાં 'કુલડી' ની પિયાસી, કૅટ-વૉકની સંજના, 'ચુટકી'ની ચુસ્કી, 'લુણો' નો ચિનુ, 'ગાભલું'નો લાલુ, 'ઓધાન'ની કેસર, 'રોન્‌દિવૂ'ના દીપુ-મીનુ, 'સસલુ'ના ટોશી અને ઝીંગુ જેવા પાત્રો ભાવકની નજર સમક્ષ રમ્યા કરે છે. શ્રી હરીશ નાગ્રેચાની શૈલી પણ ઠીક ઠીક કહી શકાય એવી અસર જન્માવે છે. હાં, ઘણીવાર શ્રી નાગ્રેચા આધુનિક વાર્તાકાર બનવાના મોહમાં એમની પ્રયોગશીલતા વાર્તાના



કલાતત્ત્વને નુકશાન પહોંચાડે છે. અતિલાંબા તેમજ ક્યારેક તો અધવચ્ચેથી જ તૂટતાં વાક્યો પણ લેખકની મર્યાદા બની જાય છે. ઘણીવાર શબ્દોનું વળગળ પણ લેખકની મર્યાદા બને છે.

આમ છતાં પણ શ્રી હરીશ નાગ્રેચાની કેટલીક વાર્તાઓ સુંદર બને છે. ખાસ કરીને સ્ત્રીના મનની વાંકી-ચૂકી ગલીકૂંચીઓની ઝીણી જાણકારી લેખક પાસે છે, આવી વાર્તાઓમાં એમના વાર્તાકલાનો ઉન્મેષ અવશ્ય પ્રગટાવે છે. 'ચુટકી', 'કુલડી', 'ગાભલું', 'ઓધાન', 'ખુશ્બુ', 'કલહ' જેવી વાર્તાઓ ભાવકોનું અવશ્ય ધ્યાન ખેંચે છે. અંતમાં શ્રી રજનીકુમાર પંડ્યાના શબ્દો ટાંકું છું :

"વાર્તાકાર હરીશ નાગ્રેચા પાસે માણસના, રોમાંચ ખાસ કરીને સ્ત્રીના મનની ગલીકૂંચીઓની ઝીણી જાણકારી છે. એના ભાવ - આંદોલનોથી એ વાકેફ છે. વાર્તાનાં સરસ સરસ બિંદુઓ પકડવાની એમને ફાવટ છે. 'ખુશબો', 'કૅટ-વૉક', 'લૂણો', 'ઑધાન' જેવી સુંદર વાર્તાઓ એ વાતનું પ્રમાણ આપે છે. પણ એમને કદાચ વારંવાર નડે છે તે આધુનિક ગણાવનો વ્યામોહ. લેખકે, પોતે કેવો ગણાઈ જશે તેની તમા રાખ્યા વગર, પોતાના પ્રતિભા, પુદ્‌ગલમાંથી જે રીતનું નીસરી આપે તે રીતનું લખવું જોઈએ. સભાનતા જેવો કાતિલ શત્રુ સર્જક માટે બીજો કોઈ નથી. "

('શબ્દનગર'-પૃ. ૧૩૯)

⌘ ⌘ ⌘

## (૧૫) 'આધુનિકતાના એક સંકુલ સંપ્રત્યય : સ્પષ્ટ અને અર્થસભર આલોચના

'આધુનિકતા' એક અર્થબહુલ સંજ્ઞા છે. આ આધુનિકતા-(MODERNITY) સંજ્ઞાને માત્ર ગુજરાતીમાં જ નહીં, પણ વિશ્વસાહિત્યમાં - વિશ્વના અનેક દેશોના અભ્યાસીઓએ વિવિધ સંદર્ભે તપાસવાનો પુરુષાર્થ કર્યો છે. આધુનિકતાને સમજવામાં, સમજાવવામાં કેટલાક વિદ્વાનો સફળ રહ્યા છે, તો કેટલાકે ગોથા પણ ખાધા છે. આ વિવાદાસ્પદ સંપ્રત્યય- (CONCEPT) ને સમજવામાં શ્રી બિપિન આશર કૃત "આધુનિકતા એક સંકુલ સંપ્રત્યય" પુસ્તક ઘણું જ ઉપયોગી નીવડે તેમ છે. શ્રી આશરે આ 'આધુનિકતાની સંજ્ઞાને, સ્વરૂપને, તેના વિકાસને સમજાવવાનો એક સફળ યત્ન કર્યો છે.'

શ્રી આશરે આ ગ્રંથના પ્રથમ પ્રકરણમાં આધુનિકતાના અર્થવિસ્તારની સૈધ્ધાંતિક ચર્ચા કરી છે. એક સંકુલ, અર્થબહુલ અને વિવાદાસ્પદ સંપ્રત્યય (CONCEPT) તરીકે આધુનિકતાએ અનેકાધિ પ્રશ્નો ઊભા કર્યા છે. આધુનિકતા ખરેખર શું છે ? તેને કોઈ નિશ્ચિત ધોરણો, વલણો કે લક્ષણો ખરા ? એમના માટે કોઈ સંજ્ઞા ખરી ? તેને કઈ સંજ્ઞા લગાડી શકાય ? આવા અનેક દ્વિધાત્મક પ્રશ્નો 'આધુનિકતા' સંજ્ઞાએ ઊભા કર્યા છે. શ્રી આશરે તેના આ ગ્રંથમાં આવા વિવિધ પ્રશ્નોની છણાવટ કરવાનો યત્ન કર્યો છે. શ્રી આશરે 'આધુનિકતા' સંજ્ઞાને સમજાવનાર કેટલાક અભ્યાસી-



વિદ્વાનોની નામાવલિ આપી છે. શ્રી આશરે આ અન્ય વિદ્વાનોના મતોનું વિસ્તૃત વિશ્લેષણ કર્યું હોત તો આધુનિકતાને સમજનારને વિશેષ લાભ થાત, પણ શ્રી આશરે આ વિદ્વાનોના મતોની માત્ર આછી-પાતળી છણાવટ જ કરી છે.

શ્રી આશરે 'આધુનિકતા' શબ્દને વિવિધ સંદર્ભે તપાસવાનો પ્રયાસ કર્યો છે. આ 'આધુનિકતા'નો અર્થ વિભિન્ન ભાષાઓના શબ્દકોશોમાંથી પ્રાપ્ય અર્થો દર્શાવી તેનું વિશ્લેષણ કરવાનો સુભગ યત્ન કર્યો છે. તેમણે 'ભગવદ્ગોમંડળ'માંના 'આધુનિક' અને 'આધુનિકતા'ના વિભિન્ન અર્થો દર્શાવ્યા છે.

**- આધુનિક :**

(૧) પુ. (જ્યોતિષ) અઠ્યાસી ગ્રહમાંનો એ નામનો એક.

(૨) વિ. થોડીવારનું, લાંબો વખત ન ટકે એવું.

(૩) વિ. નવીન, તાજું.

(૪) (સં. અધુના (હમણાં)

વિ.હમણાંનું,હાલનું, વર્તમાનકાળનું, આજકાલનું, સામ્પ્રતસમયનું, અર્વાચીન, થોડા વખત ઉપરનું.

**- આધુનિકતા :**

હાલનું હોવું તે, અર્વાચીનપણું

આ ઉપરાંત હિન્દી, અંગ્રેજી ભાષાઓના શબ્દ કોષોમાંના 'આધુનિકતા' શબ્દના અર્થોની પણ સમીક્ષા કરી છે.

"આધુનિકતા અને તેની સાથે સંકળાયેલી અન્ય નિકટવર્તી

સંજ્ઞાઓ''- પ્રકરણ અંતર્ગત આધુનિકતા સાથે સંબદ્ધ એવી અન્ય નિકટવર્તી સંજ્ઞાઓ વચ્ચેના સંબંધ, સામ્ય અને વૈષમ્યની વિશદ છણાવટ કરવાનો ઉપક્રમ સેવ્યો છે.

શ્રી આશરે પ્રથમ આધુનિકતા (MODETNITY) અને પરંપરા (TRADITION) વચ્ચેની સામ્યક-ભેદક રેખા દોરી આપી છે. કેટલાક વિદ્વાનોનું એવું માનવું છે કે, 'આધુનિકતા પરંપરાનો સમૂળગો વિરોધ કરે છે', 'આધુનિકતા પરંપરાનો ઉચ્છેદ કરીને પ્રગટે છે'- શ્રી આશર આ વિધાનો સાથે સહમત નથી. તેમનું માનવું છે કે, આધુનિકતા અને પરંપરા વચ્ચે અનિવાર્ય સંબંધ રહેલો છે, છતાં બંનેનાં સ્વરૂપ અને પ્રકૃતિ જુદાં છે, આ ઉપરાંત 'આધુનિકતા' અને 'સમકાલીનતા'-(CONTERMPORANITY) -ઊભયની પણ સમીક્ષા શ્રી આશરે કરી છે. કેટલાક વિદ્વાનો સમકાલીનતાને આધુનિકતા સાથે જોડી દે છે, પરંતુ આ બંને સંજ્ઞાઓ પર્યાયવાચી સંજ્ઞા નથી. આ ઉપરાંત જાતીયવૃત્તિ (SEX), પશ્ચિમીકરણ (WESTRIZATION), ફેશન (FASHION), નવીનતા - વગેરે સંજ્ઞાઓ વચ્ચેનો સામ્ય-વૈષમ્યનો ભેદ દર્શાવી તેઓએ આધુનિકતાની સંજ્ઞાને સમજવા માટે સરળ માર્ગ કંડારી આપ્યો છે.

''આધુનિકતાનું સ્વરૂપ અને વિભિન્ન વિચારધારકો''- પ્રકરણ અંતર્ગત શ્રી આશરે સર્વજ્ઞાનસંગ્રહ (ENCYCLOPADIA)માં આપેલા આધુનિકતાના અર્થોને અને આધુનિકતાની સાવર્ત્રિક ઘટનાને વિવધ સ્વરૂપે તપાસવાનું કામ કર્યું છે. આ ઉપરાંત આધુનિકતાનો ઉદ્‌ભવ ક્યારે થયો ? તેનાં ઉદ્‌ભવ અને વિકાસ પાછળ ક્યા-ક્યા



પ્રેરકબળો હતા ? તેનું આરંભિક સ્વરૂપ કેવું હતું ? આ આધુનિકતાના વિભિન્ન ક્ષેત્રોમાં કઈ કઈ રીતે પ્રવેશી ? તેનો વિજ્ઞાન અને નગરસંસ્કૃતિ સાથેનો સંબંધ કેવો છે ? ઈત્યાદિ તથા તેની સાથે સંકળાયેલી કેટલીક મુખ્ય નવ્યવિચારધારાઓને મીમાંસવાનો યત્ન કર્યો છે.

આધુનિકતાના ઉદ્‌ભવ માટેનું પ્રથમ જવાબદાર કારણ નવજાગૃતિથી ઘટના હતી. ખાસ કરીને યુરોપના દેશોમાં ખ્રિસ્તીધર્મના વડા પોપની આણ વર્તાતી હતી, તો કેટલાંક ધર્માચાર્યોએ પોતાના અંગત સ્વાર્થ ખાતર વિવિધ દંભો આચર્યા હતા, તેના પરિણામે શોષિત પ્રજામાં વિદ્રોહની ભાવના જાગૃત થઈ. તેના ઈતિહાસમાં આ નવજાગૃતિની ચેતનાનાં અંશો રહેલાં છે. ત્યારબાદ શ્રી આશરે ઔદ્યોગિકક્રાન્તિ, નગરસંસ્કૃતિ, અસ્તિત્વવાદી વિચારધારા, મનોવિશ્લેષણવાદ, અસંગતિવાદ, વિરોધ અને વિગ્રહ, ભવિષ્યવાદ, ધનવાદ, દાદાવાદ, અતિવાસ્તવવાદ, પ્રતીકવાદ, કલ્પનવાદ - ઈત્યાદિ વિચારધારાઓની સમીક્ષા કરે છે. આ વિવિધ વિચારધારાનો ઈતિહાસ અને તેની સંક્ષેપ માહિતી તથા વિવિધ દૃષ્ટાંતોમાં નાનો સરખો ઈતિહાસ ખડો થયા વિના રહેતો નથી.

'આધુનિકતા એક સંકુલ અને અર્થબહુલ વિભાવ'- અંતર્ગત આધુનિકતાની જટિલ અને વિવાદાસ્પદ સમ્પ્રત્યતાને, તેના સ્વરૂપને તથા વિવિધ મતમતાંતરોનું અર્થઘટન કરવામાં આવ્યું છે. સાહિત્યના સંદર્ભમાં કંઈ વિચારધારાને આધુનિક ગણવી ? તેને જ શા માટે આધુનિક ગણવી ?- ઈત્યાદિ પ્રશ્નોનું નિરાકરણ કરતા

નોંધે છે કે -

'.... જે વિચારધારા માનવીના જીવનની સ્થૂળ નહીં, પરન્તુ સૂક્ષ્મ સમસ્યાઓ પ્રતિ કે ઊંચાઈ કરતાં ઊંડાઈને તાગવાનો પ્રયાસ કરતી હોય, માનવીના અસ્તિત્વના પ્રશ્નને મહત્વનો ગણતી હોય, માનવીના જીવનમાં રહેલી પાયાની વિસંગતતા પ્રતિ અંગૂલીનિર્દેશ કરતી હોય, માનવીના ચહેરા પરનાં મહોરાંને દૂર કરીને તેના મૂળ ચહેરાને અનાવૃત કરતી હોય, માનવજીવનની વાસ્તવિકતાને ચોપાસથી તપાસવાનો પ્રયાસ કરતી હોય તે વિચારધારાને સાહિત્યના સંદર્ભમાં આધુનિક ગણાવી શકાય. આવી વિચારધારાઓએ સર્જકોને આકર્ષ્યા છે. આજે તેના પરિણામ સ્વરૂપે જે સાહિત્ય રચાયું છે તે આધુનિક સાહિત્ય'. પૃ. ૭૪

જો કે, આધુનિકતાની વિવાદાસ્પદ અને અર્થબહુલ સંજ્ઞાને સમજાવવા માટે શ્રી આશરે વિવિધ વિદ્વાનોના પુષ્કળ વિધાન ટાંક્યા છે. છેલ્લા પ્રકરણ 'આધુનિકતાનો ભારતીય સંદર્ભ અને ગુજરાત આધુનિક નવલકથા'માં ભારતદેશમાં પ્રવેશેલી આધુનિકતા અને ગુજરાત આધુનિક નવલકથાની ચર્ચા કરી છે. આ પ્રકરણમાં શ્રી આશરે ક્યાંક વિષય અંતર્ગત સહેજ ડોક્યું કર્યું છે, તો ક્યાંક નામ નામ નિર્દેશ કરીને સંતોષ માન્યો છે.

શ્રી આશરે આધુનિકતા જેવી વિવાદાસ્પદ સંજ્ઞાને, તેના સ્વરૂપને, ઉદ્‌ભવને વિવિધ દષ્ટાંતો દ્વારા સમજાવવાનો પ્રયાસ કર્યો છે. આધુનિકતાના ભ્રામક ખ્યાલો દૂર કરવા તેઓએ કેટલાક વિદ્વાનોના અવતરણો લેવા પડ્યા છે. તેમ છતાંયે તેમની મૌલિકતા સાવ ભૂંસાઈ ગઈ નથી. આધુનિકતાના ક્ષેત્રે કામ કરનારા કેટલાયે



અભ્યાસીઓને આ ગ્રંથ ચોક્કસ મદદરૂપ થશે. શ્રી આશરે પોતાના પીએચ.ડી. પદવી માટેના મહાનિબંધનો એક ભૂમિકા ખંડ રજૂ કરીને આધુનિકતાની આ જટિલ સંકુલતાને દૂર કરવાનો ખરો પ્રયાસ કર્યો છે. ખરેખર આ પ્રયાસકર્તાને અભિનંદન ઘટે. આશા રાખીએ તેઓ એમના પીએચ.ડી.ની પદવી માટેના મહાનિબંધના બીજા ખંડો પણ પુસ્તકરૂપે પ્રગટ કરી આધુનિકતાના સંદર્ભે સૌને માર્ગદર્શક નીવડે.

⌘ ⌘ ⌘

## (૧૬) 'અનુસર્ગ' : સ્પષ્ટ અને અર્થયુક્ત સમાલોચના ગ્રંથ

ગુજરાત વિવેચનની પરંપરામાં એક ઓર છોગું ઉમેરાય છે - 'અનુસર્ગ'થી ડૉ. દક્ષા વ્યાસ એક નીવડેલ વિવેચક છે. 'સ્વાતંત્ર્યોત્તર ગુજરાત કવિતા : પરિદર્શન', 'ભાવ-પ્રતિભાવ', 'સૌદર્યદર્શી કવિઓ' એમનાં નીવડેલાં વિવેચન ગ્રંથો છે. સ્વાતંત્ર્યોત્તર યુગની કવિતામાં સૌદર્યના આરાધના, રૂપનિર્માણનો વિશેષ સભાન આગ્રહ, અસ્તિવાચક મૂલ્યોમાં શ્રદ્ધા, અધ્યાત્મનું આકર્ષણ, રવીન્દ્રનાથની ઊર્મિશીલતા-રહસ્યવાદિતાને સૌંદર્યાનુરાગિતાનો પ્રભાવ, છંદોને ઘૂંટવાનું વલણ, લય સાધના, શબ્દવર્ણના ધ્વનિમૂલ્યો અંગેની સભાનતા, સૌષ્ઠવ અને લાઘવયુક્ત અભિવ્યક્તિ, અનુભૂતિને અભિવ્યક્તિનું મૂલ્ય, ઈન્દ્રિયગ્રાહ્ય કલ્પનો, ગીતનાં સ્વરૂપનું આકર્ષણ ! ઈત્યાદિ તત્ત્વોની છણાવટ તેમનાં વિવેચનના મુખ્ય વિષયો છે. સ્વાતંત્ર્યોત્તર યુગની કવિતાના અનેક પાસાંઓની તેમણે ઝીણવટભરી આલોચના કરી છે. પ્રસ્તુત "અનુસર્ગ" પણ એ જ પરંપરામાં આલેખાયો છે.

"અનુસર્ગ"માં કુલ ૧૪ વિવેચન લેખો છે.

"નવમાં દાયકાની ગુજરાતી કવિતા"- અનુસર્ગનો પ્રથમ લેખ છે. નવમા દાયકાના કવિઓએ સ્વાતંત્ર્યોત્તર યુગની કવિતાના અનેક તત્ત્વોને આલેખ્યાં છે. અઢી દાયકા દરમ્યાન કવિતાઓ જે અભિનિવેશપૂર્વકના નૂતન પરિણામો પ્રગટાવ્યાં હતા તે મોટા



ભાગનાં પરિણામો અદશ્ય ન થતાં આધુનિકયુગની કવિતા એ જ કેડી ઉપર એક ડગ આગળ વધી છે. સ્વાતંત્ર્યોત્તર યુગની કવિતાને લક્ષમાં લઈને નવમા દાયકાની કવિતાએ કવિકર્મે કેવાં કેવાં નોખાં-નિરાળાં સ્થિત્યંરો સજર્યા છે તેની સંનિષ્ઠ આલોચના કરી છે. ખાસ કરીને દીર્ઘરચનામાં શિલ્પ, પાત્રનિર્માણ, શબ્દ સંવેદન, પ્રશિષ્ટતાનું આકર્ષણ, નિર્ભેળગદ્યનું માધ્યમ, ગીતનો કલાવૈભવ, ભાષાકર્મ, રૂપનિર્માણ-ઈત્યાદિ તત્ત્વોની પ્રશસ્ય મીમાંસા થઈ છે. ગીતોમાં આવેલ વ્યવહાર જડ, રૂક્ષ અને રેઢિયાળ ભાષા સામગ્રી, ગઝલોમાં થતા ક્લિષ્ટ પ્રયોગ-ઈત્યાદિની દક્ષા વ્યાસે નિર્ભીક ઝાટકણી કાઢી છે.

"સ્વામીનારાયણ સંત-કવિઓનાં પ્રેમલક્ષણા ભક્તિના પદો" લેખ અંતર્ગત આ સંપ્રદાયના મુખ્યતઃ દેવાનંદ, પ્રેમાનંદ, મુક્તાનંદ, નિષ્કુળાનંદજી-આદિના પદોમાં કૃષ્ણના અનુપમ રૂપ-રાશિની, ગોપીની દર્શનાભિલાષીને વિરહવ્યાકુળ અવસ્થાની, શૃંગારચેષ્ટાની, પુરુષોત્તમશ્રી સ્વામીનારાયણની ભક્તિની એક-એકથી અદકી રચનાઓની સમીક્ષા કરવામાં આવી છે. આ સંપ્રદાયના સંતો-કવિઓનાં પદોમાં ઋજુ હૃદયમાંથી નીકળતાં આર્જવભર્યા ઉદ્‌ગારો,તળપદી બાનીમાં ભાવાભિવ્યક્તિ, પ્રોષિતભાર્તૃકા નાયિકાની વિરહવેદના, પ્રેમપ્રવણ હૃદયની વ્યથાની સઘન અભિવ્યક્ત-ઈત્યાદિની સઘનને વિશદ ચર્ચા છે. તેમ છતાંય ડૉ. દક્ષા વ્યાસે પ્રેમસખી - પ્રેમાનંદના પ્રેમલક્ષણા ભક્તિનાં પદોનાં ઉદાહરણો મર્યાદિત આપ્યાં છે. આવા આધારસ્તંભ કવિઓનાં

પદોની થોડી વિશેષ ચર્ચા કરી હોત તો સંશોધક-અભ્યાસીઓને વધારે ઉપયોગી બનત.

"શેષની ગેયરચનાઓ'-લેખ અંતર્ગત દક્ષા વ્યાસે રા.વિ.પાઠક-'શેષે' ગીત, ગરબી, ભજન, રાસ, લોકગીત, પદ, કથાગીત ઈત્યાદિનો ઢાળ-લય કવિતામાં આલેખ્યો છે. તેમાં શેષને કેવી સફળતા પ્રાપ્ત થઈ છે તે ચર્ચવાનો સફળ યત્ન છે. આ લેખ અંતર્ગત શેષની ગેયકૃતિઓ ઉપર કઈ પ્રચલિત રચનાના લય-ઢાળનો પ્રભાવ છે તેની વિશેષ ચર્ચા કરવાનો ઉપક્રમ સેવ્યો નથી; કદાચ તેઓ આ લેખના પૃષ્ઠો વધારવા ન માગતા હોય એવુંય બને ખરું.

"પ્રિયકાન્તની કૃષ્ણકવિતા"- લેખમાં રાધા-કૃષ્ણની રાસલીલાને પ્રણયક્રિડા નિરૂપતી કૃતિઓ અંતર્ગત કૃષ્ણપ્રીતિ, તીવ્ર પ્રણયઝંખના, રાગાવેગ, મિલન-વિરહ, મસ્તી-નિતાંત સ્વાપર્ણનો ગોપીભાવ ઈત્યાદિ ભાવો નિરૂપતી કૃતિઓને તપાસવાનો ઉપક્રમ સેવ્યો છે. આ કૃતિઓ નિમિત્તે લયમાધુર્ય, ભાષામાધુર્ય, પ્રતીક, કલ્પન-ઈન્દ્રિયગોચરતા-આદિકલા તત્ત્વોની સમીક્ષા કરવાનું પણ દક્ષા વ્યાસ ભૂલ્યાં નથી. અર્વાચીન ગુજરાતી કવિતામાં પ્રેમલક્ષણા પરંપરાને જોવા ઈચ્છનારા અભ્યાસીઓને પ્રિયકાન્ત પરીખ મર્યાદિત આ લેખ ઘણો ઉપયોગી બની શકે ખરો.

"સુરેશ દલાલની નગર કવિતા"- લેખ અંતર્ગત દક્ષા વ્યાસે સુરેલ દલાલે પોતાની નગરજીવનની કવિતાઓમાં નિરૂપેલ મૂલ્યવિહીનતા, દંભ પરાયણતા, યંત્રજડતા, એકવિધતા, વંધ્યતા પ્રત્યેનો વિદ્રોહ અને વેદના, માનવજાત અને પ્રેમ જેવા



મહાનમૂલ્યોની દુર્દશા આદિને તપાસવાનો યત્ન કર્યો છે. તો ઠાકોરની કવિતામાં શિખરિણી છંદની પ્રભાવકતા, તેમાં થતો યતિભંગ, શ્લોકભંગ, શ્રુતિભંગ જેવી પ્રયોગાત્મકતા તથા ક્યાંક ઉચ્ચારણની દૃષ્ટિએ લઘુ-ગુરુની છૂટ, ચોક્કસ અર્થયુક્ત પદાવલિ, શિખરિણી છંદમાં ગેયતા-આદિની સોદાહરણ ચર્ચા કરી છે.

"પુલક સંબંધની કવિતા"-માં ઉશનસ્‌કૃત "વ્યાકુળ વૈષ્ણવ" સંગ્રહની કવિતામાં નિર્વ્યાજ સરળ ભક્ત હૃદયના સહજ ઉદ્‌ગારો, વિદગ્ધ ભક્તની પ્રભુને પામવાની તાલાવેલી, વિરહની વ્યાકુળતા, તલસાટ, ઉચાટ, મિલનોત્સુકતા, આરજૂ-આરત, ખુમારી, ખેંચાણ, ધન્યતા, હઠ-યાચના, અનુનવ-વિનય જેવા ભાવવિવર્તોની વિવિધતાની સદ્રષ્ટાંત સમીક્ષા થઈ છે. ડૉ. વ્યાસે આ ગીત કાવ્યોમાં ઉસનસ્‌ની કલ્પનાશક્તિ, પ્રતીકાત્મક, અભિવ્યક્તિ, ભાષાકર્મ-આદિ કવિકર્મની પણ ચર્ચા કરી છે.

"તરુરાગ અને નદીસૂકતઃ ગદ્યકવિતા" લેખમાં કવિશ્રી જયંત પાઠક કૃત નિબંધસંગ્રહ "તરુરાગ અને નદીસૂક્ત"- માં પ્રકૃતિનો અસબાબ, કલાત્મક રીતે કંડારેલું રચનાસોષ્ઠવ, કુતૂહલવર્ધક અને સદ્ય વિષયપ્રવેશ, નિબંધોમાં વહેતો સ્મૃતિ વ્યાપાર-અતીતરાગ વગેરે તત્ત્વોની ડૉ. વ્યાસે તપાસ કરી છે. આ નિબંધ સંગ્રહમાંના કુલ ૨૨ નિબંધોને ક્રમાનુસાર તપાસવાને બદલે સમગ્ર રીતે તપાસ્યાં છે. જયંત પાઠકના આ નિબંધ સંગ્રહોના કેટલાક નિબંધો તો ડૉ. વ્યાસને નિબંધકાર કાકાસાહેબ તથા સુરેશજોષીનું સ્મરણ કરાવનારાં લાગ્યાં છે.

"દર્શકની પાત્ર નિરુપણકલા"- લેખમાં વ્યાસે દર્શકની નવલકથાઓના યાદગાર પાત્રોને તપાસ્યાં છે. ખાસ તો મહાકાશ્યપ, ગુરુશ્રેષ્ઠ વાસુદેવ, સોક્રેટિસ, ગોપાલબાપા, સત્યકામ, રોહિણી, સુભગા, મીડિયા, ગૌતમી, એસ્પેશિયા એપોલોડોરસ- જેવા પાત્રોની પાસેથી દર્શકે કેવું ધાર્યું કામ કરાવ્યું છે. તે પાત્ર વિશેષતાઓ આલેખવાનો સંનિષ્ઠ પ્રયાસ કર્યો છે. ડૉ. દક્ષા વ્યાસ નોંધે છે કે -

"દર્શકની સર્જક ચેતનાનું અનુભૂતિ કેન્દ્ર છે સ્વભૂમિ ભક્તિ અને એને અનુરૂપ અનુપમ ચરિત્રની ખોજ. આમ મૂળે જ વ્યાપમાં વિચરતી ચેતના વૈયક્તિક પ્રીતિનો ઘણો મહિમા કરે છે, એનાં મધુરરમ્ય, આહ્લાદકરૂપોને કલાપૂર્ણ, પ્રબળ ભાવાત્મક વાચા આપે છે; પરંતુ તેને વ્યક્તિ પૂરતી સીમિત રહેવા દેતી નથી, બલ્કે વ્યક્તિ જોડે એકાત્મ રાખવા સાથે સમષ્ટિ પ્રતિ વાળે છે. તેથી પ્રીતિનો ખ્યાલ સહાનુભૂતિ, મૈત્રી, કરુણા, સેવા, ત્યાગ, સમર્પણ, પૂજા અને ભક્તિ સુધી વિસ્તરતો રહે છે."(પૃ.૯૯-૧૦૦)

દર્શકના બધા જ પાત્રો ભાવ સંબંધથી જોડાયેલા છે. આ પાત્રોનો સુપરઈગો સતત પ્રવૃત્ત રહે છે. મીમાંસક કહે છે - 'ચેતનાના ઊર્ધ્વસ્તર ઉપર જીવે છે.' વ્યાસે આબાલવૃધ્ધ બધી જ કેટેગરીના પાત્રોની સમીક્ષા કરી છે. આ લેખ 'અનુસર્ગ'નો સૌથી મોટાને ધ્યાનાર્હ લેખ છે.

"અદ્યતન ટૂંકીવાર્તામાં એક નામ તારિણી દેસાઈ"- લેખ અંતર્ગત તારિણી દેસાઈ કૃત 'પગ બોલતા લાગે છે' અને 'રાજામહારાજાની જે'- જેવા બે વાર્તાસંગ્રહોને આધારે એક વાર્તાકાર



તરીકે તારિણી દેસાઈની વાર્તાઓનું મૂલ્યાંકન કર્યું છે. વિષયવસ્તુની લાક્ષણિકતા માવજત, તાજગીપૂર્ણ નૂતન નિરૂપણરીતિ, સાહસપૂર્ણ ભાષાભિવ્યક્તિ-ઈત્યાદિ વિશેષતાએ દર્શાવી વિવેચકે ભાષાગત અસમાન્યતા કે વૈચિત્ર્ય કઢંગાપણામાં કે સાવ સામાન્યતામાં સરી પડવું- જેવી મર્યાદાઓ પણ નિર્ભીકપણે આલેખી છે.

"ઉમાશંકરનાં એકાંકી અને તખ્તાનું તંત્ર"- લેખમાં ખાસ કરીને 'સાપના ભારા' અને 'હવેલી'- રચનાઓમાં તખ્તાલાયકીમાં ઉમાશંકર કેટલા સફળ રહ્યા છે તે તપાસવાનો ઉપક્રમ છે. "આત્મકથાકાર કનૈયાલાલ મુનશી"- લેખમાં મુનશીની 'અડધેરસ્તે' 'સીધાચડાણ' અને 'સ્વપ્નસિદ્ધિની શોધમાં'- જેવા આત્મકથાના ગ્રંથમાં મુનશીનું વ્યક્તિત્વ સુપેરે પ્રગટ થયું છે તેની સમીક્ષા કરવામાં આવી છે.

"અગ્નિકુંડમાં ઊગેલું ગુલાબ" એક સંતપર્ક જીવનચરિત્ર'- નારાયણ દેસાઈ કૃત 'અગ્નિકુંડમાં ઊગેલું ગુલાબ'- જીવનચરિત્રમાં શ્રી દેસાઈએ તાદાત્મયપૂર્વકનું કેળવેલું તાટસ્થય, સત્યપ્રિયતાથી એક અચ્છા કલાકાર પેઠે મહાદેવભાઈ અને ગાંધીજીના શબ્દચિત્રો દોર્યા છે- તે દર્શાવવાનો આ અવલોકન લેખ નિમિત્તે પ્રયાસ થયો છે.

"આધુનિક ગુજરાતી સાહિત્યમાં સ્ત્રીઓનું પ્રદાન : વિહંગાવલોકન'- અવલોકન નિમિત્તે ગુજરાતી સાહિત્યમાં સ્ત્રી લેખિકાઓએ સાહિત્યની કેવી આરાધના કરી છે તેનો માહિતીસભર આલેખ આપવાનો પ્રયાસ છે. આ લેખમાં ડૉ. વ્યાસ બધી જ કે સારી-લેખિકાઓને પૂર્ણ ન્યાય આપી શક્યાં નથી. ક્યાંક તો માત્ર

નામોલ્લેખ કરીને જ સંતોષ માન્યો છે. છતાં પણ આ માહિતીસભર લેખ ગુજરાતી સાહિત્યમાં સ્ત્રીઓનું પ્રદાન તપાસનારા અભ્યાસીઓ માટે સામગ્રીરૂપ પથદર્શક રહેશે એ નિઃશંક.

'અનુસર્ગ'- વિવેચન ગ્રંથમાંના મોટાભાગના લેખોમાં ડૉ. દક્ષા વ્યાસ બહુ બોલકા બનવાને બદલે નમ્રતા સેવે છે. કોઈ પૂર્વગ્રહરહિત વિધાનો કરવાને બદલે નિર્ભીક બનીને આલોચના કરવામાં એક અચ્છા વિવેચકને શોભે તેવી છાપ મૂકી છે. અમુક કવિ-કૃતિઓની મર્યાદાઓની ઝાટકણી કરી છે તો ક્યાંક કવિ-સર્જક-કૃતિની વિશેષતાને હર્ષોલ્લાસથી વધાવે છે. એક આદર્શ વિવેચકના લગભગ બધા જ ગુણોની છાપ આ અનુર્ગમાં પમાય છે. 'અનુસર્ગ'-ને આપણે પણ હર્ષોલ્લાસથી વધાવીએ અને આશા રાખીએ ગુજરાતી વિવેચનમાં સંનિષ્ઠ વિવેચનગ્રંથો સંનિષ્ઠ વિવેચનગ્રંથો તેમની પાસેથી મળતાં રહે.

⌘ ⌘ ⌘